

પ્રસંગમ્

પ્રમુખસ્વામી મહારાજના પ્રેરક પ્રસંગોનું હૃદયંગમ સ્મરણ

(સને ૨૦૦૯)



શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ

પ્રસંગમ્

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના
દિવ્ય જીવનપ્રસંગો, સને ૨૦૦૯

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

પ્રસંગમ્

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય જીવનપ્રસંગો, સને ૨૦૦૯

લેખક

સાધુ પ્રિયદર્શનદાસ

પ્રકાશક

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

PRASANGAM - 2009 (Gujarati)
(Memories and Messages of Pramukh Swami Maharaj
from the diaries written by Sadhu Priyadarshandas)

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad - 380 004. India.

3rd Edition:
February 2011. Copies: 5,000 (Total copies: 25,000)

ISBN:
978-81-7526-478-6

તૃતીય આવૃત્તિ :
ફેબ્રુઆરી ૨૦૧૧

પ્રત :
૫,૦૦૦ (કુલ પ્રત : ૨૫,૦૦૦)

કિંમત :
રૂા. ૬૦-૦૦
(સ્વામિનારાયણ અક્ષરપીઠના અનુદાનથી મૂળ કિંમત **રૂા. ૯૦-૦૦**માંથી ઘટાડેલી કિંમત)

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

પ્રાસ્તાવિક

કોઈ પણ મુમુક્ષુ માટે આધ્યાત્મિક પ્રગતિ કરવા માટે સત્પુરુષનો પ્રસંગ અનિવાર્ય છે. પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાનાં વચનામૃતોમાં સત્પુરુષના પ્રસંગ પર ખૂબ ભાર મૂકે છે. શ્રીમદ્‌ભાગવતનો શ્લોક ટાંકીને તેઓ વચનામૃતમાં કહે છે : 'ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવત ધર્મનું પોષણ થાય છે. અને વળી, જીવને મોક્ષનું જે દ્વાર તે પણ એવા સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે... જેવો એ જીવને પોતાના સંબંધીને વિશે દૃઢ પ્રસંગ છે તેવો ને તેવો જ પ્રસંગ જો ભગવાનના એકાંતિક સાધુને વિશે થાય તો એ જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે.' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૪)

સત્પુરુષનો પ્રસંગ એટલે મન-કર્મ-વચને તેમનો સંગ.

મનથી એમનો મહિમા વિચારવો, કર્મથી એમની સેવા કરવી અને વચનથી એમના ગુણ ગાવા.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો એવો સહજ પ્રસંગ પામવા ઈચ્છતા લાખો મુમુક્ષુઓને એ લહાવો માણવા મળે એવા હેતુથી, આ પ્રકાશન 'પ્રસંગમ્' આપના હાથમાં મૂકતાં હર્ષ થાય છે.

સને ૧૯૭૧માં પ્રમુખસ્વામી મહારાજે યોગીજી મહારાજના અનુગામી તરીકે પોતાનું યુગવર્તી કાર્ય આરંભ્યું ત્યારથી તેમની રોજનીશી નોંધાઈ રહી છે. જુદા જુદા સમયે જુદા જુદા સંતોએ આ સેવાઓ આપી છે. તેમાં વિવેકસાગર સ્વામી અને ત્યારબાદ પ્રિયદર્શન સ્વામીએ વર્ષો સુધી આ સાધનામય સેવા કરીને સૌને ઉપકૃત કર્યા છે. સ્વામીશ્રીની આ દિવ્ય નિત્યનોંધોમાં એક અણમોલ અને વિરાટ ઈતિહાસનું દર્શન તો છે જ, પરંતુ તેથીય વિશેષ, સ્વામીશ્રીના અમાપ ગુણાતીત વ્યક્તિત્વનાં અનેક પ્રસંગ-પુષ્પો પણ મઘમઘે છે. પ્રત્યેક પ્રસંગમાં સ્વામીશ્રીની પવિત્રતા અને સાધુતાની દિવ્ય સુવાસ હૈયાંને તરબતર કરી દે છે. આ પુસ્તકમાં સ્વામીશ્રીની સને ૨૦૦૯ની રોજનીશીમાંથી એવા પ્રસંગોને માણવાની એક તક છે. આ ગ્રંથના પ્રદાન બદલ પ્રિયદર્શન સ્વામીના અમે અંતઃકરણપૂર્વક આભારી છીએ.

અહીં એ પ્રસંગોને વિશેષણો કે ઉપમાઓના વાઘા ચઢાવ્યા સિવાય, યથાતથા, રોજનીશીના જ સરળ પ્રવાહમાં ગૂંથ્યા છે. દરરોજ સ્વામીશ્રીની દર્શન-મુલાકાતે આવતા સેંકડો ભક્તોની સમસ્યાઓ અને સ્વામીશ્રીએ તેમને આપેલા ઉત્તરોમાં અનેકને પોતાની સમસ્યાઓનું સમાધાન પણ મળી જાય તેમ છે. પ્રસંગોની વચ્ચે વચ્ચે દર મહિનાના પ્રારંભે, સ્વામીશ્રીના એ જ મહિનાની છબિ મૂકી છે, જે સળંગ ચાલતા રોજનીશીના પ્રવાહમાં સ્વામીશ્રીની મનભાવન છબિ અને તે મહિનાના વિશિષ્ટ અવસરની સ્મૃતિ કરાવે છે. આ ઉપરાંત, છેલ્લે કેટલાક વધુ ફોટોગ્રાફ્સ મૂકીને સ્વામીશ્રીના સાંનિધ્યમાં બનેલી દિવ્ય ક્ષણોની સ્મૃતિ કરવાનો અલ્પ પ્રયાસ પણ કર્યો છે. આ છબિઓ માટે યોગીચરણ સ્વામી અને અન્ય છબિકારોના આભારી છીએ.

આશા છે, આ 'પ્રસંગમ્' ગ્રંથ સાચા અર્થમાં સ્વામીશ્રીના પ્રસંગનું એક દિવ્ય સાધન બની રહેશે.

– સ્વામિનારાયણ અક્ષરપીઠ

રે શબ્દમર્યાદા...

રે શબ્દમર્યાદા ....!!!

આ તે કેવી વિચિત્રતા ?!

જે શબ્દના સહારે સ્વામીશ્રીના દિવ્ય વ્યક્તિત્વને પામવાનો અહીં પ્રયત્ન થઈ રહ્યો છે, એ શબ્દો જ અત્યારે ખોડંગાય છે, ટાંચા પડે છે, ટૂંકા પડે છે, અરે ! સાચું કહીએ તો ગૂંગળાવી રહ્યા છે.

હકીકતમાં સફેદ કાગળ ઉપર જ્યારે કાળી શાહી વડે શબ્દો, વાક્યો અને ફકરાઓ ઊપસે છે ત્યારે એને આપણે પ્રસંગ તરીકે ઓળખીએ છીએ. પરંતુ,

એક એક પ્રસંગની પાછળની સંવેદનાઓ, ભાવનાઓ, પરસ્પરનો પ્રેમ, અંતરની આરત, શ્રદ્ધા અને એ વખતના વાતાવરણને શબ્દો દ્વારા કઈ રીતે આલેખવાં ?

રે શબ્દમર્યાદા....

વિશ્વમાં અને દેશમાં પ્રવર્તી રહેલી મંદીની વાતો થઈ રહી હતી. આ મંદીની અસર હેઠળ સુરતનો હીરા-ઉદ્યોગ પણ હતો. આ સંદર્ભમાં સંતોએ સ્વામીશ્રીને એક પ્રસંગ કહ્યો :

દળણું દળાવીને લોટનો ડબ્બો લઈને એક બહેન રસ્તા પરથી જઈ રહ્યાં હતાં. ત્યાં એક હીરાઘસુ આવ્યો અને પેલા બહેન પાસેથી લોટનો ડબ્બો તફડાવી અને ભાગી ગયો. ટોળું જમા થઈ ગયું. થોડી વાર થઈ ત્યાં તો એ જ હીરાઘસુ ડબ્બો લઈને પાછો આવ્યો અને ટોળાની વચ્ચે જઈને કહે : 'પહેલાં મારી વાત તમે સાંભળો, પછી મને મારી નાખવો હોય તોય વાંધો નથી.' આટલું કહીને કહ્યું કે 'બે દિવસથી મારા છોકરાના મોંમાં અનાજ ગયું નથી. ખાવાના સાંસા છે. અને એટલે જ આ ડબ્બો લઈ જતાં બહેનને જોઈને મેં ડબ્બો તફડાવી લીધો છે, પણ એમાંથી અડધો લોટ કાઢીને પાછો લાવ્યો છું અને અત્યારે તમારી સામે ઊભો છું. મારો ચોરી કરવાનો ઇરાદો નથી, પણ મારી મજબૂરી છે. તમારે જે કરવું હોય એ કરો. મારવો હોય તો મારી નાખો. હું અહીં જ ઊભો છું.' આ દારુણ પરિસ્થિતિ સાંભળીને સ્વામીશ્રી ગળગળા થઈ ગયા.

આ પ્રસંગ સાંભળતી વખતે ભીના થયેલા આંખના ખૂણા, દ્રવી ઊઠેલા હૃદયમાંથી નિષ્પન્ન થયેલું મૌન, અંતરમાં થયેલા દુ:ખને પરિણામે બોલતી આંખો, સંતોને પ્રતિભાવ આપતી વખતે વાણીમાં અનુભવાતું કંપન અને પરિણામે સમગ્ર ઓરડામાં વ્યાપેલી સ્વામીશ્રીની કરુણાને શબ્દ દ્વારા કઈ રીતે આલેખવી ?

રે શબ્દમર્યાદા.....

દિલ્હીમાં સ્વામીશ્રી વિરાજમાન હતા. સખત ઠંડીને કારણે સ્વામીશ્રીને શરદી થઈ ગઈ હતી. નાક સતત દદડતું હતું, એટલે વારંવારે ટીસ્યૂ વડે નાક સાફ કરવું પડતું હતું. અને છતાં સ્વામીશ્રીનું પત્રવાંચન તો ચાલુ જ હતું. છેલ્લે સ્વામીશ્રી સ્વયં બોલ્યા : 'આજે તો પાણીય બહુ પડ્યું, સવારે પૂજામાંથી શરૂ થયું, મુલાકાત વખતે વધ્યું અને અત્યારે સાવ વધી ગયું.' એ જ રીતે....

સ્વામીશ્રી વડોદરામાં હતા. ચાલતી વખતે કે લાંબું બેસતી વખતે કેડમાં દુખાવો થતો હોવાથી સ્વામીશ્રીને બંને પગમાં સાઇટિકા જેવો દુખાવો થતો હતો. પરિણામે લાંબું બેસાતું પણ ન હતું. સંતો વિનંતી કરતા હતા કે આપ આરામ કરો. પરંતુ આરામ કરે તો સ્વામીશ્રી શાના ? કેવળ લાંબું બેસાતું ન હોવાથી સ્વામીશ્રીએ પોતાનો ક્રમ બદલ્યો. સ્વામીશ્રી પલંગ પર સૂતા અને સૂતાં સૂતાં પણ હરિભક્તોના પત્રો વાંચીને માર્ગદર્શન આપતા રહ્યા.

સૂતાં સૂતાં પડખું ફરતી વખતે કેડના દુખાવાના કારણે જે દુ:ખની કસક ઊપડતી, અને પરિણામે ક્ષણભર માટે મુખ ઉપર જોઈ શકાતી વેદના. પોતાના દુ:ખની પરવા કર્યા વગર નાનામાં નાના હરિભક્તોને વહેલી તકે જવાબ મળે એ માટે સ્વામીશ્રી જે સહન કરતા હતા એ કરુણાને શબ્દોમાં કઈ રીતે ઝીલવી ?

વળી, ભગવત્ચરણ સ્વામીએ એક વખત પૂછ્યું કે 'પહેલાં જે રીતે આપ વિચરણ કરતા હતા, ભીડો વેઠતા હતા, એ બધું યાદ કરો તો અત્યારે કેવું લાગે છે ? નવાઈ લાગે, કેમ ?'

ત્યારે સહેજ ટટ્ટાર થઈને કેફ સાથે અલમસ્તાઈથી સ્વામીશ્રી કહે : 'અસવાર તો તાજા છે, લેકિન ટટ્ટુ દૂબલા થઈ ગયા !' આ વાક્ય કહેતાં ૯૦ વર્ષની ઉંમરે પણ સ્વામીશ્રીના મુખ ઉપર જે ઉમંગ વર્તાઈ રહ્યો હતો અને આ ઉંમરે પણ થાક્યા વગર સૌનાં કલ્યાણ માટેની જે તત્પરતા જોઈ શકાતી હતી - શબ્દોના માધ્યમ દ્વારા આ લકીરો કઈ રીતે ખેંચાય ?

હૈ શબ્દમર્યાદા.....

સુરત જિલ્લાના મહુવા તાલુકામાં આવેલા નિહાલી ગામની દાસ્તાન તો આ પુસ્તકમાં વાંચવા જેવી છે. અભણ અને આદિવાસી સ્ત્રીઓમાં જે ચિનગારી પ્રગટી છે અને પરિણામે નિહાલી ગામની મહિલાઓએ ભેગા થઈને આખા ગામમાંથી દારૂના અડ્ડા બંધ કરાવીને જે ચમત્કાર સર્જ્યો છે અને આ જાગૃતિની ચિનગારી આજુબાજુનાં ગામોમાં પણ દાવાનળ બનીને ફેલાઈ છે. પરિણામે આદિવાસીઓમાં અને ખાસ કરીને પુરુષવર્ગમાં પ્રવર્તી રહેલી દારૂની ભયંકર બદી સામે જે પુણ્યપ્રકોપ ઊઠ્યો છે. આ હિંમતભર્યાં પગલાંમાં કોનો પગરવ સંભળાય છે ? અલબત્ત સ્વામીશ્રીનો.

શૈક્ષણિક રીતે લગભગ નિરક્ષર, આર્થિક રીતે લગભગ નંખાઈ ગયેલો, સામાજિક રીતે પછાત ગણાતો આ વર્ગ કોઈની પણ શેહશરમમાં આવ્યા વગર, કોઈનાય દબાણને વશ થયા વગર આટલી હિમ્મતથી કાર્ય કરી શક્યો – આ હિમ્મતમાં કોની શક્તિનું બળ હતું ?

અલબત્ત, સ્વામીશ્રીનું જ !

પુરુષપ્રધાન સમાજમાં પુરુષોને સુધારવા માટે અને તેઓમાં ઘર કરી ગયેલી બદીઓ સામે અવાજ ઉઠાવતી મહિલાઓમાં કોનો આત્મવિશ્વાસ છલકાય છે ? અલબત્ત સ્વામીશ્રીની પ્રેરણાનો.

દૂર રહ્યા રહ્યા પણ સ્વામીશ્રી સામાજિક ક્રાંતિનું બીજ જે રીતે વાવે છે તે સમજવા માટે શબ્દ તો ઠીક, પણ બીજું કયું પ્રત્યાયન કામ લાગે ?

હૈ શબ્દમર્યાદા.....

સુરત છાત્રાલયમાં રહેતા સ્વભાવે પૂરા રંગીન ચેતન હડિયલને સાંકરીમાં પસાર થઈ રહેલા સ્વામીશ્રીનાં દર્શન દૂરથી થયાં અને એ જ ક્ષણે ગુટખા, તમાકુ, બીડી, સિગારેટ અને વડીલોથી છુપાઈને અડ્ડે જઈને દારૂ પીવાનું વ્યસન, પાકી કેરી ખરી પડે એમ ખરી પડ્યાં, ગાળ બોલવાની ટેવ જતી રહી, ફિલ્મો પાછળનો ગાંડો શોખ જતો રહ્યો, છોકરીઓ પાછળનું ગાંડપણ જતું રહ્યું અને અભ્યાસમાં એકાગ્ર થયો. સ્વામીશ્રીની અમી દૃષ્ટિના આવા જાદુને કે દિવ્ય શક્તિના આરોપણને કયા શબ્દોમાં માપી શકાય ?

સ્વામીશ્રી દિલ્હીમાં હતા. એક મુમુક્ષુ સ્વામીશ્રીને મળવા માટે દોડી આવ્યો. ગદ્ગદભાવે, આજીજીપૂર્વક એણે સ્વામીશ્રીને કહ્યું કે 'મેં સાંભળ્યું છે કે આપનાં દર્શન થાય કે સ્પર્શ થાય તો સ્વભાવ નીકળી જાય. મારો ગુસ્સાનો સ્વભાવ છે, એને લીધે મારાં પત્ની ને કુટુંબીઓ હેરાન થાય છે, તો એવી દૃષ્ટિ કરો કે બધું નીકળી જાય.' આ શબ્દો કહેતી વખતે મુમુક્ષુની આંખોમાં ડોકાતો વિશ્વાસ અને આશાને કયા શબ્દોમાં વર્ણવવી ?

અમદાવાદના જાણીતા વકીલ પ્રશાંતભાઈ દેસાઈ સ્વામીશ્રીને કહે : 'આપની સ્મૃતિ કરું અને કોઈ પણ છેડે હોઉં, પણ પ્રશ્ન હલ થઈ જાય છે.' આ શબ્દોમાં છલકાતી શ્રદ્ધા અને પ્રત્યેકના હૃદયમાં સ્વામીશ્રીએ ઊભા કરેલા શાંત પ્રભાવને વર્ણવવા માટે શબ્દો કેટલા ટાંચા પડે છે ?

હૈ શબ્દમર્યાદા.....

સ્વામીશ્રી રાજકોટમાં હતા. અહીં દાઉદી વોરા સમાજના દસેક જેટલા સભ્યો ખાસ દર્શને આવ્યા હતા. આ સમાજના મુખ્ય યુસુફભાઈએ પોતાના દીકરાની શાદી માટેની કંકોત્રી સ્વામીશ્રીને અર્પણ કરતાં કહ્યું : 'મારા દીકરા માટે આપ દુઆ કરજો.' વળી, સાથેના સભ્યોએ પણ કહ્યું : 'શહેરમાં કાયમ સુખ-શાંતિ આવે, બધાં કાર્યોમાં બરકત આવે, ધાર્મિક એખલાસ પણ આવે એ આશીર્વાદના અમે તલબદાર છીએ.' હિન્દુ હોય કે મુસ્લિમ, પ્રત્યેકના હૃદયમાં સ્વામીશ્રી પ્રત્યેના આદરની ધબકતી ભાવનાને શબ્દોમાં કઈ રીતે કેદ કરવી ?

કે શબ્દમર્યાદા.....

સ્વામીશ્રી ક્ષૌરકર્મ કરાવી રહ્યા હતા. આવી અંગત પળોમાં પણ સામે બેઠેલા લાડીલા સંતોને મુદ્દાની વાત ગાંઠે બંધાવતાં સ્વામીશ્રી કહે છે : 'કોઈ ક્રિયાના ધણી ન થવું. ધણી થઈશું તો ભાર આપણને વળગશે, પણ ભગવાન ઉપર શ્રદ્ધા અને વિશ્વાસ હશે તો આંચ આવવા નહીં દે.'

અને આ જ વાત જાહેર જીવનમાં ફરજ બજાવતા વડોદરા શહેરના પોલીસ કમિશનર રાકેશ અસ્થાનાને પણ કહેતાં સ્વામીશ્રીએ કહ્યું : 'આપણે કોઈ ભાર લઈને ફરવાનું નથી. હું કાંઈ કરતો જ નથી. જે કાંઈ કરે છે એ ભગવાન જ કરે છે. ભગવાનને કરાવવું છે એટલે કરે છે, એમ જ માનીએ તો હળવા રહેવાય. બાકી ભાર લઈને ફરીએ, અહંકાર લઈને ફરીએ તો વજન લાગે. અને પછી ઘણી જાતના પ્રશ્ન થાય.' સ્વામીશ્રીના આ ઉપદેશની અસરની વાત કરતાં રાકેશ અસ્થાનાએ કહ્યું કે 'એક પ્રસંગે હું બહુ ટેન્શનમાં હતો, પણ આપે મને કહ્યું કે બધું ભગવાન ઉપર છોડી દો અને કામ કરવા માંડો, ભગવાન સારું કરશે. આપની એ સૂચના પ્રમાણે ભગવાન ઉપર છોડી દઈને હું મારા કામમાં લાગી ગયો. પરિણામે, એ વખતે જે ટેન્શન હતું એ ટેન્શન આપના શબ્દોથી હળવું થઈ ગયું.'

ભગવાનને કર્તા માનવા એ સ્વામીશ્રીનો શ્વાસ છે, જીવનમંત્ર છે અને એટલે જ અંગત ક્ષણોમાં હોય કે જાહેર ક્ષણોમાં સ્વામીશ્રીનો આ જ ઉપદેશ બધા માટે હોય છે. સ્વામીશ્રીના અખંડ આનંદના આ રહસ્યને શબ્દો દ્વારા કઈ રીતે વર્ણવવું ?

કે શબ્દમર્યાદા.....

મુંબઈના અતુલભાઈ અજમેરાના સુપુત્ર મુમુક્ષુને સ્વામીશ્રીએ પૂછ્યું : 'તારે કેમ છે ?'

મુમુક્ષુ કહે : 'મજા છે.'

સ્વામીશ્રીએ તરત જ કહ્યું : 'તારે મજા છે તો અમારે પણ મજા છે.'

બીજાના સુખમાં પોતાનું સુખ જોનારા સ્વામીશ્રીની ભાવનાને શું શબ્દોમાં મૂલવી શકાય ?

કે શબ્દમર્યાદા.....

બસ, કલમ અટકવાનું નામ લેતી નથી.

એટલે જ છેલ્લે કહેવું હોય તો એટલું જ કહી શકાય,

નૈરોબીથી આવેલા હિતેન(મલિન્ડી)ને સ્વામીશ્રી મળ્યા.

હિતેન કહે : 'નૈરોબીથી આવું છું. સંતો ત્યાં પધાર્યા છે. કથાવાર્તા એવી કરે છે કે આખું નૈરોબી હલાવી નાખ્યું.'

સ્વામીશ્રી કહે : 'છાપરાં પડી તો નથી ગયા ને ?'

'ના, ના, ના... એવું નથી.' હિતેને કહ્યું.

એટલે છાતી ઉપર હાથ બતાવીને સ્વામીશ્રી કહે : 'અહીં (અંતરમાં) હાલ્યું ?'

'હા.'

'બસ, તો એ અગત્યનું છે.' સ્વામીશ્રીએ મર્મ કર્યો.


બસ, આ જ મર્મ આ 'પ્રસંગમ્' વાંચીને સૌનાં અંતરમાં ઊતરે અને અંતરમાં એવું કાંઈક હાલે કે જેથી સ્વભાવો, દોષો નીકળી જાય, સદ્‌ગુણોનો પ્રવેશ થાય, અંતરમાં મહારાજ પ્રત્યેની ભક્તિ જાગે અને સત્પુરુષ એવા સ્વામીશ્રીમાં વધારે ને વધારે જોડાણ થાય.

ત્યારે 'प्रसङ्गमजरं पाशमात्मनः कवयो विदुः। स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम्॥' એ શ્લોકની સાર્થકતા સમજાશે.


પૂજ્ય ઈશ્વરચરણ સ્વામી તથા પૂજ્ય વિવેકસાગર સ્વામીના માર્ગદર્શન તથા પૂજ્ય અક્ષરવત્સલ સ્વામી, પૂજ્ય નીલકંઠપ્રિય સ્વામી તથા પૂજ્ય હરિસ્વરૂપ સ્વામી વગેરેના સહકારના સ્મરણ સાથે....

– સાધુ પ્રિયદર્શનદાસના
જય સ્વામિનારાયણ

પ્રસંગમ્



જાન્યુઆરી ૨૦૦૯



'ભગવાન કર્તા છે. જ્યારે ધંધાપાણી સારાં ચાલતાં હોય ત્યારે થાય કે ભગવાને બહુ દયા કરી, પણ આવા જ્યારે મંદીના પ્રશ્ન આવે ત્યારે મનમાં જરા દુઃખ થાય કે ભગવાને કંઈ સારું કર્યું નહીં, પણ ભગવાન તો દરેકનું સારું કરવા, કલ્યાણ કરવા જ આ પૃથ્વી પર અવતાર લે છે. આપણને સુખી કરવા છે એટલે આપણી નિષ્ઠા જોવા માટે ભગવાન પરીક્ષા પણ કરે છે. અત્યારના દેશકાળમાં બધાને દુઃખ છે. અમને પણ દુઃખ થાય છે. અમે પ્રાર્થના કરીએ છીએ કે આ મુશ્કેલી બધી ભગવાન દૂર કરે. આપણા માટે ભગવાન જ છે ને ભગવાનના આપણે છીએ.'

– પ્રમુખસ્વામી મહારાજ

તા. ૧-૧-૨૦૦૯, સુરત

સ્વામીશ્રી પૂજામાં વિરાજમાન હતા. સામે હજારો સુરતવાસીઓ દર્શનનો લાભ લઈ રહ્યા હતા. સ્થાનિક સંતોએ કીર્તનનો લાભ આપ્યો, જેમાં ઘણા વર્ષો પછી ઘનશ્યામ બાપા(ઘનશ્યામચરણ સ્વામી)ના મુખે *'સારંગપુરમાં વ્હાલો...'* એ કીર્તનની રસલહાણ સૌએ માણી.

નૈસર્ગિક રીતે પ્રેમભરી અદાઓ સાથે તેઓ મંચ ઉપર બેઠાં બેઠાં કીર્તન ગાઈ રહ્યા હતા. સાહજિક પ્રેમ-ઉમળકાએ તેઓને ઊભા કરી દીધા અને કીર્તન બોલતાં બોલતાં તેઓ સ્વામીશ્રી પાસે પહોંચી ગયા. સ્વામીશ્રી એ વખતે પૂજાના છેલ્લા તબક્કામાં હતા. કીર્તનની કડી ગવાઈ રહી હતી : *'સ્વામીશ્રીજી આવી અંગમાં બિરાજે, એવા પ્રમુખસ્વામીમાં આવી'* અને આ કડી ગાતાં ગાતાં તેઓએ સ્વામીશ્રી સમક્ષ તાળી લંબાવી, સ્વામીશ્રીના હાથે તાળી પડાવી. સૌને ખૂબ સ્મૃતિ થઈ. સ્વામીશ્રી પણ ખીલ્યા હતા. પૂજામાં છેલ્લે સૌને બે હાથ જોડીને 'જય સ્વામિનારાયણ' કહ્યા પછી જ્યારે ઘનશ્યામચરણ સ્વામીએ જય બોલાવી ત્યારે પણ તેઓએ સ્વામીશ્રી પાસે માઇક ધર્યું. સ્વામીશ્રી પણ 'શાસ્ત્રીજી મહારાજની જય' અને 'યોગીજી મહારાજની જય' બોલ્યા. સવારના પહોરનો ઘોઘરો અવાજ વિશિષ્ટ હતો. સૌને ખૂબ સ્મૃતિ મળી. સ્વામીશ્રીની આવી અંગત ને લાક્ષણિક મૂર્તિ સાથેનું આ વ્યાવહારિક વર્ષ શરૂ થયું.

•

સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા વિરાજ્યા હતા. ભોજન દરમ્યાન સામે બેઠેલા દર્શનાર્થી સંતોમાં મુનિવંદન સ્વામીની વાત કરતાં શ્રીજીનંદન સ્વામીએ કહ્યું કે 'મુનિવંદન સ્વામી સાત સમેલિયા છે.'

સ્વામીશ્રીએ પૂછ્યું : 'સાત સમેલિયાનો અર્થ શું ?'

સ્વામીશ્રીએ અચાનક પૂછ્યું એટલે શ્રીજીનંદન સ્વામી થોડું અચકાતાં અચકાતાં બોલ્યા, એટલે બાજુમાં બેઠેલા શ્રુતિપ્રકાશ સ્વામીએ સાત સમેલિયાનો અર્થ કર્યો. સ્વામીશ્રીએ એને આધ્યાત્મિક અને સાધુતાલક્ષી અર્થ કરતાં કહ્યું : 'સાત સમેલિયા એટલે ગમે ત્યારે ગમે તે સેવામાં જોડાય તો પણ સોંસરો પડે. ગમે ત્યારે ગમે તેની જોડમાં મૂકે. જ્યાં મૂકે ત્યાં જાય. ક્યાંય વાંધો જ નહીં. જે કામ સોંપે એ કરે. સાધુને તો બધું ફાવે જ અને બધે જ ફાવવું જોઈએ. જે સેવા મળે એ રાજીપે કરે. એવું નહીં કે 'આ જ કરવું અને પેલું ન કરવું.' મનથી માંદો હોય એને એમ જ થાય કે 'મને આ નહીં ફાવે.' મહારાજ અને સ્વામીના પ્રતાપે શું ન ફાવે ? બધું જ ફાવે.'

સ્વામીશ્રીએ સાધુના જીવનમાં આવશ્યક એવી સરળતાની દિશા દર્શાવી.

•

ભગવત્ચરણ સ્વામી સાથે ફોનમાં વાત થતી હતી. એ દરમ્યાન ગમ્મતમાં તેઓ કહે : 'અમારે તો એટલા બધા પ્રોગ્રામ છે કે હૅલિકૉપ્ટર વાપરવું પડે. ભલે આપ ન વાપરો.' એમ કહીને તેઓ કહે : 'હૅલિકૉપ્ટર હોય તો દુનિયામાં વટ પડી જાય ને ! આપને વાપરવાની જરૂર છે.'

સ્વામીશ્રી કહે : 'જરૂર નથી. ભગવાનની દયાથી બધું ચાલે છે. મોટરથી ફાવે છે. નજીક નજીક જવાનું થાય છે.' સ્વામીશ્રીની સહજ અનાસક્તિમાં કઠિન પરિસ્થિતિઓમાંય એમણે નથી એવી અપેક્ષા રાખી કે નથી કોઈને મનસૂબા રહેવા દીધા.

•

તા. ૨-૧-૨૦૦૯, સુરત

ન્યૂયોર્કથી એક યુવક દર્શને આવ્યો હતો. નિર્ભય સ્વામીએ સ્વામીશ્રીને તેનો પરિચય આપતાં કહ્યું : 'હવે એ ત્યાં અમેરિકા સેટ થઈ ગયો છે.

યુવક કહે : 'નિર્ભય સ્વામીને કહેજો કે મારા વતી માળા કરે તો મારું તો કાંઈક કલ્યાણ થાય ને !'

સ્વામીશ્રી કહે : 'જે ખાય એની ભૂખ જાય. તું માળા કરે તો તારું થાય. એટલે એ તો તારે જ કરવું પડે.'

•

વાતોમાં ને વાતોમાં ભોજન ઓછું લીધું હતું, એની નોંધ સંતોએ લીધી ત્યારે સ્વામીશ્રી કહે : 'આપણે તો ભગવાનની ઇચ્છાથી બધું કામ થાય છે. '*હરિ ઇચ્છાએ હરે ફરે ને કરે કૃષ્ણ ભજનજી...*' એટલે ભગવાનની ઇચ્છા હોય એ પ્રમાણે થાય. હરિપ્રકાશ સ્વામી કહેતા કે અવસ્થામાં વ્યવસ્થા ન હોય. એમ શરીરનું એવું છે. ગમે ત્યારે કાંઈક થઈ બેસે. આમ શરીર સારું લાગે પણ બીજે દહાડે સૂઈ જાય, આવું થાય.'

સ્વામીશ્રીની વિરક્તિનો રંગ સૌને અંતર્દષ્ટિ કરાવી ગયો.

•

તા. ૩-૧-૨૦૦૯, સુરત

સ્વામીશ્રી નિત્ય મુલાકાતો આપે છે, એમાં ભિન્ન ભિન્ન પ્રકારના ભક્તોની શ્રદ્ધા અને મહિમાનાં દર્શન થાય છે અને સૌને પ્રેરણા મળે છે.

આજની મુલાકાત દરમ્યાન હરિભક્તોને સ્વામીશ્રી મળ્યા. જેમાં એક સુરદાસ હતા. વરસોથી સ્વામીશ્રીના સ્પર્શથી આશીર્વાદ મેળવવાની તેઓને ઝંખના હતી. સ્વભાવે અતિશય ધાર્મિક એવા આ મુમુક્ષુ સ્વામીશ્રીનો સ્પર્શ થતાં જ ગળગળા થઈ ગયા. સ્વામીશ્રીને કહે : 'વરસોની મારી ઇચ્છા પૂરી થઈ. હું અખંડ ભજન કરી શકું ને મારા સ્વભાવો જાય એવા આશીર્વાદ આપજો.'

•

અબ્બાસભાઈ નામના એક મુસ્લિમ દર્શને આવ્યા. સ્વામીશ્રી જ્યારે જ્યારે સુરત પધારે ત્યારે તેઓ ખાસ આશીર્વાદ લેવા આવે છે. સ્વામીશ્રીને આજે તેઓ કહે : 'આપના આશીર્વાદ વગર હું એક પણ નવું કામ શરૂ કરતો નથી.'

સ્વામીશ્રીએ તેઓને પણ આશીર્વાદ આપ્યા.

•

ભોજન પછી પત્રવાંચન દરમ્યાન એક સંતના વચનામૃતમાં સ્વામીશ્રીએ હસ્તાક્ષર કર્યા અને લખ્યું : 'વચનામૃત અમૃત છે. તે દરરોજ એક વચનામૃત વાંચવું.'

•

ભોજન દરમ્યાન સુરત અને દુનિયામાં પ્રવર્તી રહેલી મંદીની વાતો થઈ. અહીંના લાખો હીરાઘસુઓ હીરાના ઉદ્યોગમાં સખત મંદીને કારણે સાવ બેકાર થઈ ગયેલા છે. પરિણામે, અહીં નાની-મોટી ચોરીનું પ્રમાણ વધી ગયું છે. સંતોએ એક પ્રસંગ કહ્યો :

''દળણું દળાવીને લોટનો ડબ્બો લઈને એક બહેન રસ્તા પરથી જઈ રહ્યાં હતાં. ત્યાં એક હીરાઘસુ આવ્યો અને પેલા બહેન પાસેથી લોટનો ડબ્બો તફડાવી અને ભાગી ગયો. ટોળું જમા થઈ ગયું. થોડી વાર થઈ ત્યાં તો એ જ હીરાઘસુ ડબ્બો લઈને પાછો આવ્યો અને ટોળાની વચ્ચે જઈને કહે : 'પહેલાં મારી વાત તમે સાંભળો, પછી મને મારી નાખવો હોય તોય વાંધો નથી.' આટલું કહીને કહ્યું કે 'બે દિવસથી મારા છોકરાના મોંમાં અનાજ ગયું નથી. ખાવાના સાંસા છે. અને એટલે જ આ ડબ્બો લઈ જતાં બહેનને જોઈને મેં ડબ્બો તફડાવી લીધો છે, પણ એમાંથી અડધો લોટ કાઢીને પાછો લાવ્યો છું અને અત્યારે તમારી સામે ઊભો છું. મારો ચોરી કરવાનો ઇરાદો નથી, પણ મારી મજબૂરી છે. તમારે જે કરવું હોય એ કરો. મારવો હોય તો મારી નાખો. હું અહીં જ ઊભો છું.' આ દારુણ પરિસ્થિતિ સાંભળીને મારવા માટે જમા થયેલા ટોળામાંથી ઘણાની આંખમાં આંસુ આવી ગયાં. સૌએ ફાળો ઉઘરાવ્યો અને એને પૈસા આપીને રવાના કર્યો.''

આવી વાતો સાંભળીને સ્વામીશ્રી ગળગળા થઈ ગયા. ભોજન પૂરું થયું ત્યારે કહે : 'કોઠારી ઉત્તમ સ્વામીને અને અહીં ફરતા સંતો અને નિરન્નમુક્ત સ્વામીને બોલાવો.'

સૌને બોલાવી લેવામાં આવ્યા. સ્વામીશ્રી વતી વિવેકસાગર સ્વામીએ કહ્યું કે 'સ્વામીશ્રીની ઇચ્છા છે કે દર વર્ષે ઉત્તરાયણ પ્રસંગે થતો દાન-ધર્માદાનો ઝોળીનો ઉત્સવ આ વર્ષે બંધ રાખવો. ફક્ત ઉત્તરાયણની સભા થાય, પણ એ દિવસે કોઈ પણ પ્રકારનું માગવાનું

રાખવું નહીં.'

સ્વામીશ્રીએ કહ્યું કે 'કાલે રવિવાર છે, તો રવિસભામાં સવારે અને સાંજે આ જાહેરાત કરી દેજો.'

એટલું જ નહીં, સ્વામીશ્રીએ દેશ-વિદેશમાં સર્વત્ર જાણ કરવાની આજ્ઞા આપી દીધી. ઈશ્વરચરણ સ્વામી, જ્ઞાનેશ્વર સ્વામી વગેરેને ફોન કરીને સંસ્થામાં ક્યાંય આ વર્ષે ધર્માદાનો આગ્રહ ન રખાય એવો આદેશ આપી દીધો.

•

તા. ૪-૧-૨૦૦૯, સુરત

આજે સમગ્ર મંદિરમાં સર્વત્ર લાલ ટીશર્ટમાં સફેદ પટ્ટાવાળા કિશોરોનું સામ્રાજ્ય હતું. કારણ કે આજે કિશોરદિન હતો. સુરતના નિત્ય નવીન સત્સંગની શક્તિ અને ભક્તિનો પરિચય કરાવતા આ રંગના ટીશર્ટ યત્ર-તત્ર-સર્વત્ર દેખાઈ રહ્યા હતા. ત્રણેક હજારથી વધારે કિશોરો આજે હરોળબદ્ધ રીતે દર્શન માટે મંદિરના પરિસર તેમજ માર્ગ ઉપર બેઠાં હતાં. એ દૃશ્ય ભલભલાને ગૌરવથી છલકાવી દે એવું હતું, કારણ કે આવા ભૌતિકવાદી વાતાવરણમાં સંયમી ને ભક્તિશીલ યુવાનો મળે ક્યાંથી ? સ્વામીશ્રીની એ જ તો કૃપા છે. દિવાળીની આસપાસ સારંગપુરમાં 'ઇતિ વચનામૃતમ્' શિબિરમાં બે હજારથી વધારે કિશોર-કિશોરીઓએ લાભ લીધો હતો. આ શિબિરાર્થીઓ તથા તે ઉપરાંત કિશોરો પણ આજે દર્શને બેઠાં હતાં. સ્વામીશ્રી પણ ખૂબ પ્રસન્નતાસભર દૃષ્ટિ સાથે પરિસરમાં બેઠેલા સૌ ઉપર રાજીપો વ્યક્ત કરતાં કરતાં આગળ વધી રહ્યા હતા. નીલકંઠ વર્ણીનો અભિષેક કર્યા પછી સ્વામીશ્રી મંદિર ઉપર પધાર્યા. ઠાકોરજીનાં દર્શન કર્યા પછી પોડિયમમાં પાછા ફર્યા ત્યારે આ સૌ કિશોરોની વચ્ચે રહીને 'ઇતિ વચનામૃતમ્' સંદેશથી અંકિત ફુગ્ગા હવામાં વહેતા કર્યા. વચનામૃતનો સંદેશ ગગનગામી કર્યો ને ત્યારપછી લિફ્ટ દ્વારા નીચે પધારીને મંદિરથી સભાગૃહ તરફ જવા નીકળ્યા.

આજે રસ્તાનો નજારો કાંઈક જુદો હતો. ગોલ્ફકાર્ટમાં વિરાજેલા સ્વામીશ્રીનાં દર્શન કરવા માટે યુવાનોનો દરિયો હિલોળે ચડ્યો હતો. એક જ સરખા પરિવેશમાં બેઠેલા રસ્તાની બંને બાજુ શોભી રહેલા કિશોર-કિશોરીઓને લીધે જાણે કે સમગ્ર પૃથ્વીને સ્વામીશ્રીએ યુવાનીથી સજાવી હોય એવું અનુભવાઈ રહ્યું હતું. કળિકાળમાં આવા આદર્શ યુવકોની ફોજ દ્વારા 'ઑપરેશન ક્લીન' કરવા નીકળેલા સ્વામીશ્રી મહાનાયકની જેમ શોભી રહ્યા. નિત્ય યુવાન, નિત્ય કિશોરમૂર્તિ સ્વામીશ્રીનું આધ્યાત્મિક જનરેટર જાણે કે સૌને ચાર્જ કરતું કરતું આગળ વધી રહ્યું હતું. સમગ્ર વાતાવરણમાં ભક્તિ અને શક્તિનાં આંદોલનો પ્રસરી રહ્યાં હતાં. સૌમાં જાણે કે ભક્તિની યુવાનીનો સંચાર થયો હોય એવું અનુભવાતું હતું. એમાં પણ જ્યાં જ્યાંથી સ્વામીશ્રી પસાર થતા હતા ત્યાંની હરોળમાં બેઠેલાઓ પોતાના હાથમાં રાખેલા ફુગ્ગા હવામાં છોડી રહ્યા હતા. સ્વામીશ્રીનો સંદેશ પ્રસરાવવાની સૌની કટિબદ્ધતાનું પ્રતિબિંબ જોઈ શકાતું હતું. સમયાંતરે આ રીતે હવામાં છૂટતા ફુગ્ગાઓની ભીડ આકાશમાં જામી હતી. ક્યાંક ક્યાંક સફેદ અને લાલ રંગના ફુગ્ગા ભેગા થઈ જતા હતા. અદ્‌ભુત દૃશ્ય લાગી રહ્યું હતું.

•

એક યુવક દર્શને આવ્યો. ધમાલ કરીને નામના મેળવવાની નકારાત્મક વૃત્તિ એનામાં હતી. સ્વામીશ્રીએ તરત જ કહ્યું : 'આપણે એ રીતે નામ નથી કરવું. દુનિયામાં સારી રીતે રહીએ. મૂલ્યોનું પાલન કરીએ. નિયમ-ધર્મ પાળીએ, સત્સંગ સાચવીએ. એ રીતે ભક્ત થઈને નામ મેળવવાનું છે. ધમાલ કરવાથી કદાચ કામ તો થાય પણ શાંતિ ન મળે. જીવનમાં કોઈ વ્યસન હોવું ન જોઈએ. ઘરમાં પણ તોફાન કરવું નહીં. આજથી કોઈને દુઃખી ન કરવા, એવો સંકલ્પ કર.'

સ્વામીશ્રીએ સકારાત્મક શક્તિની પ્રેરણાનો સંચાર કરી આપ્યો.

•

આજની કિશોરદિન નિમિત્તેની સભામાં 'ઇતિ વચનામૃતમ્' એ મધ્યવર્તી વિચાર સાથે સૌએ કાર્યક્રમ રજૂ કર્યો. આ કાર્યક્રમના અંતે સૌ ઉપર આશીર્વાદ વરસાવતાં સ્વામીશ્રીએ એક મુદ્દાની વાત કહેતાં કહ્યું કે "લૌકિક વ્યવહારમાં પૈસા કમાવાનો મહિમા છે, તો દુઃખ આવે કે ગમે તે થાય, પણ એ કરીએ છીએ. કારણ કે 'મારે કરવું જ છે' એવો નિશ્ચય હોય છે તો એની અંદર આળસ-પ્રમાદ રહેતા નથી. એમ આપણા શાસ્ત્રમાં ભગવાનનો મહિમા, સંતનો મહિમા છે એ

પણ આપણે જાણવાનો જ છે અને એમાં લખેલું છે એ પ્રમાણે આપણું વર્તન કરવાનું છે, તો સુખિયા થવાય.''

વળી, સ્વામીશ્રીએ વાત કરતાં કહ્યું : ''ડિગ્રીઓ મેળવવા પંદર વર્ષ સુધી અભ્યાસ કરવો પડે છે. લોકનાં સુખ મેળવવામાં પણ સમય લાગે છે, એમાં ધીરજ રાખવી પડે છે. એમ દુકાળ પડે, પાણીનાં પૂર આવે, ધરતીકંપ થાય આ બધી મુશ્કેલીઓમાં જે ભગવાનને માનતા હો, એનો આશરો હોય ને શ્રદ્ધા હોય તો ધીરે ધીરે બધું સારું થાય. એ ઘડીએ અકળાઈ ન જવું જોઈએ કે 'ભગવાન ભજ્યા ને આપણું કાંઈ થયું નહીં !' ભગવાન ભજે એનું તો સારું જ થાય છે, પણ આવા પ્રસંગે ધીરજ રાખવાની છે, તો આપણને સુખ થાય, શાંતિ થાય. માટે જ્ઞાન જરૂરી છે. એ જ્ઞાન એટલે બ્રહ્મ અને પરબ્રહ્મનું જ્ઞાન.''

•

તા. ૫-૧-૨૦૦૯, સુરત

સુરત જિલ્લાના મહુવા તાલુકામાં આવેલું નિહાલી ગામ આજકાલ વર્તમાનપત્રોમાં અવારનવાર ચમકે છે. એના મૂળમાં બી.એ.પી.એસ.નો સત્સંગી છે. એન્જિનિયર તરીકે સેવા આપી રહેલા જયેશભાઈ કેદારિયાનું મોસાળ આ નિહાલી ગામ છે. સુમૂલ ડેરીના એક વખતના ચૅરમૅન મનુભાઈ પટેલનું આ વતન છે. અહીં અન્ય આદિવાસી ગામોની જેમ જ વ્યસનનો અજગર-ભરડો હતો. ગામમાં ઢોડિયા પટેલોની વસ્તી અને બાર ફળિયાનું આ ગામ. ખરીદેલી ગરીબીનો સદૈવ અડ્ડો અહીં હતો. સ્વામીશ્રીના સત્સંગના યોગમાં આવ્યા પછી જયેશભાઈ કેદારિયાને થયું કે મારા મામાના ગામને નિર્વ્યસની કરું. અને આ શુભ સંકલ્પ સાથે તેઓએ સ્વામીશ્રીને ૨૦૦૭ની સાલમાં પત્ર લખ્યો અને એમાં લખ્યું કે 'મારા મામાના ગામમાં સૌ નિર્વ્યસની થાય એ માટે આશીર્વાદ આપશો.'

આ સંદર્ભમાં સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું કે 'આપના મામાના દીકરાઓનું વ્યસન છૂટી જાય અને સત્સંગી થાય એવી પ્રાર્થના કરી છે. સર્વનું સર્વ પ્રકારે સારું થાય અને સત્સંગમય જીવન પસાર થાય એ આશીર્વાદ છે.'

આ જ મતલબનો બીજો પત્ર આઠની સાલના છઠ્ઠા મહિનામાં પણ તેઓએ લખ્યો, ત્યારે સ્વામીશ્રીએ ફરીથી તેઓને આશીર્વાદ આપ્યા કે 'મામાના દીકરાને વ્યસન કાયમ માટે છૂટી જાય ને તેઓના જીવનમાં સત્સંગ થાય અને સુખી થાય એવી પ્રાર્થના કરી છે. આપના પરિચયમાં આવે એ દરેકના વ્યસન છૂટી જાય એ પ્રાર્થના પણ કરી છે.'

સ્વામીશ્રીના પત્રનું બળ લઈને તેઓએ ગામમાં વ્યસન છોડાવવાની હિંમત કરી.

ત્યારપછીની દાસ્તાન તેઓના જ શબ્દોમાં જોઈએ :

'નિહાલી ગામ મહુવા તાલુકાનું સુરત જિલ્લાનું ગામ છે. સાંકરી કાર્યક્ષેત્રનું આ છેલ્લું ગામ છે. અંદાજિત ૧,૦૦૦ લોકોની વસ્તીવાળું આ ગામ છે. જેમાં મોટે ભાગે ઢોડિયા, કુંકણા જેવી આદિવાસીઓની વસ્તી રહે છે. થોડાક રજપૂતો પણ ખરા. આ ગામ મારું મોસાળ. મારે લગભગ ઘણી વખત ત્યાં જવાનું થતું. આખા ગામમાં તાડનાં વૃક્ષોનું પ્રમાણ ખૂબ જ હોવાથી વ્યસનનું પ્રમાણ પણ વધારે. બાર ફળિયાના આ ગામમાં ભગત ફળિયામાં મારા મામા રહે. મારા મામાના દીકરાઓને પણ ખૂબ જ વ્યસન. આનંદભાઈ, ખંડુભાઈ, ભીખાભાઈ અને મામાના જમાઈ ગમનભાઈ વગેરેનો સંપર્ક કરીને મને વ્યસન મુકાવવાનું મન થયું. એ બધાને સતત વ્યસનમાં જોઈને અને સૌને વ્યસનને કારણે દુઃખી જોઈને કાંઈક કરવાની ઈચ્છા થઈ અને એ સંકલ્પ સાથે બાપા(પ્રમુખસ્વામી મહારાજ)ને પત્ર લખ્યો. બાપાનો પત્રરૂપી આશીર્વાદ મારી સાથે હતો એટલે મેં સાંકરી (બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના) કોઠારી સ્વામીને વાત કરી. એમણે ધ્યાન-જીવન સ્વામીને વાત કરી. ધ્યાનજીવન સ્વામીએ કહ્યું, 'એ વિભાગમાં વિચરણ થશે ત્યારે તમને ફોન કરીશ.

હું સુરતમાં રહું છું. સુરતથી ૪૫ કિલોમીટર આ ગામ છે. ૨૦૦૮ના પાંચમા મહિનામાં ધ્યાનજીવન સ્વામી ધોળીકૂઈ ખાતે આવ્યા. તેઓએ મને ફોન કર્યો એટલે હું ત્યાં પહોંચી ગયો. મારા કપાળમાં તિલક-ચાંદલો હતો, એટલે બધાનાં મનમાં હતું કે આ અહીં આવીને વ્યસન છોડાવશે. એટલે એ વિચાર સાથે જ ઘણા મારાથી દૂર ભાગતા, પરંતુ સંતોને લઈને ગયો. સૌપ્રથમ આદિવાસી ઝૂંપડાંમાં ગયા. મારા પાંચ સંબંધીને ભેગા કર્યા. ભગત ફળિયામાં રહેતા તેઓને

વાત કરીને વ્યસનમુક્ત કર્યા ને સંતોએ પાંચ જગ્યાએ પધરામણી કરી. સૌ વ્યસનમુક્ત થાય એ માટે ઘરમાં બે મિનિટ ધૂન પણ કરી અને પ્રસાદીનાં પુષ્પો પણ છાંટ્યાં. સ્વામીશ્રીનો સંકલ્પ કેટલો બળિયો છે ! પાંચ વ્યક્તિઓએ દારૂ ન પીવાનો સંકલ્પ કર્યો. ભગત ફળિયામાં સોપો પડી ગયો. આ વાતને બે મહિના વીત્યા એમાં મેં ફરીથી બાપાને પત્ર લખ્યો અને ફરીથી બાપાએ પત્ર દ્વારા બળ આપ્યું. મામાના સંબંધીઓએ બે મહિના સુધી દારૂ ન પીધો એ જોઈને ભગત ફળિયાના બધા જ પુરુષોએ નક્કી કર્યું કે આ લોકો જો દારૂ વગર રહી શકતા હોય તો આપણે કેમ ન રહી શકીએ ? ને એક ચિનગારી પ્રગટી. આખા મહોલ્લાના લોકોએ દારૂ છોડ્યો. આ મહોલ્લામાં આટલું પરિવર્તન આવતાં બાર ફળિયાના ગામના લોકોએ પણ એની નોંધ લીધી. ખાસ કરીને મહિલાઓએ જોયું કે આખું ફળિયું નિર્વ્યસની છે ને સુખી છે. એટલે ગામવાળાએ પણ સામૂહિક પ્રયત્ન કર્યો. સૌ દૃષ્ટાંત આપતાં કે જે લોકો અખંડ દારૂ પીવાવાળા હતા એનાથી છૂટી શકતો હોય તો તમારાથી કેમ નહીં ? ગામમાં જાગૃતિનો પવન ફૂંકાયો. ગામમાંથી દારૂના અડ્ડા બંધ કરાવી દીધા. મોટા ભાગના લોકો નિર્વ્યસની થયા.

આ વાતને સાત-આઠ મહિના થયા. હજી સુધી કોઈ દારૂને અડ્યા નથી. સાથે સાથે સૌ સંપૂર્ણ શાકાહારી બન્યા છે. કેવળ સ્વામીબાપાના આશીર્વાદથી આ શક્ય બન્યું છે. ને એના ફળસ્વરૂપે દરેકના ઘરમાં દસ-દસ હજાર રૂપિયા બચવા લાગ્યા. એ રૂપિયા બાળકોની જરૂરિયાત અને શિક્ષણની પાછળ વપરાવા લાગ્યા. વ્યસનને કારણે રોજ ઊઠીને જે ઝઘડાઓ થતા એ બંધ થયા. પરિણામે મારાં મામીના શબ્દોમાં કહું તો મામીએ કહ્યું કે 'કેટલાંય વરસો પછી હવે અમે નિરાંતે સૂઈ શકીએ છીએ.' વળી, ગામની મહિલાઓએ આંખમાં આંસુ સાથે કહ્યું કે 'રક્ષાબંધનના દિવસે ભાઈ અમને ભેટ આપે એ સામાજિક શિરસ્તો છે, પરંતુ આટલાં વરસોમાં હજી સુધી કોઈ ભાઈએ અમને ભેટ આપી હોય એવું અમને સ્વપ્નમાં પણ આવ્યું ન હતું. ઊલટું અમારે ભાઈઓને મદદ કરવી પડતી હતી, પરંતુ આ દારૂબંધી થતાં આ વખતના રક્ષાબંધનના દિવસે ભાઈએ અમારા હાથમાં પોતાની મહેનતના ૧૧ રૂપિયા મૂક્યા ત્યારે અમે ચોધાર આંસુએ રડવા લાગ્યાં.'

સ્વામીશ્રીએ પ્રગટાવેલી એક ચિનગારીએ એવો તે ચમત્કાર કર્યો કે નિહાલી ગામના પરિવર્તનનો પવન આજુબાજુનાં ગામોમાં પણ ફૂંકાવા લાગ્યો. ગામની મહિલાઓ, બધાં વર્તમાનપત્રોએ આ જાગૃતિની નોંધ લીધી. મહિલાઓએ સખીમંડળ શરૂ કર્યું. 'દિવ્ય ભાસ્કરે' પોતાની નોંધમાં લખતાં જણાવ્યું કે 'મહુવા તાલુકામાં ચાલતા દારૂના અડ્ડાઓ સામે એક પછી એક એમ સાત ગામની મહિલાઓ મેદાનમાં ઊતરી પડી છે. આ ગામોમાં હાલમાં ચાલી રહેલી ગ્રામસભાઓમાં સંપૂર્ણ દારૂબંધી માટે ઠરાવ કરાયા છે. ગામોમાં રેલી યોજી મહિલાઓ દારૂનું વેચાણ બંધ થાય તે માટે જાગૃતિ લાવવાનો પ્રયાસ કરી રહી છે.

વહેવલ ગામે ૧૯ સખીમંડળોની મહિલાઓ અને યુવતીઓ દારૂના અજગરી ભરડામાંથી લોકોને બચાવવા હાથમાં વિવિધ સૂત્રોવાળાં બેનરો લઈને મેદાનમાં ઊતરી પડી છે. મહુવાના નિહાલીમાંથી દારૂબંધીની શરૂઆત બાદ સામ્બામાં મહિલાઓએ રેલી કાઢીને દારૂબંધીનો કડક અમલ લાવવા પ્રયાસ હાથ ધર્યો હતો. ૨૦થી વધુ અડ્ડાઓ ઉપર મહિલાઓએ જાતે પીકેટિંગ કર્યું હતું. જેમાં કેટલીક દેશી દારૂ બનાવવાની સામગ્રીનો મહિલાઓએ નાશ કર્યો હતો. ઘણી જગ્યાએ મહિલાઓએ રણચંડી બનીને દારૂ બનાવનારા અને વેચનારાને મેથીપાક પણ ચખાડ્યો હતો. ૧,૦૦૦થી વધુ મહિલાઓ વહેવલ ગામના ખૂણેખૂણે ફરી વળી હતી. મહુવા તાલુકાના નિહાલી ગામમાં સૌ પ્રથમ થોડા સમય પહેલાં દારૂના દૂષણ સામે મોરચાબંધી થઈ હતી. ત્યારબાદ સામ્બા, પૂના, વલવાડા, તરકાણી અને ખરવણ ગામની મહિલાઓએ જાગૃતિ બતાવી હતી.

મહુવા તાલુકામાં વેચાતા ગેરકાયદે દારૂથી ઘણી મહિલાઓ ભરયુવાનીમાં વિધવા બની છે. ઘણી દારૂનો ભોગ બનતાં અન્ય બહેનોનું સૌભાગ્ય ન છીનવાય તે માટે કેટલીય વિધવાઓએ આ અભિયાનની આગેવાની લીધી છે.

સ્વામીશ્રીના એક નાનકડા કાર્યની ચિનગારી સમાજને કઈ હદે જાગ્રત ને સુખી કરે છે એનો આ પ્રત્યક્ષ પુરાવો છે. હજી આ જ્યોત અટકી નથી.

આ જ્યોતે યજ્ઞનું સ્વરૂપ ધારણ કર્યું છે. રોજેરોજ છાપાંઓમાં આજુબાજુનાં ગામો ઉમેરાતાં જાય છે અને સૌ વ્યસનમુક્ત થતા જાય છે.

•

તા. ૬-૧-૨૦૦૯, સુરત

ભ્રમણ પછી ભોજન દરમ્યાન સ્થાનિક સંતોએ હરિભક્તોમાં પ્રવર્તતી મંદીની દેશકાળ સંબંધી ઘણી વાતો કરી. એટલે સ્વામીશ્રી સહસા કરુણાભીના બોલી ઊઠ્યા : 'સંતો ! દયા કરજો, બધા પ્રાર્થના કરજો જેથી સૌનું સારું થાય.'

•

તા. ૭-૧-૨૦૦૯, સુરત

આજે એક મંદિરમાંથી એક મુમુક્ષુ આવ્યા હતા. ભોજનના અંતે તેઓ ઉપર દૃષ્ટિ કરતાં સ્વામીશ્રી કહે : 'શરીર વરસોથી એવું ને એવું છે.' આટલું કહીને કહ્યું કે સ્વભાવ પણ એવો જ છે ?

એ મુમુક્ષુ કહે : ''હવે તો મંદિરના નોકરો પણ મને ખખડાઈ જાય છે. મારે પેલા સાપ જેવું થયું છે. નિયમ આપ્યો એટલે બધા એને હેરાન કરવા લાગ્યા. એટલે પછી ગુરુજીએ કહ્યું કે 'ફૂંફાડો તો રાખ.' અત્યારે મંદિરના સામાન્ય નોકરો પણ મને ખખડાઈ જાય છે.''

સ્વામીશ્રી કહે : 'હશે. આપણા સ્વભાવ બરાબર થાય એના માટે ભગવાન આવું કરાવતા હશે, એમ માનવું ને સાથે સાથે વિચારવું કે સામાન્ય નોકરો પણ ખખડાવી જાય છે, તો ભગવાન અને ભગવાનના સંત ક્યારેક આવું કરે તો એ પણ સહન કરવું જ પડે ને !'

•

તા. ૮-૧-૨૦૦૯, સુરત

એક ફોન આવ્યો. દૂર પૂર્વના દેશમાંથી એક કિશોરે ફોનમાં વાત કરતાં કહ્યું : 'એને એક છોકરી સાથે ચાર વર્ષથી પ્રેમ હતો. એની સાથે જ લગ્ન કરવાં હતાં, પરંતુ છોકરીના પિતાએ બીજા કોઈ છોકરા સાથે એમની દીકરીનું લગ્નનું નક્કી કરી લીધું છે.... આ વાતથી એને આઘાત લાગ્યો હતો કે હવે મારું શું થશે ?' રડતાં રડતાં એ વાત કરતો હતો.

ઈસબગુલ પી લીધા પછી સ્વામીશ્રી આ વાત સાંભળીને એકદમ હસી પડ્યા ને કહે : 'સાધુ થઈ જા.'

સ્વામીશ્રીને ફોન આપવામાં આવ્યો. એટલે સ્વામીશ્રી ફોનમાં વાત કરતાં કહે : 'તારી બધી વાત જાણી. છોકરીને જો તારા પ્રત્યે સાચો પ્રેમ હોત તો આવું ન થાત. એટલે ઊંડે ઊંડે તારી સાથે લગ્ન કરવાની ઈચ્છા નહીં હોય, એટલે બીજે થયું છે. છતાં થોડા દિવસ રાહ જો અને ન થાય તો ભગવાનની ઈચ્છા સમજજે. પાછળથી મુશ્કેલી આવે એવું પણ થવાનું હોય ! આ બધું આપણને ખબર ન પડે. ભગવાન જે કરતા હશે તે સારા માટે હશે, એમ સમજવું તો શાંતિ થશે. ધીરજ રાખજે. અત્યારે તારા વિચારો છે તે તું મૂકી જ દેજે. તારો અભ્યાસ બગડે છે અને જીવન પણ બગડે છે, એટલે આ વાતને ભૂલીને અભ્યાસમાં મન લગાડી દે.'

•

તા. ૯-૧-૨૦૦૯, સુરત

પરદેશથી આવેલા સાધકોએ એક દોરાની જનોઈ ઊંચી કરી અને સ્વામીશ્રીને કહ્યું : 'મુંબઈમાં તો દીક્ષા આપી ન શક્યા પણ હવે અહીં દીક્ષા આપી દો.' કો'કે કહ્યું કે 'જનોઈ એક જ દોરાની છે.'

સ્વામીશ્રી તરત જ કહે : 'આપણે એક જ દોરો રાખવો. મહારાજ ને સ્વામીની નિષ્ઠા એક જ પાકી રાખવી. એ એક દોરો કહેવાય.'

•

તા. ૧૦-૧-૨૦૦૯, સુરત

ચેતન હડિયલ નામના એક યુવકની વાત કરતાં અખિલેશ સ્વામીએ કહ્યું : 'સોળ વર્ષની ઉંમર હોવા છતાં એને બધી જ પ્રકારનાં વ્યસન હતાં. ગુટખા, તમાકુ, બીડી, સિગારેટ વગેરે વ્યસનો કઈ સાલથી શરૂ થયાં એ એને પણ ખબર ન હતી. સગાંઓને ત્યાં વૅકેશનમાં જાય ત્યારે ગામના અડ્ડે દારૂ પણ પી આવતો હતો અને ગાળ બોલવાની તો એવી ખરાબ ટેવ હતી કે વાક્યે વાક્યે જાણે કે સુરતી હોવાનો અહેસાસ થાય. દિવસમાં હજારથી વધારે ગાળો એ બોલતો હશે ! ફિલ્મોનો પણ ગાંડો શોખ. થિયેટરમાં લાગેલા હિન્દી, અંગ્રેજી કે કોઈ પણ ભાષાની ફિલ્મો એ જોઈ નાખતો હતો, પરંતુ જામનગર DLMમાંથી રિશફલીંગમાં આહ્વા-ડાંગમાં ડિપ્લોમા સિવિલ એન્જિનિયરિંગનું એડ્મિશન મળ્યું અને અહીં ખબર પડી કે ડાંગના

વિદ્યાર્થીઓએ સુરતમાં ભણવાનું છે. અને એ નિમિત્તે એ આપણા બી.એ.પી.એસ. છાત્રાલયમાં આવ્યો. અહીંના વાતાવરણને કારણે ને એમના રૂમપાર્ટનર નિકુલભાઈ તથા દર્શનભાઈનાં જીવન અને મહિમાની વાતોને લીધે એને સત્સંગ તેમજ સ્વામીશ્રીનો થોડો મહિમા સમજાયો. જોકે સ્વભાવ તો એકદમ જાય નહીં, એટલે કૉલેજમાં પણ વ્યસન વગેરે ચાલુ હતાં. છોકરીઓ સાથેના વ્યવહાર પણ ચાલુ હતા, પરંતુ સ્વામીશ્રી સાંકરી પધાર્યા અને એ યુવક દર્શને ગયો. બાપાનાં પ્રથમ દર્શને જ દિવ્યતાનો અનુભવ થયો અને આપોઆપ વ્યસન અને બહારનું ખાવાનો ત્યાગ થઈ ગયો. એક વખત રાત્રે સ્વામીશ્રીએ સ્વપ્નમાં દર્શન આપીને બાકી રહેલાં બધાં જ વ્યસન-દૂષણો છોડવાની આજ્ઞા કરી અને આશીર્વાદ આપ્યા, ત્યારથી બધું જ જાણે જડમૂળથી નીકળી ગયું. અને આ વાતની જાણે સ્વામીશ્રીએ પણ અંતર્યામીપણે નોંધ લીધી હોય એ રીતનો અનુભવ એને થયો.

સ્વામીશ્રી આ વખતે સુરત પધાર્યા ત્યારે ઘણા બધા યુવકો દર્શનની લાઈન લગાવીને બેઠા હતા, પરંતુ સ્વામીશ્રીએ સીધું જ એની સામે જોઈને સામેથી 'જય સ્વામિનારાયણ' કહ્યા. બીજે દિવસે પણ સ્વામીશ્રીએ સામેથી 'જય સ્વામિનારાયણ' કહીને એને આશીર્વાદ આપતા હોય એવી મુદ્રા કરી. સ્વામીશ્રીના આટલા દૂરના સ્પર્શ વગરના આશીર્વાદથી પણ એની સત્સંગના માર્ગે ચાલવાની દઢતા વધી ગઈ અને બધા જ નિયમો લઈ લીધા. અને એને પરિણામે બીજે દિવસે કૉલેજમાં ગયો ત્યારે એના પૂર્વના સંગીઓએ સામેથી બૂમ પાડીને એને બોલાવ્યો છતાં એની સામે ન જોતાં એ ત્યાંથી નીકળી ગયો. સ્વામીશ્રીના સહજ સંયોગનું આ પરિણામ હતું.

•

તા. ૧૧-૧-૨૦૦૯, સુરત

પ્રયાગમુનિ સ્વામીએ કહ્યું કે 'યોગીજી મહારાજનો સંકલ્પ હતો કે બ્રહ્માંડોમાં સત્સંગ થાય, જાપાનમાં, ચીનમાં, રશિયામાં પણ સત્સંગ થાય. હવે આપના કોઈ સંકલ્પ ખરા ?'

સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ જે કહી ગયા એ પૂરા કરીએ તોય ઘણું છે. જોગી બાપાએ સંકલ્પો કર્યા હોય પછી આપણે નવા નવા ઓછા કરવાના હોય ?'

કૃષ્ણચરણ સ્વામી કહે : 'તોય આપે યોગીજી મહારાજના ૮૫% સંકલ્પો તો પૂરા કરી જ દીધા છે.'

સ્વામીશ્રી કહે : 'આપણાથી કાંઈ થતું નથી. એમની ઇચ્છા અને પ્રેરણાથી જ થાય છે.'

ડૉ. કિરણભાઈ કહે : 'આપનો કોઈ એક સંકલ્પ તો કહો.'

સ્વામીશ્રી કહે : 'જોગી બાપાના સંકલ્પો પૂરા થાય એ જ આપણો એક વિચાર છે અને એટલો જ વિચાર રહે છે. મોટાપુરુષોએ જે સંકલ્પ કર્યા છે એ સંકલ્પો આપણી આખી જિંદગી જતી રહે તોય પૂરા ન થાય એવા છે. પણ જેટલું થાય એટલું, ભગવાનને સંભારીને પ્રયત્ન કરવો. આખા બ્રહ્માંડને રંગવાની વાત છે. એ હજી પૂરો થયો નથી તો બીજાની ક્યાં વાત થઈ ?'

•

તા. ૧૨-૧-૨૦૦૯, સુરત

ડૉ. કિરણભાઈ દોશીના સુપુત્ર દર્શન દર્શને આવ્યા હતા. એમ.બી.બી.એસ. પૂરું થયા પછી હવે આગળ એમ.ડી. કરવાનું હતું.

સ્વામીશ્રીએ તેઓને સફળતાનો મંત્ર આપતાં કહ્યું : 'ભગવાનને સંભારીને કાંઈ પણ કામ કરીએ તો અઘરું હોય એ પણ સહેલું થઈ જાય.'

•

અહીંથી ભણવા માટે અમેરિકા ગયેલા યુવક સીમૂલને ફોનમાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'પરદેશની ધરતી ઉપર ગયા છે. ત્યાં આપણાં મૂલ્યોને ભૂલવા નહીં. નિયમ-ધર્મ સાચવવા, સત્સંગ દઢ રાખવો, વ્યસન-દૂષણ થાય નહીં એનું જાણપણું રાખવું. ફેલફતૂર પેસી ન જાય એ ધ્યાન રાખવું. નિયમ-ધર્મ બરાબર રાખવા ને તિલક-ચાંદલો કરવો, મંદિરમાં સભામાં નિયમિત જવું.'

•

તા. ૧૩-૧-૨૦૦૯, સુરત

એક યુવક દર્શને આવ્યો. સંતોએ વાત કરતાં કહ્યું : 'એને કૉલેજમાં જી.એસ. થવું છે.'

સ્વામીશ્રીએ તરત જ અટકાવતાં કહ્યું : 'રહેવા દે ને ! સત્સંગમાં આગળ વધને ! ભગત થા ! નકામું

ભણવાનું બગાડ નહીં.'

•

મંગલસ્વરૂપ સ્વામી કહે : 'આપને રાજી કરી શકાય એવું બળ આપો.'

સ્વામીશ્રી કહે : 'સાધુતા રાખીને સેવા-ભક્તિ, કથાવાર્તા, ભજન કરવાનું છે, નિયમ-ધર્મ પાળવાના છે. આપણા માટે એ અગત્યનું છે, એ જ કરવાનું છે.'

•

સ્વામીશ્રી ખુરશી ઉપર વિરાજમાન હતા. ચશ્માંની ફ્રેમ બદલવાની હોઈ યોગીચરણ સ્વામી મોરડિયા બંધુઓ હરેશ, મુકેશ તથા નીતેશને લઈને અંદર આવ્યા. સ્વામીશ્રીને ચશ્માં આપવામાં આવ્યા, પરંતુ સ્વામીશ્રીએ તરત જ કહ્યું : 'ઠાકોરજીને ધરાવો.' ઠાકોરજીના પ્રસાદીભૂત કર્યા પછી સ્વામીશ્રીએ ચશ્માં પહેરી જોયા.

•

ઉગામેડીવાળા દિલીપભાઈ હાલ સુરત રહે છે. બે મહિના પહેલાં કિડનીનું ઑપરેશન થઈ ગયું હતું, પરંતુ બરકત આવી ન હતી. છ મહિનાથી હૉસ્પિટલમાં હતા. સ્વામીશ્રીને ફોન પર કહે : 'બાપા ! આપના ભરોસે છું.'

સ્વામીશ્રી કહે : 'આપણે બધા ભગવાનના ભરોસે છીએ અને ભગવાનના ભરોસે રહેવાનું છે. ભગવાન સારું કરશે ને શાંતિ થશે.'

•

લંડનથી ઉપેન્દ્ર અને કૃષ્ણમૂર્તિનો ફોન આવ્યો હતો. સ્વામીશ્રીને જ્યારે આ વાત કરી ત્યારે ફોન હાથમાં લેતાં સ્વામીશ્રી કહે : 'તમારો અવાજ સાંભળ્યો, દર્શન થયાં, કેમ છે ?'

ઉપેન્દ્ર કહે : 'આપને કેડનો દુખાવો છે તે મને આપો અને તમે સાજા થઈ જાવ.'

સ્વામીશ્રી કહે : 'હું તો ઘરડો થઈ ગયો. એક જગ્યાએ પડી રહું, પણ તમે જુવાન છો. તમે સેવા-ભક્તિ કરો છો તો એ બરાબર છે.'

ઉપેન્દ્ર કહે : 'તમે લીલા બહુ કરો છો.'

સ્વામીશ્રી કહે : 'લીલું ને સૂકું.'

'આપની તબિયત સારી રહે, આપની શતાબ્દી ઊજવવાની છે.'

સ્વામીશ્રી કહે : 'તમારી ભાવના છે, પણ ભગવાનની ઇચ્છા હોય એમ થાય છે.'

•

લાડવી ગુરુકુળના સત્યપ્રકાશ સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું : 'અમે જ્યારે લાડવીમાં ગુરુકુળ કર્યું ત્યારે લાઇટ હતી નહીં. લાઇટ માટે સરકારમાં ભલામણ કરી હતી, પણ ત્યાં એવો નિયમ છે કે કોઈ બીજી સંસ્થા એમના વતી સાક્ષી બને તો તરત જ કનેક્શન મળી જાય. હું સાંકરી આપના મંદિરે ગયો અને ત્યાં આ વાત કરી ત્યારે સાંકરીના કોઠારી સ્વામીએ તરત જ પત્ર લખી આપ્યો. એને પરિણામે અમારે ત્યાં લાઇટ આવી.'

સ્વામીશ્રી તરત જ કહે : 'આવા પ્રસંગે તો અમારે ભેગા ઊભું જ રહેવાનું હોય ને ! જે તે રીતે પણ કામ તો સ્વામિનારાયણનું જ થાય છે.'

અહીંની હૉસ્પિટલની વાત નીકળતાં સંતો કહે : 'આજે સવારે જ અમે તમારી હૉસ્પિટલમાં ટ્રીટમેન્ટ માટે ગયા હતા. તમારી ટ્રીટમેન્ટ જે રીતે કરે એવી આત્મીયતાથી અમારી ટ્રીટમેન્ટ પણ કરે છે.'

સ્વામીશ્રી કહે : 'જ્યારે જરૂર હોય ત્યારે હૉસ્પિટલમાં ખાસ આવજો.'

•

તા. ૧૪-૧-૨૦૦૯, સુરત

ભોજન દરમ્યાન સ્વામીશ્રીએ સામેથી જ કેટલાક જૂના હરિભક્તોની સ્મૃતિ કરીને કહ્યું : 'પેલો ચંદ્રકાન્ત (લીંબડી) કેમ આટલા દિવસ થયા દેખાતો નથી ?'

સંતો કહે : 'રોજ આવી જાય છે, પણ આપનાં દર્શને ભીડો ન પડે એટલે આવતા નથી.'

સ્વામીશ્રી વળી કહે : 'ગોવિંદજી મશાલચીના કોઈ છોકરાઓ નથી ?'

'ના, બધા ધામમાં ગયા છે.'

'એમના જમાઈ હતા મગન જરીવાલા, એ ક્યાં છે ?'

સંતો કહે : 'એ બહુ આવતા નથી એટલે ખબર નથી.'

સ્વામીશ્રી આ સાંભળીને કહે : 'જૂના જૂના જે કોઈ હોય એ બધાને યાદ રાખવા અને આવા પ્રસંગે બોલાવી લેવા.' આટલું કહીને મહેન્દ્રભાઈના સુપુત્ર દિનકરને પણ યાદ કર્યો.

સ્વામીશ્રી સૌની આ રીતે ખૂબ સંભાળ રાખે છે.

•

તા. ૧૬-૧-૨૦૦૯, સુરત

સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા વિરાજ્યા. એ દરમ્યાન મુનિવંદન સ્વામી, પ્રભુચરણ સ્વામી તથા ઉપસ્થિત તમામ સંતોએ વર્તમાન મંદીના સંદર્ભમાં દેશકાળના હિસાબે હરિભક્તોને જે કોઈ પ્રશ્નો હતા એ હરિભક્તોના પ્રસંગો કહ્યા. સાથે સાથે આટલા દિવસો દરમ્યાન તેઓની નોંધમાં આવેલા કેટલાક વિશિષ્ટ પ્રસંગોની વાત કરતાં મુનિવંદન સ્વામીએ કહ્યું કે – 'વશરામભાઈ પાલડિયાનાં માતુશ્રી કડવીબાની ઉંમર ૮૦ વર્ષની છે. સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય સારું રહે એ માટે છેલ્લા પંદર દિવસમાં ૯ નિર્જળ ઉપવાસ તેઓએ કર્યા હતા. ઉપરાંત ૧૧૧ વાર અનુષ્ઠાન અને છેલ્લા એકાદ વર્ષથી સ્વામીશ્રીના સ્વાસ્થ્ય માટે રોજ ૪૦૦ માળા તેઓ કરે છે. આખી જિંદગીમાં ૧૦૮ વખત તેઓએ વચનામૃતનું વાચન કર્યું છે. અત્યારે પણ રોજ વીસેક જેટલા વચનામૃત વાંચે છે. આ ઉપરાંત, રસોડામાં સેવા આપી રહેલા મહિલાઓમાંથી મહાવ્રત સ્વામીનાં પૂર્વાશ્રમનાં માતુશ્રી ચંપાબહેને પણ સ્વામીશ્રીના રોકાણ દરમ્યાન ૮ નિર્જળ ઉપવાસ કર્યા હતા. એ જ રીતે અન્ય આઠ બહેનોએ ત્રણ નિર્જળ ઉપવાસ કર્યા હતા.' સૌના આવા ભક્તિભાવથી સ્વામીશ્રી ખૂબ રાજી થયા.

મુનિવંદન સ્વામી કહે : 'આ સૌએ હરિભક્તો દ્વારા કહેવડાવ્યું છે કે અંતે ધામમાં તેડી જજો.'

સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'આટઆટલી ભક્તિ કરે છે એટલે કલ્યાણ તો થઈ જ જશે ને ! બીજે ક્યાં જવાના છે ? બધા બહુ શ્રદ્ધાવાળા છે. પગે ચાલીને આવવું, વ્રત-તપ કરવાં. બધાએ બહુ શ્રદ્ધાથી કર્યું છે.'

સ્વામીશ્રીએ સમગ્ર સુરત સત્સંગમંડળને ભક્તિ-ભાવનાનું પ્રમાણપત્ર આપ્યું.

•

તા. ૧૭-૧-૨૦૦૯, ઝાડેશ્વર (ભરૂચ)

મોટી ઉંમરના વડીલ હરિભક્ત રણછોડભાઈ એમ. પટેલ દર્શનમાં આવ્યા. તેઓ કહે : 'એક ઇચ્છા છે કે બધાં મંદિરોનાં દર્શન કરવાં છે.'

સ્વામીશ્રી કહે : 'તમારી સાથે કોઈ છે ?'

રણછોડભાઈને કંઈ સંભળાયું નહીં અને સમજ્યા નહીં, એટલે સ્વામીશ્રીએ યશોનિધિ સ્વામીને કહ્યું : 'તમે દરેક મંદિરમાં કાગળ લખી દેજો અને વ્યવસ્થા કરે એમ લખજો.'

•

સંસ્થાકીય કાર્યો માટે સ્વામીશ્રી સાથે મિટિંગમાં બેઠેલા સોલિસીટર સંદીપભાઈ મહેતા કહે : 'આપ જે રીતે સાંભળો છો, જે રીતે બોલો છો, જે રીતે વાતને સમજી જાવ છો ને જે રીતે નિર્ણય આપો છો એ જોતાં કોઈ કહે નહીં કે ૮૮ વર્ષના છો ! ૨૪ વર્ષના યુવાન જેવી બુદ્ધિશક્તિ આપની છે.'

સ્વામીશ્રી વિનમ્રભાવે કહે : 'આ બધું શ્રીજી-મહારાજને લીધે છે. શાસ્ત્રીજી મહારાજ અને યોગી મહારાજના આશીર્વાદ છે એને લીધે છે.'

•

તા. ૧૮-૧-૨૦૦૯, ઝાડેશ્વર (ભરૂચ)

એક મહાનુભાવ સ્વામીશ્રીનાં દર્શન કરવા માટે બેઠા હતા. યુ.કે.થી આવેલા આ મહાનુભાવનું નામ હતું રોડ હેન્કી (Rod Hanckey). આ હેન્કી અત્યારે જગ-વિખ્યાત આર્કિટેક્ટ કંપની યુ.ડી.આઈ.એ.(યુનિયન ડેલ ઈન્ટરનેશનલ આર્કિટેક્ટ)ના પ્રેસિડન્ટ છે. એ જ રીતે રોયલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ આર્કિટેક્ટના પણ તેઓ પ્રેસિડન્ટ છે. કોફી આનન જેવા યુનોના વડાએ પણ ઍડવાઇઝરી બોર્ડમાં તેઓની નિયુક્તિ કરી છે. તેઓ આજે અહીં સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા.

સ્વામીશ્રી કહે : 'તમે આવ્યા તે સારું થયું.'

તેઓ ગરીબો પોતાના આવાસ સસ્તા અને સારી રીતે બાંધી શકે એવા એક પ્રોજેક્ટ સાથે સ્વામીશ્રીના આશીર્વાદ લેવા માટે આવ્યા હતા. તેઓના આ પ્રોજેક્ટમાં સાથે એક ગુજરાતી મહિલા શ્રીમતી કંસારા પણ જોડાયેલાં છે. જાપાન, ભારત અને યુ.કે.માં આવો હાઉસિંગ પ્રોગ્રામ તેઓ શરૂ કરી રહ્યા છે. એના માટે આશીર્વાદ લેવા માટે જ તેઓ આવ્યા હતા. સ્વામીશ્રીએ તેઓને આશીર્વાદ આપતાં કહ્યું : 'સારી રીતે તમારો કાર્યક્રમ સફળ થાય એ આશીર્વાદ છે.'

દિલ્હી અક્ષરધામ જોઈને આવેલા તેઓ સાહજિક રીતે બોલી ઊઠ્યા : 'Just wonderful. હું ગઈકાલે જ ત્યાં ગયો હતો. મને ત્યાંનું બધું જ ગમ્યું, પણ સૌથી વધુ એ ગમ્યું કે માણસ સ્વીકારી શકે એટલી એમાં ભવ્યતા

છે. માણસને અસ્મિતા જાગે, મમત્વ થાય એવી એની ડિઝાઈન છે, એવી એની ખુલ્લી જગ્યાઓ છે. આમ જુઓ તો એટલું મોટું છે, પણ છતાં પ્રમાણ-ભાન વગરનું નથી, બધું જ પ્રમાણસર છે. ત્યાં જે મટીરિયલ વાપરવામાં આવ્યું છે, જે રંગ પસંદ કરવામાં આવ્યો છે, એ બધું જ અદ્ભુત છે. ભગવાનનું ઘર હોય એ રીતનું સિલેક્શન છે. બહાર ભવ્ય છે, પણ એના કરતાં પણ અંદર એટલું જ ભવ્ય છે; કારણ કે ભગવાન એમાં બેઠા છે, એટલે અંદરના ભાગની માવજત પણ એ જ રીતે કરી છે. મારી દૃષ્ટિએ અક્ષરધામ ખૂબ જ સફળ છે.'

•

તા. ૨૦-૧-૨૦૦૯, ઝાડેશ્વર (ભરૂચ)

સ્વીડન ખાતેના ભારતીય રાજદૂત બાલકૃષ્ણ શેટ્ટી સ્વામીશ્રીનાં દર્શને અહીં આવ્યા. તેઓએ દિલ્હી અક્ષરધામના પ્રતિભાવની વાત કરતાં કહ્યું : 'હું ફક્ત દોઢ કલાક માટે જ અક્ષરધામ જોવાના ઈરાદે ગયો હતો, પરંતુ છ કલાક ત્યાં રોકાઈ પડ્યો. મને લાગ્યું કે આ ફક્ત મંદિર જ નથી, પણ એક દિવ્ય પ્રેરણા છે. ખાલી થોડાક જ સંતો રહે છે, પણ કામ કરતા સેંકડો સ્વયંસેવકોને પોતપોતાના ક્ષેત્રમાં પાવરધા બનાવી દીધા છે. મને લાગ્યું કે આ એક એવું મોડેલ છે કે જેના આધારે દેશ પણ પ્રગતિ કરી શકે. જો આટલું સુંદર મંદિર બની શકતું હોય તો આખો દેશ પણ કેમ ન બની શકે ?'

•

તા. ૨૩-૧-૨૦૦૯, ઝાડેશ્વર (ભરૂચ) - અટલાદરા (વડોદરા)

સ્વામીશ્રી ઝાડેશ્વર મંદિરેથી અટલાદરા આવી રહ્યા હતા. હાઈવે ઉપર થતા બાંધકામને લીધે ટ્રાફિક એટલો બધો નડતો હતો કે માર્ગ કાઢી કાઢીને આગળ વધવું પડતું હતું. અને એટલે જ આજે અટલાદરા પહોંચવા માટેનો રસ્તો થોડો બદલવામાં આવ્યો. ઈટોલાથી અટલાદરા જતાં વચ્ચે ચાણસદની ભાગોળેથી પસાર થવાનું ફરજિયાત બન્યું. ઈટોલાના રસ્તે ગાડી વળી. ઈટોલા આવ્યું અને ટ્રેન પસાર થતી હોવાથી ફાટક બંધ હતું. ગાડી ફાટક આગળ ઊભી રહી અને લોકોને જેમ જેમ ખબર પડી કે પ્રમુખસ્વામી મહારાજ આ ગાડીમાં છે, એટલે ટોળું જામવા માંડ્યું. એમાંના કેટલાય એવા હતા કે જેઓ હરિભક્તો હતા. તિલક-ચાંદલા સહિતના હતા એ સૌને તો આટલા નજીકથી અને આટલા નિરાંતવા દર્શન થાય એ સ્વપ્ન સમાન હતું. નિર્ભય સ્વામી કહે : 'આ લોકોને દર્શન થાય એના માટે જ ફાટક બંધ રહી હશે !'

સ્વામીશ્રી કહે : 'એમ જ હશે !'

•

અંધારું ઢળતું હતું, છતાં પણ ભોંભાખરું વાતાવરણ હોવાથી હજી જમીનો જોઈ શકાતી હતી. ચાણસદની સીમમાં પ્રવેશ્યા. સંસ્થાએ અહીં દવાખાનું, સ્કૂલ વગેરે કર્યાં છે એ સ્વામીશ્રીને કહેવામાં આવ્યું, પરંતુ સ્વામીશ્રી પ્રતિભાવશૂન્ય હતા. થોડી વાર થઈ ત્યાં ચાણસદ ગામની ભાગોળ આવી ત્યાં સુધીમાં તો ગ્રામજનોને સમાચાર પહોંચી ગયા હતા અને લોકો ભેગા થઈ ગયા હતા. સૌએ સ્વામીશ્રીની જય બોલાવી. સ્વામીશ્રી આંખ ઊંચી કર્યા વગર જ બેઠા હતા. આ એ જ ભાગોળ હતી કે જ્યાં નિયમિત રીતે ગેડીદડો રમવા અને ઢોર ચારવા માટે બાળક શાંતિલાલ આવતા હતા. થોડી વાર થઈ ત્યાં તો ચિર-પરિચિત તળાવ આવ્યું. સામે જ હનુમાનગઢી દેખાઈ રહી હતી. કારની અંદર બેઠેલા અમે સૌ વિશેષ ઉત્સાહી હતા - સ્વામીશ્રીને તળાવ અને હનુમાનગઢી દેખાડવાની ચેષ્ટા કરી રહ્યા હતા. સામે જ નવા બંધાયેલા મંદિરનું શિખર જોઈ શકાતું હતું. આ બધી જ વાત સ્વામીશ્રીને કરી, પરંતુ સ્વામીશ્રીએ એક શબ્દ ઉચ્ચાર્યો નહીં. તેઓની નિઃસ્પૃહિતા સૌનાં હૈયે જડાઈ ગઈ.

•

તા. ૨૪-૧-૨૦૦૯, વડોદરા

એક યુવક દર્શને આવ્યો. તેઓના પિતાશ્રી જૂના સત્સંગી હતા, પરંતુ એક વખત સભામાં સ્વામીશ્રીની હાજરીમાં તેઓને હાર પહેરાવવા ન મળ્યો અને એને કારણે ખોટું લાગતાં સત્સંગથી છૂટા પડી ગયા. એટલું જ નહીં, પણ પરિવારના સભ્યોને પણ સત્સંગમાં જતાં રોકવા લાગ્યા, સત્સંગ કરવા દેતા ન હતા, વિરોધ કરતા હતા. એટલું જ નહીં, પણ દીકરો વિશેષ સત્સંગ કરવા ગયો તો તેને ઘરની બહાર કાઢી મૂક્યો.

આજે એ યુવક સ્વામીશ્રી સમક્ષ ગળગળો થઈને આ વાત કરી રહ્યો હતો, ત્યારે સ્વામીશ્રીએ એને આશીર્વાદ આપ્યા અને પ્રેરક મર્મ કરતાં કહ્યું :

'નિર્માની થાય તો સત્સંગમાં આગળ વધાય અને સત્સંગ પચે.'

•

પલંગ ઉપર બેઠેલા સ્વામીશ્રીને ભગવત્ચરણ સ્વામીએ કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજ આપને પ્રસાદીનો ઉકાળો આપતા ને ?'

સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ ઉકાળો પીવા બેઠા હોય, રકાબીમાં ઉકાળો પી અને એ રકાબી મને પ્રસાદીની આપતા.'

યોગીચરણ સ્વામી કહે : 'શાસ્ત્રીજી મહારાજ કહેતા કે કાંડું બહુ પાતળું છે. અત્યારે આપે ખોરાક ઓછો કર્યો, તો હવે શાસ્ત્રીજી મહારાજની ફરી જરૂર છે કે આવું કહે.'

આ વાત નીકળતાં સ્વામીશ્રી કહે : 'સ્વામી બાવડું ઝાલે, તે ઘડીએ બાવડું પાતળું હતું એટલે કહેતા કે આવું બાવડું ન જોઈએ, ચોળાની ફળી હોય એવું જોઈએ. તે ઘડીએ શરીર પાતળું એટલે હાથ ઝાલીને આવું કહ્યા કરે. જમાડવામાં પણ ઘણું ધ્યાન રાખે. જોગી બાપાની પહેલી જ સ્પેશિયલ ટ્રેન થયેલી, એ વખતે ઉત્તર ભારતમાં જ ગયેલા. એ વખતે સ્વામીના આશીર્વાદથી ભૂખ બહુ લાગતી ને એ વખતે શરીર સારું થયું હતું, પણ હવે ભૂખ લાગતી નથી.'

•

એક યુવકનો ફોન આવ્યો. તેઓના બહેનને એવી બીમારી હતી કે ડૉક્ટરોએ આશા છોડી દીધી હતી. બહેન મશીન ઉપર જીવતાં હતાં. તેઓના પિતાશ્રીએ ભૂવાને બતાવ્યું ત્યારે ભૂવાએ કહ્યું : 'તમે રાહ જુઓ, સારું થઈ જશે.'

સ્વામીશ્રીને જ્યારે આ યુવકે વાત કરી ત્યારે કહ્યું કે 'બધું ભગવાન ઉપર છોડી દે.'

પેલા યુવકે કહ્યું : 'આપ મારા બાપુજીને વાત કરો. હું હમણાં દવાખાને જઉં છું અને ફોન કરાવું છું.'

સ્વામીશ્રી કહે : 'વાંધો નહીં. ફોન કરાવજે.'

થોડી વારમાં એના પિતાશ્રીનો ફોન આવ્યો ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'બધું શ્રીજીમહારાજની મરજી મુજબ થાય છે. ૧૦૦% આપણે પ્રયત્ન કરી જોયા છે. ડૉક્ટર કહે છે કે સારું થવાની શક્યતા નથી; તો હવે ભગવાન ઉપર છોડવું. ભગવાન જે કરતા હશે એ સારા માટે હશે. ભૂવા-જાગરિયા કહે પણ રાહ જોવાની જરૂર નથી. ચિંતા કરશો નહીં. ભગવાન જે કરશે તે સારું કરશે.'

•

તા. ૨૫-૧-૨૦૦૯, વડોદરા

આજની સભામાં આશીર્વાદ આપતી વખતે સ્વામીશ્રીએ પ્રેરણા આપતાં જણાવ્યું : ''મોટાપુરુષમાં વિશ્વાસ રાખીને એ કહે એમ કરીએ તો ઘણા પ્રશ્નો ઘરમાં જ ઊકલી જાય. ઘરમાં એકબીજામાં મતભેદ થતા હોય, ધંધા-રોજગારમાં પ્રશ્નો થતા હોય, તો ઘરસભા કરવાથી એકબીજાને મેળ પણ થઈ જાય છે. સંસાર તૂટ્યો હોય તો પણ પાછો સંધાઈ જાય છે, એવા પ્રસંગો બન્યા છે, પણ વિશ્વાસ ન હોય તો ન થાય.'

•

તા. ૨૬-૧-૨૦૦૯, વડોદરા

કોલકાતાથી જયેન્દ્રભાઈ શેઠ દર્શને આવ્યા હતા. કોલકાતા મંદિર-નિર્માણમાં તેઓ તથા તેઓના પુત્ર સંજયે ગજા બહારની સેવા કરી હતી. આ સેવા આપવા માટે તેઓએ ઘરમાં ફર્નિચર પણ વસાવ્યું ન હતું. સાવ સામાન્ય સૂવા માટેનો પલંગ પણ રાખ્યો ન હતો. અત્યારે પણ જયેન્દ્રભાઈ કહે : 'અમારી સેવા આમ તો પૂરી થઈ છે, પરંતુ મારી અને મારા દીકરાની એવી ઇચ્છા છે કે ત્યાં સંતનિવાસ થાય છે, તો ત્યાં અંદરનું બધું જ ફર્નિચર અમારા તરફથી થાય.'

સ્વામીશ્રીએ તેઓને અટકાવતાં કહ્યું કે 'તમારી ખૂબ સેવા છે. ગજા ઉપરાંતની સેવા છે. હવે પહેલાં ઘરના ફર્નિચરનું કરો. સેવા બહુ થઈ ગઈ છે.'

જયેન્દ્રભાઈ કહે : 'પણ મારો દીકરો માનતો નથી.'

સ્વામીશ્રી કહે : 'એને અમે વાત કરીશું, પણ પહેલાં તમારા ઘરનું ફર્નિચર કરો.'

સ્વામીશ્રી પ્રત્યેની સમર્પણ-ભાવના જોઈને સૌ ગદ્ગદિત થઈ ગયા.

•

ચિત્રલેખાના સહતંત્રી કેતનભાઈ મિસ્ત્રી પણ દર્શને આવ્યા હતા. તેઓ સ્વામીશ્રીને કહે : 'મુંબઈમાં જન્મ જયંતી મહોત્સવ ભવ્યતાથી ઊજવવાનો હતો, પરંતુ ત્યાં આતંકવાદી ઘટના પછી માનવતાની દૃષ્ટિએ આપે નિર્ણય લીધો અને ઉજવણી બંધ રાખી એનો સમાજની અંદર ખૂબ જ સારો પડઘો પડ્યો છે. અમારા ઉપર

એટલા બધા ફોન આવ્યા અને પત્ર આવ્યા અને બધાએ કીધું કે આ સારામાં સારું કાર્ય થયું છે.'

સ્વામીશ્રી કહે : 'અમારે તો એટલું જ છે કે જે કોઈ દુઃખી આત્મા હોય એને શાંતિ મળે. સમાજમાં પણ શાંતિ મળે અને ફરીથી આવી ઘટના બને નહીં.'

•

ભોજન દરમ્યાન વૃદ્ધાશ્રમ સંબંધી વાતો નીકળતાં સ્વામીશ્રીએ પોતાની રુચિ દર્શાવતાં કહ્યું કે 'આપણી સંસ્કૃતિમાં માબાપની સેવા કરવાનું જ લખ્યું છે.'

વળી, સ્વામીશ્રી કહે : 'ઘણા તો એવા હોય કે જરૂર ન હોય તો પણ વૃદ્ધાશ્રમમાં મોકલી દે, અને એમાં ઘરડાનો પણ વાંક હોય. ઘરડાં ઘરમાં બેઠાં બેઠાં ટક ટક કર્યા કરે એટલે ત્યાં બૈરાં-છોકરાંને એ પોષાય નહીં. એટલે એને ફાવે નહીં. વળી બૈરાંને ટોક ટોક કર્યા કરે. બેઠાં બેઠાં ખાઈને ભજન ન કરે. એટલે લોકો પછી કંટાળે.'

આ નિમિત્તે વૃદ્ધોને ઘરમાં કઈ રીતે રહેવું એ સ્વામીશ્રીએ દર્શાવી દીધું.

•

વડોદરા શહેરના પોલીસ કમિશનર રાકેશ આસ્થાના આજે સ્વામીશ્રીનાં દર્શને પધાર્યા હતા. તેઓ કહે : 'આપની કૃપા ને આશીર્વાદ છે. આપનાં દર્શન કરીએ છીએ એને લીધે જ એન્કરેજમેન્ટ મળે છે.'

સ્વામીશ્રી કહે : 'નીતિ અને પ્રામાણિકતાથી કામ કરવું જોઈએ, તો જ સારું કામ થાય. તમે એ રીતે દેશની સેવા કરો છો, તો દેશની રક્ષા પણ થાય છે, અને તમારી રક્ષા ભગવાન કરશે.'

રાકેશ આસ્થાના કહે : 'આપને મળ્યા પછી મને મનની શાંતિ બહુ મળે છે. એ બહુ મોટી વાત છે. એને કારણે સારી રીતે કામ કરી શકીએ છીએ.'

સ્વામીશ્રી કહે : 'ભગવાન મળે એટલે શાંતિ મળે ને !'

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'હમણાં ગઈકાલે જ દિલ્હી અક્ષરધામમાં કઝાકિસ્તાનના પ્રેસિડન્ટ દર્શને આવ્યા. તેઓ વારે વારે પૂછતા હતા કે ટેન્શન કઈ રીતે દૂર થાય ? ત્યારે આત્મસ્વરૂપ સ્વામીએ સ્વામીશ્રી જે વારે વારે કહે છે એ વાત કરી : પાણીનો ઘડો માથે લઈને ફરીએ તો ભાર લાગે, પણ દરિયામાં ડૂબકી મારી દઈએ તો માથે કરોડો ટન પાણી ફરી વળે તોય ભાર લાગતો નથી. એમ ભગવાનને સોંપી દઈએ તો ભાર ન લાગે.'

સ્વામીશ્રી કહે : ''આપણે કોઈ ભાર લઈને ફરવાનું નથી. 'હું કાંઈ કરતો જ નથી, જે કાંઈ કરે છે એ ભગવાન જ કરે છે, ભગવાનને કરાવવું છે એટલે કરે છે,' એમ માનીએ તો હળવા રહેવાય. બાકી ભાર લઈને ફરીએ, અહંકાર લઈને ફરીએ, તો વજન લાગે અને પછી ઘણી જાતના પ્રશ્ન પણ થાય.'

રાકેશ આસ્થાના કહે : ''મને બરાબર યાદ છે, આજથી ચાર વર્ષ પહેલાં હું અહીં જ આપનાં દર્શને આવેલો એ વખતે ગોધરાકાંડનો બેનરજી કમિશનનો રિપોર્ટ આવ્યો હતો. હું બહુ જ ટેન્શનમાં હતો. એ વખતે આપે કહ્યું હતું કે 'બધું ભગવાન ઉપર છોડી દો અને કામ કરવા માંડો, ભગવાન સારું કરશે.' આપની એ સૂચના પ્રમાણે ભગવાન ઉપર છોડી દઈને હું મારા કામમાં લાગી ગયો અને પેલું ભૂલી ગયો. આજે હું જોઈ શકું છું કે બધું જ સ્પષ્ટ થઈ ગયું છે, બધું સારું થતું જાય છે. એ વખતે ટેન્શન બહુ હતું, પણ આપના શબ્દોથી ટેન્શન હળવું થઈ ગયું.''

•

તા. ૨૭-૧-૨૦૦૯, વડોદરા

૮ઃ૩૫ વાગે સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા વિરાજ્યા, સામે દાસ સ્વામી(દેવપ્રસાદ સ્વામી) બેઠા હતા. તેઓને જોતાંવેંત અંતરના ઉમળકાથી સ્વામીશ્રી કહે : 'આમની એકધારી સેવા, એક જ સ્થિતિ, એક જ રહેણી-કરણી, મહિમાએ સહિત ભક્તિ, દિવ્યભાવ ! મુંબઈ હતા ત્યારથી ત્યાગવલ્લભ સ્વામીની જોડે ભંડાર કરેલો હતો. કોઈ જાતની ફરિયાદ નહીં. નીચામાં નીચી સેવા કરવાની. જે સેવા કરે એ ચોક્કસ કરે.'

તેઓ પર સ્વામીશ્રીની પ્રસન્નદૃષ્ટિ અનુભવાતી હતી. વચ્ચે અહીંની સ્થાનિક પ્રવૃત્તિની વાતો થઈ. એ વાત પૂરી થઈ ત્યાં વળી સ્વામીશ્રીએ દાસ સ્વામી વિશે ફરીથી કહ્યું : 'એક જ રહેણી-કરણી. અત્યાર સુધીની જે કંઈ સેવા, એમાં કોઈ ફેરફાર નહીં. બીજાનું જોવાનું નહીં કે આ સેવા કરે છે કે કેમ ? પોતે જ સેવા કરવાની. એકધારું જીવન !'

છેલ્લે ભોજનના અંતે સૌ પગે લાગવા આવ્યા

ત્યારે દાસ સ્વામીએ કહ્યું : 'આશીર્વાદ આપો.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'તમે તો ખરેખરા છો. એવા સાધુ છો કે તમારા આશીર્વાદ લેવા જોઈએ. કોઈ તકરાર નહીં, ટંટો નહીં. પોતે ભલા ને પોતાનું કામ ભલું.'

•

તા. ૨૮-૧-૨૦૦૯, વડોદરા

એક ભાવિક દર્શને આવ્યા. તેઓ કહે : 'મેં સ્વામિનારાયણ ધર્મ અંગીકાર કર્યો છે, પણ જ્યોતિષમાં માનવું કે કેમ ?'

સ્વામીશ્રી કહે : 'સૌથી મોટા જ્યોતિષ ભગવાન સ્વામિનારાયણ. એમનું ભજન કરવું, એમનો આશરો દૃઢ રાખવો. એમને પ્રાર્થના કરવી. સ્વામિનારાયણ મંત્ર શ્રેષ્ઠ છે, માટે એક જ એ આશરો રાખવો.'

•

એક ભાવિક દર્શને આવ્યો. તાજેતરમાં પ્રવર્તી રહેલી મંદીને કારણે એ સતત ડિપ્રેશનમાં હતો. આપઘાત કરવાના વિચાર સાથે એ આવ્યો હતો. સ્વામીશ્રી સમક્ષ વાત કરી ત્યારે સ્વામીશ્રી કહે, 'મરી જઈને શું કરવાનું છે ? દુનિયામાં મુશ્કેલીઓ તો આવવાની છે, સંકટ પણ આવવાના છે, પણ ભગવાનનું બળ રાખીને ધીરજ રાખજો તો આનો ઉપાય થશે. જવાબદારીમાંથી છટકી જવું એ કાયરતા કહેવાય. માટે ધીરજ અને બળ રાખીને પ્રાર્થના કરજો. ભગવાન બધું સારું કરશે.'

•

હમણાં હમણાં સ્વામીશ્રીના કેડના દુખાવાને કારણે ચાલતી વખતે બંને પગમાં સાઇટિકા જેવો દુખાવો થાય છે, છતાં સ્વામીશ્રીનો રોજનો ક્રમ ક્યાંય ખોરવાતો નથી. કોઈ પણ રીતે સ્વામીશ્રી હરિભક્તો અને સૌને સુખ આપે છે, તેઓના પ્રશ્નોમાં માર્ગદર્શન પણ આપે છે. સવારે ભોજન પછી પરવારીને પલંગ ઉપર સૂતાં સૂતાં પત્રો વાંચે છે. એ જ રીતે આજે પણ સાંજે પલંગ ઉપર સૂતાં સૂતાં પત્રો સાંભળ્યા. વળી, હમણાં હમણાં ભ્રમણ વખતે પણ થોડો શ્વાસ ચઢતો હોય એવું અનુભવાય છે. એને કારણે આજે અહીંના વિખ્યાત કાર્ડિયોલોજિસ્ટ ડૉ. બી. આર. પટેલને બોલાવવામાં આવ્યા હતા.

લગભગ સાતેક વાગે ડૉ. બી. આર. પટેલ, ડૉ. કિરણ દોશી, ડૉ. હર્ષદ જોષી વગેરે સ્વામીશ્રી પાસે આવ્યા ને ગઈકાલનું પરીક્ષણ વગેરે પછી જે નિરીક્ષણ કર્યું હતું એ સંદર્ભમાં વાત કરતાં ડૉ. બી. આર. પટેલ વતી ડૉ. કિરણભાઈ કહે કે ''સાહેબનું મંતવ્ય એવું છે કે 'હૃદયમાં જે રીતે થોડોક ચેન્જ દેખાય છે, એ ભલે નાનો હોય પણ ઉંમરના હિસાબે એને અવગણવો ન જોઈએ. એટલે થોડીક દવા બદલી છે અને એકાદ અઠવાડિયું વૉકિંગ બંધ રાખીને આ દવા લઈશું એટલે બધું સરખું થઈ જશે. બને ત્યાં સુધી આરામ કરવો, તો જલદી સારું થઈ જાય. સવારનું અને સાંજનું બંને વૉકિંગ બંધ રાખીશું.' વળી, સાહેબ એમ કહે છે કે 'સભામાં જવું હોય તો વાંધો નથી, પણ બોલવું નહીં. અને કદાચ બોલવું હોય તો પણ ઘડિયાળના કાંટે પાંચ જ મિનિટ બોલવું. અઠવાડિયા પૂરતું આટલું જાળવવું. ગયા વર્ષે જે ચેન્જ દેખાયા હતા એના કરતાં આ ઘણું ઓછું છે, પણ એક વર્ષ પછી થોડુંક નવું દેખાયું છે, એટલે ખાસ એટલી તકેદારી રાખજો કે હાલતાં-ચાલતાં, ઊઠતાં-બેસતાં કે સૂતાં આવું કંઈ પણ થોડુંક ફરિયાદ કરવા લાગે તો પણ તરત કહી દેવું. એમ ન સમજવું કે 'આટલું કામ પૂરું થયા પછી કહીશું.' તરત જ અટકાવીને પણ કહી દેવું.''

વળી, ડૉ. કિરણભાઈ કહે : 'સવારે ઠાકોરજીનાં દર્શને પધારો છો તો એ પણ વ્હીલચૅરમાં બેઠાં બેઠાં જ કરવા.'

સ્વામીશ્રી કહે : 'ઠાકોરજી આગળ તો થોડું ચાલીએ તો સારું ને ! ઠાકોરજીનાં દર્શન તો ઊભા થઈને કરીએ એ સારું.'

ડૉ. કિરણભાઈ કહે : 'વાંધો નહીં, પણ દુઃખે તો તરત કહી દેવું.'

સ્વામીશ્રી છેલ્લે કહે : 'સાહેબનું (બી. આર. પટેલનું) નિદાન બહુ વ્યવસ્થિત હોય છે.'

તેઓને આશીર્વાદ આપ્યા.

વળી, સ્વામીશ્રીએ તરત જ યાદ કરાવ્યું કે 'સાહેબને કૉફી પાઈ ?'

યોગીચરણ સ્વામી કહે : 'હવે પાઈશું.'

'કોણ કરશે ?' આટલું બોલ્યા પછી સ્વામીશ્રીને જ યાદ આવ્યું ને કહે : 'વલ્લભની કૉફી એમને બહુ ભાવતી.'

સ્વામીશ્રીના મુખેથી વર્ષો પહેલાંની એમની આ

ખાસિયતની વાત સાંભળી સૌ દંગ થઈ ગયા.

•

તા. ૩૧-૧-૨૦૦૯, વડોદરા

આજની સભામાં સ્વામીશ્રીએ પ્રેરણાવચનો કહ્યા કે ''જ્યાં સુધી અજ્ઞાન છે, મોહ છે, આસક્તિ છે ત્યાં સુધી 'આ લઈએ,' 'આ મળી જાય,' એમ થયા કરે છે, પણ અંતે જ્યારે સમજાય છે ત્યારે બધું ખોટું થઈ જાય છે. સ્વપ્નામાં મોટર-ગાડી-બંગલા બધુંય જોઈએ, પણ આંખ ખૂલે પછી કાંઈ નથી, એમ આ બધું સ્વપ્નું છે, પણ જ્યારે જ્ઞાન થશે ત્યારે બધું નકામું થઈ જશે. તો આ વાતમાં જેમ જેમ ઊંડા ઊતરીએ, અને જેમ જેમ એનું વધારે રહસ્ય જણાય તો કામ થઈ જાય. એટલા માટે આપણા ગ્રંથોનો અભ્યાસ કરવાની જરૂર છે. એની અંદર ઊંડા ઊતરવાની જરૂર છે.

આજે બાહ્ય વાત પર આપણે ઘણા ઊંડા ઊતરીએ છીએ, જરૂર છે એને માટે કરવાનું છે, ના નથી, પણ ખરી વસ્તુ જ્યારે આપણને સમજાશે ત્યારે બીજામાં આપણને મોહ રહેશે નહીં. શેરડીમાંથી રસ બધો નીકળી જાય ત્યારે કૂચા રહે, એમ જ્યારે આવાં શાસ્ત્રોનું રહસ્ય આપણને જ્યારે સમજાશે ત્યારે આ લૌકિક જ્ઞાન આપણને કૂચા જેવું લાગશે, એમાં કંઈ રસ નથી, એમાં કંઈ સ્વાદ નથી.''

પ્રસંગમ્



ફેબ્રુઆરી ૨૦૦૯

પ્રસંગમ્

યુવાદિન...

નવી દિલ્હી, ૨૨-૨-૨૦૦૯



'આ અક્ષરધામ એ ભગવાન સ્વામિનારાયણનું કાર્ય છે.
ભગવાન સ્વામિનારાયણે દરેકને સાચું જ્ઞાન થાય અને બધા સર્વ પ્રકારે સુખી થાય એવું કાર્ય કર્યું છે.
મોહ, મમતા ને આસક્તિઓ દૂર ન થાય ત્યાં સુધી અંધકાર છે.
એ દૂર કરવા ગુણાતીતાનંદ સ્વામી અક્ષરરૂપે આવ્યા ને સહજાનંદ સ્વામી એ પુરુષોત્તમરૂપે આવ્યા.
જ્યારે આપણે ભક્તરૂપ થઈએ છીએ ત્યારે ભગવાનની પ્રસન્નતા થાય છે. આ નવી વસ્તુ નથી.
આ વસ્તુ શાસ્ત્રોમાં છે જ, પણ જ્યારે એવા પુરુષ પ્રગટ થાય ત્યારે આપણને સાચું જ્ઞાન થાય છે.'

– પ્રમુખસ્વામી મહારાજ

તા. ૧-૨-૨૦૦૯, વડોદરા

આજે સ્વામીશ્રી રોજ કરતાં વહેલા બહાર પધાર્યા હતા. એનું રહસ્ય પણ હતું. નીચે શાસ્ત્રીજી મહારાજના પ્રસાદીના જૂના સભામંડપમાં ભગતજી મહારાજની જન્મભૂમિ મહુવામાં બંધાનાર શિખરબદ્ધ મંદિરનો ખાતવિધિ ચાલુ હતો. મુહૂર્તની દૃષ્ટિએ લાભ મુહૂર્તમાં સવારના ૬:૦૦ વાગ્યાથી આ વિધિ ચાલુ થઈ ચૂક્યો હતો. ૭:૩૦ વાગે મુહૂર્ત પત્યા પછી ખરાબ મૂહૂર્ત શરૂ થતું હતું. ગઈકાલે જ્યારે આ વાત ચાલી રહી હતી ત્યારથી સ્વામીશ્રીએ મનમાં નક્કી કરી દીધું હતું કે 'ખાતમુહૂર્ત લાભ મુહૂર્તમાં જ કરવું,' અને એટલે જ કોઈને પણ જણાવ્યા વગર પોતાનો જ ક્રમ બદલી નાખ્યો અને વહેલા પરવારીને ૭:૨૨ વાગ્યાનું મુહૂર્ત સાચવવા માટે ૭:૧૫ વાગે પરવારીને બહાર આવી ગયા.

લિફ્ટ દ્વારા નીચે પધાર્યા. રોજ તો પહેલાં દર્શન કરવા જવાનું હોય છે, પરંતુ આજે મુહૂર્ત સાચવવાનું હોવાથી સૌથી પહેલાં શાસ્ત્રીજી મહારાજના પ્રસાદીના સભામંડપમાં પધાર્યા. શ્રુતિપ્રકાશ સ્વામીએ લગભગ બધો જ વિધિ પૂરો કરી દીધો હતો. પૂજનનો મુખ્ય વિધિ બાકી હતો. સ્વામીશ્રી વ્હીલચૅરમાં વિરાજેલા હતા. સભામંડપમાં જ શિખરબદ્ધ મંદિરની ત્રણ મુખ્ય શિલાઓ – ભૂમિ, અનંત અને કૂર્મને સ્વામીશ્રીનો હાથ પહોંચે એ રીતે ઉપર ગોઠવવામાં આવી હતી. એ સિવાયની સઘળી શિલાઓ નીચે જ રાખવામાં આવી હતી અને એની આજુબાજુમાં મહુવા તથા એ પંથકના મુખ્ય હરિભક્તોને બેસાડવામાં આવ્યા હતા. લગભગ બધા જ સદ્‌ગુરુ સંતોની પણ ઉપસ્થિતિ હતી. શિલા ઉપર હરિકૃષ્ણ મહારાજ પધરાવેલા હતા. સ્વામીશ્રીએ પહેલું પૂજન કર્યું ને ત્યારપછી શિલાઓનાં વારાફરતી પૂજન કર્યાં. એ જ રીતે સુરતમાં પધરાવવામાં આવનાર હનુમાનજી-ગણપતિજીની આરસની મૂર્તિઓનું પણ પૂજન કર્યું. અને ત્યારપછી શિલાની આરતી ઉતારી અને મંત્રપુષ્પાંજલિ પણ અર્પણ કરી. ભગતજી મહારાજના જન્મસ્થાન મહુવામાં શિખરબદ્ધ મંદિર થાય એનો સ્વામીશ્રીને ખૂબ ઉમંગ છે અને એટલે જ પ્રત્યેક શિલા ઉપર પુષ્પ પણ મૂક્યાં અને હરિભક્તોને આશીર્વાદ આપતાં કહ્યું : 'સર્વોપરિ મંદિર થશે.' વડીલ વયોવૃદ્ધ હરિભક્ત વલ્લભભાઈ ટાંક ખુરશી ઉપર બેઠા હતા. સ્વામીશ્રીએ તેઓને જોઈને તેઓ પાસે જવાની ઇચ્છા દર્શાવી. વ્હીલચૅર ત્યાં લેવામાં આવી. તેઓને સ્વામીશ્રી કહે : 'વલ્લભભાઈ ! તમારો સંકલ્પ આજે પૂરો થાય છે. હવે તમે તમારી તબિયત આવી ને આવી રાખજો. મંદિર પૂરું થાય પછી જ્યાં જવું હોય ત્યાં જજો.' આટલું કહીને હસીને કહે : 'શ્રીજીમહારાજ, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ મળ્યા, હવે બીજે ક્યાં જવાનું હોય ? એમની ઇચ્છાથી એ જ લેવા આવશે.' આટલું કહીને સામે બેઠેલા તમામ હરિભક્તોને વરદાન આપતા હોય એ રીતે સ્વામીશ્રી કહે : 'બધાને અંતકાળે મહારાજ તેડવા આવશે.'

મહુવામાં બંધાનાર શિખરબદ્ધ મંદિરના ખાતમુહૂર્તની જાહેરાત પૂજા પછી કરવામાં આવી. દરેક સદ્‌ગુરુ સંત નિધિકુંભ લઈને સ્વામીશ્રી પાસે પધાર્યા ત્યારે સ્વામીશ્રીએ નિધિકુંભને પ્રસાદી કર્યા પછી દરેક સદ્‌ગુરુ સંત ને કાર્યવાહક સંતના માથે પુષ્પ ચડાવીને તેઓનો ઉત્સાહ અને ઉમંગ પ્રદર્શિત કર્યો.

•

ભૂજથી એક પ્રેમી ભક્તે ઊનની જાતે બનાવેલી એક

મોજડી બનાવી હતી. શિયાળામાં સ્વામીશ્રીને ઉપયોગી થાય એવા હેતુથી પોતાની બચતમાંથી બનાવેલી એ મોજડી સ્વામીશ્રી સમક્ષ ધરતાં કહ્યું : 'ભૂજના આપણા એક કાર્યકર છે – હિનલ બળવંતભાઈ ઝાલા. એમણે આ મોજડી મોકલી છે.'

સ્વામીશ્રીએ પ્રેમથી એ મોજડી હાથમાં લીધી અને જોઈને કહ્યું : 'બહુ સારી બનાવી છે, ભક્તિભાવથી બનાવી છે.'

થોડી વાર સુધી મોજડી સ્વામીશ્રીએ હાથમાં રાખીને જોઈ ને ખૂબ રાજી થયા, ભક્તિભાવના સ્વીકારી. લગભગ ચારેક દિવસ સુધી સ્વામીશ્રીના રૂમમાં જ એ મોજડી રાખવામાં આવી. સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું કે 'મોજડી સારી થઈ છે. મહારાજ-સ્વામી દેશકાળ સારા રાખે અને સત્સંગમાં ખૂબ આગળ વધે એ આશીર્વાદ છે.'

સ્વામીશ્રી પ્રેમી ભક્તોના મનોરથ પૂરા કરે છે.

•

અટલાદરાના બી.એ.પી.એસ. છાત્રાલયના રજત જયંતી મહોત્સવ અંતર્ગત આજે સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં કેટલાક કાર્યક્રમો થયા. આ કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને સ્વામીશ્રીએ પ્રેરણા આપી. સાથે સાથે વડીલોને પણ વાત કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે ''આજે વડીલોને ખાસ કહેવાનું કે સંતાનોને આ રસ્તે મોકલીશું તો આપણને ખૂબ ફાયદો થશે અને સંસ્કારી બનશે તો પોતાના કુટુંબનો, સમાજનો ઉદ્ધાર કરશે ને પોતાના આત્માનું પણ કલ્યાણ કરશે. અને જો આપણા સંસ્કારમાં કુસંગ આવશે તો એમાં ઘણી જાતનું પતન છે. એટલે કુસંગ ક્યારેય કરવો નહીં. એ આપણું જીવન બગાડે છે ને એનાથી કોઈ લાભ નથી. પણ એ કુસંગનો ત્યાગ ક્યારે થાય ? તો સત્સંગ કરે તો. સત્સંગની વાત સાંભળે તો સંસ્કાર મળે. એટલે સત્સંગ અગત્યની વસ્તુ છે. એટલે માબાપોએ પણ ધ્યાન રાખવું, તો કુસંગ ટળી જાય ને સંસ્કાર મળે.''

•

સ્વામીશ્રી સભામાં કુસંગ પર વાત કરી રહ્યા હતા કે 'ક્યારેય કુસંગ કરવો નહીં, એનાથી ફાયદો નથી.'

આ દરમ્યાન જ લાઈટ ગઈ ને અંધારું થયું, અને સ્વામીશ્રીએ આ ઘટનાને જ મુદ્દો બનાવી કહ્યું : ''જુઓ, બસ, એક જ વાત છે કે કુસંગની વાત ચાલતી હતી ને અંધારું થઈ ગયું ને સ્વામિનારાયણની ધૂન થઈ તો પ્રકાશ થઈ ગયો. આટલામાં સમજી લેવાનું. કુસંગનું નામ લો, કુસંગીની જોડે બેસો, કુસંગીની વાતો સાંભળો તો પણ પતન જ છે. એટલે એની વાત થાય નહીં, એવી વાત કરવી નહીં. કુસંગનો ત્યાગ કરીને ભગવાન ભજીશું તો ખૂબ સારું થશે.'

'કરત કુસંગ, ચહત કુશળ, યેહિ બડો અફસોસ;
મહિમા ઘટ્યો સમુદ્રકો, રાવણ વસ્યો પડોશ.'

'દરિયાનો પાડોશી રાવણ થયો તો દરિયાનો મહિમા ઘટી ગયો. એટલે મહારાજે પણ કહ્યું છે કે ક્યારેય કુસંગ કરવો નહીં, એનાથી ફાયદો નથી. તો આપણને આ માર્ગ મળ્યો છે....''

•

તા. ૨-૨-૨૦૦૯, વડોદરા

આજનો દિવસ ઐતિહાસિક હતો. ૬૦ વર્ષ પૂર્વે ૧૯૪૯ની સાલમાં ૮૫ વર્ષના શાસ્ત્રીજી મહારાજની સુવર્ણતુલા આજના દિવસે અહીં જ થઈ હતી. સ્વામીશ્રી આ પ્રસંગના સાક્ષી હતા. એટલે જ પરવારીને સ્વામીશ્રી જ્યારે નીચે પધાર્યા ત્યારે લીંબડા આગળ ગોઠવાયેલી સુવર્ણતુલાને જોઈને સ્વામીશ્રી એ ભવ્ય ભૂતકાળમાં સરી પડ્યા.

યુવકોએ તે સમયના પ્રસિદ્ધ હરિભક્તોના પરિવેષ ધારણ કર્યા હતાં. તત્કાલીન મોટેરા હરિભક્તોના પરિવેષ સાથે ઊભેલા એ યુવકોને જોઈને સ્વામીશ્રી જાણે એ જ હરિભક્તોને મળતા હોય એટલા ઉમળકાથી દરેકના નામ વાંચતાં વાંચતાં દૃષ્ટિ દ્વારા તેઓને મળતા રહ્યા. ક્યાંક ક્યાંક જે તે હરિભક્તની લાક્ષણિકતાને સંભારીને વાત પણ કરતા રહ્યા.

એ જ રીતે મંદિરમાં દર્શન કરીને પ્રદક્ષિણામાં પધાર્યા ત્યારે અહીં બેઠેલા ઈશ્વર દાજી, મણિભાઈ સલાડવાળા વગેરેના પરિવેષમાં યુવકોને જોઈને તેઓની લાક્ષણિકતાની પણ સ્મૃતિ કરતા રહ્યા. અને જ્યારે લિફ્ટ દ્વારા નીચે ઊતરી રહ્યા હતા ત્યારે પારદર્શક એક્રેલીકમાંથી દેખાઈ રહેલી સુવર્ણતુલાને જોતાં સ્વામીશ્રી કહવા લાગ્યા : 'આ લીમડા આગળ જ સભા થઈ હતી. પાછળ કૂવો હતો અને મંદિર તરફ મુખ આવે (ટાવર તરફ) એ રીતે સભામંડપ ગોઠવાયો

હતો. સ્ટેજ એ રીતે હતું અને ડાબી બાજુએ જ્યાં અત્યારે સભામંડપ છે ત્યાં સુવર્ણતુલા ગોઠવવામાં આવી હતી. એ પણ મંદિર તરફના મુખ આવે એ રીતે ગોઠવાયેલી હતી.'

સ્વામીશ્રી જ્યારે નીચે પધાર્યા, તુલાની નજીક ગયા ત્યારે જૂના જૂના હરિભક્તોના પરિવેષધારી યુવકો પણ પાછળ ઊભા હતા. તુલા આગળ પધારીને સ્વામીશ્રીએ સાકર મૂકી અને સામા પલ્લામાં ગોઠવાયેલી શાસ્ત્રીજી મહારાજની મૂર્તિની તુલા કરી. સૌને સહજ સ્મૃતિ આપી. સાથે સાથે ફરીથી જે જગ્યાએ સુવર્ણતુલા થઈ હતી ત્યાંથી માંડીને સભા સુધીની સ્મૃતિ કરતાં કરતાં સ્વામીશ્રી આગળ વધ્યા અને કહ્યું : 'અત્યારે સભામંડપ છે ત્યાં પહેલાં જૂનું છાપરું ઢાળિયા જેવું હતું. લોકો એટલા બધા આવ્યા હતા કે છાપરા ઉપર ચડી ગયા હતા અને ઝાડ ઉપર ચડીને પણ દર્શન કરતા હતા.'

•

આમ તો છેલ્લા કેટલાક વખતથી સ્વામીશ્રી ભોજનમાં ખીચડી અને દહીં જ જમે છે, પરંતુ આજની વાત જુદી હતી... આજે શાસ્ત્રીજી મહારાજની સુવર્ણ તુલાનો દિન હતો.

આજે શાસ્ત્રીજી મહારાજની સુવર્ણતુલાનો દિન હતો, એટલે દારેસલામવાળા સુભાષભાઈએ સવારે સ્વામીશ્રીને કહ્યું હતું કે 'આજે તો શાસ્ત્રીજી મહારાજની સુવર્ણતુલાનો દિવસ છે. આજના શુભ દિવસે બીજું તો કાંઈ નહીં પણ ત્રણ રોટલી આપ અંગીકાર કરજો.'

છેલ્લા લગભગ એકાદ-દોઢ વર્ષથી સ્વામીશ્રીએ ગરમ રોટલી ખાધી જ ન હતી. આજે સુભાષભાઈના કહેવાથી કૃષ્ણવલ્લભ સ્વામીએ રોટલી બનાવી. સ્વામીશ્રીએ પણ તેઓના પ્રેમભર્યા આગ્રહને વશ થઈને ચારેક રોટલીની વચ્ચેના ભાગ અંગીકાર કરીને સૌને વિશેષ ઉત્સાહિત કર્યા અને સ્મૃતિ આપી.

•

સાંજે સ્વામીશ્રી સંયોજન સમિતિ સાથેની મિટિંગમાં વ્યસ્ત રહ્યા. આજે સોમવાર હોવાથી ઈ.સી.જી. પણ લેવાનો હતો. એટલે સ્વામીશ્રી ઊભા થઈને પલંગ આગળ આવ્યા. સ્વામીશ્રી પલંગ ઉપર અઢેલીને થોડાક ઢળતા બેઠા હતા. ઈ.સી.જી.ના વાયર લગાડવામાં આવ્યા ત્યાં તો સ્વામીશ્રી ગાઢ ઊંઘમાં સરી ગયા. ઊંઘ સાથેનો ઈ.સી.જી. મારા ખ્યાલથી પહેલી વખત સાહજિકતાથી લઈ શકાયો.

ઈ.સી.જી. પૂરો થયા પછી સ્વામીશ્રીને યોગીચરણ સ્વામી કહે : 'શારીરિક રીતે જેટલો શ્રમ દેખાય એટલો જ માનસિક કાર્યમાં પણ શ્રમ દેખાય છે. અને એટલે જ ઊંઘ આવી જાય. અત્યારે થોડો આરામ કરવો છે ?'

સ્વામીશ્રીએ સંમતિ આપી. એટલે ૮:૦૦ વાગ્યાથી ૮:૩૦ વાગ્યા સુધી સ્વામીશ્રી આરામમાં પધાર્યા અને ત્યારપછી ઠાકોરજી જમાડ્યા.

•

તા. ૩-૨-૨૦૦૯, વડોદરા

સવારની મુલાકાતોમાં આવેલા એક મુમુક્ષુની પોતાના જ્ઞાતિસમાજમાં પ્રતિષ્ઠા હતી. ઘરમાં જ એક પ્રશ્ન ઊભો થતાં તેઓ આજે અહીં આવ્યા હતા. તેઓની દીકરીને અન્ય જ્ઞાતિમાં પ્રેમલગ્ન કરવાં હતાં ને એ બાબતમાં એ મક્કમ હતી. પિતાશ્રી તથા તેઓનાં સગાંઓએ સમજાવવાનો ખૂબ પ્રયત્ન કર્યો છતાં એ મક્કમ હતી. એટલે ઘરમાં આ પ્રશ્ને મોટું સ્વરૂપ ધારણ કર્યું હતું. પિતાજીએ નક્કી કરી લીધું હતું કે 'આવું જો બને તો આત્મહત્યા કરી લેવી અથવા તો મગજ ગુમાવી બેસે તો દીકરીને મારીને મરી જવું.'

સ્વામીશ્રી સમક્ષ આ વાતની રજૂઆત થતાં સ્વામીશ્રીએ તરત જ ગંભીરતાથી સામે ઊભેલા અને દુઃખને કારણે રડી રહેલા આ મુમુક્ષુને સમજાવતાં કહ્યું : 'દીકરીને હજી સમજાવી જુઓ.'

'પણ એ માનવા જ તૈયાર નથી.' મુમુક્ષુએ કહ્યું.

સ્વામીશ્રી કહે : 'તો જો એ ન સમજે તો એના પૂર્વસંસ્કાર એવા હશે ! પૂર્વજનમનાં પ્રારબ્ધ એવાં હશે ! એમ માની ને આપણે વડીલ તરીકે આશીર્વાદ આપવા. આપણે આપણી જવાબદારીઓ ખૂબ નભાવી છે, ફરજ નભાવી છે, પણ જો દીકરી જ ન માને તો દબાણથી જ્ઞાતિમાં બીજે કરશો તોય તોડી નાખશે અને બધાં દુઃખી થશે. માટે વડીલ તરીકે તમે ખૂબ પ્રયત્ન કર્યો છે, એટલે એ બાબતની ચિંતા કરશો નહીં. તમે જે પ્રયત્ન કર્યો છે એની તમારા સમાજને પણ ખબર છે. એટલે એ રીતે સમાજ પણ નહીં બોલે. અમે પ્રાર્થના કરીશું કે દીકરી સમજે, પણ જો ન જ સમજે તો ભગવાન ઉપર છોડીને શાંતિથી બેસજો. સૌ-સૌનાં

પ્રારબ્ધ હોય એ પ્રમાણે થાય છે.'

સાથે આવેલા એમના સુપુત્રે કહ્યું કે 'પિતાજી તો આત્મહત્યા કરવા માગે છે.'

સ્વામીશ્રી કહે : 'શિક્ષાપત્રીની આજ્ઞા છે અને શ્રીજીમહારાજે કહ્યું છે, એટલે આત્મહત્યા તો કરાય જ નહીં. છોકરીનું પ્રારબ્ધ હશે એમ થશે, પણ આપણે શું કામ આવું પગલું ભરવું ? માટે ધીરજ રાખજો. બધાં સારાંવાનાં થશે.'

•

તા. ૪-૨-૨૦૦૯, વડોદરા

ટાવરવાળા ચોકમાં અહીં યુવતી તથા મહિલા મંડળ દ્વારા પ્રસંગને અનુરૂપ રંગોળી કરવામાં આવે છે. આજે રંગોળીમાં નીલકંઠ વર્ણી વનવિચરણ કરતા હોય એવું દૃશ્ય કરવામાં આવ્યું હતું. એમાં લખ્યું હતું કે *'ચાલ્યા ઉત્તર દિશામાં પોતે એકલા રે....'*

આ વાક્ય વાંચીને સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'અત્યારે તો નીલકંઠ પૂર્વ દિશામાં જાય છે.' (રંગોળીમાં નીલકંઠ વર્ણી ચાલતા હોય એવા દૃશ્યમાં તેઓનું મુખ પૂર્વ દિશામાં હતું એ સંદર્ભમાં સ્વામીશ્રી બોલ્યા).

મેં સ્વામીશ્રીને કહ્યું : 'પણ અત્યારના નીલકંઠ વર્ણી તો ઉત્તર દિશામાં જાય છે ને ?' (ગોલ્ફકાર્ટમાં વિરાજેલા સ્વામીશ્રી સભામંડપ તરફ જઈ રહ્યા હતા. જે ઉત્તર દિશામાં આવ્યો હતો અને ગોલ્ફકાર્ટનું બોનેટ હિમાલયના બર્ફીલાં શિખરોની જેમ શણગારવામાં આવ્યું હતું. સ્વામીશ્રી આ સાંભળીને હસી પડ્યા).

વળી, સૌને દર્શન દેતાં દેતાં સ્વામીશ્રી સભામંડપ તરફ જઈ રહ્યા હતા, એ દરમ્યાન મુનિજીવન સ્વામી ચીલો ચાતરીને એકલા એકલા રસ્તો મૂકીને ઉબડ-ખાબડ જમીન ઉપરથી સભામંડપ તરફ જઈ રહ્યા હતા. એને જોઈને સંતો બોલ્યા : *'ચાલ્યા ઉત્તર દિશામાં પોતે એકલા રે...'* સ્વામીશ્રીને મુનિજીવન સ્વામીનો સંદર્ભ ન હતો. એટલે સ્વામીશ્રીને એમ થયું કે તેઓના પોતા પર આ વાક્ય બોલાઈ રહ્યું છે. એટલે હસતાં હસતાં સ્વામીશ્રી કહે : 'એકલા ક્યાં જઈ રહ્યા છીએ ? કેટલા બધા સાથે છે ?'

સ્વામીશ્રીની આ જ તો કરુણા છે, એકલા જવાને બદલે લાખો મુમુક્ષુ સાધકોની આંગળી પકડીને ઉત્તર દિશામાં સાથે લઈને જઈ રહ્યા છે.

•

પરદેશ રહેતો એક યુવક દર્શને આવ્યો. હટ્ટાકટ્ટા આ યુવકને એની માતાને માથામાં ધુંબા મારવાની ટેવ હતી. એનાં માતુશ્રી એને પ્રેમથી સાચવતાં હતાં, પણ એના પિતાને માતા સાથે બનતું ન હોવાથી ચડવણીને કારણે એનાં માતુશ્રીને એ હેરાન કર્યા કરતો હતો.

આ સાંભળતાં જ સ્વામીશ્રીએ થોડાક કડક અવાજ સાથે કહ્યું : 'અલ્યા ! જે માતાએ જન્મ આપ્યો એને તું ધુંબા મારે છે ? કેવું કહેવાય ? માતાની તો સેવા કરવી જોઈએ. માટે એ વિચાર કરતો નહીં અને રોજ પગે લાગવાનું રાખજે.'

•

તા. ૫-૨-૨૦૦૯, વડોદરા

શાસ્ત્રીજી મહારાજના ખંડમાં દર્શન કરીને નીલકંઠ વર્ણીનો અભિષેક કરવા પધાર્યા. મુંબઈથી પારસી મુમુક્ષુ આહરુક વાડિયા ખાસ દર્શને આવ્યા હતા. તેઓ પાસે પણ અભિષેક કરાવ્યો. ત્રણ દિવસ પહેલા અચાનક આ પારસી મુમુક્ષુને સ્વામીશ્રીએ સ્વપ્નામાં દર્શન આપ્યા હતા અને કહ્યું હતું કે 'હું તારી સાથે જ છું. તું મને મળી જજે.' એક કલાક સુધી આ રીતે દર્શન આપીને બળ આપ્યું હતું. એટલે જ તેઓ ખાસ મુંબઈથી અહીં દર્શને આવી પહોંચ્યા હતા. સ્વામીશ્રીએ તેઓને આશીર્વાદ આપતાં કહ્યું : 'સારામાં સારું કામ ચાલશે.'

સ્કાય કેટરિંગ નામની સર્વિસ તેઓ ચલાવી રહ્યા હતા. સ્વામીશ્રીએ તેઓને પૂછ્યું : 'તમે વેજિટેરિયન છો ?'

'ના, માંસ ખાઉં છું.'

'તો આજે અહીં આવ્યા છો અને ઠાકોરજીનાં દર્શન કર્યાં છે ને સ્વપ્નામાં પણ દર્શન દીધા છે, તો ભગવાનને ન ગમે એ ન કરવું. માટે વેજિટેરિયન રહેજો. વેજિટેરિયન ખાવાનું ખૂબ છે.'

•

તા. ૬-૨-૨૦૦૯, વડોદરા

મુલાકાત દરમ્યાન પરદેશના એક હરિભક્ત આવ્યા. નિષ્ઠાવાન અને કાર્યશીલ આ હરિભક્ત બધી રીતે સમર્પિત હતા, પરંતુ અન્ય કાર્યકરોની કાર્યપદ્ધતિથી તેઓની કાર્યપદ્ધતિ જુદી હોવાથી થોડો થોડો સંઘર્ષ

થતો હતો. બંનેની ભાવના સારી હતી, પણ મનમેળ ન હતો. તેઓએ સ્વામીશ્રીને આ બાબતમાં થોડી ફરિયાદ કરી, ત્યારે સ્વામીશ્રીએ એમ કહ્યું કે 'સૌનો જે નિર્ણય હોય એ પ્રમાણે જ કરવું, ભલે તું સાચો હોય કે તારી વાત સારી હોય.'

એ ભક્ત કહે : 'મારે તો આપ રાજી થાઓ એ જ કરવું છે.'

સ્વામીશ્રી કહે : 'અમે તો રાજી એમાં જ કે સંપીને કામ કરો. તારી વાત સાચી હોય, પણ હેત-પ્રીત થયા વગર એ વાત મુકાય નહીં અને કરાય પણ નહીં. હેત-પ્રીત થશે તો કામ થશે. માટે સંપીને કામ કર, એમાં અમારો રાજીપો છે.'

•

સ્વામીશ્રીને ભ્રમણ વખતે થોડો થોડો હાંફ ચઢતો હતો એટલે ડૉક્ટરની સૂચના અનુસાર છેલ્લા થોડાક દિવસથી ભ્રમણ બંધ કરવામાં આવ્યું હતું. આજથી પુનઃ ભ્રમણ શરૂ કરવામાં આવ્યું. ડૉ. બી. આર. પટેલ ખાસ ઉપસ્થિત હતા. તેઓએ પહેલાં સ્વામીશ્રીનો ઈ.સી.જી. લીધો. અને ત્યારપછી દસ-દસ મિનિટના ત્રણ વિભાગમાં ભ્રમણ કર્યું. ડૉ. બી. આર. પટેલ સતત કાર્ડિયોગ્રામ જોઈ રહ્યા હતા. ભ્રમણ પૂરું થયા પછી ડૉ. બી. આર. પટેલ તથા ડૉ. હર્ષદભાઈ જોષીએ વારાફરતી સ્વામીશ્રીનું ચૅકિંગ કર્યું. સાત દિવસના આરામને લીધે પહેલાંની જેમ હાંફ ચડી ન હતી. એટલે ડૉ. બી. આર. પટેલે સૂચન કરતાં કહ્યું કે 'ત્રણેક મહિના પછી નિયમિત અંતરે આ જ રીતે સાત-સાત દિવસનો આરામ રાખી લેવો.'

સંતો કહે : 'પ્રવૃત્તિમાં પણ આરામ રાખવો ?'

ડૉ. બી. આર. પટેલ કહે : 'હા, જેમ વૅકેશન હોય એ રીતે બધામાં આરામ રાખવો.'

આ સાંભળીને સૌ હસી પડ્યા. સ્વામીશ્રીને તો એ ફાવે જ કેમ ? છતાં સ્વામીશ્રી મૌન રહ્યા, એટલે વાત ન સમજાતાં ડૉ. બી. આર. પટેલ કહે : 'પૂજામાં જવું હોય તો જવાનું. સભામાં એકાદ વખત આશીર્વાદ આપવાના.'

•

તા. ૮-૨-૨૦૦૯, વડોદરા

સ્વામીશ્રીની એકેએક ક્ષણ પ્રવૃત્તિમય હોય છે, સાથે સાથે નિવૃત્તિમય પણ હોય છે. વ્યવહાર સંબંધી ગમે એટલી પ્રવૃત્તિ કર્યા પછી તરત તેઓ નિવૃત્તિમાં પણ એટલા જ સ્થિર રહી શકે છે. ક્ષૌરકર્મ જેવી ક્રિયામાં પણ તેઓ સંતોને જીવનનું ભાથું બંધાવી શકે છે.

આજે પણ ક્ષૌરકર્મ ચાલું હતું. એ દરમ્યાન યજ્ઞેશ સ્વામી કહે : 'અમે યુવકમાં હતા ત્યારે ભાદરામાં આપે જમતાં જમતાં અમને એક શ્લોક સમજાવ્યો હતો -

क्वचिद् भूमौ शायी क्वचिदपि च पर्यंकशयनम्।
..... मनस्वी कार्यार्थी न गणयति दुःखं न च सुखम्॥

સ્વામીશ્રી આ શ્લોક સાંભળીને કહે : 'આમાં શું આવ્યું ?'

યજ્ઞેશ સ્વામી કહે : 'જેને ધ્યેય સિદ્ધ કરવો છે એ સુખ અને દુઃખ ગણકારતો નથી.'

સ્વામીશ્રી કહે : 'જે વખતે જે મળ્યું એ વખતે તે કરી લેવું અને ચલાવી લેવું. સુખ આવે કે દુઃખ, પાર પડી જવાનું છે.' સામે બેઠેલા વિશ્વપ્રકાશ સ્વામીને સંબોધીને આ કહ્યું.

વિશ્વપ્રકાશ સ્વામી કહે : 'હા, બાપા !'

યજ્ઞેશ સ્વામી કહે : 'આપે અમને કહ્યું હતું કે કોઈ વ્યક્તિમાં ન બંધાવું, કોઈ સ્થાનમાં પણ બંધાવું નહીં.'

સ્વામીશ્રી કહે : 'સમયે કામ આવવું પડે ને ! કેમ રૂડા ! તારે કેમ થાય છે ?'

જ્ઞાનપુરુષ સ્વામી કહે : 'એ તો આપ કૃપા કરો તો થાય.'

સ્વામીશ્રી કહે : 'ઑસ્ટ્રેલિયા છોડાવે તો દુઃખ થાય કે કેમ ? એ ન થવું જોઈએ. આપણે સત્પુરુષમાં બંધાવાનું છે, બીજા કોઈમાં બંધાવાનું નથી.'

•

વળી, વાંચન આગળ ચાલ્યું. સેવાનિષ્ઠ સ્વામીના લેખમાં આવ્યું કે વડતાલમાં ઉપાધિઓ વચ્ચે કાર્ય ચાલુ રાખવાનો તેમનો ઉત્સાહ જોઈને વડતાલના કોઠારી ગોરધનદાસે શાસ્ત્રીજી મહારાજને ખાનગીમાં બોલાવીને કહ્યું હતું કે 'ભેખધારી કોસ ને કોદાળો લઈને તમારું મૂળ ઉખેડવા કટિબદ્ધ થયા છે, તેથી મને મૂંઝવણ ને અજંપો થાય છે.' આ સાંભળીને શાસ્ત્રીજી મહારાજે પોતાની સમજણ જણાવતાં કહ્યું કે 'આપણે કોઈ ક્રિયાના ધણી થઈશું તો તેનો ભાર આપણને વળગશે, પરંતુ શ્રીજીમહારાજ કર્તાહર્તા છે એમ

સમજશું તો શ્રીજીમહારાજ આપણને કોઈ જ આંચ આવવા દેશે નહીં.'

આ સાંભળતાં સ્વામીશ્રી કહે : 'શું આવ્યું ?'

સંતો કહે : 'કોઈ ક્રિયાના ધણી ન થવું.'

સ્વામીશ્રી કહે : ''હા, કોઈ ક્રિયાના ધણી ન થાય તો પછી વળગે શું ? આ હાલ્યા... ઝોળી-પત્તર લઈને એ હાલ્યા... શાસ્ત્રીજી મહારાજે કેવી સમતા રાખીને કાર્ય કર્યું હતું ! સાધુને ખાસ સમજવાનું છે. પ્રસંગ આવે ત્યારે સમજણ રહેવી જોઈએ કે 'શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ બધાને આ થયું છે, તો આપણે પણ સહન કરી લેવું જોઈએ અને કર્તા ભગવાનને માનવા જોઈએ.' સ્વામીએ કહ્યું ને કે 'કોઈ ક્રિયાના ધણી થઈશું તો ભાર આપણને વળગશે, પણ ભગવાન ઉપર શ્રદ્ધા અને વિશ્વાસ હશે તો આંચ આવવા નહીં દે.' આપણે તો બાદશાહ ત્યાં બજાર. આજ્ઞાથી જ્યાં જઈએ ત્યાં પાર પડવાનું. ખેતી કહે તો ખેતી કરવાની, રસોડામાં જવાનું કહે તો રસોડું, ગામડે જવાનું કહે તો ગામડે – જ્યાં જઈએ ત્યાં સેવા જ કરવાની છે ને !''

•

ઢળતી ઉંમરે પણ સ્વામીશ્રીની કથાવાર્તા કરવા-સાંભળવાની રુચિ અકબંધ છે. આજે આશીર્વચનો દરમ્યાન સ્વામીશ્રીને ઘણી ઉધરસ આવી, બોલવામાં તકલીફ પડતી હતી, એટલે સ્વામીશ્રીએ જળપાન કર્યું, ખોંખારો ખાઈને ગળું સાફ કર્યું અને બીજી વાર પણ જળપાન કર્યું અને ત્યારપછી સ્વામીશ્રી કહે : ''હવે તો આ શરીરના ભાવ પણ એવા થયા છે કે ઘણું કહેવું હોય તો પણ એ થાય નહીં. એટલે બોલવામાં એવું થઈ જાય છે, પણ હવે એ તો શરીરના ભાવ છે. શરીરના ભાવ બતાવે, પણ આપણને ભગવાનની ભક્તિ થાય પછી જેવું બોલાય ને જેવું સંભળાય એવી રીતનું, પણ બધા રાજી થાવ છો એટલે આનંદ છે. આપણે તો ભગવાનને રાજી કરવા આવ્યા છીએ, એટલે *'કાલાવાલા, પ્રભુને વ્હાલા.'* મહારાજે સંપ્રદાય સ્થાપ્યો છે અને અક્ષર-પુરુષોત્તમનું સરસ જ્ઞાન આપ્યું છે એ જ વાત શાસ્ત્રીજી મહારાજે દૃઢ કરી છે. એનો બરાબર અભ્યાસ કરીને સંપ્રદાયના ગ્રંથો, આચાર્યો, સંપ્રદાયના મોટા સદ્ગુરુઓ એ બધાથી આ વાત સાંભળીને સ્વામીએ નક્કી કરી કે અક્ષરપુરુષોત્તમનો સિદ્ધાંત સાચો છે.''

•

તા. ૯-૨-૨૦૦૯, વડોદરા

ગુજરાતના પોલીસવડા આઈ.જી.પી. પ્રમોદકુમાર પણ દર્શને આવ્યા હતા. તેઓ સ્વામીશ્રીને કહે : 'અક્ષરધામમાં આતંકવાદી હુમલો થયો એ વખતે હું ગાંધીનગરમાં જ ફરજ બજાવતો હતો. એ વખતે આઈ.જી. હતો. અમે પહેલા પહોંચી ગયા હતા. આપે એ વખતે શાંતિ રાખવાનો જે સંદેશો સમાજમાં મોકલ્યો હતો, એના લીધે જ ગુજરાતમાં શાંતિ રહી, બાકી અમને તો એમ જ હતું કે ગુજરાતમાં આનો પડઘો પડ્યા વગર રહેશે નહીં. આપે ખૂબ અદ્ભુત ધીરજ એ વખતે રાખી.'

સ્વામીશ્રી કહે : 'ભગવાનની ઇચ્છાથી બધું જ થયું. અમારી એ જ ઇચ્છા હતી કે અજ્ઞાની લોકોએ જે કાર્ય કર્યું છે એનું ફળ બધાએ ભોગવવું ન પડે.'

•

તા. ૧૦-૨-૨૦૦૯, વડોદરા

ઠાકોરજીનાં દર્શન કર્યા પછી રોજના ક્રમ પ્રમાણે સ્વામીશ્રી ભગતજી મહારાજની દેરીએ દર્શને પધાર્યા ત્યારે જગમાલ પીઠિયા કંગાલનો વેષ પહેરીને પાથરણું પાથરીને હાથમાં રામપાતર લઈને બેઠા હતા. તેઓ કહે : 'દે દે, દે દે ભગવાન કે નામ પે કુછ દે દે, અક્ષરધામ દે દે.'

સ્વામીશ્રી કહે : 'ખૂબ દે દિયા હૈ. અબ કુછ બાકી નહિ હૈં.'

આ સાંભળીને તેઓ *'મારા કૂબામાં હાથી પેઠો મારા ભઈ !'* એ કીર્તન ગાઈને નાચવા લાગ્યા. હકીકતમાં જગમાલના પાનના ગલ્લે બેસીને સ્વામીશ્રીએ એનું દારિદ્ર્ય ફેડ્યું હતું.

થોડી વાર થઈ ત્યાં સ્વામીશ્રી કહે : 'તારો કાગળ મળી ગયો છે.' આટલું કહીને તેઓને જે જે પ્રશ્ન હતા એનો મુખોમુખ ઉત્તર આપીને આશીર્વાદ આપી દીધા.

•

કૃષ્ણપ્રિય સ્વામીનું આઠ મહિનાનું મહાવ્રત પૂરું થતું હતું. આજે પારણાં માટે તેઓ આવ્યા હતા. સ્વામીશ્રીએ છેલ્લે એક વાટકીમાં પોતે જમેલી ખીચડી અને દહીંની પ્રસાદી આપી. ભોજન પૂરું થયા પછી,

થાળ ગયા પછી સ્વામીશ્રીને વળી ઉમળકો આવ્યો એટલે એક બાજુ રખાયેલી પ્રસાદી મગાવીને સ્વામીશ્રી કહે : 'લાવો, મોઢામાં મૂકીએ.' આમ કહીને કૃષ્ણપ્રિય સ્વામીને નજીક બોલાવ્યા અને વાટકીમાંથી ચમચી દ્વારા ખીચડી-દહીંનું મિશ્રણ લઈને તેઓના મોઢામાં મૂકી આપ્યું. પારણાંની વિશિષ્ટ સ્મૃતિ આપી.

•

અત્યારે દિલ્હી જવા માટે નીકળવાનું હતું. સ્વામીશ્રીનાં વિદાયનાં દર્શન માટે હજારો હરિભક્તો ઊમટ્યા હતા. સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શને પધાર્યા. દર્શન કરીને વિદાય માગ્યા પછી લિફ્ટ દ્વારા નીચે પધાર્યા ત્યારે ગાડી અહીં ઊભી હતી. સૌનાં મનમાં અહીંથી જ વિદાય લેવાનું નિશ્ચિત હતું. ગાડીની ખુરશી પણ બહાર કરી દેવામાં આવી હતી અને હરિભક્તો પણ સ્વામીશ્રીનાં દર્શને ટોળે વળી ગયા હતા, પરંતુ સ્વામીશ્રીએ કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કરવા જવું છે.'

અચાનક આ રીતે કાર્યક્રમ થવાથી વ્યવસ્થાપકોની જવાબદારી વધી ગઈ. સ્વામીશ્રી તો નિશ્ચિંતપણે આગળ વધતા રહ્યા. શાસ્ત્રીજી મહારાજના ખંડમાં દર્શન કર્યાં અને ત્યારપછી નીલકંઠ વર્ણીના અભિષેકનાં દર્શન કર્યાં બાદ ગાડીમાં વિરાજમાન થયા.

•

તા. ૧૧-૨-૨૦૦૯, દિલ્હી

બહાર સુસવાટા મારતો પવન બગીચામાં ઊભેલાં વૃક્ષોના એક એક પાંદડાને ઠરીઠામ થવા દેતો ન હતો. અને જાણે હમણાં વરસાદ વરસશે એવી વાદળની ઠઠ આકાશમાં જામી હતી.

આ મેઘસમાં વાદળોના પ્રતિનિધિરૂપ ધુમ્મસના કણ કણ સમગ્ર પૃથ્વી ઉપર પથરાઈને સમગ્ર વાતાવરણને ઝાંખું કરી રહ્યા હતા. અને વાદળના થરમાંથી દેખાતો સૂર્ય - ચંદ્ર છે કે શું - એવી ભ્રાંતિ કરાવી રહ્યો હતો.

સવારના લગભગ ૮:૦૦ વાગ્યા પછી પણ આવું જ વાતાવરણ હતું.

જાણે કે સ્વામીશ્રીનાં દર્શને સાક્ષાત્ હિમાલય આવી ગયો હોય એવા ઠંડીના સુસવાટા વાઈ રહ્યા હતા.

આ પરિસ્થિતિમાં ઠંડીની સહોદરી શરદીએ તો સ્વામીશ્રી ઉપર કબજો જમાવી દીધો હતો. અટલાદરાથી માંડ શાંત થયેલી શરદીને વળી સ્વામીશ્રીના શ્રીઅંગનો નિવાસ પસંદ પડી ગયો હતો અને ગઈકાલે દિલ્હીમાં ઊતર્યા ત્યારથી પુનઃ વળગી પડી હતી. વાતાવરણે પણ ગઈકાલથી જ બદલાવ આણ્યો હતો. દિલ્હીની ઠંડીનો અસલ મિજાજ અત્યારે દેખાઈ રહ્યો હતો. આમાં ભલભલા સાજાના હાડમાં ઠંડી ઘૂસી જાય ત્યાં સ્વામીશ્રીની તો વાત જ શું કરવી ?

સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શને પધારવાના હતા. બહાર ઠંડી કહે – મારું કામ અને એટલે જ બહારના સર્વસ્વના ચોકમાં પધારતાં પહેલાં સ્વામીશ્રીને 'ગોદડિયા બાબા'ની જેમ સજાવી દેવામાં આવ્યા. સ્વામીશ્રીએ ગાતરિયું વાળ્યું હતું. એના ઉપર ગરમ શાલ ઓઢી હતી, એના ઉપર ગરમ ધાબળો હાથ ઢંકાય એ રીતે ઓઢાડવામાં આવ્યો હતો. કેડથી ચરણના ભાગને પણ ધાબળામાં લપેટી લેવામાં આવ્યો હતો. ચરણના તળિયાના ભાગને પણ એ જ ધાબળાથી દબાવી દેવામાં આવ્યો હતો, માથે ટોપી ધારણ કરી હતી અને એ રીતે વ્હીલચૅરમાં વિરાજીને સ્વામીશ્રી હરિકૃષ્ણ મહારાજનાં દર્શને પધાર્યા.

હરિકૃષ્ણ મહારાજ માટે નવો ઓરડો કરવામાં આવ્યો હતો અને એમાં અક્ષરધામના મયૂરદ્વારની સુંદર પ્રતિકૃતિસમું સિંહાસન કીર્તિસાગર સ્વામીએ તૈયાર કર્યું હતું. સ્વામીશ્રી આ સિંહાસનમાં વિરાજિત હરિકૃષ્ણ મહારાજનાં દર્શન કરીને ખૂબ રાજી થયા અને પ્રાર્થના કરી : 'જય મહારાજ ! બધા ખૂબ સુખી થાય અને સત્સંગમાં આગળ વધે.'

સ્વામીશ્રી બહાર પધારે ત્યારે હજી ઠંડા પવનને તો ખાળવાનો જ હતો અને એટલે જ ચોમાસામાં વપરાય છે એ રીતનું ફોલ્ડિંગ પ્લાસ્ટિકનું છત્ર કરી રાખવામાં આવ્યું હતું. સ્વામીશ્રીની ખુરશીની આજુબાજુમાં પારદર્શક પ્લાસ્ટિક પકડીને છ યુવકો ચાલી રહ્યા હતા.

સંતો ગમ્મતમાં કહે : 'આખો હિમાલય દર્શન કરવા આવી ગયો છે.'

'બહુ સારું,' એમ કહેતાં સ્વામીશ્રી હસી પડ્યા. અને ત્યારપછી સર્વસ્વથી મંદિર સુધી છત્ર સાથેની સવારી ચાલી. છત્ર હોવાને કારણે પવન ખાળી શકાતો હતો, પરંતુ ઠંડક તો એવી ને એવી જ હતી. સવારના

પૂજાનાં દર્શન માટે આવેલા સર્વે મુમુક્ષુઓ સવારની વિવેકસાગર સ્વામીની કથા પછી અહીં સ્વામીશ્રીનાં આવાં નવીન દર્શન માટે લોનમાં અને પ્રદક્ષિણામાં બેસી ગયા હતા. જો ઠંડી ન હોત તો આવાં સ્મરણીય દર્શન થાત નહીં. આવાં વિરલ અને અદ્‌ભુત દર્શનનો લાભ આજે સહેજે સહેજે સૌને મળ્યો.

•

મંદિર આગળ ફોર્કલિફ્ટ રાખવામાં આવી હતી. ફોર્કલિફ્ટ દ્વારા સ્વામીશ્રી મંદિર ઉપર પધાર્યા. ઘુમ્મટની તમામ જાળીઓને પ્લાસ્ટિક વડે બાંધી દેવામાં આવી હોવાથી, ઘુમ્મટમાં હવા ઘૂસી શકે એવું હતું નહીં.

સ્વામીશ્રીએ પહેલાં યોગીજી મહારાજના ખંડમાં દર્શન કર્યાં અને ત્યારપછી સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શને પધાર્યા. ધાબળાઓમાં ગોટમોટ સ્વામીશ્રીને ઊભા થવું ન પડે એટલે યોગીચરણ સ્વામીએ વિનંતી કરી કે ‘બેઠાં બેઠાં જ દર્શન કરજો;’ પરંતુ માને તો સ્વામીશ્રી શાના ? સ્વામીશ્રી કહે : ‘ના, ઊભાં ઊભાં જ કરીએ. અહીં બધું ઢંકાયેલું છે એટલે વાંધો નહીં આવે.’

ઊભા થઈને સ્વામીશ્રીએ ત્રણેય ખંડમાં દર્શન કર્યાં. શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કરીને વિશેષ રાજી થયા.

દર્શન કર્યાં પછી એ જ ખંડમાંથી સ્વામીશ્રીને પુનઃ ધાબળામાં ગોટમોટ કરી દેવામાં આવ્યા. જોકે શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કરતાં કરતાં સ્વામીશ્રીની વ્હીલચૅર પાછી વળી રહી હતી ત્યારે ધાબળામાં લપેટાયેલા હાથ ખોલીને બે હાથ જોડીને દર્શન કરવાનો સ્વામીશ્રી પ્રયત્ન કરી રહ્યા હતા. ત્યારે સેવકે કહ્યું કે ‘ઠંડી લાગશે, માટે હાથ બહાર ન કાઢશો.’

ત્યારે સ્વામીશ્રી કહે : ‘ઠપાઠપ શું કરે છે ? દર્શન તો કરવા દે !’ એમ કહીને આટલી ઠંડીમાં પણ ધાબળામાંથી હાથ બહાર કાઢી સ્વામીશ્રીએ પ્રેમથી શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કર્યાં.

•

તા. ૧૨-૨-૨૦૦૯, દિલ્હી

તિહાર જેલના ડી.આઇ.જી. સી. આર. ગર્ગ દર્શને આવ્યા હતા. તેઓની એવી ભાવના હતી કે કેદીઓમાં પણ આધ્યાત્મિક સંદેશો જાય. એટલે યોગના વર્ગો પણ શરૂ કર્યા હતા. આજે સ્વામીશ્રીને તેઓ કહે : ‘આપની સંસ્થા પણ સહયોગ કરે એવી અમારી ઇચ્છા છે.’

સ્વામીશ્રી કહે : ‘हमारा कार्य ही है कि सबको व्यसनमुक्त करना और सदाचार के मार्ग पे चलाना। आप अच्छा कार्य कर रहे हो, तो भगवान भी आपके साथ हैं।’

•

બોરસદથી આવેલા દિલીપને જોઈને સ્વામીશ્રી કહે : ‘कैसे हो ?’

‘अच्छा है।’ એમ કહીને દિલીપ કહે : ‘જેવું તમારું બોરસદી હિન્દી, એવું મારું.’

આ સાંભળીને હસતાં હસતાં સ્વામીશ્રી કહે : ‘તુંય બોરસદી છે અને હુંય બોરસદી છું. दिल्ली में आया है तो हिन्दी बोलना पड़ता है न ।’

આમ, ગમ્મત સાથે સ્વામીશ્રીએ સ્મૃતિ આપી.

•

આજે રાત જાગીને કીર્તિસાગર સ્વામી અને તેઓના સાથી કારીગરોએ લોખંડની ફ્રેમ ઉપર પ્લાસ્ટિક મઢીને નાની કાર હોય એવી એક કૅબિન તૈયાર કરી દીધી હતી. વ્હીલચૅરમાં જ ફીટ થઈ જાય એવી આ કૅબિનની સુંદર રચના હોવાથી સ્વામીશ્રીનું ઠંડા પવનથી રક્ષણ પણ થતું હતું અને સાથે સાથે પૂજાનાં દર્શનનો લાભ ચૂકી ગયેલા હરિભક્તોને પ્રેમથી દર્શન પણ થઈ શકતાં હતાં. આ કૅબિનમાં આવતાં પહેલાં સ્વામીશ્રીને શાલ અને ધાબળાથી ઢબૂરી દેવામાં આવ્યા. સ્વામીશ્રીએ ટોપી પહેરી હતી, ગાતરિયું વાળ્યું હતું, એના ઉપર સુંદર શાલ ઓઢી હતી અને એની ઉપર ફરતો ગરમ ધાબળો ઓઢ્યો હતો. નીચે પણ ગરમ ધાબળો ઓઢાડીને પગ પણ ઢંકાઈ જાય અને પગનાં તળિયાં પણ ઢંકાઈ જાય એ રીતે સ્વામીશ્રીને ઢબૂરી દેવામાં આવ્યા હતા. અને ત્યારપછી આ કૅબિનમાં સ્વામીશ્રીને વ્હીલચૅર સાથે રાખવામાં આવ્યા ને કૅબિનને વેલક્રોથી બંધ કરી દેવામાં આવી અને એ રીતે સ્વામીશ્રીની ‘નેનો ગાડી’ની સવારી બહાર નીકળી.

•

દર્શન - પ્રાતઃપૂજા વગેરે પ્રાતઃક્રમ બાદ સ્વામીશ્રી રૂમમાં પધાર્યા. ઠાકોરજી જમાડતાં પહેલાં સારી રીતે નાક ખંચેરીને સાફ કર્યું. નાક ખૂબ દદડતું હતું. વારંવાર ટીસ્યૂ બદલવા પડતા હતા. એક ટીસ્યૂ હાથમાં લઈ એનો પ્રત્યેક ખૂણો ભીનો ન થાય ત્યાં સુધી સ્વામીશ્રી

એને વાપરતા હતા. યોગીચરણ સ્વામીએ સ્વામીશ્રીને વિનંતી કરી કે 'આજે હૃદય માટે ડૉક્ટરોએ કહેલી ગોળી આપે ન લીધી. પૂજા વખતે હરિકૃષ્ણ મહારાજનાં દર્શન થઈ જ જાય છે. આ ગોળી હૃદય માટે અગત્યની છે. એમાં પણ આવી ઠંડીમાં બહાર નીકળતાં પહેલાં ગોળી લઈ લઈએ તો સારું. ઠંડીમાં જોખમ ન લઈએ તો સારું.'

સ્વામીશ્રી કહે : 'દર્શન કરી આવીએ પછી લઈએ તો ક્યાં વાંધો છે ?'

યોગીચરણ સ્વામી કહે : 'પણ ઠંડીમાં બહાર નીકળીએ છીએ, તો જોખમ ન લઈએ તો સારું.'

આ સાંભળીને સ્વામીશ્રી મૌન રહ્યા.

•

ભોજન પછી પત્રનું કામકાજ ચાલુ કરવાનું હતું, પરંતુ શરદીના હિસાબે નાક દદડતું હોવાથી વારે વારે ટીસ્યૂ વડે સાફ કરવું પડતું હતું. એક ટીસ્યૂ સંપૂર્ણ વાપર્યા પછી બીજું ટીસ્યૂ આપવામાં આવ્યું. એનાથી પણ નાક લૂછીને સાફ કર્યું. ટિપોઈ ઉપર ટીસ્યૂનું બૉક્સ પડ્યું હતું. એ નજીક મૂક્યું ને નારાયણચરણ સ્વામી કહે : 'આમાંથી લેતા રહેજો.'

આ સાંભળીને સ્વામીશ્રી હસી પડ્યા ને કહે : 'આ વાપરેલાં પડ્યાં જ છે ને !'

નારાયણચરણ સ્વામી કહે : 'એની ચિંતા કરશો નહીં. વાપરેલાં ટીસ્યૂ ફરીથી ન વપરાય, ફેંકી દેવાનાં હોય ! એકનું એક શરદીમાં ન વપરાય.'

છતાં સ્વામીશ્રીનું મન માનતું ન હતું. એક ટીસ્યૂમાં નીલગીરીનું તેલ નાખીને છાતી અને ગળા ઉપર મૂકવામાં આવ્યું, જેથી એની સુગંધ આવ્યા કરે. દદડતું નાક બંધ થાય એ માટે એક ગોળી પણ આપી દેવામાં આવી. યોગીચરણ સ્વામી કહે : 'અડધો કલાકમાં નાક દદડતું બંધ થઈ જશે.'

સ્વામીશ્રી કહે : 'આજે તો પાણી બહુ પડ્યું, સવારે પૂજામાંથી શરૂ થયું, મુલાકાત વખતે વધ્યું ને અત્યારે સાવ વધી ગયું.'

નાકના સડાકા લેતાં લેતાં પણ સ્વામીશ્રીએ પત્રવાંચન અને લેખન ચાલુ રાખ્યું.

•

આજે આંતરરાષ્ટ્રીય પર્યાવરણવિદ ને શાંતિ માટેના નોબલ પારિતોષિક વિજેતા રાજેન્દ્ર પચૌરી દર્શને આવવાના હતા. સ્વામીશ્રીનાં દર્શને તેઓ લગભગ ૧૦:૫૦ વાગે આવ્યા. હાર પહેરાવીને સ્વામીશ્રીએ તેઓને આશીર્વાદ આપ્યા. ખુરશી ઉપર બેસતાં બેસતાં તેઓ કહે : 'आपने ये अक्षरधाम बहुत हि सुंदर बनाया है।'

સ્વામીશ્રી કહે : 'भगवान की इच्छा से ये हुआ है।'

રાજેન્દ્ર પચૌરી : 'बहुत ही सुंदर रचना है। जो भी आते हैं उनको आत्मा में हलचल होती है।'

સ્વામીશ્રી : 'ये भगवान की रचना है। भगवान की प्रेरणा से हुआ है। योगीजी महाराज समर्थ संत हो गये, उनकी इच्छा से ये हुआ है। भगवान की प्रेरणा से हुआ है। आप जैसे खुश हुए हो तो हमें आनंद है।'

બ્રહ્મવિહારી સ્વામી : 'બે વર્ષ પહેલાં શાંતિનું નોબલ પ્રાઇઝ સાહેબને પ્રાપ્ત થયું છે. પર્યાવરણની સુરક્ષા માટે દુનિયાના દરેક દેશની કમિટી કરી છે અને આખી દુનિયાનું વાતાવરણ કેવી રીતે બદલાય છે – એની શોધખોળ કરનાર એ કમિટિના તેઓ ચૅરમૅન છે. યુનાઈટેડ નેશને એમની નિમણૂક કરી છે. આખા ભારતની અર્થતંત્રની કાઉન્સિલમાં તેઓ છે અને મોટામાં મોટું તો પાંચ વર્ષ પહેલાં તેઓ શાકાહારી થઈ ગયા છે.'

રાજેન્દ્ર પચૌરી : 'मानवजाति ने जब से औद्योगीकरण का प्रारंभ किया है, इन्धन का ज्यादा से ज्यादा इस्तमाल करते रहे, जब हम इंधन की खपत करते हैं तो उसमें से गैस नीकलते हैं। इंधन में कार्बन होता है, जब इंधन जलता है तब कार्बन डायोक्साइड नीकलता है। जब औद्योगीकरण प्रारंभ हुआ था उस समय तब वातावरण में कार्बन डायोक्साईड की मात्रा २८० पार्टस/मिलियन थी, अब जो हो गयी है ३८५। मानवजाति ने प्राकृतिक संतुलन में बड़ी गरबड कर दी। इसके कारण पूरे संसार में मौसम बिगड़ती है। जैसे मुंबई में चार वर्ष पहेले बड़ी जोर की बारिश आई थी, तब पूरा मुंबई शहर पानी से भर गया था। इस तरह की घटनाएँ सारे विश्व में बढ़ती चली जा रही है। समुद्र की उंचाई बढ़ती जा रही है। आगे जाते ऐसे होता रहा तो हमारा सुंदरवन जैसे छोटे छोटे द्वीप तो दिखाई नहीं पडेंगे। मानव जाति ने पूरे विश्व को बड़ी समस्या में

डाल दिया है। इसलिए स्वामीजी, हमें कुछ रास्ता बदलना पड़ेगा। जो लोगों को बड़ी बड़ी चीज़ों की खपत करने की, बड़ी बड़ी कारों में बैठ के घूमने की आदत हुई है, उस सब में हमें कुछ अंतर लाना पड़ेगा। ऊर्जा की खपत को कम करना ही पड़ेगा। अब कुछ देश ऐसे हैं जो ये नहीं करना चाहते हैं, उनकी जो कंपनी है, जो तेल के पदार्थ बनाती है, उनका तो यही आयास होगा कि किस तरह ये सब रूका दिया जाय। इसलिए हमें पूरे विश्व में एक नेता चाहिए जो सच को समझे और अपना कुछ साहस दिखाये, जिस से पूरी दुनिया को एक नये रास्ते पर ले जाये। इसमें मेरे विचार से कुछ आध्यात्मिक परिवर्तन भी लाना पड़ेगा। लोगों को यह सोचना पड़ेगा कि जीवन में प्रेम-प्यार इन गुणों से ज्यादा शांति मिलेगी, नहीं तो पूरे विश्व में मानवजाति और जितने जीव है उनके लिए बड़ा भय है।

पूरे विश्व में आज लोग मांस इतना खाने लगे हैं! में सन् १९८१ में पहली बार चीन गया था। उस समय लोग बहुत कम मीट खाते थे। अब उनके पास पैसा इतना हो गया है कि सारी दुनिया से मीट इम्पोर्ट करता है। मांस बनाने का एक पूरा चक्र है। उसके लिए सबसे पहले जंगल काटे जाते हैं। उससे पर्यावरण में बड़ा भारी नुकसान है। उसके बाद उसे काटा जाता है तो रेफ्रीजरेशन में रखा जाता है। ठंडा रखना पड़ता है, ठंडा रखने में ऊर्जा की खपत होती है। फिर दूसरे देशों में भेजने के लिए जहाज में रखा जाता है, तो उसमें भी ठंडा रखना पड़ता है। उसमें भी ऊर्जा की खपत होती है। वेरहाउस में भी ठंडा रखना पड़ता है, वहाँ भी ऊर्जा की खपत होती है। बाद में सुपर मार्केट में भी ठंडा रखना पड़ता है। लोग खरीद के ले जायेंगे और अपने फ्रिझर में आठ-पंद्रह दिन रखेंगे तो वहाँ पर भी ऊर्जा की खपत होगी। पूरे विश्व में जो १८% जो ऊर्जा की खपत होती है, वो इस कार्य में होती है। इसलिए मैं कहता हूँ कि यदि पर्यावरण को बचाना है तो अपने खाने पीने में बदलाव लाइए। लंदन के मेयर ने मेरे खिलाफ आर्टीकल लिखा कि कहने से कम नहीं करूँगा, ओर खाऊँगा।'

સ્વામીશ્રી : 'સારો વિચાર છે, જેનાથી ફાયદો છે, લાભ છે, હિન્દુ ધર્મે આ બધું શીખવ્યું છે કે 'मा हिंस्यात् सर्वाणि भूतानि।' કોઈ જીવની હિંસા ન કરવી જોઈએ. ઘણા લોકો આમ વિચારે છે, વર્તે છે અને એ માર્ગે ચાલ્યા પણ છે.' એમ કહીને સ્વામીશ્રીએ તેઓને બિરદાવ્યા અને આશીર્વાદ આપ્યા.

વળી અક્ષરધામ વિશે પ્રતિભાવ આપતાં શ્રી પચૌરી કહે : 'इतना सुंदर बनाया है कि इसके लिए मेरे पास शब्द नहीं है, प्रेरणा मिलती है। पूरे परिवार को लाने का विचार आया है। इतनी सुंदर जगह आपने बनायी है कि भारत में प्रेरणा देनेवाली ऐसी कोई जगह नहीं है। मैं आपकी पूजा करता हूँ, कजाकिस्तान के राष्ट्रपति आये थे, वो बोलते थे कि कजाकिस्तान में भी छोटा मंदिर बनाइए।'

•

સ્વામીશ્રી સાથેની ઔપચારિક વાતચીત દરમ્યાન બ્રહ્મવિહારી સ્વામી કહે : ''એક ઝેન ગુરુનો બહુ સરસ પ્રસંગ છે. એક વખત ઝેન ગુરુને શિષ્યોએ પૂછ્યું કે 'તમારા ગુરુ દુનિયાની કઈ બાબતને સૌથી અગત્યની કહેતા ?' ત્યારે એમણે જવાબ આપ્યો : 'What ever he happen to be doing at that moment was the most important thing in the world.' – 'જે ક્ષણે ગુરુ જે ક્રિયા કરતા હોય એ ક્રિયા જ વિશ્વની શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ વસ્તુ છે.''

આ સાંભળીને સ્વામીશ્રી કહે : 'બરાબર છે, યોગીજી મહારાજે શાસ્ત્રીજી મહારાજની એ જ રીતે સેવા કરી. આખા બ્રહ્માંડમાં એમને શાસ્ત્રીજી મહારાજ જ દેખાતા. ગુરુવચન એ બ્રહ્મવાક્ય. ગુરુએ કહ્યું એ બરાબર જ છે. ગુરુમાં શંકા હોય નહીં ને ગુરુ કહે એમાં બીજું વિચારવાનું હોય જ નહીં.'

ત્યારપછી સ્વામીશ્રી કહે : 'ગુરુ કહે એમ કરવું, પણ કરે એમ નહીં. કરે એમ કરવા મંડી પડીએ તો ઠેકાણું રહે નહિ.'

•

તા. ૧૩-૨-૨૦૦૯, દિલ્હી

પંજાબ નેશનલ બૅન્કના ચૅરમૅન ડૉ. ચક્રવર્તી દર્શને આવ્યા હતા. રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયાના વાઇસ ચૅરમૅન પદ માટે સરકારે તેઓને સામેથી કહ્યું છે. પોતાની ભાવના વ્યક્ત કરતાં તેઓ કહે : 'मेरे लिए ओर सबके लिए जो मंगल है वो ही होना चाहिए ऐसी

मेरी भावना है।'

સ્વામીશ્રી કહે : 'विचार अच्छा है। भगवान की प्रसन्नता के लिए करते हैं तो सफलता मिलती है। दूसरों का विचार पहले करते हो तो अपना अच्छा होगा।'

એક મુમુક્ષુ કહે : 'अहं, ममत्व और कुसंग से मेरी रक्षा करना।'

સ્વામીશ્રી કહે : 'ये ही करना है। अहम् नहीं, हम नहीं करते हैं, भगवान ही करते हैं, ऐसी भावना रखेंगे तो सब स्थिति में शांति रहेगी।'

•

ફાઈવ સ્ટાર હૉટલ કલ્ચરની વાતો નીકળી. ધ્યેયનિષ્ઠ સ્વામીએ ફાઈવ સ્ટારમાં લોકો કેવી રીતે જમે છે એની વાત વિગતે કરી. એટલે સ્વામીશ્રી કહે : 'પાંચ-પાંચ હજાર રૂપિયાની એક ડિશ હોય. લોકો પણ એવી ડિશ ખાનારા હોય છે.'

સ્વામીશ્રી કહે : 'એક ડિશમાં વીસ-પચીસ વાનગીઓ હોય તો ખાનારા બધું જ ખાઈ જાય ?'

'ના. ત્યાં તો એવો રિવાજ છે કે થોડું વધારવું જોઈએ, નહીં તો ભૂખાળવા કહેવાય !'

સ્વામીશ્રીને આ વાત ન ગમી અને કહ્યું : 'આવું છે, પૈસા બગાડવાની વાત છે. ભલે ને ખાવાનું નાખી દેવાનું થાય, પણ લોકોને દેખાડો કરવામાં રસ બહુ હોય.' થોડી વાર પછી સ્વામીશ્રી કહે : 'ભૌતિકવાદ વધ્યો ને ધર્મવાદ ઘટ્યો. લોકોને ખાવા-પીવામાં રસ છે, બાકી ભજન કરવામાં રસ નથી.'

•

સ્વામીશ્રી જ્યારે ભ્રમણ કરતા હોય છે ત્યારે દસ-દસ મિનિટના અંતરાલે વચ્ચે પાંચ મિનિટનો વિશ્રામ કરે છે. વિશ્રામ દરમ્યાન ખુરશી ઉપર વિરાજેલા સ્વામીશ્રીને રોજ *'આજ મારે ઓરડે રે...'* બોલાવવામાં આવે છે.

આજે યોગીચરણ સ્વામીએ સ્વામીશ્રી વિશ્રામ માટે બેઠા એવું તરત જ કહ્યું : *'આજ મારે ઓરડે રે... બોલો.'*

સ્વામીશ્રીએ સામે બેઠેલા દિવ્યપુરુષ સ્વામીને કહ્યું : 'તું બોલ.'

દિવ્યપુરુષ સ્વામી કહે : 'ઓરડો આપનો છે. એમાં અમારે કહેવું કઈ રીતે કે આજ મારે ઓરડે પધારો.'

સ્વામીશ્રી કહે : 'ઓરડો ભગવાનનો છે. આપણો ઓરડો છે જ નહીં. આ તો ભગવાન સેવા આપે છે.'

•

૮:૩૦ વાગે ઠાકોરજી જમાડવા માટે સ્વામીશ્રી ભોજનકક્ષમાં આવ્યા. હજી થાળ આવ્યો ન હતો. પ્રિયવ્રત સ્વામી, મુનિવત્સલ સ્વામી, દિવ્યવત્સલ સ્વામી વગેરે સંતો અંદર આવી ગયા. સ્વામીશ્રી એકલા જ બેઠા હતા. સામે ટેબલ ગોઠવાયેલું હતું. મુનિવત્સલ સ્વામી કહે : 'એકલા જ છો ?'

સ્વામીશ્રી કહે : 'એકલા ક્યાં છીએ ? સંતો છે, હરિભક્તો છે, સેવકો છે, અક્ષરધામ છે.... એકલા ક્યાં છીએ જ ?'

પ્રિયવ્રત સ્વામી કહે : 'લોયાનું દસમું યાદ આવી ગયું. એમાં કહ્યું છે કે રાજ્યમાં હોય તોય વનમાં છે અને વનમાં છે તોય રાજ્યમાં છે, એવી અલમસ્ત સ્થિતિ અત્યારે દેખાઈ.'

સ્વામીશ્રી કહે : 'એનો અર્થ શું ?'

પ્રિયવ્રત સ્વામી કહે : 'આત્મા-પરમાત્માનું જ્ઞાન હોય એ એકલો હોય તોય બધાની વચ્ચે છે, એવું શ્રીજીમહારાજે કહ્યું છે.'

સ્વામીશ્રી કહે : 'આવી સમજણ હોય તો સુખિયા રહેવાય, નહીં તો એમ થાય કે અહીં હું એકલો જ છું, કોઈ નથી ?'

•

તા. ૧૪-૨-૨૦૦૯, દિલ્હી

એક મુમુક્ષુ હોંગકોંગથી આવ્યા હતા. પ્રવર્તમાન મંદીને કારણે તેઓને સતત બીક લાગ્યા કરતી હતી કે ભવિષ્યનું શું થશે ? આ સાંભળીને સ્વામીશ્રી કહે : 'मंदी तो आती-जाती रहती है। धीरज रखना। शांति से काम लेना और अच्छी तरह से भजन करना।'

વળી, એક મુમુક્ષુને સ્વામીશ્રી કહે : 'अच्छा काम करते हैं, तो विघ्न तो आते हैं, लेकिन दृढ़ता रख के कार्य में आगे बढ़ना।'

•

તા. ૧૫-૨-૨૦૦૯, દિલ્હી

આજે ૧૦:૩૦ વાગે સ્વામીશ્રી મેટ્રો રેલવેના મુખ્ય પ્રબંધક શ્રીધરન્ સાહેબને મળ્યા. તેઓ સ્વામીશ્રીના ખૂબ જ ગુણાનુરાગી છે અને ખૂબ જ શ્રદ્ધાળુ છે. દર રવિવારે તેઓ આશ્રમમાં જઈને બે કલાક ધ્યાન-

ભજનમાં ગાળે છે. આજે રવિવાર હતો. આજનો સમય તેઓએ સ્વામીશ્રીના સાંનિધ્યમાં ગાળ્યો. સ્વામીશ્રીએ હાર પહેરાવીને તેઓને આશીર્વાદ આપ્યા. સ્વામીશ્રીએ મેટ્રો રેલવેનાં વખાણ કરતાં કહ્યું : 'आपने बहुत बड़ा और अच्छा काम कर दिया है। आपको भगवान पर श्रद्धा है, और प्रार्थना करते हो तो सब काम भी अच्छा होता है। आपको आशीर्वाद है।'

તેઓએ પોતાની ભાવના વ્યક્ત કરતાં કહ્યું કે 'अक्षरधाम के सामने ठीक मेट्रो का स्टेशन आता है। मेट्रो स्टेशन का नाम भी अक्षरधाम रखा है। स्वामीजी की अनुमति और कृपा हो तो मेरी ये भावना है कि स्टेशन में अक्षरधाम के साथ सेतु बने ऐसा कुछ होना चाहिए।'

સ્વામીશ્રી કહે : 'अच्छा है। हज़ारों लोग नाम लेंगे, दर्शन करेंगे और सबको प्रेरणा मिलेगी।'

•

તા. ૧૬-૨-૨૦૦૯, દિલ્હી

એક મુમુક્ષુ આવ્યા. વરસોથી તેઓના પિતાશ્રી શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ ને સ્વામીશ્રીના આશ્રિત રહ્યા હતા, પરંતુ આ પુત્રને આધુનિકતાનો ચેપ લાગ્યો હતો. કોન્વેન્ટ સંસ્કારને કારણે પતિ અને પત્ની ગુજરાતી પટેલ હોવા છતાં ખ્રિસ્તી થઈ ચૂક્યાં હતાં અને પરિણામે એમનાં બાળકો પણ ખ્રિસ્તી ધર્મે રંગાયા પછી સ્વચ્છંદ અને સ્વતંત્ર થઈ ચૂક્યાં હતાં. દીકરો કોઈ એક ફૂલ ઉપર સ્થિર થઈને બેસી શકતો ન હતો. બે વખત છૂટાછેડા પણ થયા હતા. પિતાજી દર વખતે એને સત્સંગની વાતો કરે રાખતા હતા, પરંતુ પુત્રના ખ્રિસ્તી સંસ્કારો એને આ માર્ગે આવવા માટે મનાઈ ફરમાવતા રહ્યા હતા. આજે અચાનક એ મુમુક્ષુ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. ઘણાં વરસો પછી એ સ્વામીશ્રીનાં દર્શન કરી રહ્યા હતા. સ્વામીશ્રીને કહે : 'દરેક માબાપની ઇચ્છા હોય છે કે દીકરો મને રાજી કરે. મારાં માબાપને રાજી કરવા માટે હવેથી હું સત્સંગમાં આવીશ.'

સ્વામીશ્રી સૂત્રાત્મક ઉત્તર આપતાં બોલી ઊઠ્યા : 'માબાપ રાજી થાય એટલે ભગવાન રાજી થાય.' એમ કહીને તેમને ખૂબ આશીર્વાદ આપ્યા.

•

સ્વામીશ્રી લિફ્ટ દ્વારા મંદિર ઉપર પધાર્યા. ત્રણેય ખંડમાં દર્શન કર્યાં. છેલ્લા ખંડમાં સ્વામીશ્રી વ્હીલચૅર ઉપર દર્શન કરીને બેસતા હતા. એ દરમ્યાન સંતો સ્વામીશ્રીનાં દર્શન કરી રહ્યા હતા. આ સંતોમાં જ્ઞાનપુરુષ સ્વામી પણ હતા. તેઓ સ્વામીશ્રીનાં દર્શન કરી રહ્યા હતા. એ જોઈને સ્વામીશ્રી કહે : 'અહીં શું જુએ છે ? આમ જો ને !' (શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ તરફ નિર્દેશ કરીને સ્વામીશ્રીએ કહ્યું)

જ્ઞાનપુરુષ સ્વામી કહે : 'પાવર તો અહીં જ છે.'

સ્વામીશ્રી કહે : 'જે કંઈ પાવર છે એ એમનો છે, એટલે ત્યાં દર્શન કર.'

જ્ઞાનપુરુષ સ્વામી કહે : 'આમ દર્શન કરવા જઉં છું, પણ આમ જ ફરી જવાય છે.'

સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ છે ત્યાં દર્શન કર. તારો મહિમા સાચો છે, પણ અહીં શાસ્ત્રીજી મહારાજ બેઠા છે તો એમનાં દર્શન કરને !'

સ્વામીશ્રીની એ ગુરુભક્તિ સૌને ખૂબ સ્પર્શી ગઈ.

•

આજે ૧૧:૩૦ વાગે ઊભા થઈને સ્વામીશ્રી પલંગ ઉપર સૂતા. કેડનો દુખાવો હોવાથી બાલમુકુંદે આજે નવી ટ્રીટમેન્ટ ચાલુ કરી, જેને મોબિલાઇઝેશન કહેવાય છે. જ્યાં જ્યાં દુખાવો હતો એ ભાગને સંબંધિત કસરતો એમણે વૈજ્ઞાનિક રીતે કરાવી. આ મોબિલાઇઝેશનમાં શરીરને કષ્ટ તો પડે જ, પરંતુ આવી પરિસ્થિતિમાં સ્વામીશ્રી નસકોરાં બોલાવવા માંડ્યા. બાલમુકુંદ બોલી ઊઠ્યો : 'આખી દુનિયામાં એક જ એવા પેશન્ટ હશે કે જે મોબિલાઇઝેશન વખતે પણ નસકોરાં બોલાવી શકે !'

•

તા. ૧૭-૨-૨૦૦૯, દિલ્હી

વડોદરાથી એક કાર્યકર શાંતિલાલ એ. પટેલનો પત્ર આવ્યો હતો. રેસકોર્સ મંડળમાં તેઓ સંપર્ક કાર્યકર તરીકે સેવા આપી રહ્યા છે. સત્સંગ થયા પહેલાં એમની જાણ બહાર તેઓના કાકાએ નર્મદા બોન્ડમાં ૩૬૦૦ રૂપિયા એમના માટે રોક્યા હતા. અત્યારે એના ૫૦,૦૦૦/- રૂપિયા આવ્યા છે. શાંતિલાલ અને તેઓનાં પત્નીએ નક્કી કર્યું કે ૫૦,૦૦૦ રૂપિયા આપણે ન રખાય. તેઓના કાકા અત્યારે અંતિમ અવસ્થામાં હતા. એટલે તેઓ મૂંઝાતા હતા કે આ રકમનું શું કરવું ? તેઓએ સ્વામીશ્રીને પત્ર લખીને

આ મૂંઝવણ વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે ‘અમારે આ પૈસા ન જોઈએ, અમારી કમાણીના નથી, તો પૈસા ક્યાં આપવા એ આપ જણાવજો ને નીતિપૂર્વક જિવાય એવા આશીર્વાદ આપજો.’

આ વાંચીને સ્વામીશ્રી કહે : ‘બૉન્ડના પૈસા તો કાયદેસર જ આવ્યા છે ને !’

આ સંદર્ભમાં સ્વામીશ્રીએ ફોન દ્વારા શાંતિલાલ સાથે વાત કરી. શાંતિભાઈ કહે : ‘મને તો ખબર ન હતી અને કાકાએ પૈસા ભરેલા એના આ રૂપિયા આવ્યા છે, એ મારે ન જોઈએ.’

સ્વામીશ્રીએ નાસ લેતાં લેતાં શાંતિભાઈ સાથે ફોનમાં વાત કરતાં કહ્યું કે ‘બૉન્ડના પૈસા કાયદેસર જ છે, એટલે લેવામાં વાંધો નથી.’

શાંતિભાઈ કહે : ‘આપ આજ્ઞા કરો ત્યાં આપું, પણ અમારે આ પૈસા ન જોઈએ.’

સ્વામીશ્રીએ તેઓને સમજાવ્યા, પણ તેઓ ન માન્યા અને આર્દ્ર થઈ ગયા. તેઓની આવી ભાવના જોઈને સ્વામીશ્રી કહે : ‘તમે વડોદરા રહો છો તો અટલાદરા મંદિરે સેવા કરી દેજો.’

શાંતિભાઈ કહે : ‘આપ રાજી થઈને આશીર્વાદ આપજો. અમારે બીજું કાંઈ જોઈતું નથી.’

તેઓની આવી ભાવના જોઈને સ્વામીશ્રી પણ રાજી થયા.

•

ભ્રમણ કરીને સ્વામીશ્રી પલંગ ઉપર વિરાજ્યા ત્યારે અક્ષરપ્રેમ સ્વામી લાકડામાં કોતરેલો એક હાથી લઈને આવ્યા. જાળીદાર આ હાથીની કારીગરી એવી હતી કે હાથીની અંદર પણ એક નાનો હાથી દેખાઈ રહ્યો હતો. એક જ લાકડામાંથી આવી અદ્‌ભુત કલાકૃતિ થઈ હતી. સ્વામીશ્રી ધારી ધારીને એ હાથી ઉપર દૃષ્ટિ કરવા લાગ્યા અને ‘આ હાથી કોણ બનાવે છે અને ક્યાંથી લાવીએ છીએ’ વગેરેની ઊંડાણથી વિગતો પૂછી. છેલ્લે કહે : ‘આપણને આવું ન ફાવે.’

નારાયણચરણ સ્વામી કહે : ‘આખા બ્રહ્માંડની રચના ભગવાને કરી, અને એ ભગવાન આપને વશ છે, એટલે આ તો ફાવે જ ને !’

સ્વામીશ્રી કહે : ‘બ્રહ્માંડની રચના કરી, પણ આવું ન આવડે.’

યોગીચરણ સ્વામી કહે : ‘આ કારીગરમાં પ્રેરણા આપનાર તો આપ જ છો ને !’ સ્વામીશ્રી કેવળ હસ્યા.

•

તા. ૧૮-૨-૨૦૦૯, દિલ્હી

કસ્ટમ વિભાગના એડિશનલ કમિશનર અતુલ દીક્ષિત દર્શને આવ્યા. તેઓ કહે : ‘कोई भी कार्य करते हैं, लेकिन शांति नहीं मिलती।’

સ્વામીશ્રીએ શાંતિનો ઉપાય કહેતાં કહ્યું કે ‘‘काम हम नहीं करते हैं, भगवान करते हैं ऐसा मानना। ‘मैं कार्य करता हूँ’ ऐसा मानने से जीव में अहम् आ जाता है। इसलिए अशांति होती है। लेकिन जो कुछ हमसे होता हैं, वो भगवान करते हैं, ऐसा मानने से कार्य हुए तो भी अच्छा और न हुए तो भी अच्छा, ऐसी आध्यात्मिक स्थिति हो जाती है और शांति रहती है।’’

•

ભોજન પછી સુપ્રીમ કોર્ટના પૂર્વ ચીફ જસ્ટિસ લાહોટી સાહેબને સ્વામીશ્રી મળ્યા. હાર પહેરાવીને સ્વામીશ્રીએ તેઓને આશીર્વાદ આપ્યા. એક વાતના સંદર્ભમાં સ્વામીશ્રીએ કહ્યું : ‘‘भगवान शक्ति देते हैं, उससे काम होता है। उसके बिना एक तीनका भी नहीं हिल सकता। ‘मैंने किया, मैं करता हूँ’ ऐसा मानने से दुःख आता है, लेकिन ‘भगवान ने किया’ ऐसा मानने से शांति रहती है। आप धर्मवाले हो। आपने प्रामाणिकता से काम किया है, तो जो कुछ काम किया उससे शांति मिलती है और अच्छा काम याद रहता है।’’

લાહોટી સાહેબ કહે : ‘बहुत छोटे गाँव में से मैं आया हूँ और इस स्थान पे मुझे भगवान ने पहुँचाया है। भगवान जब हाथ पकड़ते हैं तो कहाँ से कहाँ ले जाते हैं। भगवान ने मेरे हाथों से जो करवाना था, वो करवाया और जो नहीं करवाना था वो नहीं करवाया।’

સ્વામીશ્રી કહે : ‘‘એ જ વાત સાચી છે. जो कुछ करते हैं, वो भगवान ही करते हैं। ‘हमारा जो कुछ है वो उसके हाथों में है,’ ऐसी भावना रखने से शांति होती है।’’

•

દિવ્યજીવન સંઘના ચિદાનંદ સ્વામીના ઉત્તરાધિકારી વિમલાનંદજી અક્ષરધામનાં દર્શન કરી ખાસ સ્વામીશ્રીને મળવા માટે જ આવ્યા હતા. સામાન્યતયા તેઓ

આશ્રમમાંથી બહાર નીકળતા નથી, પરંતુ અક્ષરધામના દર્શને ખાસ આવ્યા હતા. તેઓને એવી ભાવના હતી કે અહીં હું યાત્રા કરવા આવ્યો છું અને એટલે જ અક્ષરધામમાં ચાલતાં ચાલતાં જ બધાં દર્શને જવું છે. ૭૭ વર્ષની જૈફ ઉંમર હતી, હૃદયનું બાયપાસ ઓપરેશન પણ કરાવેલું હતું, છતાં તેઓએ ચાલીને બધી જગ્યાએ દર્શન કર્યાં. અત્યારે પણ સ્વામીશ્રી પાસે આવ્યા ત્યારે લાકડી એક બાજુ ટેકવીને દંડવત્ પ્રણામ કરીને સ્વામીશ્રીને મળ્યા અને બોલ્યા : 'आपके दर्शन पा कर हम कृतकृत्य हो गए हैं।' સ્વામીશ્રીએ તેઓને શાલ અને હાર ઓઢાડ્યાં. તેઓએ પણ સામે શાલ અને હાર ઓઢાડ્યાં અને ફળોનો ટોપલો પણ અર્પણ કર્યો.

સ્વામી શિવાનંદજી સાથે તેઓ દસ વર્ષ રહ્યા હતા અને ચિદાનંદજીની ૩૨ વર્ષ સુધી સેવક તરીકે સેવા તેઓએ કરી હતી. ચિદાનંદજી બ્રહ્મલીન થયા પછી તેઓની સહેજ પણ ઇચ્છા ન હતી કે આ કારોબાર સંભાળું. એ વાત કરતાં તેઓ કહે : 'वैसे भी मेरी उम्र हो गई है, और ऐसी जिम्मेवारी संभालने के लिए मेरा शरीर लायक नहीं है, लेकिन सबने जबरजस्ती से मुझे गादी पर बैठा दिया।'

સ્વામીશ્રી કહે : 'गुरु का कार्य करना है, गुरु की कृपा है, जो करते हैं वो गुरुकृपा से और भगवान की इच्छा से होता है, करने वाले वो ही है। हमने भी चिदानंद स्वामीजी के दर्शन कंई बार किए हैं। बड़े पवित्र संत थे। सब के प्रति उनका प्रेम था, सभी का अच्छा करना वो उनकी भावना थी। वैसे योगीजी महाराज के साथ शिवानंदजी स्वामी के भी दर्शन किए हैं। आप भाग्यशाली हैं कि ऐसे महान संतों के दर्शन और सेवा करने का आपको भाग्य मिला था। आप द्वारा भी अच्छा कार्य होता रहे ऐसी हम प्रार्थना करते हैं।'

અક્ષરધામ-દર્શનની વાત નીકળતાં વિમલાનંદજી કહે : 'ये मेरी लाइफ टाइम की मेमरी है। अक्षरधाम अवर्णनीय है। मानो भगवान का साक्षात् विराट स्वरूप हो, ऐसा प्रतीत होता है। आश्चर्य होता है कि छोटी छोटी उंगलियों में से इतना सा गढ़न किस तरह हो सकता है। ये भगवान का ही कर्तव्य है। नीलकंठ का जीवन देखा, मेरे लिए वो भी प्रेरणारूप है। रामानंद स्वामीजी के पास सबका दु:ख अपने आप में माँगा। वो बहुत प्रेरणादायक प्रसंग है। गरीबों की सेवा करना और सिंह जैसे हिंसक प्राणी को भी वश में ले आना सामान्य बात नहीं है। रामायण याद आ गया। जैसे मातंग के आश्रम में बाघ और बकरी एक साथ पानी पीते थे। नीलकंठ के पास भी ऐसा प्रेम का वातावरण था। नीलकंठ ने मछलियों को जीवित कर दिया और साथ साथ माछीमार का भी परिवर्तन कर दिया।'

સ્વામીશ્રી પણ રાજી થયા ને કહે : 'આટલા થોડા સમયમાં આટલું સૂક્ષ્મ નિરીક્ષણ કર્યું એ બહુ મોટી વાત છે. આપે સાચી રીતે દર્શન કર્યાં છે, પૂર્ણ દર્શન કર્યાં છે.

વિમલાનંદજી કહે : 'मेरे लिए ये मेमरी लाइफ टाइम की है। आँख मींचेगे तब भी तादृश् हो जायेगा। ऐसा मैंने कभी नहीं देखा। वैसे लिंकन मेमोरियल और डीझनी सब देखा है, लेकिन इसमें ऐसा मेसेज नहीं है। यहाँ बोटराइड में जो वैदिक कल्चर दिखाया है, उससे प्रेरणा मिलती है।'

તેઓની મુલાકાત લગભગ અડધો કલાક સુધી ચાલી. તેઓ ઊભા થયા. ફરીથી સ્વામીશ્રીને દંડવત્ કર્યા અને પાછા પગે ચાલીને બહાર નીકળ્યા.

સાંજે આત્મસ્વરૂપ સ્વામીએ આજે સવારે આવેલા વિમલાનંદજીની વાત કરતાં કહ્યું કે તેઓએ સ્વામીશ્રી માટે કહ્યું કે 'પ્રમુખસ્વામી મહારાજમાં અત્યંત સાત્ત્વિકતા અને મુખારવિંદ ઉપર શું તેજ હતું ! બાળ-સહજ નિર્દોષતા અનુભવાતી હતી.'

•

તા. ૧૯-૨-૨૦૦૯, દિલ્હી

યુ.એન.આઈ. સમાચાર સંસ્થાના પ્રેસિડન્ટ શ્રી ભંડારીને સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેઓને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. તેઓ કહે : 'इस संस्था को विश्वव्यापी बनानी है।'

સ્વામીશ્રી કહે : 'देश और धर्म की सेवा करना।'

•

સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શને પધાર્યા. છેલ્લે સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના ખંડમાં પધાર્યા ત્યારે ઈશ્વરચરણ સ્વામીએ સ્વામીશ્રીને વાત કરતાં કહ્યું : 'મહુવામાં અત્યારે શિખરબદ્ધ મંદિરનો ખાતવિધિ ચાલી રહ્યો છે.'

આ સાંભળીને સ્વામીશ્રી ધૂન કરવા માંડ્યા.

અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન શિરસાટે પ્રવર્તાવનારા ભગતજી મહારાજના જન્મસ્થાને સર્વોપરિ મંદિર થાય એ પ્રાર્થના કરી.

મહુવામાં સવારે સભા પછી ૧૧:૩૦ વાગે મંદિરનું ખાતમુહૂર્ત હતું. ત્યાં ઉપસ્થિત હજારો હરિભક્તોને આશીર્વચન આપતાં સ્વામીશ્રીએ ફોનમાં કહ્યું કે ''સૌને જય સ્વામિનારાયણ... બધાને આશીર્વાદ છે.... ભગતજી મહારાજનું સાક્ષાત્ સ્થાન છે. જોગી બાપાએ ત્યાં સંકલ્પ કરેલો છે અને સ્થાનનો ખૂબ મહિમા કહ્યો છે. ઘણા વખતથી કામ ને પ્રયત્ન ચાલતો હતો. આજે ખાતમુહૂર્ત થાય છે, તો મંદિર સારું થશે, હજારોને લાભ થશે. ખાતમુહૂર્તમાં ઘણા ઘણા સંતો આવ્યા છે. મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી, કોઠારી સ્વામી, ત્યાગવલ્લભ સ્વામી વગેરે બધા જ ત્યાં આવ્યા છે, તો બધા રાજી થશે અને જે જે હરિભક્તો ખાતમાં બેઠા છે એ બધા પણ તને, મને ધને સુખી થશે. ગામનો પણ સારો વિકાસ થાય એ પ્રાર્થના છે. મહુવામાં તો શ્રીજીમહારાજ અને ગુણાતીતાનંદ સ્વામી બધા જ પધાર્યા છે, એટલે ગામ પ્રસાદીનું છે. ત્યાં વલ્લભભાઈ છે એ પણ ઘણા વખતથી રહ્યા છે અને સેવા-કથાવાર્તા કરી છે અને સત્સંગની પુષ્ટિ કરી છે. ભગવાનની દયાથી એમની તબિયત પણ સારી રહે ને પ્રતિષ્ઠા સુધી કોઈ વાંધો ન આવે એ આશીર્વાદ છે. બહારથી પણ જે જે હરિભક્તો આવ્યા છે એમને પણ આશીર્વાદ છે. પરદેશથી ચંદ્રકાન્તભાઈ પૂજારા તથા કનુભાઈ(મોમ્બાસા) એ બધા આવ્યા છે, તો સૌને આશીર્વાદ છે. બધાના દેશકાળ સારા થાય.

ભગતજી મહારાજે અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન આપ્યું અને શાસ્ત્રીજી મહારાજે એ સિદ્ધાંત પ્રવર્તાવ્યો અને ભગતજી મહારાજનો રાજીપો લીધો. એમ આપણે પણ એમનું જ્ઞાન પ્રવર્તાવવાનું છે. આ જ્ઞાન સર્વત્ર પ્રવર્તે અને હજારો લાખો હરિભક્તોને લાભ થાય એ આશીર્વાદ છે.''

•

તા. ૨૦-૨-૨૦૦૯, દિલ્હી

સ્વામીશ્રી એક મુમુક્ષુને મળ્યા. તેઓ સ્વામીશ્રીને કહે : 'મેં સાંભળ્યું છે કે આપનાં દર્શન થાય કે સ્પર્શ થાય તો સ્વભાવ નીકળી જાય. મારો ગુસ્સાનો સ્વભાવ છે એને લીધે મારાં પત્ની ને કુટુંબીઓ હેરાન થાય છે, તો એવી દૃષ્ટિ કરો કે બધું નીકળી જાય.'

સ્વામીશ્રી કહે : 'તમને ખ્યાલ છે કે ગુસ્સો ખરાબ છે અને એનાથી કોઈ ફાયદો નથી, એ સારી વાત છે. ગુસ્સો છોડવાનો વિચાર સારામાં સારો છે, અમે પ્રાર્થના કરીએ છીએ કે ગુસ્સો જતો રહે અને તો જ તમારા પરિવારમાં શાંતિ થશે.'

•

સ્વામીશ્રીએ ઠાકોરજી જમાડ્યા એ પહેલાં ધર્મચરણ સ્વામીને બોલાવીને સ્વામીશ્રીએ કહ્યું હતું કે 'આજે બધાં મંદિરોમાં ૧૦:૩૦ વાગ્યાથી ૧૨:૧૫ વાગ્યા સુધી ધૂન થાય એવું કહેવડાવી દો.' સ્વામીશ્રીએ પણ ભોજન પછી પ્રિયવ્રત સ્વામીને બોલાવ્યા અને કહ્યું કે 'ધૂન કરવી છે, બીજા સંતો મંદિરમાં બેસીને ધૂન કરે, આપણે અહીં ધૂન કરીએ. હરિકૃષ્ણ મહારાજને પણ મગાવી રાખજો.' ઠાકોરજીનું આસન કઈ રીતે કરવું વગેરે પણ સ્વામીશ્રીએ સમજાવ્યું. ૧૦:૩૦ વાગે જ્યારે સૌ સ્વામીશ્રી પાસે આવ્યા, ત્યારે યોગીચરણ સ્વામી કહે : 'હરિકૃષ્ણ મહારાજ બરાબર આપની સામે જ રાખીએ.'

સ્વામીશ્રી કહે : 'ના, થોડા બાજુમાં રાખો.'

'પણ બાજુમાં રાખવાથી આપની ડોકને એકધારું જોવાને લીધે તકલીફ થશે.'

'પણ બધાને દર્શન નહિ થાય ને !' સ્વામીશ્રીએ બીજાનો વિચાર કર્યો ને પછી પોતે જ ઉપાય દર્શાવતાં કહ્યું : 'સામેની દીવાલે હરિકૃષ્ણ મહારાજ રાખજો.'

નિર્ભય સ્વામી આવ્યા અને કહે : 'ઠાકોરજીના થાળનું કઈ રીતે કરશું ?'

'અહીં જ કરી દઈએ.'

એકાદશી છે એટલે એઠો થાળ તો મંદિરમાં જ ધરાવીએ છીએ, તો શું કરવું છે ?'

સ્વામીશ્રી કહે : 'અત્યારે મંદિરે થાળ ચાલુ થવાની તૈયારીમાં છે, તો ત્યાં ધરાવીને ૧૧:૦૦ વાગ્યા સુધીમાં આવી જાવ.'

સ્વામીશ્રીની સૂચના પ્રમાણે હરિકૃષ્ણ મહારાજ મંદિરમાં પધાર્યા અને સ્વામીશ્રી સ્નાન કરવા પધાર્યા. સંતોને કહ્યું કે 'તમે ધૂન ચાલુ કરી દો.'

સંતોએ ૧૦:૩૦ વાગ્યાથી ધૂન ચાલુ કરી. પ્રેમવદન સ્વામીએ ધૂન શરૂ કરાવી દીધી.

૧૧:૦૦ વાગે સ્વામીશ્રી પધાર્યા એ પહેલાં

હરિકૃષ્ણ મહારાજ પધારી ગયા હતા. સામેની દીવાલે હરિકૃષ્ણ મહારાજનું આસન હતું અને ભોજન માટે ટિપોઈ પણ તૈયાર હતી. સ્વામીશ્રી વ્હીલચૅર પર વિરાજ્યા. એમની જૂની શૈલી પ્રમાણે V - આકાર સર્જાય એ રીતે ગાતરિયું ઓઢેલું હતું. વ્હીલચૅરની આજુબાજુ બંને હાથની નીચે કોણી ટેકવાય એ રીતે ઓશીકાં મૂકવામાં આવ્યાં હતાં. સ્વામીશ્રીએ ચરણ લંબાવ્યાં હતાં, ક્યારેક ચરણને નીચે પણ ધરી દેતા હતા. સામે વિરાજેલા હરિકૃષ્ણ મહારાજની સામે ક્યારેક આંખ મીંચીને તો ક્યારેક અપલક દૃષ્ટિએ સ્વામીશ્રી ધૂન કરતા જતા હતા. સ્વામીશ્રીની આગળ ટેબલ ગોઠવાયેલું હતું, એની ઉપર ઓશીકું પણ રાખવામાં આવ્યું હતું. એકધારી લયમાં ઉપડતા તાલે લગભગ ૧૦:૩૦ વાગ્યાથી શરૂ થયેલી ધૂન લગભગ ૧૨:૩૦ વાગે અટકી. ત્યાં સુધી ગાનારા ને વગાડનારાને સેવાનો સળંગ લાભ મળ્યો. વચ્ચે વચ્ચે અખંડદર્શન સ્વામી પ્રેમવદન સ્વામીને રાહત આપતા રહ્યા. તબલાંમાં સંગત આપવાનો લાભ મને મળતો રહ્યો.

સમય થતાં ૧૧:૩૦ વાગે ફરાળી થાળ પણ ગોઠવવામાં આવ્યો. થાળ જમતા હરિકૃષ્ણ મહારાજ, જમાડતા સ્વામીશ્રી અને આજુબાજુ બેઠેલા સંતો ધૂન કરતા – આ ત્રિવેણી સ્મરણીય હતી.

એકધારા તાલે સ્વામીશ્રી ધૂન બોલતા જતા હતા. લગભગ ૧૨:૩૦ વાગ્યા પછી પણ ૨:૦૦ વાગ્યા સુધી પુનઃ ધૂન ચાલુ રહી. વચ્ચે સંતોએ આરામમાં જવા માટે વિનંતિ કરી, પરંતુ સ્વામીશ્રી એ બાબતમાં સંમત ન થયા. કેડના દુખાવાને કારણે ચિંતિત સંતોએ ફરી વાર જ્યારે કહ્યું કે 'ધૂન ચાલુ રાખીએ, પણ આપ અંદર પલંગ પર આડા પડખે થઈને ધૂન કરો, અમે અહીં ધૂન ચાલુ રાખીશું.' આ બાબતમાં સ્વામીશ્રી સંમત થયા અને પલંગ ઉપર પધાર્યા. જોકે ત્યાં સુધીમાં જે કાર્ય નિમિત્તે ધૂન ચાલુ કરાવી હતી એ કાર્ય પૂરું થઈ ચૂક્યું હતું, એટલે ધૂનને લંબાવવાની જરૂર ન પડી.

લગભગ ૨:૦૫ વાગે સ્વામીશ્રી આરામમાં પધાર્યા. આરામમાં જતાં જતાં સ્વામીશ્રીએ કહેવડાવ્યું કે 'મંદિરના ઠાકોરજી અને હરિકૃષ્ણ મહારાજ બંને મોડા સુધી જાગ્યા છે, તો ઉઠાડવામાં પણ મોડું કરવું.'

•

તા. ૨૧-૨-૨૦૦૯, દિલ્હી

સોનાલીકા ટ્રેક્ટરના માલિક મિત્તલજી પણ દર્શને આવ્યા હતા. તેઓની ફેક્ટરીમાં ૬,૦૦૦ માણસો કામ કરે છે. તેઓ કહે : 'મેં પણ અક્ષરધામ મૅનેજમેન્ટ અપનાવ્યું છે. નવા કોઈ માણસો જોઈએ તો અમારે ત્યાં કામ કરતા માણસોને જ કહું છું કે તમારાં કોઈ પ્રામાણિક સગાં હોય એને નોકરીમાં લઈ આવો. આ રીતે પરિવારની જેમ અમારું કાર્ય ચાલે છે.'

•

મોમ્બાસાથી આવેલા સંદીપ ધીરે સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! જડીબુટ્ટી આપો.'

સ્વામીશ્રી કહે : 'हिमालय में बहुत होती है, वहाँ से ले आओ।'

સંદીપ કહે : 'ऐसी जडीबुट्टी चाहिए कि सत्संग करना न पड़े, आज्ञा पालनी न पड़े, भक्ति करनी न पड़े, श्रद्धा रखनी न पड़े और तो भी काम हो जाय।'

સ્વામીશ્રી કહે : 'सत्संग, भक्ति करने के लिए तो ये देह मिला है। भक्ति अच्छी तरह से करना, आज्ञा पालना, सत्संग करना, वो ही जड़ीबुट्टी है।'

•

તા. ૨૩-૨-૨૦૦૯, દિલ્હી

કોલકાતાથી આવેલા સંજય શેઠે સ્વામીશ્રીને કહ્યું : 'મંદિર માટે કંઈ સેવા આપો.'

સ્વામીશ્રી કહે : 'તેં ગજા ઉપરાંતની સેવા કરી જ છે. માટે હવે તારા ઘરનું ફર્નિચર વસાવ.'

સંજય ગળગળા સાદે સ્વામીશ્રીને કહે : 'તમે સેવા કરવા માટે મને ના કેમ પાડો છો ?'

સ્વામીશ્રી કહે : 'તેં ગજાબહારની સેવા કરી છે ને તારા ઘરમાં ફર્નિચર પણ વસાવ્યું નથી અને તારી સેવા તો ચાલુ જ છે.'

રડમસ ચહેરે સંજય કહે : 'પણ પૈસાનું હું શું કરીશ ? હજી સંત-આશ્રમમાં ફર્નિચર નથી. એ બધું બાકી છે ને !'

સ્વામીશ્રી કહે : 'સેવા તો કરવાની છે, પણ અત્યારે નહીં. અત્યારે તું તારા ઘરનું કર. પછી જરૂર પડશે ત્યારે કહીશું.'

•

અમેરિકાથી એક ફોન હતો. તેઓની ઇચ્છા હતી કે

પુત્રનો જન્મ થાય. પત્નીના સારા દિવસોમાં તેઓએ તપાસ કરાવી તો ડૉક્ટરના રિપોર્ટમાં આવ્યું કે છોકરી છે. આ સંદર્ભમાં તેઓએ વાત કરતાં કહ્યું : 'બાપા ! અમને આપના ઉપર શ્રદ્ધા છે. આપના આશીર્વાદ ફળશે. ડૉક્ટરના રિપોર્ટ ઘણી વાર આપના આશીર્વાદથી બદલાઈ જતા હોય છે, તો આપ એવા આશીર્વાદ આપો કે પુત્ર થાય.'

સ્વામીશ્રી કહે : 'ભગવાનની ઇચ્છા મુજબ થાય છે ને ભગવાન જે કરે છે તે સારું જ કરે છે. સર્વકર્તા ભગવાન છે. ભગવાન જે કરશે તે સારું જ કરશે.'

•

તા. ૨૫-૨-૨૦૦૯, દિલ્હી

૧૦:૧૫ વાગે ભારતીય જનતા પક્ષના નેતા અને સંસદમાં વિપક્ષનેતા એલ. કે. અડવાણી આવ્યા. સ્વામીશ્રીએ હાર પહેરાવીને તેઓનું અભિવાદન કર્યું. આજે તેઓની ૪૪મી લગ્નતિથિ હતી. એ નિમિત્તે ખાસ દર્શન અને આશીર્વાદ લેવા માટે તેઓ આવ્યા હતા. અડવાણીજી કહે : 'पहले यहाँ दिल्ली में कोई आता था और शुभ कार्य के पहले दूसरे मंदिरों में जाता था। आज ऐसा हो गया कि अब अक्षरधाम मंदिर जायेंगे, उसके बाद जीवन में ठीक रहेगा। स्वामीजी आपके प्रयत्न से यहाँ अद्‌भुत तीर्थ बन गया। आपके प्रताप से ही ये बना है। इतने कम समय में अक्षरधाम बन गया वो बड़ी बात है।'

•

તા. ૨૬-૨-૨૦૦૯, દિલ્હી

સાંજે ૭:૦૦ વાગે સ્વામીશ્રી અક્ષરધામ નિરીક્ષણ માટે નીકળ્યા. અંધારું ઢળી ચૂક્યું હતું. થોડો ઠંડો પવન પણ હતો. સ્વામીશ્રીની દૃષ્ટિ પડી કે કે. સી. પટેલ આવ્યા છે, એટલે તરત જ સ્વામીશ્રીએ તેઓને સાથે લેવાની સૂચના આપી. અત્યારે સંગીતમય ફુવારા ઉપર દૃષ્ટિ કરવા જવાનું હતું. અહીં જમા થયેલા લગભગ બધાને આજે સ્વામીશ્રીનાં દર્શનનો સુયોગ પ્રાપ્ત થયો. સ્વામીશ્રીએ બરાબર મધ્ય ભાગમાં પધારીને મ્યુઝિકલ ફાઉન્ટેઈનનું નિરીક્ષણ કર્યું. ફુવારા શરૂ થતાં પહેલાં કે. સી. પટેલને સંભાર્યા અને પૂછ્યું કે 'તેઓને બરાબર બેસાડ્યા છે કે નહીં ?' સંતોએ તેઓને પથ્થરની જાળીની પેલી બાજુના પ્લેટફૉર્મ ઉપર ખુરશી મૂકીને બેસાડ્યા એટલે સ્વામીશ્રીને સંતોષ થયો.

•

તા. ૨૭-૨-૨૦૦૯, દિલ્હી

ન્યૂઝીલેન્ડ, ક્રાઇસ્ટચર્ચથી આવેલા મહેશભાઈ સોલંકી તેઓના પ્રજ્ઞાચક્ષુ દીકરા કુશલને લઈને ઊભા હતા. આ દીકરાની સ્વામીશ્રીએ સારંગપુરમાં હતા ત્યારે યાદ કરીને રિપોર્ટ મગાવીને ચિંતા કરી હતી. અત્યારે પણ એને જોતાં સ્વામીશ્રી ગળગળા થઈ ગયા. કુશલે ખુમારીપૂર્વક કહ્યું : 'બાપા ! આપની તબિયત કેમ છે ?'

સ્વામીશ્રી કહે : 'મારી તબિયત તો સારી છે.'

કુશલ બ્રેઇલ લિપિમાં શિક્ષાપત્રી લઈને આવ્યો હતો. સ્વામીશ્રીએ એની પાછળ સમય ફાળવતાં કહ્યું : 'થોડું વાંચી બતાવ.'

કુશલે પોતાની આંગળી ફેરવીને પુસ્તકમાંથી શ્લોકનું વાંચન કર્યું. આ રીતે નાના બાળકની ભાવના સ્વામીશ્રીએ પૂરી કરી.

કલાકેક પછી સ્વામીશ્રી બહાર પધારતા હતા ત્યારે કુશલ ત્યાં થાંભલા આગળ ઊભો હતો. એને જોતાં જ સ્વામીશ્રીએ નજીક બોલાવ્યો. નજીક આવીને પ્રજ્ઞાચક્ષુ કુશલ સ્વામીશ્રીને ભેટી પડ્યો. હકીકતમાં ન્યૂઝીલેન્ડમાંથી નીકળ્યો ત્યારથી એના મનમાં સંકલ્પ હતો કે સ્વામીશ્રીને ભેટવું છે, પરંતુ સવારે ઉતાવળમાં એ શક્ય ન હતું. સ્વામીશ્રીએ સામેથી બોલાવીને એનો મનોરથ પૂરો કર્યો અને એને મૂર્તિ દેખાડતા હોય એમ સ્વામીશ્રીએ કહ્યું : 'જો કુશલ ! અક્ષરધામનાં દર્શન કર. શ્રીજીમહારાજ કેવા બેઠા છે ! દર્શન કર.'

કુશલ પ્રજ્ઞાચક્ષુ હતો છતાં આંગળી ચીંધીને સ્વામીશ્રીએ કુશલને મહારાજનાં દર્શન કરાવ્યાં. *'ગુરુ દીએ દિવ્ય નેન',* ગુરુ દર્પણ પણ છે અને આંખ પણ છે, એની પ્રતીતિ સૌને થઈ હતી. ગુરુનાં ચક્ષુથી જોવાથી ભગવાનનાં દર્શન થાય છે, એ વાતની પણ પ્રતીતિ થઈ. કુશલ સ્વામીશ્રીના આ અનુગ્રહથી ધન્ય ધન્ય થઈ ગયો.

•

આજે દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર તેજેન્દર ખન્ના સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેઓ ખૂબ જ ધાર્મિક છે.

તેઓ કહે : '૧૯૯૪ની સાલમાં હું આપને એક વખત મળ્યો છું. એર ઇન્ડિયાની લોંજમાં આપ બેઠા હતા. બેંગકોકથી આવી રહ્યા હતા. એ વખતે હું કોમર્સ

સેક્રેટરી હતો. ત્યાં મને આપના આશીર્વાદ મળ્યા હતા. મારું એ સૌભાગ્ય હતું.' તેઓ વળી, એક વાત કરતાં કહે : 'जब मुरलीमनोहर जोषी केबिनेट मिनिस्टर थे, तब एक दिन राष्ट्रपति भवन में भोजन रखा गया था। उस वक्त मुरलीमनोहर जोषीजी ने कहा था कि देश में ऐसी पचास-सो संस्था है, जिसने देश को बांध रखा है। पचास-सो महात्मा ऐसे हैं जिसकी वज़ह से देश जुडा हुआ है। वे ही देश चलाते हैं।'

આત્મસ્વરૂપ સ્વામીએ તેજેન્દર ખન્નાજીની વાત કરતાં કહ્યું કે તેઓ ચુસ્ત શાકાહારી છે. બી.એ.પી.એસ.ના બાળમંડળમાં બાળકોએ અહીં વ્યસનમુક્તિનું કાર્ય કર્યું ત્યારે તેઓને સામેથી બોલાવીને ગવર્નર હાઉસમાં અડધો કલાક મળ્યા હતા અને તેઓને ત્યાં જમાડ્યા હતા.

તેજેન્દર ખન્નાજી કહે : 'वहाँ हमारे कोन्फरन्स रूम में मैंने अक्षरधाम की फोटो रखवाई है, और ओडीटोरियम में भी रखी है। मैं कहना चाहता हूँ कि देश का भारी सौभाग्य है कि आपकी संस्था ने यहाँ अक्षरधाम बनाया। दुनिया में इसका मुकाबला नहीं है, ऐसा मंदिर आपने बनाया है। भारत की ११० करोड जनता के लिए यह गौरव की बात है। इसलिए हम आपके आभारी हैं। यह धर्मप्रधान देश है। ऐसी ऐसी संस्था का देश को गौरव होना चाहिए।'

સ્વામીશ્રી કહે : 'हमारे गुरुजी योगीजी महाराज का यह संकल्प था। उनके संकल्प से ही ये कार्य संपन्न हुआ है।' આટલું કહીને જમીન કઈ રીતે મળી એનો ટૂંકમાં ઇતિહાસ કહ્યા પછી ઈશ્વરચરણ સ્વામી તરફ નિર્દેશ કરતાં સ્વામીશ્રી કહે : 'जमीन मिलने के बाद ये स्वामीजी ने बहुत प्रयत्न किया। गुरु का संकल्प बहुत दृढ़ था, तो ये कार्य हुआ।'

તેજેન્દરજી કહે : 'महात्मा जिस बात का संकल्प करते हैं, वो होके हि रहता है। प्रमुखस्वामी जो वचन करेंगे वो होके हि रहेगा, क्योंकि ईश्वर का पावर मिला है।'

વાર્તાલાપ દરમ્યાન સ્વામીશ્રી તેઓ માટે કહે : 'भगवान में और धर्म में आपको श्रद्धा है तो आप से अच्छा कार्य होता है, और होता रहेगा, भगवान दया करते ही हैं।'

તેજેન્દરજી કહે : 'मैं समझता हूँ कि अपनी तरफ से पूरा प्रयत्न करना चाहिए।' વળી આતંકવાદની વાતો નીકળી. ત્યારે તેઓ કહે : 'सुर-असुर की लड़ाई चलती ही रहती है। आखिर में विजय तो सत्य को ही प्राप्त होती है। धर्म की शक्ति का ही विजय होता है।'

સ્વામીશ્રી કહે : 'यही बात है।'

તેજેન્દરજી કહે : 'यहाँ इस्लामिक सेन्टर है। वहाँ के नामवर मुसलमान से मैंने भेंट की और उससे एक बात कही कि आप जिसे अल्लाह कहते हैं इसे कोइ वाहे गुरुजी तो कोइ कृष्ण और राम कहते हैं। जो नाम से बोलिए लेकिन परमात्मा तो अनामी है। आपने बारसो वर्ष पहेले अल्लाह कहना शूरू किया। उससे पहेले भी भगवान का पावर तो था हि और बाद में भी रहेगा। डीवाइन पावर इटरनल है। इसलिए कौन से नाम से पुकारे इस बात में आपस आपस में लड़ना नहीं चाहिए। सब को शांति जरूरी है। उन्होंने स्वीकार तो किया।'

સ્વામીશ્રી કહે : 'प्रयत्न जरूर करना। अच्छा फल देना भगवान के हाथों में है। अच्छे काम करने वाले को भगवान सहाय देते हैं।'

તેજેન્દરજી કહે : 'हमारे पर पूरी कृपादृष्टि रखें। हर समय आपकी सेवा करते रहें।'

સ્વામીશ્રી કહે : 'भावना अच्छी है तो भगवान सब का अच्छा करते ही है।'

તેજેન્દરજી કહે : 'यह अक्षरधाम पूरे राष्ट्र की संपत्ति है। हम जहाँ जाते हैं वहाँ अक्षरधाम की बात करते हैं।'

•

તા. ૨૮-૨-૨૦૦૯, દિલ્હી


એક હરિભક્તનો પત્ર હતો. તેઓએ લખ્યું હતું કે 'એક મંદિરમાં આપની મુલાકાત માટે મેં ઘણા પ્રયત્નો કર્યા પણ મેળ પડ્યો નહીં, સ્વયંસેવકોએ આવવા દીધા નહીં. મને એમ કે 'અમારા ગામની નજીકથી પસાર થાવ છો તો ત્યાં મળી લઈશ,' પણ ત્યાં પણ આપનો કાર્યક્રમ થયો નહીં, એટલે પત્ર લખું છું. આશીર્વાદ આપજો.'

પત્ર વાંચીને સ્વામીશ્રી કહે : 'તબિયતના હિસાબે રૂબરૂ મળી શકાયું નહીં ને તકલીફ થઈ તે માટે દિલગીર છીએ, પણ દર્શન થયાં તે આપણાં મોટાં ભાગ્ય સમજવાં.'

પ્રસંગમ્



માર્ચ ૨૦૦૯



'હમણાં એમ કહ્યું કે સ્વામી ભીડો વેઠીને અહીં આવ્યા,
પણ મારા કરતાં તમારો ભીડો ઘણો મોટો છે - કેટલા દૂરથી બધા આવ્યા છો !
પોતાનું કામકાજ, ધંધો-વ્યવસાય જે કંઈ છે એ બધું મૂકીને અહીં આવ્યા છો,
એટલે તમારો ભીડો પણ ઘણો છે. સંતોનો ભીડો પણ ખૂબ છે.
દરેકના જીવમાં અક્ષર અને પુરુષોત્તમનો મહિમા છે,
શાસ્ત્રીજી મહારાજ, જોગી મહારાજને વિષે દિવ્યભાવ છે,
એમના કાર્યને વિષે આપણને પ્રેમ છે, તો આવો ભીડો વેઠીને પણ આપ અહીં પધાર્યા છો.
આપણે તો અનંત જન્મથી ભીડો વેઠતા આવ્યા છીએ.
લખચોરાસી જાતના દેહ આપણને પ્રાપ્ત થયા છે.
એ બધામાં ભીડા વેઠેલા જ છે, પણ એ ભીડા આ લોકનાં સુખ-સંપત્તિ માટે,
પણ આ ભીડો આત્મકલ્યાણ માટે છે.'

– પ્રમુખસ્વામી મહારાજ

તા. ૧-૩-૨૦૦૯, દિલ્હી

સ્વામીશ્રી ભોજન લઈ રહ્યા હતા એ દરમ્યાન સામે બેઠેલા સંતો પૈકીના સર્વનિવાસ સ્વામીને જોઈને સંતો કહે : 'સૌથી વધારે દોડાદોડી એમને હોય, એને કારણે મહિને મહિને એમના ચંપલ ઘસાઈ જાય. એમના પગની સાઇઝ પણ જુદી છે, એટલે જલદી એ જોડા મળે પણ નહીં.'

સંતો કહે : 'ઘણી વખત ચાલવાની સ્ટાઈલ એવી હોય એટલે જલદી ઘસાઈ જાય, ઘણા પગ ઘસડીને પણ ચાલતા હોય છે.'

સ્વામીશ્રી આ સાંભળીને કહે : 'આત્મસ્વરૂપ સ્વામી ચાલે જ છે ને ! એમના જમણા પગની એક બાજુ ઘસાય જ છે.'

સ્વામીશ્રીની આ નિરીક્ષણ-શક્તિ જોઈને સૌ આશ્ચર્યચકિત થઈ ગયા, કારણ કે સાથે રહેનારાઓએ પણ આ નોંધ લીધી ન હતી. એટલે સંતો કહે : 'આપે વળી એ ક્યારે જોયું ?'

સ્વામીશ્રી કહે : 'આ તો અક્ષરધામ જોવા જતા હતા એમાં એક-બે વાર નજર પડી ગઈ, એટલે ખબર પડી ગઈ.'

•

તા. ૧-૩-૨૦૦૯, દિલ્હી - ભાવનગર

આજે સ્વામીશ્રી દિલ્હીથી વિદાય લઈ રહ્યા હતા. માનવસિંઘ નામના એક મુમુક્ષુ સરદારજીના વિમાનમાં વિરાજીને સ્વામીશ્રી ભાવનગર પધારવાના હતા. માનવસિંઘ પણ સ્વામીશ્રીને વિદાય આપવા માટે વિમાનમાં સાથે જ મુસાફરી કરી રહ્યા હતા.

વિમાને ઉડ્ડયન શરૂ કર્યા પછી થોડી વારમાં સ્વામીશ્રીએ વિમાનના માલિક માનવસિંઘને યાદ કર્યા. તેઓ સ્વામીશ્રીની સામેની સીટ ઉપર બેઠા. તેઓ કહે : 'ફરજના ભાગરૂપે મારાં પત્ની, દીકરા અને પરિવારની ફરજ તો હું નિભાવું જ છું, પણ જીવનનો સાચો હેતુ શું છે ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાને દેહ આપ્યો છે એટલે કર્મે કરીને જે સંબંધ થયો એ ફરજ તો નિભાવવાની જ છે. એટલે એ હેતુ તો છે જ; પણ શાસ્ત્રોમાં કહ્યું છે કે સંસારી કામ કરતાં કરતાં પણ ધ્યેય ભગવાનની પ્રાપ્તિનો રાખવો. ધ્યેય એ છે કે આત્મારૂપ થઈને પરમાત્માની ભક્તિ કરવી. આપણે જો સંકલ્પ કરીએ તો ભગવાન અનુકૂળ કરી આપે, ને સાચા સંત મળે એનાથી સત્સંગ થાય છે અને એનાથી જ મુક્તિ થાય છે. એટલે પોતાના આત્માને માયામાંથી મુક્ત કરીને ભગવાનની સેવામાં બેસાડવો એ જીવનનો હેતુ છે.'

માનવસિંઘ કહે : 'ફક્ત પોતાના આત્માને જ સ્વતંત્ર (મુક્ત) કરવો એ તો સ્વાર્થ થયો કહેવાય ને ?'

સ્વામીશ્રી કહે : 'એવું નથી. આપણે આપણા આત્માને જેટલો શુદ્ધ કરીએ ને આત્મજ્ઞાન જેટલું થાય એટલા નિઃસ્વાર્થપણે ને પૂર્ણતાથી પરોપકાર પણ કરી શકીએ. ભગવાનનો ગુણ દયા છે. જેને સ્વાર્થ નથી એ બીજાને મદદરૂપ બની શકે. એટલે આત્મજ્ઞાન થાય તો બીજાની સેવા પણ સારી રીતે થઈ શકે.'

માનવસિંગ કહે : 'મારા જીવનમાં મેં એક ધ્યેય રાખ્યો છે કે બને એટલું બીજાને મદદરૂપ થવું. એ માટે આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી કહે : 'આશીર્વાદ છે. આપના વિચારો સારા છે. આ વિચારો ભગવાનના આપેલા છે. પોતાનો સ્વાર્થ નહીં ને બધા સુખી થાય એ ભાવના છે. એનાથી આત્માને પણ શાંતિ મળશે.'

ત્યારપછી સ્વમેળે ટિપ્પણી કરતાં સ્વામીશ્રી કહે : 'મુમુક્ષુ છે, બાકી આટલી સંપત્તિમાં પણ આવો વિચાર ન આવે.'

•

તા. ૧-૩-૨૦૦૯, ભાવનગર

સભા પછી ઉતારે પધારીને સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા વિરાજ્યા. વિમાન લઈને આવેલા માનવસિંઘ સહિત સૌ વિદાય લેવાના હતા. સ્વામીશ્રીએ તેઓને જમાડતી વખતે કાર્યકર હાજર રહે અને સાથે સાથે જમ્યા પછી પ્રસાદ પણ આપે એ માટે બે-ત્રણ વખત જમતાં જમતાં કહેવડાવ્યું.

ભોજન દરમ્યાન સ્થાનિક સંતો સાથે હળવી વાતો થઈ. સ્વામીશ્રીનું ભોજન પૂરું થવા આવ્યું ત્યાં બ્રહ્મવિહારી સ્વામી આવ્યા. તેઓ કહે : ''માનવસિંઘ હમણાં હળવો નાસ્તો કરતા હતા એ વખતે મને આજના અનુભવની વાત કરતાં કહે, 'હું ધર્મ પ્રત્યે એટલો લગાવ ધરાવતો નથી, પણ પ્રમુખસ્વામીએ જે રીતે મને હેત કર્યું ને આજે પ્રમુખસ્વામીના સાંનિધ્યમાં મને જે અનુભવ થયો છે એ અવર્ણનીય છે. ખાલી ભેટવું એ જ પ્રેમ નથી. હેત ઘણા પ્રકારે થાય છે, એનો અનુભવ આજે મને થયો.''

•

તા. ૨-૩-૨૦૦૯, ભાવનગર

એક પ્રસંગે સ્વામીશ્રીએ પોતાની રુચિ દર્શાવતાં કહ્યું કે 'કથાવાર્તા ને સત્સંગ સારી રીતે કરાવવા, પણ વહીવટી માળખું હોય એમાં રહીને કરાવવા. વહીવટ અથવા તો મંદિરના કામમાં મનસ્વી ન થવાય. પૂછ્યા વગર મનસ્વી કામ થાય એ મને ગમતું નથી.'

•

અમેરિકા-ઓર્લાન્ડોથી અક્ષરનો ફોન આવ્યો. એનો આજે જન્મદિવસ હતો. સ્વામીશ્રી કહે : 'હજી કાલે તો તું નાનો હતો ને આજે મોટો થઈ ગયો !'

અક્ષર કહે : 'હું તો નાનો જ છું. નાના જ હંમેશાં રાખજો.'

સ્વામીશ્રી મર્મમાં કહે : 'તારે રહેવાનું છે અને અમારે રાખવાના છે.'

•

અમેરિકાથી એક યુવકનો ફોન આવ્યો. નિષ્કપટભાવે જે જે ભૂલો થઈ હતી એ વાત એણે સ્વામીશ્રીને કરી. સ્વામીશ્રી કહે : 'તારી વાત સાંભળી. હવે મારી વાત સાંભળ. ખરાબ વસ્તુને જાણી તો હવે છોડી દેજે. એનાથી તારું જીવન પાછળ જાય છે. સંસાર બગડે છે, મોક્ષ બગડે છે. અશ્લીલ વસ્તુ જોવી પણ નહીં અને સાંભળવી પણ નહીં. એમાંથી ભ્રષ્ટ થઈ જવાય છે. એમાં તો નુકસાન જ છે. એ ખાડો છે એટલે એમાં પડી જવાય, પણ ભગવાનનું બળ રાખજે તો ખાડામાંથી બહાર આવી જવાશે. હિંમત રાખજે. એવી બાબતોમાં લેવાઈ જવાય છે એ થવું ન જોઈએ, એ જાણપણું રાખ. મહારાજ બળ આપશે. પાછી વૃત્તિ વાળીને ચાલજે.'

યુવક કહે : 'કોઈ કાર્ય કરવાનો ઉત્સાહ રહેતો નથી.'

સ્વામીશ્રી કહે : 'આવું ને આવું થાય એટલે ઉત્સાહ ક્યાંથી રહે ? પાછો વળીશ એટલું સુખ આવશે. ખરાબ જોવા-સાંભળવા-વાંચવામાં વિચારો પણ ખરાબ આવે. માટે એવા વિચાર આવે ત્યારે ભગવાનની પ્રાર્થના કરવી અથવા બીજું કામ કરવું.'

યુવક કહે : 'આનું પ્રાયશ્ચિત્ત શું કરવું ?'

સ્વામીશ્રી કહે : 'ઉપવાસ કરજે, સારું વાંચન કરજે અને માળા વધારે ફેરવજે.'

•

તા. ૪-૩-૨૦૦૯, ભાવનગર

મહુવાથી વલ્લભ બાપા આવ્યા હતા. તેઓને જોઈને ભાવાર્દ્ર થઈને સ્વામીશ્રી કહે : 'મહુવામાં મંદિર થાય એ તમારો પ્રયત્ન હતો તે પૂરો થયો. ખાતમુહૂર્ત ધામધૂમથી થયું. તમે વરસોથી ધૂણી ધખાવીને બેઠા હતા એ ધૂણી ફળી.'

•

એક હરિભક્ત મુંબઈથી આવ્યા હતા. તેઓનાં સુપુત્રી ભણવામાં ખૂબ હોશિયાર હતાં, પરંતુ એમની સોસાયટીમાં રહેતા કોઈ એક અજાણ્યા યુવક પ્રત્યે એકતરફી પ્રેમ ઊભરાઈ ગયો. મહિનાઓ પછી એક વખત પ્રેમની કબૂલાત કરવા માટે એ છોકરી પેલા છોકરા પાસે ગઈ ત્યારે પેલા છોકરાએ એનું એ રીતે અપમાન કરી નાખ્યું અને કડક શબ્દોમાં એને એટલી ખખડાવી કે એ છોકરી ડિપ્રેશનમાં આવી ગઈ. હવે ઘરથી બહાર પણ નીકળતી નથી. ડૉક્ટરો દવાના ભારે

ભારે ડોઝ આપતા રહે છે.

આ રજૂઆત કરવા આવનાર પિતાએ સ્વામીશ્રી સમક્ષ દીકરીની આ વીતક કહી ત્યારે સ્વામીશ્રી કહે : 'જે છોકરાને આપણા પર પ્રેમ જ ન હોય એ છોકરા માટે આટલું દુ:ખ લગાડવાની જરૂર જ શું છે ? સારું ભણ્યા છીએ, સારું કુટુંબ છે, તો એનાથી પણ સારા છોકરા ભવિષ્યમાં મળવાના જ છે. ચિંતા કર્યા વગર સ્વામિનારાયણની વિશેષ માળા કરે ને પ્રસાદીનું જળ પીએ એમ કહેજો. પ્રાર્થના કરીશું.'

સ્વામીશ્રીના આશીર્વાદ પછી તેઓને ખૂબ જ સારું થઈ ગયું.

•

એક વિદ્યાર્થી આવ્યો. વધુ પડતા અભ્યાસના ભારણને લીધે એ ડિપ્રેશનમાં આવીને ઊંઘ્યા જ કરતો હતો. વાંચવા બેસે ત્યારે પણ ઊંઘ આવતી હતી અને ક્યારેક એમ થઈ જતું હતું કે 'આપઘાત કરી નાખવો.'

આજના ભણતરના ભારણની તાસીર સમા આ વિદ્યાર્થીને જોતાં જ સ્વામીશ્રીએ કહ્યું : 'બહુ ચિંતા કરવાની જરૂર જ નહીં. ભગવાનને સંભારીને મહેનત કરવાની. જો નપાસ થવાય તો ફરીથી ભણાશે, પણ આપઘાત તો ન જ કરવો.'

•

તા. ૫-૩-૨૦૦૯, ભાવનગર

એક ફેક્સ આવ્યો હતો. એમાં હરિભક્તે લખ્યું હતું કે 'અમારી દીકરી માટે છોકરો જોયો છે. બંને પરિવારને છોકરા ને છોકરી પસંદ છે, પણ અમારા અંગત માણસ પાસે જન્માક્ષર મેળવ્યા તો છોકરીને નાડીદોષ છે, તો આ લગ્ન ન થઈ શકે એમ કહે છે. તો શું કરવું ?'

સ્વામીશ્રી કહે : 'બંનેને પસંદ છે તો કરી લેવું. જનમંગલના પાઠ કરજો.'

•

રાત્રે ૯:૩૫ વાગે એક મિટિંગ પૂરી થઈ એટલે ધર્મચરણ સ્વામીને સ્વામીશ્રીએ બોલાવ્યા. ધર્મચરણ સ્વામી કહે : 'હવે આરામનો સમય લગભગ થવા આવ્યો છે. ટાઈમ થોડો જ છે.'

સ્વામીશ્રી કહે : 'તોય કામ થશે, લાવો ને !'

ધર્મચરણ સ્વામીએ સ્વામીશ્રીને એક પત્ર વાંચવા આપ્યો, પત્ર લાંબો હતો. ટાઈમે વંચાઈ શકે એમ હતું તો ખરું, પણ ફોન આવ્યો એમાં ટાઈમ ગયો. ૯:૫૦ વાગી ગયા હતા. સેવક સંત આવ્યા. ટેબલ ખસેડ્યું. એ દરમ્યાન સ્વામીશ્રી પત્ર વાંચી જ રહ્યા હતા. છેલ્લાં બે પાન બાકી હતાં. સ્વામીશ્રીએ કહ્યું : 'આ પત્ર વાંચી લઈએ, પછી ઊભા થઈએ.' આખો પત્ર પૂરો કર્યો ત્યારપછી સ્વામીશ્રી આરામમાં જવા માટે ઊભા થયા. સ્વામીશ્રી સમયનો ઉપયોગ કરી જાણે છે.

•

તા. ૬-૩-૨૦૦૯, સારંગપુર

આજે સ્વામીશ્રી સારંગપુર પધાર્યા. સ્મૃતિમંદિરે દર્શન કર્યા પછી તેઓ મંદિરે દર્શન કરવા માટે પધાર્યા. પ્રદક્ષિણા ફરીને તૈયાર થયેલા રેમ્પ ઉપરથી ઘુમ્મટવાળા રસ્તે થઈને હરિકૃષ્ણ મહારાજ આગળ પધારીને સ્વામીશ્રીએ પ્રથમ દર્શન કર્યાં. ઘનશ્યામ મહારાજ, ધર્મકુળ તથા મધ્ય ખંડમાં પણ દર્શન કર્યાં. હરિકૃષ્ણ મહારાજ આગળ દર્શન કરી રહેલા સ્વામીશ્રીને આરુણિ ભગતે પૂછ્યું : 'આપે શું પ્રાર્થના કરી ?'

સ્વામીશ્રી કહે : 'અહીં આટલા બધા સંતો રહે છે. સૌ ભણીગણીને વિદ્વાન થાય, પંડિતો થાય, સાધુતાના ગુણ સૌમાં આવે અને સારી રીતે સત્સંગની સેવા કરે. એકાંતિક ધર્મ સિદ્ધ કરે, સુખિયા થાય, એ પ્રાર્થના કરીએ છીએ.'

•

તા. ૭-૩-૨૦૦૯, સારંગપુર

સ્વામીશ્રી મંદિરે દર્શન કરવા લિફ્ટમાં વિરાજ્યા. લિફ્ટ ઉપર જઈ રહી હતી. સામે સંતોની સાથે છગનભાઈ મિસ્ત્રી પણ બેઠા હતા. તેઓ વરસોથી અહીં સેવા આપી રહ્યા હતા. તેઓને જોઈને સ્વામીશ્રીએ ખાલી બે હાથ ઊંચા કરીને એક વાર લટકું કર્યું ત્યાં તો છગનભાઈ નાચવા લાગ્યા. બેઠાં બેઠાં જ હાથ હલાવતાં હલાવતાં તેઓ નાચી રહ્યા હતા. તેઓને જોઈને સ્વામીશ્રી કહે : 'આપણે તો ખાલી આટલું કર્યું એમાં તો એને તાન ચડી ગયું.'

સ્વામીશ્રીનો આ જ તો પ્રભાવ છે.

•

સ્વામીશ્રી ફરાળ અંગીકાર કરવા વિરાજ્યા. એ દરમ્યાન આત્મતૃપ્ત સ્વામી, અક્ષરચરણ સ્વામી, જ્ઞાન-વિજય સ્વામી તથા જ્ઞાનવર્ધન સ્વામીએ ફૂલદોલ

ઉત્સવે પધારનારા હરિભક્તો માટે ઉતારાની વ્યવસ્થાની રૂપરેખા આપી. છેલ્લે અક્ષરચરણ સ્વામી કહે : 'સૌ રાજી થાય એવા આશીર્વાદ આપો અને કોઈ ગમે એટલો ગરમ થઈને આવે તોય તપી ન જઈએ એવી ધીરજ અમારામાં રહે, એવા આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી કહે : 'સામાવાળો ગમે એટલો ગરમ થાય પણ તમારે તો શાંત જ રહેવાનું. આકળા-ઉતાવળા થવાનું જ નહીં. એમાં જ આપણી કસોટી છે.'

•

તા. ૮-૩-૨૦૦૯, સારંગપુર

લંડનથી આવેલા માધાણી સ્વામીશ્રીનાં દર્શન કરીને નીકળી ગયા પછી એમને યાદ આવ્યું કે સાથે ફોટો પડાવવાનો રહી ગયો છે. એટલે વળી લાઈનમાં પાછા આવ્યા અને કહે : 'યાદગીરી માટે ફોટો પડાવવો છે.'

સ્વામીશ્રી કહે : 'નિયમિત પૂજા કરજે ને એ યાદ રાખજે તો અંતરમાં કાયમી યાદગીરી રહેશે.'

•

ખાનદેશથી કિશોરભાઈ ચૌધરી દર્શને આવ્યા હતા. તેઓને સ્વામીશ્રીના ઐશ્વર્યનો અનુભવ થયો હતો. તેઓની વિશાળ ખેતીમાં ઘઉં સારા પાક્યા હતા. ઘઉંને લણવા માટેનું મશીન તેઓ લાવ્યા હતા. મશીનને ખેતરમાં લાવવા માટે વાડ કાપવાની હતી. એ દરમ્યાન કાંઈક એવું બન્યું કે આગ લાગી અને એ આગ કાબૂ બહાર જતી રહે તો ઊભો પાક બળી જાય અને સઘળું શૂન્ય થઈ જાય એમ હતું. આજુબાજુમાં એવું કોઈ પાણી પણ હતું નહીં કે જેનાથી આગ ઠારી શકાય, પરંતુ ગુણભાવી હોવા છતાં એમણે અંતરમાં સંકલ્પ કર્યો કે 'પ્રમુખસ્વામીની ઇચ્છા અને કૃપા હોય તો આગ ઠરે.' આ સંકલ્પ સાથે પીવાના પાણીનું માટલું હતું એ લઈને તેઓ દોડ્યા. સંજોગો એવા નિર્માણ થયા કે ફક્ત બે લોટા પાણીમાં જ આગ બુઝાઈ ગઈ. તેઓને પણ આ વાતનું આશ્ચર્ય હતું. અને એટલે જ આજે સ્વામીશ્રીના આશીર્વાદ લઈને કંઠી ધારણ કરવા માટે ખાસ આવ્યા હતા. સ્વામીશ્રીએ તેઓની અકળ રીતે રક્ષા કરી.

•

જેતપુરથી એક હરિભક્ત આવ્યા હતા. દિવાળીના દિવસે સ્વામીશ્રીનાં દર્શન કર્યાં પછી તેઓનું વ્યસન સમૂળું છૂટી ગયું હતું. એ પહેલાંનું તેઓનું જીવન અત્યંત વ્યસનમય હતું. અત્યાર સુધીમાં ૫૦ લાખ રૂપિયાનાં વ્યસનો તેઓ કરી ચૂક્યા હતા, પરંતુ ફક્ત દર્શનમાત્રે તેઓનાં આવાં અઠંગ વ્યસનો પણ છૂટી ગયાં હતાં. સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું : 'વ્યસન છોડવામાં શૂરવીરતા રાખી છે તો હવે કાયમ વળગી રહેજો ને બીજાને છોડાવવાનો પ્રયત્ન કરશો એટલું તમને વધારે બળ મળશે.'

•

એક મુમુક્ષુ મહિલાનો પત્ર આવ્યો હતો. તેઓએ લખ્યું હતું કે 'હું પુષ્ટિમાર્ગની મહિલા છું. શ્રીવલ્લભાચાર્યજીની બેઠકે જ રમી-જમીને ઊછરી છું. મને જ્યારે ઇચ્છું ત્યારે વગર કષ્ટે શરીરમાંથી નીકળી જઈ શકું એ વિદ્યા શીખવામાં રસ છે અને મર્યા પછી પણ હું ધારું એ ઘરે જન્મ લઈ શકું એ શીખવામાં રસ છે. મારા પિતાશ્રી, મારી બહેન ને મારે ત્યાં ઊછરેલાં બિલાડી અને એનાં બચ્ચાં એ બધાં જ ગુજરી ગયાં છે. એ બધાં અત્યારે ક્યાં ને કઈ દિશામાં છે એ જાણવામાં રસ છે. એમાંથી જે દુઃખી હોય એમને કઈ રીતે સુખ-શાંતિ મળે એ જાણવામાં રસ છે. આપ મને કહેશો કે આ માટે મારે શું કરવું જોઈએ ?'

પત્રની વિગત જાણીને સ્વામીશ્રી માર્મિક હસ્યા અને પત્રનો પ્રત્યુત્તર લખાવતાં કહ્યું : 'જાણવાની કે શીખવાની કાંઈ જરૂર નથી. બધું ભગવાનની ઇચ્છા મુજબ થાય છે. ભક્તિ કરશો તો શાંતિ મળશે. ફરી જન્મ ક્યાં આપવો ને મરેલાનું શું થયું, એ બધું ભગવાનના હાથમાં છે. માટે ભગવાનની ઇચ્છાને આધીન થઈને રહેવું. એમની ઇચ્છા હોય ત્યાં સુધી આવરદા રહે. માટે આ બધું કરવાની કે શીખવાની જરૂર નથી. ભગવાનનો આશરો રાખીને ભક્તિ કરજો.'

•

સ્વામીશ્રી ઉતારામાં પાછલા નવા ખંડમાં વિરાજ્યા હતા. કાચમાંથી બહારનો બગીચો જોઈ શકાતો હતો. જેમાં સ્પ્રીંક્લર દ્વારા પાણી છાંટવાનું ચાલુ હતું. એ જોઈને સ્વામીશ્રી કહે : 'હું અહીં બેઠો ત્યારથી આ ફુવારા ચાલુ છે. કોઈ બંધ કરવા આવે છે કે નહીં ?'

સંતો કહે : 'આ તો સ્પ્રીંક્લર છે. વરસાદની જેમ લોનને પાણી મળે એ માટેનો ફુવારો છે. એમાં પાણી

જમીનમાં ઊતરે અને ઓછું પણ વપરાય.'

સ્વામીશ્રીને આ ખુલાસાથી સંતોષ ન થયો હોય એમ મૌન રહ્યા. પછી કહે : 'એકની એક જગ્યાએ પાણી ભરાયા કરે છે એ હું ક્યારનો જોઉં છું. અત્યારે તો પાણી ઓછું બગડે એવું કરવું.'

•

તા. ૯-૩-૨૦૦૯, સારંગપુર

એક યુવકને જોઈને સ્વામીશ્રી કહે : 'સુખી તો છે ને ?' સ્વામીશ્રીએ ઓછામાં ઓછું ૫૦ વખત એને વ્યસન છોડવાની વાત કરી હતી, પરંતુ હજી સુધી એણે વ્યસન છોડ્યું ન હતું. સ્વામીશ્રી ધીરજ રાખીને એને પ્રેમથી સમજાવતા હતા. આજે પણ પ્રેમથી પૂછ્યું : 'સુખી છે ને ?' એ યુવક કાંઈ બોલ્યો નહીં એટલે સ્વામીશ્રી કહે : 'ઝેર થોડું હોય તો પણ પીવાય છે ? એમાં તો મર્યા જ સમજો. એમ વ્યસનનું પણ એવું છે. થોડું પણ વ્યસન જોઈએ નહીં. વ્યસનને બદલે ભજન, સત્સંગ થાય એવાં આયોજનો કરવાં. તારા કુટુંબમાં તું મોટો છે. તું જો અત્યારથી પાર્ટીઓ ગોઠવીશ, વ્યસન કરીશ તો તારી પાછળ તારા નાના ભાઈઓ પણ એમ જ કરશે. એટલે તું સમજ, તો તુંય સુખી થઈશ અને બીજા પણ સુખી થશે.'

•

અમેરિકા રહેતો એક યુવક સ્વામીશ્રી પાસે આવ્યો. સ્વામીશ્રીને કહે : 'લગ્નના ત્રણ મહિના થઈ ગયા.'

'એટલા બધા ?' સંતોએ પૂછ્યું.

'ના, ના, ચાર મહિના થયા.' એણે કહ્યું અને ત્યારપછી સ્વામીશ્રીને કહે : 'આપમાં તો દિવ્યભાવ રહે છે, સત્સંગીમાં પણ દિવ્યભાવ રહે છે, પણ મારી પત્નીમાં દિવ્યભાવ કઈ રીતે રહે એ સમજાવો.'

સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'કેમ ?'

'નાની નાની બાબતમાં ઝઘડો થાય છે.'

'કઈ બાબતમાં ?'

એ યુવક કહે : 'ખાવા-પીવામાં. રસોઈ બનાવે પણ ન ભાવે એવી હોય એટલે ઝઘડો થઈ જાય.'

સ્વામીશ્રી કહે : 'તું તારો સ્વાદ મૂક ને ! પછી ઝઘડો ક્યાં રહેશે ? ખાવા-પીવામાં કે દેહની સગવડ-અગવડ ચલાવી લેતાં શીખવું, તો ઝઘડો અટકી જાય.'

સ્વામીશ્રીએ એણે ન ધાર્યો હોય એવો ઉપાય દર્શાવ્યો.

•

મિટિંગ પૂરી થઈ ત્યારે લગભગ ૧૧:૪૦ વાગ્યા હતા. જ્ઞાનેશ્વર સ્વામીએ વાત શરૂ કરી, પરંતુ સ્વામીશ્રીનાં આંખનાં પોપચાં બંધ થવાં માંડ્યાં. એટલે જ્ઞાનેશ્વર સ્વામી કહે : 'આપને ઊંઘ આવતી લાગે છે, આરામ કરો.'

'ના, ના, હવે થોડા સમયમાં આરામ કરવાનો જ છે ને !' એમ કહીને વાત ચાલુ રખાવી.

•

તા. ૧૦-૩-૨૦૦૯, સારંગપુર

સાંજે સંસ્થાની ટ્રસ્ટ કમિટીની મિટિંગ હતી. આ મિટિંગમાં જે જે ચર્ચાઓ કરવાની હતી એની ભૂમિકા અને પૂર્વ ચર્ચા માટે હરીશભાઈ દવે સાથે અત્યારે મિટિંગ હતી. તેઓ મિટિંગ માટે આવ્યા એટલે સ્વામીશ્રી કહે : 'હરીશભાઈ માટે ખુરશી મૂકો અને એમના દફતર માટે ટેબલ મૂકો.' સ્વામીશ્રી સમક્ષ ભોજન માટેનું ટેબલ જે કાઢી લેવામાં આવ્યું હતું એ ટેબલ પાછું ગોઠવ્યું અને ત્યારપછી મિટિંગ શરૂ થઈ.

૧૧:૩૫ વાગે મિટિંગ પૂરી થયા પછી આમ તો કસરતનો સમય થઈ ચૂક્યો હતો, છતાં સ્વામીશ્રી કહે : 'ધર્મચરણ સ્વામીને બોલાવો. જે કંઈ પાંચેક મિનિટ છે એમાં પત્રનું કામ થાય.'

સેકંડે સેકંડનો ઉપયોગ કરીને પોતાના કર્તવ્ય પ્રત્યે અતિ સભાન રહેલા સ્વામીશ્રી સાચા અર્થમાં સતત કર્મઠ રહ્યા છે.

•

તા. ૧૧-૩-૨૦૦૯, સારંગપુર

એક મિટિંગમાં એક પરિવારના મોભીને સ્વામીશ્રીએ અદ્‌ભુત વાતો કરી. આ મોભીએ સમાજની ખૂબ મોટી સેવાઓ કરી છે ને કરી રહ્યા છે, પરંતુ જીભના આખાબોલા હોવાથી કરે છે એના કરતાં અસંતોષીઓનું ટોળું વધતું રહે છે. આ સંદર્ભમાં સ્વામીશ્રીએ જે વાતો કરી એ પ્રત્યેક પરિવારના પ્રત્યેક મોભીએ પણ સમજવા જેવી હતી.

સ્વામીશ્રી કહે : ''તમને આશીર્વાદ છે. તમે કામ સારું કરો છો અને કર્યું છે. બધા એ બધું જાણે છે. તમારા વિરોધીઓ પણ જાણે છે, પણ સ્વભાવને લીધે

ભેદભાવ થતો રહે છે, એટલે વિરોધ થાય. અને એક વખત વિરોધ થાય પછી સાચું-ખોટું જોવાનું હોય નહીં. એટલે હંમેશાં બધાની સલાહ લઈને આગળ વધવું. બધી જગ્યાએ મળતું રાખવું. બધાને સારી રીતે બોલાવવા-ચલાવવા. એ રીતે કરશો તો કામ આગળ ચાલશે. વિરોધ થવાનું કારણ આપણા સ્વભાવ અને પ્રકૃતિ છે. આપણું બોલવામાં જરા એવું હોય એટલે લોકોનો અહં ઘવાય. આપણે ધીરે રહીને વાત કરવી. કોઈનું કામ કદાચ ન કરવા જેવું હોય તોય સામાવાળાની વાત બે વખત સાંભળવી, એને સંતોષ થાય, કારણ કે જેની સાથે કામ લઈએ છીએ એ બધાના સ્વભાવ જુદા જુદા હોય. બધા આપણી રુચિ પ્રમાણે ચાલે એવી અપેક્ષા ન રખાય. માટે આપણે જ નમ્રતા રાખીને કામ કરીએ તો બધાનું મન જીતી શકાય. 'બાપની વહુ' કહીએ અને 'મા' કહીએ એમાં કેટલો ફરક છે ? એમ વાણીમાં પણ વિવેક શીખવો. કોઈ ફરિયાદ લઈને આવે તો, તડફડ કરીને ના પાડવા કરતાં એમ કહેવું કે 'સારું, જોઈશું, વિચારીશું.' બોલવામાં સંયમ આવી જાય તો અડધું કામ થઈ જાય. મહારાજના આશીર્વાદ તમારા ઉપર છે. જોગી બાપાના આશીર્વાદ છે, અમારા પણ આશીર્વાદ છે. ભગવાને તમને શક્તિ આપી છે ને તમે કામ પણ ખૂબ કર્યું છે અને નીતિ સાથે કામ કર્યું છે, એટલે ભગવાન રાજી છે, પણ બોલવા-ચાલવાથી બગડતું હોય તો વાણી સુધારવી.

અને જે લોકો વિરોધ કરે છે એ બધાનો વિરોધ ભૂલી જઈને તમે એમની સાથે પણ સારો વર્તાવ રાખશો અને એમની સલાહ સલાહ લેશો તો એના એ જ લોકો તમને સપોર્ટ કરતા થઈ જશે. માટે કોઈએ કાંઈ પણ કર્યું હોય પણ કોઈની સાથે આંટી રાખવી જ નહીં. આંટી રાખવાથી કામ થતાં નથી. અને બોલવામાં શાંતિ રાખવી. મિટિંગ વખતે તમે ૫૦% બીજાને બોલવા દો તો બીજા તમારું સાંભળશે. એટલે વ્યવહાર એવો કરો કે વિવાદ નીકળી જાય. બાંધછોડ કરીને પણ કામ કરવું. કોઈની સલાહ લેવામાં આપણે નાના નથી થઈ જતા, ઊલટી આપણી મોટપ વધશે. માટે આ વસ્તુ ધ્યાનમાં રાખવી.''

સ્વામીશ્રીએ સૌને સમજવા માટે આ અદ્‌ભુત સમાજગીતા રજૂ કરી.

•

તા. ૧૩-૩-૨૦૦૯, સારંગપુર

સ્વામીશ્રી આરામમાં જવા માટે પલંગ ઉપર વિરાજમાન થયા. સામે સંતો-હરિભક્તો દર્શન કરી રહ્યા હતા. એમાં ન્યૂઝીલેન્ડથી આવેલો પ્રજ્ઞાચક્ષુ કુશલ પણ હતો. કુશલે હાથ ઊંચા કરીને સ્વામીશ્રીને 'જય સ્વામિનારાયણ' કહ્યા. કાચની પેલે પાર બેઠેલા જોઈને દયાર્દ્ર થતાં સ્વામીશ્રી કહે : 'ખરો છે બીચારો, મુમુક્ષુ છે. આટલું બધું છે છતાં મોળો પડતો નથી !' આટલું કહી લીલા કરતા હોય એ રીતે કહે : 'ભગવાન આવા બીચારાને શું કામ આટલું દુઃખ આપતા હશે ?'

•

તા. ૧૪-૩-૨૦૦૯, સારંગપુર

પ્રજ્ઞાચક્ષુ કુશલ દર્શને આવ્યો હતો. સ્વામીશ્રી એને જોઈને ભાવાર્દ્ર થઈ ગયા, કારણ કે એ હંમેશાં ખુમારીમાં જ બોલતો હોય છે. આજે પ્રસાદીની કરીને માળા આપતાં સ્વામીશ્રી કહે : 'માળા આપીએ છીએ. બળ રાખજે.'

કુશલ કહે : 'મારો હાથ ઝાલી રાખજો.'

આ સાંભળતાં સ્વામીશ્રી કહે : 'મહારાજે તારો હાથ ઝાલી જ રાખ્યો છે.'

પ્રજ્ઞાચક્ષુ બાળકને જતાં જોઈ રહેલા સ્વામીશ્રીએ સંતોને સૂચના કરી કે એને પ્રસાદનું મોટું પડીકું આપજો.

•

તા. ૧૫-૩-૨૦૦૯, સારંગપુર

કપિલ ભગત રોજ શાસ્ત્રીજી મહારાજના મહિમા સંબંધી અથવા તો શાસ્ત્રોના સંદર્ભનો મુખપાઠ રજૂ કરે છે. આજે તેઓએ વચનામૃત ગઢડા મધ્ય ૧૩નો સંદર્ભ ટાંક્યો : '...અને તે સ્વરૂપને તો તમે પણ દેખો છો, પણ તમારા સમજ્યામાં પરિપૂર્ણ આવતું નથી.'

છેલ્લે તેઓએ પૂછ્યું કે 'બાપા ! આ સ્વરૂપ પરિપૂર્ણ ક્યારે સમજ્યામાં આવે ? તે માટે શું કરવું ?'

સ્વામીશ્રી કહે : 'સત્સંગ કરતાં કરતાં, સેવા કરતાં કરતાં, ભક્તિ કરતાં કરતાં સ્વરૂપ સમજ્યામાં આવશે.'

•

પ્રદક્ષિણામાં બેઠેલા સંતો સમૂહમાં બોલ્યા :

'ત્યાગે તીખા તમતમા, રસના ભોગવિલાસ;
મુક્તાનંદ સો સંત કો સદા રહત હરિ પાસ.'

સ્વામીશ્રી કહે : 'હરિ ક્યારે પાસે રહે ?'

નવા સાધકો થોડાક મૂંઝાયા, પરંતુ ખ્યાલ આવી જતાં બોલ્યા કે 'ત્યાગે તીખા તમતમા.'

સ્વામીશ્રી કહે : 'એ બધું મૂકવાનું છે. ભોગ-વિલાસ ને રસાસ્વાદ એ બધું મૂકીએ ને ભજન કરીએ તો હરિ હંમેશાં પાસે રહે.'

•

તા. ૧૬-૩-૨૦૦૯, સારંગપુર

એક મુમુક્ષુનો પત્ર હતો. તેઓએ ક્ષમાભાવના સાથે લખ્યું હતું કે ૧૯૮૬માં મને સત્સંગ થયો. ૧૯૯૯માં સંજોગોવશાત્ એક દ્વેષી માણસના કુસંગે સત્સંગમાંથી પડી ગયો, કંઠી કાઢી નાખી. એક સમયે અભક્ષ્ય ખોરાકનું સેવન પણ કર્યું અને ૨૦૦૨ની સાલમાં લકવાની અસર થઈ, દુ:ખી થઈ ગયો. હાલ મને પસ્તાવો થવા લાગ્યો છે. આપ ફરી સ્વીકારતા હો તો હું આપની તાકાતથી સત્સંગમાં આવી શકું અને ભગવાનને ભજી શકું. મને માફ કરજો. પહેલાં જેવો સત્સંગી બનાવો.'

સ્વામીશ્રીએ જવાબ લખાવ્યો કે 'આપનાથી જે ભૂલ થઈ છે એને ભગવાન માફ કરશે. સત્સંગમાં આવજો. નિયમ-ધર્મ પાળજો. વ્યસન હોય તો છોડી દેજો. સત્સંગ, ભજન-ભક્તિ કરતા રહેજો. ભગવાન બધું સારું કરશે.'

•

તા. ૧૭-૩-૨૦૦૯, સારંગપુર

સ્વામીશ્રી પ્રસાદીના ખીજડે પધાર્યા. યતિરાજ સ્વામી બોલ્યા : *'જબ તું આયા જગત મેં, જગ હસે તું રોએ; ઐસી કરણી કર ચલો, તુમ હસો જગ રોવે.'* આ સાખી બોલ્યા પછી તેઓ કહે કે 'સાખી તો બનાવી પણ કઈ કરણી કરવી, શું કરવાનું, એ કહ્યું નહીં.'

સ્વામીશ્રી તરત જ કહે : 'ભજન, કથાવાર્તા, ભક્તિ કરવું જોઈએ ને ! આજ્ઞા-ઉપાસના, નિયમ-ધર્મ દૃઢ કરવા જોઈએ.'

•

ભ્રમણ દરમ્યાન મુનિચિંતન સ્વામીએ 'વિષાદ યોગ' પર પ્રવચન કર્યું. દસ મિનિટના અંતે સ્વામીશ્રી ખુરશી ઉપર વિરાજમાન થયા ત્યારે સ્વામીશ્રીએ એને પૂછ્યું : 'તારો વિષાદ ટળી ગયો ?'

'આપ કૃપા કરો તો ટળે.'

સ્વામીશ્રી કહે : 'છેલ્લો કયો શ્લોક છે ?'

'ब्रह्मभूतः प्रसन्नात्मा ...... ॥'

સ્વામીશ્રી કહે : 'અહં-મમત્વ હોય એટલે વિષાદ થાય. અર્જુનને પણ વિષાદ થયો, પણ જ્ઞાન થયું ત્યારે વિષાદ ટળી ગયો. કોઈ આપણને મૂર્ખ કહે, ગાંડો કહે, એ વખતે જો આત્મારૂપ મનાય તો વાંધો ન આવે.'

મુનિચિંતન સ્વામી કહે : 'આપ કૃપા કરજો, જેથી આવી સમજણ આવે.'

સ્વામીશ્રી કહે : 'આપણે સમજણ કરી છે તો થઈ જશે. વિષાદ ટળી જશે.'

•

તા. ૧૮-૩-૨૦૦૯, સારંગપુર

અમેરિકામાં યોજાનારા યુવક-યુવતી સંમેલન 'કારકોન' માટે વીડિયો આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે ''આપણા મનમાં થાય કે આપણું ફ્યૂચર શું છે ? પણ ભગવાન શ્રીજીમહારાજ સર્વોપરિ આપણને મળ્યા છે, ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ મોક્ષના દાતા મળ્યા છે. એમનો આશરો આપણે થયો છે, એટલે આપણે બીજા વિચાર કરવાના હોય જ નહીં કે શું થશે ? કેમ થશે ? એમના આદેશો પ્રમાણે આપણે જીવન કરીશું તો આપણા માટે (ભવિષ્ય) કાયમ સારું જ છે. અત્યારે સારું છે ને ભવિષ્ય પણ સારું છે. શ્રીજીમહારાજે જે આપણને નિયમો આપ્યા છે એ નિયમ પ્રમાણે રહીએ તો કોઈ જાતનો વાંધો આવે નહીં. નિષ્ઠા દૃઢ હોવી જોઈએ, નિયમ-ધર્મ પણ દૃઢ હોવા જોઈએ ને નિયમિત સત્સંગ હોવો જોઈએ, તો વાંધો નથી.''

•

તા. ૧૯-૩-૨૦૦૯, સારંગપુર

સ્વામીશ્રી ભોજન અંગીકાર કરી રહ્યા હતા એ દરમ્યાન મુનિદર્શન સ્વામીએ ગીતા આધારિત સ્થિત-પ્રજ્ઞતા સંબંધી પ્રવચન કર્યું. સ્વામીશ્રી જમી રહ્યા પછી તેઓ કહે : ''ઘણા તો એવા ધર્મગુરુઓ હોય છે કે પોતાને એવોર્ડ મળે તો એમ કહે, 'This is my achivement.' ગીતામાં દરેક કર્મ ભગવાનને અર્પણ કરવાનું કહ્યું છે. જ્યારે તેઓ ગીતાનાં પ્રવચનો કરે, પણ જીવન જુદું દેખાય. જ્યારે આપને આટલું બધું

માન-સન્માન મળ્યું છતાં ક્યારેય એવું કહ્યું નથી.''

તેઓની આ વાતને અરુચિ સાથે કાપી નાખતા હોય એવા ધ્વનિ સાથે સ્વામીશ્રી કહે : 'એ લોકો જે કરતા હોય એની રીતે સારું જ હશે ! આપણે તો ભગવાનના દાસ છીએ. એમનાથી બધું છે. એટલે એમને જ અર્પણ કરવાનું હોય ને !'

•

તા. ૨૦-૩-૨૦૦૯, સારંગપુર

સ્વામીશ્રી રોજના ક્રમ પ્રમાણે યોગીજી મહારાજના ખંડમાં દર્શન કરવા પધાર્યા. નવા દીક્ષા પામેલા હરિપ્રકાશ સ્વામીએ જૂના હરિપ્રકાશ બાપલાનો સંદર્ભ ટાંકતાં કહ્યું : 'સ્વામિનારાયણ હરે...! ભાલના ભગવાન હરિપ્રકાશ સ્વામીએ વાત કરતાં કહ્યું કે અવસ્થામાં વ્યવસ્થા રહે નહીં.'

સ્વામીશ્રી કહે : 'તમારે તો બહુ વ્યવસ્થા છે.'

હરિપ્રકાશ સ્વામી કહે : 'એ બધું તમારે લીધે છે.'

'તમે બધા ભાગ્યશાળી છો, ભાગ્યશાળી આવ્યા એને લીધે છે.'

હરિપ્રકાશ સ્વામી કહે : 'આપ મળ્યા એટલે ભાગ્યશાળી.'

આ સાંભળતાં જ સ્વામીશ્રી કહે : 'ભાગ્યશાળી હો તો હવે ઊંચા-નીચા નહીં થવાનું.'

બેઠક-ઊઠક કરતા હોય એ રીતે હરિપ્રકાશ સ્વામી કહે : 'આ રીતે ઊંચા-નીચા નહીં થવાનું ?'

સ્વામીશ્રી કહે : 'એમ નહીં. કોઈ બોલી જાય, કોઈ અપમાન કરી જાય તો દુઃખ ન થવું જોઈએ, મૂંઝાઈ ન જવું જોઈએ. એ રીતે ઊંચા-નીચા ન થવું.'

•

એક મુમુક્ષુ દર્શને આવ્યા હતા. તેઓનાં પત્ની ધામમાં ગયાં હતાં. તેનો ખાલીપો તેઓને વર્તાતો હતો. વૃદ્ધ એવા આ મુમુક્ષુને વાત કરતાં સ્વામીશ્રી કહે : ''વહેલાં-મોડાં બધાંએ જવાનું જ છે ને ! એમનો આવરદા પૂરો થયો હશે – એમ માનીને સુખિયા રહેવું. એમને તો ભગવાનનો આશરો હતો, એટલે સુખિયા થઈ ગયાં છે. એમના વતી તમે પ્રાર્થના કરજો. અને 'જેવી ભગવાનની ઇચ્છા' એમ માનજો.''

એ વૃદ્ધે જ કહ્યું કે 'મારાં માતુશ્રી ૯૯ વર્ષનાં છે. હજી જીવે છે અને છેલ્લાં દસેક વર્ષથી પથારીવશ જ છે.'

આ સાંભળીને દુઃખી થતા હોય એ રીતે સ્વામીશ્રી કહે : 'એમને વહેલાં જવાનું હતું એના બદલે તમારાં પત્ની ઊપડી ગયાં.'

સ્વામીશ્રી એ ધ્વનિમાં બોલ્યા કે જાણે ખરખરો ન કરતા હોય ! એ સાંભળતાં જ પેલા હરિભક્ત સામેથી બોલવા માંડ્યા કે 'જેવી ભગવાનની ઇચ્છા.' સ્વામીશ્રીને આ જ કહેવડાવવું હતું અને શિખવાડવું હતું.

•

એક ભાઈનો વલસાડ જિલ્લામાંથી પત્ર હતો. તેઓ હીરાનું કામ કરતા હતા. હાલ મંદી છે. કુટુંબનો આધાર તેઓની આવક જ છે. તેઓની તબિયત સારી રહેતી નથી. ઘણા ભૂવા-જાગરિયાં કર્યાં પણ ફેર પડ્યો નહીં. તેઓએ લખ્યું કે 'અંતે બધે રખડીને આપની પાસે આવ્યો છું. ઘરમાં રોજ રાત્રે કોઈ બિવડાવે છે. ઘર ઉપર ખખડાવે ને બિવડાવે એવું બને છે. ભગત-ભૂવાને બતાવ્યું તો કહે, 'ઘરમાં દેવી અને ચરુ છે. તેના ઉપર બે નાગ રહે છે. એક સોનાનો અને બીજો ચાંદીનો નાગ છે. એટલે ભગત કહે છે કે દેવી ને નાગ જ તમને દુઃખી કરે છે. બધે ફરીને તમારું શરણું લીધું છે તો શું કરવું ?'

પત્ર વાંચીને સ્વામીશ્રી કહે : 'તમારે કોઈ ભગત-ભૂવાને બતાવવાની જરૂર નથી. ભગવાનનો આશરો રાખવો. બીજા બધા તમને શંકા-કુશંકા કર્યા કરાવશે. માટે બધું ભૂલી જઈ ભગવાનનો આશરો રાખીને ભજન કરો. ભગવાન સારું કરશે.'

•

તા. ૨૧-૩-૨૦૦૯, સારંગપુર

સભામંડપના પૅસેજમાં હરિભક્તો બેઠા હતા. એમાં સુરેન્દ્રનગરથી આવેલા ભરતભાઈ શાહ(લીંબડી)ને જોતાં જ સ્વામીશ્રી કહે : 'પછી મળવા આવજે.'

જૂના હરિભક્તને આ રીતે સ્વામીશ્રી સામેથી જ બોલાવીને રાજી કરે છે.

•

સ્વામીશ્રી પ્રદક્ષિણાની રૂપચોકીમાં પધાર્યા ત્યારે પરદેશી સંતો ગાઈ રહ્યા હતા :

'શીદને રહીએ રે કંગાલ રે,
જ્યારે મળ્યો મહામોટો માલ રે.'

સ્વામીશ્રીએ એ જ વાતને દૃઢાવતાં કહ્યું : 'આપણે

સાધુ થયા. નોકરી નહીં, ધંધો નહીં, બીજી કોઈ વાત નહીં, ચિંતા નહીં, કાંઈ નહીં, બધું ત્યારમ્ ત્યારા. હવે 'મને આ ન મળ્યું અને આ ન થયું' એવું કાંઈ થવું જ ન જોઈએ. મહારાજ મળ્યા, સ્વામી મળ્યા, એટલે એમાં બધું જ આવી ગયું.'

•

સ્મૃતિમંદિરે શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કરીને સ્વામીશ્રી પ્રદક્ષિણા કરવા પધાર્યા. સંતો બેસીને કીર્તન ગાઈ રહ્યા હતા. આ સંતોમાં વિરાટસ્વરૂપ સ્વામી માથે ઓઢીને બેઠા હતા. એ જોઈને વ્હીલચૅર ઊભી રખાવીને સ્વામીશ્રી કહે : 'આપ આ રીતે કેમ બેઠા છો ?'

વિરાટસ્વરૂપ સ્વામીને કાંઈ સૂઝ્યું નહીં એટલે કાંઈ બોલ્યા નહીં. એટલે તરત જ સ્વામીશ્રી કહે : 'આ દેશમાં તો કોઈ સગુંવહાલું મરી ગયું હોય તો લોકો આ રીતે માથે ઓઢીને બેસે. આપણે તો હવે રાંડવા-માંડવાનું રહ્યું નહીં ! અક્ષરધામમાં જ બેઠા છીએ, પછી શાની કાણમોકાણ કરવાની રહી ? આપણે કાણમોકાણ કરવાની છે કોઈ ? ભગવાન મળ્યા અને સંત મળ્યા એટલે અખંડ અક્ષરધામમાં જ છીએ.'

અચાનક સ્વામીશ્રીએ આ રીતે સ્મૃતિલાભ આપીને પ્રાપ્તિનો મહિમા દૃઢાવ્યો.

•

ભોજન પછી સ્વામીશ્રીએ આત્મસ્વરૂપ સ્વામીને ફોન જોડાવ્યો. ફોનમાં વાત કરતાં કહ્યું : 'કે. સી. પટેલના દીકરા (પંકજભાઈ) સારવાર માટે ત્યાં આવ્યા છે, તેમને કેમ છે ?'

આત્મસ્વરૂપ સ્વામીએ બધો રિપોર્ટ આપ્યો અને કહ્યું : 'ઘણો સુધારો છે. એમની સાથે રહેનારા કહે છે કે પહેલી વાર પંકજના મોં પર સ્માઈલ જોયું. ડૉક્ટરના આસિસ્ટન્ટ અહીં આવ્યા હતા અને દોઢ કલાક બેઠા હતા. તેઓએ વાત કરી હતી કે કુટુંબીજનોએ હૂંફ આપવાની જરૂર છે. નવ મહિના રોકાવું પડશે. બે મહિના અહીં રોકાશે અને પછી ઘરે લઈ જઈને દવા-ઉપચાર કરે તોપણ ચાલશે.'

સ્વામીશ્રી કહે : 'એમના જમવાની શી વ્યવસ્થા છે ?'

'મંદિરમાંથી જ ટિફિન જાય છે.'

'એમના સેવકો મંદિરમાં રહે છે ?'

'વારાફરતી રહે છે.'

સ્વામીશ્રી કહે : 'તો ઉતારાનું ભાડું ન લેવાય તે ખાસ જોજો. કે. સી. પટેલ આગ્રહ કરે તોપણ કહેવું કે તમારી સેવા ઘણી છે, તમારો ઘણો ભોગ છે. તમારી સેવા અમારે કરવી જોઈએ, અમારાથી તમારી આ સેવા ન લેવાય.'

•

ભ્રમણ દરમ્યાન મંગલપ્રકાશ સ્વામીએ પ્રવચન કર્યું. નવા તાલીમ લઈ રહેલા સંતો આ રીતે પ્રવચન કરીને સ્વામીશ્રીની દૃષ્ટિ અને આશીર્વાદ મેળવતા રહે છે. પ્રવચનમાં તેઓએ માટલાનું ઘડતર કુંભાર કઈ રીતે કરે છે ? એનું દૃષ્ટાંત આપ્યું હતું અને પ્રવચન પછી તેઓએ વિનંતી કરતાં કહ્યું : 'અમને પણ બહાર નીકળ્યા પછી આવા ટકોરા વાગે તો એ કસોટીમાંથી પાર ઊતરીએ એવા આશીર્વાદ આપજો.'

સ્વામીશ્રી કહે : 'ટકોરા તો વાગશે જ. સત્સંગમાં પણ ટકોરા બહુ વાગશે, પણ 'આત્મા છું, અક્ષર છું' એમ માનીએ તો અસર ન થાય, ટકોરા વાગે નહીં અને અંતર ધગી ન જાય, પાણી ટાઢું થાય.'

•

તા. ૨૨-૩-૨૦૦૯, સારંગપુર

વજુભાઈ મોદીના દીકરા હિમાંશુ મોદી દર્શને આવ્યા હતા. એની સાથે તેઓનો સુપુત્ર પણ હતો. આ નાના શિશુને પૂર્વજન્મની પ્રીત હોય એમ સ્વામીશ્રીનું જાણે વળગણ થઈ પડ્યું. સ્વામીશ્રીની સામે જ જોવા લાગ્યો. સ્વામીશ્રીએ પણ એને વહાલ કરવામાં પૂરતો સમય આપ્યો. હિમાંશુએ એ છોકરાને સ્વામીશ્રી સમક્ષ ધરી દીધો ને એ શિશુએ સ્વામીશ્રીનો હાથ પકડી લીધો. સ્વામીશ્રી એ જોઈને કહે : 'બસ, આ જ કરવાનું છે.'

અમૃત નજરે એના તરફ નિહાળીને સ્વામીશ્રીએ સારું સુખ આપ્યું.

•

તા. ૨૩-૩-૨૦૦૯, સારંગપુર

સારંગપુરના બી.એ.પી.એસ. વિદ્યામંદિરના દશમા ધોરણના વિદ્યાર્થીઓ બેઠા હતા. એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં આજે ગણિતનું પેપર હતું. શાળામાં સેવા આપતા પુણ્યકીર્તિ સ્વામી કહે : 'આજે આ લોકોનું અઘરું પેપર છે.'

સ્વામીશ્રીએ તરત જ વાત કાપતાં કહ્યું : 'અઘરું કહેવું જ નહીં, સહેલું જ છે.' આમ કહીને વિદ્યાર્થીઓને સંબોધતાં કહે : 'મહારાજને સંભારીને પરીક્ષા આપજો, બધું સહેલું થઈ જશે.'

•

અલ્પાહાર દરમ્યાન વિદ્યાર્થી સંતોએ સ્વરચિત શ્લોકોનું ગાન કર્યું. આ સંતો પૈકીના ભક્તિવત્સલ સ્વામીએ જે શ્લોકો બનાવ્યા હતા, એનો ભાવાર્થ એમ હતો કે જેમ ભગતજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને વશ કર્યા ને આપે શાસ્ત્રીજી મહારાજને વશ કર્યા, એમ અમે પણ આપને અને ભગવાનને વશ કરી શકીએ એવો જાદુ અમને શીખવો.

સ્વામીશ્રી કહે : 'આ માર્ગે આવ્યા છો એટલે ભગવાન વશ થઈ જશે.'

આટલું કહ્યા પછી અધ્યાત્મ-માર્ગની વિશેષ સ્પષ્ટતા કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'નિયમ બરાબર પાળીએ, સાધુતા બરાબર રાખીએ, એટલે બધા સંકલ્પો સિદ્ધ થશે.'

•

તા. ૨૪-૩-૨૦૦૯, સારંગપુર

એક યુવક મૂંઝવણમાં હતો. નોકરીમાં કામ કરી રહેલી અન્ય જ્ઞાતિની છોકરી સાથે એને પ્રેમ હતો, પરંતુ છોકરીનાં માબાપના જડતાભર્યાં વલણને લીધે કોઈ પણ સ્થિતિ સ્પષ્ટ થતી ન હતી. બંને એકબીજાને લગ્નનું વચન આપીને બેઠાં હતાં. આ સંદર્ભમાં એણે સ્વામીશ્રી સમક્ષ મૂંઝવણ વ્યક્ત કરતાં કહ્યું કે એના વગર હું રહી નહીં શકું.

સ્વામીશ્રી કહે : 'આવી પ્રતિજ્ઞાઓ ન લઈ લેવી. સંસાર છે એટલે જે પરિસ્થિતિ આવે એને અનુકૂળ થઈ નિર્ણય લેવાનો રાખવો. તમારો પ્રેમ ઓછો નથી, પણ પરિસ્થિતિને લીધે જ્યારે બંને કુટુંબો દુઃખી થતાં હોય અને એકાદ કુટુંબને સત્સંગમાં ઘસારો લાગે એવી પરિસ્થિતિ થતી હોય ત્યારે વિચારીને આગળ વધવું. છોકરી મક્કમ હોય તો એનાં માબાપને સમજાવે ત્યાં સુધી તારે થોડીક ધીરજ રાખવી.'

વળી, એ યુવકે પૂછ્યું કે 'જો ભગવાનની ઇચ્છા જ ન હોય તો મારા જીવનમાં એ છોકરીનો પ્રવેશ શું કામ કરાવ્યો ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાન તો કસોટી કરે. ભગવાનનું કામ બંને ભેગું છે. આપે પણ ખરા અને સાથે સાથે તાવે પણ ખરા. કસોટી પણ કરે. માટે ભગવાન કર્તા છે – એમ સમજે તો સત્સંગનો મહિમા પણ રહે અને શાંતિ રહે. કરાવ્યું હતું પણ એમણે અને તૂટે તો એ પણ એમની ઇચ્છાથી. બંને ભગવાન જ કરાવે છે. એટલે એમને કર્તા માનીશ તો બીજો વિચાર નહીં આવે. ભગવાને કેમ આમ કરાવ્યું ? એવું વિચારવાની જરૂર નથી, કારણ કે ભગવાન કોઈનું અહિત કરતા નથી. એ જે કરે છે એ સારા માટે જ છે.'

•

તા. ૨૫-૩-૨૦૦૯, સારંગપુર

શ્વેતાંબર સંપ્રદાયના વડીલ આચાર્ય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ અને તેઓના ગણને સ્વામીશ્રી મળ્યા. આચાર્ય પ્રેમસૂરીશ્વરજી મહારાજને છેલ્લા ઘણા વખતથી સ્વામીશ્રીને મળીને પોતાની ભાવના વ્યક્ત કરવાની ઇચ્છાઓ હતી. અને એટલા માટે જ ગઈકાલથી તેઓ અહીં આવી ગયા હતા.

સ્વામીશ્રી સમક્ષ તેઓ આવ્યા. તેઓની ઉંમર પણ ૯૦ વર્ષની હતી. તેઓ પણ વ્હીલચૅરમાં બેઠેલા હતા. પોતાની ભાવના વ્યક્ત કરતાં તેઓ કહે : 'આપનું નામ અને આપની પ્રવૃત્તિથી ઘણા વખતથી અમે પરિચિત છીએ. આજે આપને મળવાથી ખૂબ આનંદ થયો. ઘણા વખતથી મનમાં એમ થતું હતું કે કોઈ અવસરે મળવાનું થાય તો વાત કરવી છે. આજે અનાયાસે આ અવસર આવી ગયો.

મૂળ તો હું નાનો હતો ત્યારથી એકતાના સંસ્કારો મારા જીવમાં પડેલા છે. સ્કૂલમાં ભણતા ત્યારે બધા હિન્દુ છોકરાઓ હોય, પણ એક વિધર્મી છોકરો આવીને દાદાગીરી કરે ત્યાં તો બધા ભાગી જાય. એ વખતથી મનમાં થતું કે આપણામાં સંપ કેમ નથી થતો ? આજે જોઈએ છીએ તો આખા રાષ્ટ્રમાં એ જ દશા છે. એટલે મારી ભાવના છે કે હિન્દુઓમાં એકતા થાય. અને હું માનું છું કે એ એકતા આપનાથી જ થશે. મારો આત્મા એ કહે છે. આપની પ્રવૃત્તિ સમગ્ર ભારતમાં ફેલાય એવી ભાવના છે. જે બધા જ હિન્દુઓને એક કરી શકશે. આજે હિન્દુઓની બહુમતી હોવા છતાં શું દશા છે ? આપણને કોઈ ધર્મ કે સંપ્રદાય સાથે વાંધો નથી,

પણ રાજકીય હેતુઓ સિદ્ધ કરવા માટે સમગ્ર પ્રજાને છિન્ન-ભિન્ન કરે એ કેમ પાલવે ? એટલે મારું માનવું છે કે હિંદુ ધર્મ એવો છે કે કોઈ એને તોડી તો નહીં શકે, પણ એને એક કરવાનું કાર્ય આવશ્યક છે. આપના દ્વારા એ કાર્ય થઈ રહ્યું છે.'

સ્વામીશ્રી કહે : 'આપની ભાવના સારી છે. ભગવાન બધું કરશે.'

જૈન મુનિ કહે : 'આજે પરિસ્થિતિ એવી છે કે નાશ કરનારા નાયક બની ગયા છે અને આપણું કોઈ રહ્યું નથી. આપ સમર્થ છો, પ્રમુખસ્વામી છો. નામ પ્રમાણે આપનો પ્રભાવ બધે જ છે.'

સ્વામીશ્રી કહે : 'બધા પ્રમુખ કહે છે, પણ ભગવાનના દાસ છીએ. અને સંગઠન માટે બધાએ સંપ તો કરવો જ જોઈએ. તમારો સંકલ્પ છે તો ભગવાન પૂરો કરશે. આટલી ઉંમરે તમને કેટલું જોશ છે !'

જૈન મુનિજી કહે : 'આપ સમર્થ છો. આપ જે ધારો એ કરી શકશો.'

સ્વામીશ્રી કહે : 'કર્તા ભગવાન છે. એ એવી પ્રેરણા કરશે કે બધું જ સારું થઈ જશે. ભગવાને બધામાં શક્તિ મૂકી છે, એટલે ભગવાન સારું જ કરશે.'

સાથેના એક જૈન મુનિએ કહ્યું : 'આપનું આયુષ્ય ૧૦૮ વર્ષ રહે એ ભાવના છે.'

સ્વામીશ્રી કહે : 'ભગવાન રાખશે એટલું રહીશું.'

સ્વામીશ્રીએ તેઓના સૌજન્ય બદલ આભાર માન્યો.

•

તા. ૨૬-૩-૨૦૦૯, સારંગપુર

સ્વામીશ્રી મંદિર ઉપર પાછળની બાજુએ રૂપચોકીમાં પધાર્યા. દરરોજની જેમ રૂપચોકી આખી ભરાયેલી હતી. પરદેશના સંતો-પાર્ષદો-સાધકો અહીં ઊમટ્યા હતા. રૂપચોકી ઉપરાંત પ્રદક્ષિણામાં પણ બાકીના ઊભા હતા. સૌએ સમૂહગાન કર્યું : *'કેદી દેશો મા દેહાભિમાન... અધર્મ થકી ઉગારી લેજો...'*

સ્વામીશ્રી કહે : 'ઉગારી લીધા. હવે અહીં આવી ગયા છો તો ભગવાન ધ્યાન રાખશે, ઉગારી લેશે. ફોટોગ્રાફર પાસે ફોટો પડાવવા જઈએ તો ફોટામાં મોઢું સરખું રાખવું પડે. (આટલું કહેતાં મોઢું બગાડતા હોય એવો અભિનય સ્વામીશ્રીએ કર્યો.) ફોટોગ્રાફર તો ફોટો પાડવા જ બેઠો છે, પણ મોઢું સરખું આપણે રાખવાનું છે. એમ એ તો ઉગારવા આવ્યા જ છે. આપણે સરખા રહેવાનું છે.'

•

અમદાવાદ-બકરીપોળવાળા માણેકભાઈ, ઘનશ્યામભાઈ તથા બળદેવભાઈ આવ્યા હતા. બે દિવસ પહેલાં સ્વામીશ્રીએ સાંજે પત્રવાચન કરતાં કરતાં યાદ કર્યા હતા ને કહ્યું કે 'હું રોજ એમને જોઉં છું, તો મળવા કેમ આવતા નથી ?'

મેં કહ્યું : 'માણેકભાઈ તો એમ કહેતા હતા કે બાપાએ ઘણું સુખ આપ્યું છે. એમને હવે આપણે ભીડો આપવો નથી. જો અમે જૂના સત્સંગીઓ જ નહીં સમજીએ તો બાપાનો ભીડો કઈ રીતે ઓછો થશે ?'

સ્વામીશ્રી કહે : 'આમાં ક્યાં આપણને ભીડો છે ? એવા હોય એમને તો ખાલી પસાર જ થવાનું હોય છે. એમને કહેજો કે મળવા આવી જાય.'

આ રીતે સ્વામીશ્રીએ તેઓને સામેથી મળવા બોલાવ્યા હતા.

ગઈકાલે મળનારાઓની સંખ્યા વધારે હોવાથી મેં કહ્યું કે 'માણેકભાઈને આવતીકાલે રાખ્યું છે, કારણ કે આજે મળનારાઓ વધારે છે.'

સ્વામીશ્રી કહે : 'એકદમ બરાબર છે. સારું થયું, એમને કહી આવ્યા.'

આજે જ્યારે તેઓને જોયા ત્યારે સ્વામીશ્રી કહે : 'માણેકભાઈ ! રોજ યાદ કરું છું. કેમ મળવા આવતા નથી ?'

માણેકભાઈ કહે : 'આપને ભીડો ખોટો શું કામ આપવો ?'

સ્વામીશ્રી ભાવાર્દ્ર થઈને કહે : 'ભગતજીએ (અંબાલાલ ભગતે) જ્ઞાન આપ્યું છે, પણ આમાં કાંઈ ભીડા જેવું છે નહીં. તમારે તો આવી જવું. મળી લઈએ એટલે આનંદ થાય.'

સ્વામીશ્રીએ સામેથી મળવા બોલાવીને તેઓને યાદ કરીને આશીર્વાદ આપ્યા.

•

એક યુવક આવ્યો. પરણેલો હતો, પણ બીજી છોકરી સાથે મન લાગી ગયું હતું. એના આવા કૃત્યથી ઘરના વડીલોથી માંડીને સૌ દુઃખી હતા.

સ્વામીશ્રી પાસે આજે એ આવ્યો ત્યારે સંતોએ આ હકીકતની જાણ કરી. એટલે સ્વામીશ્રીએ પૂછ્યું : 'પત્ની સાથે નથી ફાવતું ?'

'ના, બને છે ને ! બધું ફાવે છે !'

'તો પછી ખોટું બીજું શું કામ કરે છે ? બીજાને વળગે એમાં કોઈને સુખ નહીં, શાંતિ નહીં અને ઉચાટથી જીવવું પડે. એના કરતાં જેને અગ્નિની સાક્ષીએ પરણ્યા છીએ એને વફાદાર રહે. એમાં જ સુખ અને શાંતિ મળશે. નહીં તો તારું અને તારા છોકરાઓનું ભવિષ્ય પણ બગડશે. માટે મહારાજની આજ્ઞા પ્રમાણે રહેજે.'

•

એક હરિભક્તનો અમેરિકાથી ફેક્સ આવ્યો હતો. ફેક્સ ઝાંખો હતો એટલે સ્વામીશ્રીએ ધર્મચરણ સ્વામીને કહ્યું કે 'શું કહેવા માગે છે ?'

ધર્મચરણ સ્વામીએ ફેક્સ વાંચી સંભળાવ્યો. તેઓએ લખ્યું હતું કે 'અમે જેમ જેમ આપની નજીક આવવા પ્રયત્ન કરીએ છીએ તેમ તેમ આપ દૂર થાવ છો. સંતો અમને એમ સમજાવે છે કે દુઃખ તો આવે, પ્રારબ્ધ તો ભોગવવું પડે; પણ અમે પણ એ દુર્ભાગ્ય સ્વીકારી લીધું છે. અનંત પ્રશ્નો અને વિઘ્નોથી જીવન ભરાઈ ગયું છે. આપ અંતર્યામીપણે જાણો જ છો. સર્વકર્તા ભગવાને જે કંઈ કર્યું તે મારા સારા માટે જ હશે – એમ વિશ્વાસ રાખીને જીવનમાં આવતાં દુઃખોને સહન કરતા રહ્યા. પણ જો હવે પ્રારબ્ધ પૂરું થયું હોય તો અમને મૃત્યુ આપીને સુખી કરજો.'

તેઓએ ફેક્સમાં આટલું જ લખ્યું હતું. શું તકલીફ છે એ વિગત લખી ન હતી. એટલે સ્વામીશ્રી કહે : 'શું તકલીફ છે એ લખ્યું નથી, પણ ભગવાનને પ્રાર્થના કરીશું. ભગવાન સારું કરે અને શાંતિ થાય.'

સ્વામીશ્રીએ દયાર્દ્ર ભાવે એ અજાણ્યા મુમુક્ષુ માટે અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરી.

•

તા. ૨૭-૩-૨૦૦૯, સારંગપુર

ચૈત્રી પડવા-ગુડી પડવાના સંદર્ભ સાથે સંતોએ આજે સમૂહમાં કીર્તન ગાયું : *'જેમ જનનીને હૈયે હેત છે, સદા સુત ને સાથ, અરોગી કરવા અર્ભકને, પાયે કડવેરા ક્વાથ.'*

'આજે ચૈત્રી પડવો છે. લીંબડો પીધો ?' સ્વામીશ્રીએ વિરાટસ્વરૂપ સ્વામીને પૂછ્યું.

તેઓને કડવા પ્રત્યે અત્યંત અરુચિ હોઈ કાંઈ બોલ્યા નહીં. એટલે સ્વામીશ્રીએ બીજો પ્રશ્ન પૂછ્યો : 'અર્ભક એટલે શું ?'

એનો અર્થ પણ તેઓને ખ્યાલમાં ન હતો. એટલે સ્વામીશ્રીએ વિવરણ કરતાં કહ્યું : 'અર્ભક એટલે બાળક. બાળક જન્મે અને નીરોગી રહે એ માટે મા એને કડવાં ઔષધ પાય છે. કારણ ? એને મજબૂત કરવો છે, પણ દુઃખ નથી દેવું. એમ ભગવાન અને સંત આપણને કડવાં ઔષધ પાય એ આપણા સારા માટે છે.'

પ્રસંગમ્



એપ્રિલ ૨૦૦૯

પ્રસંગમ્

નીલકંઠ વર્ણી - ગુરુપરંપરા પ્રતિષ્ઠા મહોત્સવ... મુંબઈ, ૨૭-૪-૨૦૦૯



'આજે નીલકંઠ વર્ણી અહીં વિરાજમાન થયા છે.
તો નીલકંઠ વર્ણીને પ્રાર્થના કરીએ કે આ મૂર્તિનાં જે દર્શન કરે અને અભિષેક કરે
એ બધાંયના સંકલ્પો મહારાજ પૂરા કરે. ભગવાન તો દરેકના સંકલ્પો પૂરા કરવા જ આવ્યા છે.
આપની ભક્તિ અને આપનું સમર્પણ પણ એવું છે કે એ જોઈને ભગવાન રાજી થશે.
અહીં જે કોઈ મન, કર્મ, વચનથી સેવા કરશે એ બધાનું મહારાજ એકોત્તર પેઢી સુધી કલ્યાણ કરશે.
અહીં હજારો માણસ દર્શન કરશે અને એ બધાનું કલ્યાણ થાય એ માટે મહારાજને પ્રાર્થના છે.'

– પ્રમુખસ્વામી મહારાજ

તા. ૧-૪-૨૦૦૯, સારંગપુર

મંદિરે દર્શન કરવા માટે પધારેલા સ્વામીશ્રી પ્રદક્ષિણાની રૂપચોકીમાં પધાર્યા. સંતો, પાર્ષદો અને સાધકોએ સમૂહમાં કીર્તન ઉપાડ્યું : *'કરીએ રાજી ઘનશ્યામ....'* તેઓ અટકી ગયા એટલે તરત જ સ્વામીશ્રીએ પૂછ્યું : 'આગળ બોલો ને ! ભૂલી ગયા ?'

સૌ સંતો બોલ્યા : *'તો સરે સર્વે કામ રે સંતો.... કરીએ રાજી ઘનશ્યામ.'*

સ્વામીશ્રી કહે : 'એક ભગવાનને રાજી કરીએ એટલે બ્રહ્માંડ રાજી થઈ જાય. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ રાજી થાય તો બધા રાજી થઈ જાય. આ દુનિયામાં સગાંવહાલાં, મિત્ર કે કોઈ રાજી થાય એમ જ નથી. ભલે ઘસાઈ જઈએ ! પણ ભગવાન એક એવા છે કે આપણી થોડી ભક્તિ પણ બહુ માની લે છે કે આ પોતાનું જીવન સમર્પણ કરીને આવ્યો છે. એટલે જો ભગવાનને રાજી કરીએ તો કાયમ માટે સુખી થઈ જવાય. આપણે બધું ત્યાગ કરીને બેસી ગયા, હવે સારામાં સારા સાધુ થવાય એ જાણપણું રાખવું અને ભગવાનને સંભારીને ભજન કરતા રહેવું.'

•

સ્મૃતિમંદિરે દર્શન કરી સ્વામીશ્રી શ્રીજીમહારાજના પ્રસાદીના ખીજડાના વૃક્ષ આગળ દર્શને પધાર્યા. અહીં સંતો, પાર્ષદ, સાધકો અને યુવકો ઊભા હતા. આ સંતો રોજ નવાં નવાં સુવાક્યો અહીં બોલતા રહે છે.

આજે સૌ સમૂહમાં બોલ્યા : 'બાપા ! વી લવ યુ.'

સ્વામીશ્રીએ અજાણ્યા હોય એ રીતે પૂછ્યું : 'શું, આ કવિતા છે ?'

ગુરુ અને શિષ્ય, ભગવાન ને ભક્ત વચ્ચેનો પ્રેમ છે એ જ શું દુનિયાનું ઉત્તમમાં ઉત્તમ કાવ્ય નથી ?

તા. ૨-૪-૨૦૦૯, સારંગપુર

યોગીજી મહારાજના ખંડમાં વિશ્વેશ ભગતે યોગીજી મહારાજનું વાક્ય કહ્યું, જેમાં સંબંધવાળાનો મહિમા સમજવાનો નિર્દેશ હતો. આ અનુસંધાનમાં હરિપ્રકાશ સ્વામી કહે : 'પ્રસાદીના દરવાજાને દંડવત્ થાય, પણ સંબંધવાળા ભક્તોને થતા નથી.'

'તો આ બધાને કરવા માંડ.' સ્વામીશ્રીએ સંતોને નિર્દેશીને કહ્યું. એટલે તેઓ ઊભા થયા ને સ્વામીશ્રીને દંડવત્ કરતાં કરતાં કહે : 'પહેલાં આપને કરી દઉં.'

સ્વામીશ્રી કહે : 'ના, હું જઉં, પછી આ બધા સંતોને કર.'

આ રીતે નિર્માની થવાય તો જ મહિમા અંતરથી પ્રગટે એ નિર્દેશ સ્વામીશ્રીએ આપ્યો.

•

એક યુવકને દસ વર્ષથી સંતાન ન હતું. એને કારણે એના સમાજનાં મેણાંટોણાંથી માંડીને સ્વામિનારાયણ ધર્મ મૂકી દેવા સુધીનું દબાણ હતું. ખુદ એનાં પત્ની પણ સત્સંગ મૂકી દેવા માટે દુરાગ્રહ કરી રહ્યાં હતાં. એ વીતક-કથા એ યુવકે રજૂ કરી ત્યારે સ્વામીશ્રીએ તરત જ કહ્યું : 'દીકરો થાય - ન થાય એ ભગવાનના હાથમાં છે, પણ એને કારણે સત્સંગ મૂકી દેવાના ખોટા વિચારો કરવા નહીં. સત્સંગ હશે તો ક્યારેક મહારાજ દયા કરશે ને સુખી થવાશે. માટે એવા વિચારો ન કરવા. ઘરમાં બધાને સમજાવજે.'

•

એક યુવક પહેલાં સત્સંગ-સેવામાં ઘણી જવાબદારી સંભાળતો હતો, પરંતુ એના વિકલ્પમાં બીજા કોઈને શિરે એ સેવા મૂકી દેતાં તેઓનું મન પાછું પડી ગયું હતું. આ યુવકને જોતાં જ સ્વામીશ્રી કહે : 'ઘણા દિવસે

દેખાયો.' આટલું કહીને સ્વામીશ્રી જ કહે : 'એની સેવા ગઈ એટલે હવે મંદિરે નથી આવતો, પણ હું તને એટલું કહું છું કે બીજું બધું ભૂલી જવું. તેં સેવા કરી છે એ સાચી છે. મમત્વ રાખીને સેવા કરી છે. માટે જ્યારે જેટલી સેવા મળી એમાં મહારાજનો રાજીપો થઈ ગયો છે. હવે બીજી કોઈ આંટી રાખવી નહીં. આપણે મોટા થઈએ પછી દીકરાને ધંધો સોંપી દઈએ જ છીએ ને ! એમ બીજા કરનારા કરતા હોય તો આપણે રાજી થવું, અને પ્રાર્થના કરવી, પણ કોઈને બે શબ્દો અભાવના કહેવા નહીં. તારે લઈને બે માણસ પાછા પડે એ કેવું કહેવાય ! તારું કુટુંબ તો જો ! માટે એવું કરવું જ નહીં. મંદિરની જમીન લેવામાં પણ તારો જ ફાળો હતો. એટલે બીજો વિચાર કરીશ નહીં. મહારાજ તારા પર રાજી જ છે.'

•

એક આધેડ વયના હરિભક્ત આવ્યા. તેઓની બંને કિડની ફેલ થવાને આરે હતી. તેઓ કહે : 'મને છાપું વાંચવાનું બહુ જ વ્યસન છે. આપે સ્વપ્નામાં કહ્યું કે વચનામૃત વાંચ. એટલે આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી કહે : 'સ્વપ્નામાં બધું કહી જ દીધું છે ને ! હવે બીજું શું કહેવાનું ? પણ દુનિયા કરતાં ભગવાનનું સમજાય એ કરો, બાકીનું બધું મૂકો.'

•

તા. ૩-૪-૨૦૦૯, સારંગપુર

આજે શ્રીહરિ જયંતીના દિવસે સ્વામીશ્રી દર્શન કરતાં કરતાં રૂપચોકીમાં પધાર્યા ત્યારે સૌએ ગાયું *'આજે ધર્મ-ભક્તિને દ્વાર નોબત વાગે રે લોલ....'*

'શું વાગ્યું ?'

'નોબત.'

સ્વામીશ્રી કહે : 'What is નોબત ?'

સ્વામીશ્રીના પ્રશ્નનો વિરાટસ્વરૂપ સ્વામી અને અન્ય કોઈ પાસે ઉત્તર ન હતો. એટલે સ્વામીશ્રીએ તેઓને સમજાય એ રીતે કહ્યું : 'જુદાં જુદાં પ્રકારનાં નગારાં હોય છે, એમ નોબત પણ એવું જ એક વાદ્ય છે. આ નોબત એમને દ્વાર વાગે એટલે દરેકનું કલ્યાણ થાય. Do you understand ?'

•

ભદ્રેશદાસ સ્વામી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં આવેલો મૃત્યુ પછીના પ્રદેશનો પોતે લખેલો લેખ વાંચી રહ્યા હતા. કઠ ઉપનિષદના નચિકેતાના આખ્યાનની વિગતો વંચાતી હતી. એમાં ન આવેલી વિગત કહેતાં ભદ્રેશ સ્વામીએ કહ્યું કે બ્રાહ્મણના દીકરાને ભૂખ્યો રાખ્યો અને જમાડ્યા નહીં, એ વાત કઠ ઉપનિષદમાં અમુક શ્લોકમાં આવે છે.

સ્વામીશ્રી કહે : 'એટલે આજે પણ ભૂખ્યા ન રાખવા એમ કહે છે ?' એટલું કહીને સ્વામીશ્રી કહે : 'પેલું શાસ્ત્રનું વચન છે, પણ સાથે સાથે સત્પુરુષનું વચન યાદ આવે ને ! શાસ્ત્રીજી મહારાજે કહ્યું છે ને કે (હરિ જયંતીના દિવસે નિર્જળ) ઉપવાસ જ કરવા, એટલે કરવાના જ.' સ્વામીશ્રીએ પાંચમો વેદ દર્શાવ્યો.

•

તા. ૪-૪-૨૦૦૯, સારંગપુર

મંદિરની રૂપચોકીમાં પરદેશી સંતોએ કીર્તનની કડી ગાઈ : *'હઠ, માન ને ઈર્ષ્યા ત્યાગી, સૌનું ખમતા રહીએ.'*

'કોનું ?' સ્વામીશ્રીએ પ્રશ્ન પૂછ્યો.

વિરાટસ્વરૂપ સ્વામી કહે : 'સૌનું.'

સ્વામીશ્રી કહે : 'ખમવાનું એટલે શું ? પેલા ખમણ આવે છે એ ? ઢોકળા આવે છે એ કે ઢેબરા આવે છે એ ? હેં !'

વિરાટસ્વરૂપ સ્વામી કહે : 'સહન કરવું.'

સ્વામીશ્રી કહે : 'બરાબર છે. સહન કરવું. કોઈ ગમે તે બોલે ને ગમે તે કહી જાય કે અમથા અમથા શું રખડો છો ? કાંઈ કામબામ છે કે નહીં ? કંઈ કરતો તો નથી ! આવું બધું જ કહેશે. એ વખતે કેવું લાગે ?'

આટલું કહ્યા પછી થોડીક ક્ષણોના મૌન પછી કહે : ''આનંદ, આનંદ, આનંદ જ થવો જોઈએ. એમ સમજવું કે ભલે મને ટોકે છે, પણ મારા સ્વભાવના દુશ્મન છે. અમારા આ બાજુના એક ગામના દરબાર હતા, એને હકાભાઈ બહુ જ ખીજવતા, તો કહે, 'મારા સ્વભાવના દુશ્મન છે, બાકી મારા તો મિત્ર છે !' એ રીતે કોઈ આપણને કહે, મારી જાય, ટોકી જાય, તો પણ રાગદ્વેષ રાખવો નહીં અને સમજવું કે 'મારા સ્વભાવના દુશ્મન છે, બાકી મારા તો મિત્ર છે !''

•

નારાયણમુનિ સ્વામી સ્વામીશ્રીની રૂમમાં આવ્યા. તેઓ સ્વામીશ્રીને કહે : 'મને એમ કે ગઈકાલનો

આપને ઉપવાસ છે એટલે આપ આરામ કરતા હશો, પણ આપ તો પત્ર વાંચો છો.'

સ્વામીશ્રી કહે : 'શેનો ઉપવાસ ? મેં તો ફરાળ કરેલું. ઉપવાસ તો તમે બધાએ કરેલો.'

ધર્મચરણ સ્વામી કહે : 'વલ્લભ સ્વામી તો એમ કહેતા હતા કે સાંજે તો ફરાળમાં કાંઈ જ લીધું ન હતું.'

સ્વામીશ્રી કહે : 'ફરાળ તો એક ટાઇમ થોડું લેવાનું હોય. બે ટાઇમની જરૂર નહીં.'

નારાયણમુનિ સ્વામી કહે : 'આપે તો બહુ ઉપવાસ કર્યા છે.'

સ્વામીશ્રી કહે : 'ઉપવાસની ચિંતા જ નથી.'

નારાયણમુનિ સ્વામી કહે : 'એ વખતે પારણામાં લીંબુનું પાણી પીતા ?'

સ્વામીશ્રી કહે : 'ખીચડી અને છાસ એવું હોય. એ ઘડીએ લીંબુનું પાણી નહીં.'

નારાયણમુનિ સ્વામી કહે : 'વૃદ્ધત્વને લીધે અને શાસ્ત્રની રીતે પણ આપ તો ઉપવાસ ન કરો તોપણ વાંધો નથી.'

સ્વામીશ્રી કહે : 'રુચિ પ્રમાણે કરવા દેવું.'

૮૯ વર્ષની આ ઉંમરે તપ થાય એ એમની રુચિ છે.

•

તા. ૫-૪-૨૦૦૯, સારંગપુર

એક મુમુક્ષુને ગ્રીન કાર્ડ મળતાં તેઓ સ્વામીશ્રીનો આભાર માનવા જ અમેરિકાથી ખાસ આવ્યા હતા. સ્વામીશ્રીની કૃપા, આશીર્વાદ અને પ્રયત્નથી તેઓને ગ્રીન કાર્ડ મળ્યું હતું. સ્વામીશ્રીએ ખૂબ આશીર્વાદ આપ્યા અને છેલ્લે સ્વામીશ્રી કહે : 'સિગરેટનું કેમ છે ?' તેઓની આ સૌથી મોટી મર્યાદા હતી. પંદરથી વીસ વખત સ્વામીશ્રીએ જ્યારે આવે ત્યારે આ વ્યસન છોડવાની વાત કરી હતી.

તેઓ કહે : 'બે દિવસ આપો.'

સ્વામીશ્રી કહે : 'બે દિવસની પણ શું જરૂર ? કેટલા વખતથી વાત કરીએ છીએ ? ભારત મૂકીને અમેરિકા ગયા કે નહિ ?'

'હા.'

'કેમ ?'

તેઓ મૌન રહ્યા. એટલે સ્વામીશ્રીએ જ કહ્યું કે 'વધારે લાભ મનાયો તો ભારત આખું છૂટી ગયું. તો આ ભગવાનને રાજી કરવાના છે, ભગવાન રાજી થાય એનાથી મોટો લાભ શું ? એ લાભ માનો તો સિગરેટ છૂટી જશે.' એમ કહીને સ્વામીશ્રીએ તેઓને હાથમાં જળ આપ્યું. શ્રદ્ધાથી સ્વામીશ્રી આ રીતે એક એક વ્યક્તિને સદાચારના માર્ગે વાળી રહ્યા છે.

•

એક યુવક આવ્યો એને એક છોકરી સાથે પ્રેમ હતો, પણ છોકરીએ બીજે લગ્ન કરી લીધાં. એને કારણે એ હતાશ થઈ ગયો હતો. સ્વામીશ્રી કહે : 'દુઃખી તું શું કામ થાય છે ? જો તારી જોડે સાચો પ્રેમ હોત તો એ બીજે લગ્ન ન કરત. એટલે આપણે દુઃખી થવાની જરૂર નહિ. મહારાજની ઇચ્છાથી બીજે સારું મળશે, પ્રાર્થના કરજે.'

•

એક પિતાને વળી તેઓના પુત્રના અન્ય જ્ઞાતિમાં લગ્ન નક્કી થયાં એ ગમ્યું ન હતું. સ્વામીશ્રી આગળ પહેલાં વાત કરી હતી, એ વખતે તેઓ બોલી શક્યા ન હતા, પણ પાછળથી તેઓએ કાગળ લખીને આ બાબતમાં અસંતોષ વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું : 'મને શંકા છે કે મારી બધી મિલકત પડાવી લેશે.'

સ્વામીશ્રીએ એ હરિભક્તને ખાસ રોક્યા હતા. આજે તેઓ નીકળવાના હતા અને આજે મુલાકાતીઓની ભીડ સારી એવી હતી. છતાં તેઓને ખાસ બોલાવીને પાંચ મિનિટ સુધી વાત કરતાં તેઓને કહ્યું : 'તારો કાગળ વાંચ્યો છે. તે દા'ડે ભેગા હતા ત્યારે વાત કરવી હતી ને ?'

એ હરિભક્ત કહે : 'પણ એ દા'ડે મને આવો ખ્યાલ પણ ન હતો. હું અમદાવાદ ગયો પછી મને આવી શંકા પડવા માંડી.'

સ્વામીશ્રી કહે : 'જો એક વખત વાત નક્કી થઈ ગઈ, પછી આ રીતે લોચો થાય એ સારું નહિ. બધે વાત થઈ ગઈ હોય અને પછી તોડી નાખે તો તારા કુંટુંબનું પણ સારું ન દેખાય, પણ છતાંય તારું મન ન હોય તો અમને જરાય આગ્રહ નથી. પણ હું તને એમ કહું છું કે તને જે શંકા છે કે મારા બધા પૈસા લઈ જશે એ તો શક્ય જ નથી. મિલકત તારા નામે છે. તું જ્યાં સુધી કોઈને ભાગ નહિ આપે ત્યાં સુધી કોઈ લઈ

શકવાનું નથી. કોણ લઈ જાય ? કારણ કે મિલકત તારી છે. છોકરા સારા છે, તારી સેવા પણ કરશે. માટે એવી ગભરામણ રાખવાની જરૂર નહિ. તું તારી રીતે તારા નામે મિલકત રાખજે ને જ્યારે છોકરાને આપવી હોય ત્યારે આપજે. છોકરા ઉપર વિશ્વાસ રાખ અને ભગવાન ઉપર પણ વિશ્વાસ રાખ. જરાય બીજો વિચાર ન કરતો.' સ્વામીશ્રીએ તેઓને સમજાવીને રાજી કર્યા.

•

એક કુટુંબમાં સહિયારા ધંધામાં ખોટ ગઈ એને કારણે બંને ભાઈઓ વચ્ચે ઝઘડો ચાલુ હતો. સ્વામીશ્રીએ આ સાંભળીને બંને ભાઈઓને કહ્યું : 'બે જણા અંદરોઅંદર લડાલડ કરશો કે તેં ભૂલ કરી અને તેં ભૂલ કરી, તો કાંઈ વળવાનું છે ? એના કરતાં બેય સંપીને કામ કરવા મંડો ને ! બેય મળીને કામ કરશો તો પાછા ઊંચા આવી જશો. અમથા અમથા સમય બગાડવા કરતાં ભેગા થઈને ભજન કરો ને !'

•

તા. ૬-૪-૨૦૦૯, સારંગપુર

જનક ભગતે શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના દિવ્યભાવ અને મનુષ્યભાવનાં ચરિત્રોની વાત કરીને કહ્યું : 'આજે અમને આપનામાં એ શંકા જાય કે આપ આટલા બધા સમર્થ છો, અનંત કોટિ બ્રહ્માંડ રોમે રોમે ઊડતાં ફરે છે, છતાં અત્યારે બે જણા બેસાડે ત્યારે બેસો છો, પરાધીન દેખાવ છો...'

તેઓની વાત ચાલુ હતી અને ભ્રમણનો પહેલો તબક્કો પૂરો થયો ને સ્વામીશ્રી ખુરશી ઉપર નારાયણ-ચરણ સ્વામી અને મારા હાથના ટેકા વડે બેઠા અને બેઠા પછી હસતાં હસતાં કહે : 'આ પણ લખી લેજો.'

દસ મિનિટના ભ્રમણ પછી વિરામના સમયે આજે લોહી લેવાનું હતું. ડૉ. કિરણ સ્વામીશ્રીનું લોહી લઈ રહ્યા હતા. તેઓ સ્વામીશ્રીને કહે, 'રિપોર્ટ બરાબર આવે એવા આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી કહે, 'ધૂન કરો એટલે બધું સારું થાય.' એમ કહેતાં 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' બોલવા માંડ્યા અને સૌને પણ ધૂનમાં જોડ્યા. સૌ ધૂન બોલવા લાગ્યા એટલે સ્વામીશ્રી કહે : 'ધૂન કરીએ તો બધું સારું થાય ને. સમૂહમાં ધૂન કરીએ તો વધારે સારું થાય. બહુ તાંતણ બળિયું.'

ભદ્રેશ સ્વામી કહે : 'એ તો આપ લીલા કરો છો, બાકી છેવટે આપનું ધાર્યું જ થાય છે ને !'

સ્વામીશ્રી કહે : 'બધું ભગવાનનું ધાર્યું થાય છે. ધૂન કરીએ તો ભગવાન પ્રાર્થના સાંભળે ને બધું સારું થાય.'

ભદ્રેશ સ્વામી કહે : 'આપનાં બધાં ચરિત્ર દિવ્ય છે કે નહીં ? ખરેખર છે તો 'હા' કે 'ના'માં જવાબ આપો.'

સ્વામીશ્રી કહે : 'તમે કહો ને ! તમે વિદ્વાન છો, તમે તમારી રીતે આ લોકોને સમજાવો.'

ભદ્રેશ સ્વામી કહે : 'અમારી વિદ્વત્તાનું પ્રમાણ આમાં ન ચાલે. આમાં તો આપનું જ ચાલે અને આપ પણ વિદ્વાન છો ને શાસ્ત્રી છો ને !'

સ્વામીશ્રી કહે : 'આપણે તો મારા ભાઈ ! શાસ્ત્રીજી મહારાજે ડિગ્રી આપી એટલે શાસ્ત્રી, બાકી થોડું-ઘણું ભણ્યા હતા. કૌમુદી હાથમાં લીધી હતી. પહેલાં માર્ગોપદેશિકા ભણ્યા, પછી લઘુસિદ્ધાંત થોડી ભણ્યા હતા.'

સ્વામીશ્રી આ રીતે બીજે પાટે વાતને લઈ જવા માગતા હોય એવું લાગતાં ડૉ. કિરણ કહે : 'આ બધાને સીધો જવાબ જોઈએ છે કે 'હા' કે 'ના'માં જવાબ આપો.'

ભદ્રેશ સ્વામી કહે : 'સિદ્ધાંતની રીતે ચરિત્ર દિવ્ય કહેવાય કે ન કહેવાય ?'

સ્વામીશ્રી કેવળ મૌન રહ્યા. એટલે નારાયણચરણ સ્વામી કહે : 'આ છોકરાઓને રાજી કરી દો ને ! જેવું હોય એવું કહી દો.'

સ્વામીશ્રી કહે : 'જાણીને આવ્યા છીએ એટલે શું કહેવાનું ? મનુષ્યભાવ અને દિવ્યભાવ બંને ચરિત્રો તો હોય, પણ આપણે જવાનું દિવ્ય ચરિત્રમાં જ. આવું થાય એને પણ દિવ્ય જ માનવાનું. ભગવાન જે કરે, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ જે કરે એ દિવ્ય જ છે.'

ભદ્રેશ સ્વામી જનક ભગતને કહે : 'હવે આવી શંકા ન થવી જોઈએ.'

સ્વામીશ્રી કહે : 'હા. બસ આ જ સમજવાનું છે.'

•

તા. ૭-૪-૨૦૦૯, સારંગપુર

આજના આશીર્વચનમાં સ્વામીશ્રીએ જણાવ્યું કે

'મહારાજે અને ગુણાતીતાનંદ સ્વામીએ જે વાત કરી છે એ સાચી છે અને એમાં જે કંઈ વાત થાય છે એ સાચી છે. એ વાતની દૃઢતાની ગાંઠ વાળવી જોઈએ. ભગવાન સાચા છે અને એનાથી મોક્ષ છે. એમ ગાંઠ વળી ગઈ હોય તો ગમે ત્યારે ગમે તે થાય, તોપણ આપણને આનંદ આનંદ આનંદ જ રહે. સમજણ ન હોય ત્યાં સુધી દુઃખ છે, એટલે એવી સમજણ કરવા માટે રાત-દિવસ મંડવું જોઈએ.'

•

સ્વામીશ્રી કસરત માટે ઊભા થઈ રહ્યા હતા ત્યારે વિરાટસ્વરૂપ સ્વામી કહે : 'એક સારા સમાચાર આપું – અમેરિકામાં હાર્વર્ડ યુનિવર્સિટીની મૅડિકલ સ્કૂલમાં એક સત્સંગી યુવકને એડ્‌મિશન મળી ગયું છે. ૧૨૫ સીટ હતી ને એના માટે પાંચ હજાર એપ્લિકેશન આવી હતી, એમાંથી આને મળ્યું, બહુ સારું કહેવાય.'

સ્વામીશ્રી હળવેકથી હસતાં હસતાં કહે : 'આપણે પણ અરજી કરો ને ! આપણને એડ્‌મિશન મળી જાય.'

સ્વામીશ્રીના આ વાક્યથી સૌ હસી પડ્યા.

•

તા. ૮-૪-૨૦૦૯, સારંગપુર

હરિપ્રકાશ સ્વામીએ યોગીજી મહારાજની વાત કરતાં કહ્યું : 'ભલે દેહના હજાર કટકા થઈ જાય, પણ સાધુમાંથી ડગવું નથી, સહન કરવું.'

સ્વામીશ્રીએ આખું વાક્ય સાંભળ્યું અને પ્રદક્ષિણા કરતાં કરતાં કહે : 'આ બધું સૂત્ર જીવમાં રાખજો. સ્વામી જે બોલ્યા છે એ બધાએ કરવાનું છે. જે બોલ્યા છે માન-અપમાન, સુખ-દુઃખ જે કંઈ થાય એ બધું થશે જ, પણ મક્કમ રહીને સાધુ થયા એટલે થયા. માન કરશે, અપમાન કરશે, બધું કરશે. દુનિયામાં કેટલી જાતનું સહન કરીએ છીએ ? નોકરીમાં, ધંધામાં, ઘરમાં અપમાન થાય તોપણ સહન કરીએ છીએ, કારણ કે સ્વાર્થ છે. એમ સત્સંગમાં પણ સ્વાર્થ મનાય તો સહન થાય.'

•

તા. ૧૦-૪-૨૦૦૯, સારંગપુર

સ્વામીશ્રીને પગમાં સોજા જેવું રહે છે. ખાસ કરીને આ સોજાને ઉતારવા માટે દવાથી માંડીને વિવિધ પ્રયોગો થઈ રહ્યા છે. પહેલાં જ્યારે બેસતા ત્યારે લાંબા પગ કરીને બેસતા, પરંતુ એમાં કેડનો દુખાવો શરૂ થતાં હવે ખુરશી ઉપર પગ નીચે રાખીને જ વિરાજે છે. આવા દેશી-પરદેશી ઉપચારો ચાલુ જ છે. આજે સૂતી વખતે પગ નીચે ઓશીકું રાખીને દસ-પંદર મિનિટ પગ અદ્ધર રહે એવું આયોજન કરવામાં આવ્યું. અને એ રીતે સ્વામીશ્રી આરામમાં પધાર્યા. આવી શારીરિક તકલીફોને ગણકાર્યા સિવાય સ્વામીશ્રી હંમેશાં વિચરણ કરતા રહ્યા છે.

•

તા. ૧૧-૪-૨૦૦૯, સારંગપુર

એક વાત પ્રસંગે સ્વામીશ્રી કહે : 'નાનો હતો ત્યારથી મારો મસ્તીનો જરાય સ્વભાવ નહીં. કાંઈક થતું હોય તોપણ ગમે નહીં. કોઈ અંદરોઅંદર લડે તો મને દુઃખ થાય. નાના હતા ત્યારે બે છોકરા લડતા હોય તોય હું ભાગી જઉં. એટલે તકરારનો પહેલેથી જ સ્વભાવ નહીં. આ તો પછી રમૂજ કરતા થયા.'

•

આજે લાંબી મિટિંગના અંતે બ્રહ્મવિહારી સ્વામીએ કહ્યું : 'આપની સ્ટેમીના બહુ છે. કોઈ પણ કામ હોય એ સંપૂર્ણ જ, ક્યારેય અપૂર્ણ રહેવા દેતા નથી, તમે પૂરું જ કરો છો.'

સ્વામીશ્રી કહે : 'ભગવાનને સંભારીને કામ કરીએ એટલે એક પછી એક ઊકલતા જાય છે.'

'કોઈ દિવસ એ કામ ન ઊકલે તો ?'

સ્વામીશ્રી કહે : 'ત્યાં જ ભગવાન કામ લાગે, વધારે કામ લાગે. ભગવાન ઉપર છોડી દેવું, પછી હાયવોય પણ થતી નથી. ન થયું કે થયું, જે થાય એ ભગવાને સારું જ કર્યું છે, એટલે નિરાંત જ રહે છે.'

•

તા. ૧૩-૪-૨૦૦૯, સારંગપુર

આણંદથી ભગવત્‌ચરણ સ્વામીનો ફોન આવ્યો. જૂના અને સંનિષ્ઠ હરિભક્ત રાવજીભાઈ (દૂધવાળા) અત્યારે છેલ્લા શ્વાસ લઈ રહ્યા હતા. તેઓની ખબર કાઢવા માટે સંતો ત્યાં હતા. સ્વામીશ્રીએ ફોનમાં તેઓની સાથે વાત કરતાં કહ્યું : 'રાવજીભાઈ તો મુક્ત છે. છેવટ સુધી તબિયત સારામાં સારી રહી. શ્રદ્ધા અને વિશ્વાસ છે એટલે મહારાજ સુખી કરશે. અમે પ્રાર્થના કરીએ છીએ અને તમે બધા ત્યાં ધૂન-પ્રાર્થના કરજો એટલે સારું થાય.' તેઓના સુપુત્ર યોગેશભાઈને પણ

ફોનમાં આશીર્વાદ આપતાં કહ્યું : 'બળ રાખજે. તેં સેવા ખૂબ કરી છે. એમના જેવો સત્સંગ જીવમાં રહે એ આશીર્વાદ છે.'

•

તા. ૧૪-૪-૨૦૦૯, સારંગપુર

આરામના સમયે વિરાટસ્વરૂપ સ્વામીએ અમેરિકાના પ્રેસિડેન્ટ જે વિમાન વાપરે છે એની વાત કરીને કહ્યું : 'અમેરિકાના પ્રેસિડેન્ટ આવું પ્લેન વાપરે છે, તો આપ તો અનંત કોટિ બ્રહ્માંડના પણ પ્રેસિડેન્ટ ભગવાનના ધારક છો, તો આપના માટે આવું જમ્બો પ્લેન રાખવું જોઈએ.'

સ્વામીશ્રી કહે : 'એમનો (અમેરિકાના પ્રેસિડેન્ટનો) રાજમાર્ગ છે અને આપણે તો સાધુનો માર્ગ છે. એટલે સાદું સારું. આપણું જે છે તે બરાબર છે.'

સ્વામીશ્રી સહજ નિઃસ્પૃહિતાથી વાતને ટાળી નાંખી.

•

આરામમાં જવા માટે સ્વામીશ્રી પલંગ ઉપર વિરાજમાન થયા ત્યારે ચોકમાં બેઠેલા વીરચંદભાઈ મોદીએ તેઓની લાક્ષણિક ઢબથી બે હાથ ઊંચા કરીને જયનાદો બોલાવ્યા. સ્વામીશ્રી પણ એમના જેવી લાક્ષણિક હસ્તમુદ્રા કરવા માંડ્યા. તેઓની સામે જોઈને કહે : 'આર્થિક સ્થિતિ ગમે એવી રહી, પણ વીરચંદભાઈનો કેફ ઊતર્યો જ નથી. જોગી બાપાના વખતથી જે કેફ ચડ્યો છે એ એવો ને એવો જ છે.'

•

તા. ૧૫-૪-૨૦૦૯, સારંગપુર

રૂપચોકીમાં સમૂહમાં સૌ ગાઈ રહ્યા હતા : *'વણવિચારે પણ વાતું રે આવે એના અંતરથી...'*

સ્વામીશ્રી કહે : ''શું આવ્યું ? વણવિચારે વાતુંની વાત છે. 'વકીલાત કરવી છે, કેસ જીતવો છે' એ વાતો ને ?''

''ના, 'ભગવાન ભજવા છે, કથાવાર્તા કરવાની છે, મહારાજને રાજી કરવા છે, સ્વભાવ મૂકવા છે' એ બધી વાતો વણવિચારે આવવી જોઈએ.'' સ્વામીશ્રીએ કીર્તનની કડીને અંતર્દૃષ્ટિમય નવો આયામ આપ્યો.

•

તા. ૧૬-૪-૨૦૦૯, સારંગપુર

સ્વામીશ્રી રૂપચોકીમાં પધાર્યા ત્યારે સંતોએ સમૂહમાં કીર્તન ગાયું : *'કોણ જાણે આ કેમ થયું, આવ્યું અણચિંતવ્યું સુખ.'*

સ્વામીશ્રી લાડુ વાળવાનો અભિનય કરીને કહે : 'અણચિંતવ્યું બરાબર છે ને, ચકમચક્કા ?'

સંતો કહે : 'હરિ મુખોમુખ મળ્યા એ.'

સ્વામીશ્રી કહે : 'બસ, ભગવાન મળ્યા એટલે સુખિયા, સુખિયા ને સુખિયા થયા. નહીં તો ક્યાંય રખડી પડ્યા હોત !'

સ્વામીશ્રીએ પ્રાપ્તિનો મહિમા સમજાવ્યો.

•

તા. ૧૭-૪-૨૦૦૯, સારંગપુર

ભૂમિભ્રમણ પછી કસરત દરમ્યાન ડૉ. નિકુલે વાત કરતાં કહ્યું કે ''૨૦૦૬માં આપ જ્યારે ગઢડા હતા ત્યારે 'સ્વામિનારાયણ પ્રકાશ'નો લેખ વંચાઈ રહ્યો હતો. એમાં લખ્યું હતું કે બહારની દુનિયામાં તો લોકો શણગારો સજે કે પછી સારી કળા ધરાવે એવા અનેક બાહ્ય ગુણોને લીધે લોકો આકર્ષાય, જ્યારે પ્રમુખ-સ્વામીમાં એવો એકેય બાહ્ય ગુણ નથી, છતાં નાનાં બાળકોથી માંડીને સૌ કોઈ આકર્ષાય છે એવો એમનો પ્રભાવ છે.''

સ્વામીશ્રી કહે : 'આપણે તો સાધુની રીત. સાદગી સારી. રોમમાં પોપને મળવા ગયા ત્યારે પત્રકારે પૂછ્યું હતું કે પોપ તો આવું ને તેવું પહેરે છે અને જ્યારે તમે તો આ જ વસ્ત્રમાં જશો, કેવું લાગે છે ? પણ આપણે તો કહીએ છીએ કે એ એમની રીતે ચાલે અને આપણે તો સાધુ એટલે શ્રીજીમહારાજની રીતે રીત. સાધુને ઠઠારો ન જોઈએ.'

ડૉ. નિકુલ કહે : 'ઠઠારો નથી તોય આપમાં બધા આકર્ષાય છે.'

સ્વામીશ્રી કહે : 'એ શ્રીજીમહારાજનો પ્રતાપ. આપણે તો મહારાજે કહ્યું કે સાદું સારું, એટલે એ રીતે જ રાખવાનું.'

•

સ્વામીશ્રી આરામમાં જવા ઊભા થઈ રહ્યા હતા એ દરમ્યાન સંતો કહે : 'ફૂલનો મુગટ આપ પહેરો.'

સ્વામીશ્રી કહે : 'આપણે માનસીમાં ધારી લેવું, એટલે બધું આવી ગયું.'

•

તા. ૧૮-૪-૨૦૦૯, સારંગપુર

આજની સભામાં એક સત્સંગના સિતારાનું સન્માન કરવામાં આવ્યું. પચ્છમ ગામના મહાવીરસિંહના પુત્ર જયપાલસિંહને રસ્તે જતાં ૩૬,૦૦૦ રૂપિયાનું પાકીટ મળ્યું હતું. આ પાકીટ મજૂરી કરી કરીને જિંદગીની કમાણી ભેગી કરનારા મજૂરોનું હતું. મજૂરોને શોધીને જ્યારે તેઓએ પૈસા પાછા આપ્યા ત્યારે આંખમાં આંસુ સાથે મજૂરોએ રાજીપે તેઓને ૫૦૦૦ રૂપિયા ઇનામ તરીકે આપવાના કહ્યા, જયપાલસિંહે એ પણ ન લીધા. તેઓની આવી પ્રામાણિકતાથી સ્વામીશ્રી ખૂબ પ્રસન્ન થયા અને અંતરના આશીર્વાદ આપ્યા.

•

આણંદથી ભગવત્ચરણ સ્વામીનો ફોન આવ્યો. તેઓએ સમાચાર આપ્યા કે ચંદુ ભગત અક્ષરનિવાસી થયા છે.

સ્વામીશ્રી કહે : 'એ તો આપણું કુટુંબ જ કહેવાય. એટલે એ પ્રમાણે જ અંતિમવિધિની વ્યવસ્થા કરજો.'

ભગવત્ચરણ સ્વામી કહે : 'હું તો બધાને કહું છું જ કે આ ચંદુ ભગત તો સાધુ જ કહેવાય. ઘનશ્યામભાઈ શાસ્ત્રી વિધિ કરશે અને પછી આણંદ સ્મશાનમાં લઈ જઈશું.' સ્વામીશ્રીએ જરૂરી બધી જ સૂચનાઓ આપી.

•

દિલ્હીમાં રાષ્ટ્રપતિ શ્રી પ્રતિભા પાટિલના પતિ ડૉ. શેખાવતના નિમંત્રણથી આત્મસ્વરૂપ સ્વામી રાષ્ટ્રપતિ ભવનમાં ગયા હતા. શેખાવત સાહેબનો આજે જન્મદિવસ હતો. ફોન પર ડૉ. શેખાવતને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું કે 'आज आपका जन्मदिन है, तो हम भगवान को प्रार्थना करते हैं कि आपका कार्य अच्छा चले। आपके द्वारा अच्छा कार्य हो, आप के घर से राष्ट्रपति हैं तो उनका भी काम हो जाय।'

આટલું કહીને તેઓને આમંત્રણ આપતાં કહ્યું : 'आप और आपकी पत्नी समय मिले तब अक्षरधाम दर्शन के लिए आना और लंदन जाते हैं तो वहाँ भी दर्शन के लिए जाना।' સ્વામીશ્રીના રૂબરૂ ફોન પર આશીર્વાદથી તેઓ કૃતાર્થ થયા.

•

તા. ૨૦-૪-૨૦૦૯, સારંગપુર

આજે સ્વામીશ્રી સારંગપુરથી વિદાય લઈ રહ્યા હતા. સાંજે ૪:૦૦ વાગે તૈયાર થઈને તેઓ બહાર આવી ગયા હતા. ઉનાળો કહે – મારું કામ. રોજ તો આ સમયે સ્વામીશ્રીને બહાર નીકળવાનું હોય નહીં. આજે જેવા બહાર પધાર્યા અને જાણે ધોમધખતા ઉનાળાની લૂએ સ્વામીશ્રીને ઘેરી લીધા. ઘણા વખત પછી આ અનુભવ થઈ રહ્યો હતો. સંતો હરોળબદ્ધ રીતે બેસીને સ્વામીશ્રીની વિદાયની સ્મૃતિ અંતરમાં ઉતારી રહ્યા હતા.

સ્વામીશ્રી સભામંડપમાં દર્શન કરવા પધાર્યા. અહીં જ્ઞાનેશ્વર સ્વામીએ તુલસી તથા ગુલાબનો હાર સ્વામીશ્રીને અર્પણ કર્યો. એ હાર તાજપુરના દાસને બોલાવીને સ્વામીશ્રીએ પહેરાવ્યો અને આશીર્વાદ આપ્યા. ત્યારપછી ક્રમશઃ પ્રસાદીના ખંડોમાં દર્શન કરીને સ્વામીશ્રી બહાર પધાર્યા. તડકાની સાથે સાથે વરસતી લૂનો અનુભવ અસહ્ય હતો. લિફ્ટમાં ઠાકોરજીનાં દર્શન કરવા જતી વેળાએ લિફ્ટની અંદરનું વાતાવરણ તપી ગયું હતું. એને લીધે લિફ્ટના પંખામાંથી ફેંકાતી હવા પણ ગરમી ઓકી રહી હતી. ઠાકોરજીનાં દર્શન કર્યાં ત્યારે ગુરુમંગલ સ્વામીએ સ્વરચિત કીર્તન *'કબ આઓંગે પ્રાણ હમારે'* ગાયું.

ઠાકોરજીનાં દર્શન કરીને લિફ્ટ દ્વારા નીચે ઊતર્યા. મંદિરનાં પગથિયાં આગળ ગાડી હતી. મંદિરની ફરતો આરસ સખત તપી ગયેલો હતો. અડવાણે પગે ઊભેલા સંતો-પાર્ષદો-સાધકો એ તાપ સહન કરી શક્યા હતા, કારણ કે વિરહનો તાપ અસહ્ય હતો. સ્વામીશ્રીએ આ ગરમીની નોંધ લેતાં કહ્યું : 'બધા છાંયડામાં જઈ બેસી જાવ.' પણ એ વાત કોણ માને ?

•

તા. ૨૧-૪-૨૦૦૯, મુંબઈ

રોજ ૧૧:૪૫ વાગે સ્વામીશ્રી ભૂમિભ્રમણ કરવા માટે ઊભા થાય છે. અત્યારે સેવકો આવ્યા ત્યારે ૧૧:૪૩ થઈ હતી. વૉકિંગ માટે ઊભા થવાનું હતું, એટલે નારાયણચરણ સ્વામીએ સ્વામીશ્રી સમક્ષ પડેલું ટેબલ ખસેડી લીધું. સ્વામીશ્રી પત્ર વાંચતા હતા એ વાંચી લીધો અને ત્યારપછી ઘડિયાળ સામે જોયું તો ૧૧:૪૩ થયા હતા, એટલે બીજો પત્ર લેવાનો પ્રયત્ન કર્યો. સ્વામીશ્રી કહે : 'બીજો પત્ર અહીં હતો એ ક્યાં ગયો ?'

ધર્મચરણ સ્વામી કહે : 'વોકિંગનો ટાઇમ થઈ

ગયો છે. બીજો કાગળ સાંજે વાંચીશું.'

આ સાંભળીને સ્વામીશ્રી વિચારમાં પડ્યા ને કહે : 'એક મિનિટમાં શું થઈ જવાનું છે ? એક હરિભક્તનો પત્ર વંચાઈ જાત.' આટલું બોલતાં બોલતાં ઊભા થઈને ઘડિયાળ સામું પુનઃ જોઈને પછી બાથરૂમ તરફ ગયા.

જીવનભર સતત કર્મઠ રહેલા સ્વામીશ્રીનું આ ટાઈમ મૅનેજમેન્ટ છે.

•

તા. ૨૫-૪-૨૦૦૯, મુંબઈ

લિફ્ટમાં સ્વામીશ્રી છઠ્ઠા માળે આવી રહ્યા હતા. એ દરમ્યાન રામસ્વરૂપ સ્વામીએ સ્વામીની વાતોનો મુખપાઠ રજૂ કર્યો : 'સત્સંગ એટલે શું ? આ સાધુને હાથ જોડવા ને કહે એમ કરવું તે.'

સ્વામીશ્રી કહે : 'ટૂંકું ને ટચ. આમાં શું કહ્યું ?'

'હાથ જોડવા.' રામસ્વરૂપ સ્વામીએ કહ્યું.

'પછી ?'

'કહે એમ કરવું.'

સ્વામીશ્રી કહે : 'એ કઠણ. હાથ જોડવા સહેલા છે, પણ જેમ કહે એમ કરવું એ અઘરું છે.'

•

તા. ૨૯-૪-૨૦૦૯, મુંબઈ

એક યુવક ડિપ્રેશનમાં હતો. તેઓએ પોતાની કથા રજૂ કરી એટલે સ્વામીશ્રી કહે : 'હિંમત રાખવી. કોઈ પ્રસંગ આગળ-પાછળ બની ગયો હોય તો એ ભૂલી જવો અને ભગવાનને પ્રાર્થના કરવી, તો ડિપ્રેશન જતું રહેશે.' સ્વામીશ્રીએ ડિપ્રેશન કાઢવાનાં ત્રણ પગથિયાં બતાવી દીધાં.

•

ન્યૂઝીલેન્ડથી આવેલા મહેશભાઈ સોલંકી ને તેઓના પ્રજ્ઞાચક્ષુ પુત્ર કુશલને જોતાં જ સ્વામીશ્રીએ હાથ લાંબો કરીને એની સાથે હાથ મેળવી લીધા. સ્વામીશ્રીનો હસ્તસ્પર્શ થતાં પ્રજ્ઞાચક્ષુ બાળક બોલી ઊઠ્યો : 'બાપા ! તમને છોડીને આજે ન્યૂઝીલેન્ડ જઈએ છીએ. બહુ દુઃખ થાય છે.'

સ્વામીશ્રી કહે : 'આપણે છોડીને જતા નથી, ભગવાન કાયમ ભેગા જ છે, સંભારજે.'

કુશલ કહે, 'બાપા ! આપને કેમ છે ? તબિયત સારી છે ?'

સ્વામીશ્રી કહે : 'તારી તબિયત કેમ છે ? તારી તબિયત સારી રહે એ અમારે જોઈએ છે.' એમ કહીને પ્રજ્ઞાચક્ષુ બાળકના મુખને પોતાના તરફ ફેરવતાં સ્વામીશ્રીએ કહ્યું : 'આમ જો.'

કુશલ પ્રજ્ઞાચક્ષુ હતો, છતાં સ્વામીશ્રીએ એની આંખ સાથે આંખ મેળવીને કરુણાદૃષ્ટિ કરી.

•


તા. ૩૦-૪-૨૦૦૯, મુંબઈ

સ્વામીશ્રી ભોજન માટે બેઠા હતા. રૂમમાં સુગંધી રહે એ માટે પુષ્પહાર રાખવાની ઈચ્છાથી કોઈકે કહ્યું કે 'સામે દીવાલ પર અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિ છે એના ઉપર હાર પધરાવી દો, એટલે રૂમમાં સુગંધ આવ્યા કરે.' આથી, રૂમમાં રહેલો એક હાર લઈને પ્રણવતીર્થ સ્વામી એમ કરવા જઈ રહ્યા હતા.

એ જોતાં જ સ્વામીશ્રીએ તેઓને રોક્યા ને કહ્યું : 'ત્યાં ક્યાં રાખે છે ? હાર પહેરાવેલો છે. મને પહેરાવ્યા પછી ઠાકોરજીને નહીં પહેરાવવાનો.'

સ્વામીશ્રીની આ સૂક્ષ્મ દાસત્વ-ભક્તિ સૌને હૃદયમાં સ્પર્શી ગઈ.

પ્રસંગમ્



મે ૨૦૦૯

પ્રસંગમ્

બાળદિન...

મુંબઈ, ૭-૬-૨૦૦૯



'યોગીજી મહારાજે બાળ-મંડળ, કિશોર-મંડળ, યુવક-મંડળની સભાઓ કરી છે તો બધાની અંદરથી આ તેજ નીકળ્યું છે, બળ નીકળ્યું છે. આજે કેટલો સમૂહ તૈયાર થયો છે ! આ સંસ્કાર પડશે તો બાળકો મહાસુખિયા થશે અને સમાજમાં શાંતિ સ્થાપી દેશે. આજે સમાજમાં આવાં સંસ્કારી બાળકો તૈયાર થાય એની બહુ જ જરૂર છે. યોગીજી મહારાજનો પ્રતાપ કે આવાં મંડળોથી બાળકોમાં સંસ્કાર આવ્યા છે.'

– પ્રમુખસ્વામી મહારાજ

તા. ૧-૫-૨૦૦૯, મુંબઈ

બે ભાઈઓ દર્શને આવ્યા હતા. મોટો ભાઈ સત્સંગમાં ઓછો આવતો હતો ને નાનો ભાઈ સક્રિય હતો. કોઈકે કહ્યું કે 'આના વતી આ સત્સંગ કરી લે છે.'

સ્વામીશ્રી કહે : 'એ ખાય તો એની ભૂખ જાય ને તું ખાય ત્યારે તારી ભૂખ જાય. ભગવાનના કામમાં પણ એવું છે. તું સત્સંગ કરીશ એટલો તને લાભ થશે.'

•

સારંગપુરથી આવેલા જ્ઞાનમુનિ સ્વામી કહે : 'સારંગપુરમાં તો અત્યારે ૪૫°C જેટલી ગરમી છે.'

નારાયણચરણ સ્વામી કહે : 'અમેરિકામાં હ્યુસ્ટનમાંય એટલી જ ગરમી હોય છે ને !' (જ્ઞાનમુનિ સ્વામી પૂર્વાશ્રમમાં ત્યાં રહેતા હતા.)

તેઓ કહે : 'ત્યાં તો ગાડીમાં ને ઘરમાં ઍરકન્ડિશન હોય એટલે ખબર ન પડે.'

આ સાંભળીને સ્વામીશ્રી કહે : 'આપણે જો આપણને આત્મારૂપ માની લઈએ તો તડકોય ન લાગે ને દુઃખ પણ ન થાય.'

સ્વામીશ્રીએ અંતરમાં એસી ફીટ કરી દેવાની કળા શિખવાડી.

•

તા. ૩-૫-૨૦૦૯, મુંબઈ

૧૦:૨૫ વાગે જાણીતા અભિનેતા અમિતાભ બચ્ચન સ્વામીશ્રીના આશીર્વાદ લેવા માટે આવ્યા. તેઓની ABCL કંપની ફડચામાં ગઈ એ વખતની દુઃખભરી પરિસ્થિતિ વખતે પણ તેઓ સ્વામીશ્રી પાસે આશીર્વાદ લેવા આવ્યા હતા. સ્વામીશ્રીના આશીર્વાદ પછી તેઓના જીવનમાં તરક્કી થઈ હતી. આ કાર્યોમાં સત્સંગીબંધુ અને જાણીતા વકીલ જે. જે. ભટ્ટ સાહેબનું માર્ગદર્શન તેઓને ખૂબ જ ઉપકારક નીવડ્યું હતું.

આજે ભટ્ટ સાહેબની સાથે જ તેઓ ફરી વાર આશીર્વાદ લેવા આવ્યા હતા. તેઓએ નીલકંઠ યાત્રા ફિલ્મમાં પણ પોતાનો અવાજ આપ્યો હતો. એ બધી સ્મૃતિઓ સંતોએ કરાવી. દિલ્હી અક્ષરધામમાં પણ નીલકંઠ વર્ણીનો અભિષેક કર્યો હતો એ સ્મૃતિ પણ કરાવી. આજે સ્વામીશ્રીએ તેઓને નીલકંઠ વર્ણીની ચલમૂર્તિ સ્મૃતિભેટરૂપે આપી. એ પહેલાં એ મૂર્તિનો અભિષેક સ્વામીશ્રીએ જાતે કર્યો અને સાથે તેઓને પણ કરાવ્યો અને કહ્યું : 'રોજ આ અભિષેક કરજો.'

સાથે સાથે તેઓની રક્ષા થાય એ માટે નાડાછડી પણ બાંધી અને માળા પણ ભેટમાં આપી અને કહ્યું : 'રોજ એક માળા કરજો.'

તેઓ ખૂબ પ્રસન્ન થયા અને પોતાના દીકરા અભિષેકને પણ દર્શન કરવા મોકલવાની ઇચ્છા દર્શાવી.

•

સાંજે સ્વામીશ્રી પરવાર્યા પછી બારણું ખૂલ્યું ત્યારે સ્વામીશ્રી વચનામૃત વાંચી રહ્યા હતા. છેલ્લા બે દિવસથી સ્વામીશ્રીએ આ ક્રમ અંગીકાર કર્યો છે. વાંચવા માટે પ્રથમનું ૮મું વચનામૃત તેઓએ પસંદ કર્યું હતું. આટલી વ્યસ્તતા વચ્ચે નવરાશ મળે ત્યારે વચનામૃત સાંભરવું, એ તેઓની પ્રવૃત્તિમાં નિવૃત્તિમયતાની ઓળખ છે.

•

આજની સત્સંગસભામાં સ્વામીશ્રીએ સત્સંગનું જ્ઞાન મળે અને ઊંડાણ આવે એ હેતુથી ચાલતી સત્સંગ શિક્ષણ પરીક્ષા માટે સૌને આદેશ આપતાં જણાવ્યું કે –

'આજે સત્સંગ પરીક્ષા આપવાની વાત ચાલે છે. યોગીજી મહારાજની ખૂબ જ ઇચ્છા હતી કે આપણા

સંપ્રદાયનું, આપણા સત્સંગનું આપણને ખૂબ જ સારું જ્ઞાન થાય, જેને યોગીજી મહારાજ બ્રહ્મવિદ્યા કહેતા હતા. લૌકિક વિદ્યા ભણાવવા માટે માબાપ રાજી હોય છે, છોકરાને પણ ઉત્સાહ હોય છે અને એમાં સારી ડિગ્રી મેળવે એવી ઇચ્છા હોય છે. એમાં ખૂબ મહેનત કરે છે, પૈસા ખર્ચવા પડે તો એ પણ કરે. અહીં જેને અનુકૂળ ન આવે તો ઑસ્ટ્રેલિયા, અમેરિકા, લંડન એમ ઘણા દેશોમાં મોકલે છે. આપ બધા જાણો છો અને ઘણાના ઘરેથી ગયા પણ હશે. એ ન ભણતો હોય તો પણ ગમે તેમ મહેનત કરીને સારો નંબર લાવે એ માટે પ્રયત્ન કરે છે. છોકરાને પણ ઉત્સાહ હોય છે કે મારે સારામાં સારી ડિગ્રી મેળવવી છે અને ડિગ્રીઓ મેળવવાની જરૂર છે, પણ એમાં જેટલો આપણને ઉત્સાહ, ઉમંગ છે એવો આપણને સત્સંગ પરીક્ષામાં હોવો જોઈએ. આ આપણા આત્માના કલ્યાણ માટેનું કાર્ય છે, ભગવાનને રાજી કરવા માટે છે. આ આધ્યાત્મિક જ્ઞાન છે.'

•

સભાના અંતે સ્વામીશ્રીને હાર પહેરાવવામાં આવ્યા. જેમાં મૂલુંડ મહિલા મંડળે બનાવેલો થર્મોકોલના બૉલ અને ઇમિટેશન મોતીનો હાર અભયસ્વરૂપ સ્વામી, જ્ઞાનપ્રિય સ્વામી, આનંદજીવન સ્વામીએ સ્વામીશ્રીને અર્પણ કર્યો. સ્વામીશ્રીએ હાર લેતી વખતે ઇમિટેશન મોતીને સ્પર્શ કરતાં કહ્યું : 'આ મોતી કેવાં છે ?'

'આપના સંબંધવાળા.' સંતોએ કહ્યું.

સ્વામીશ્રી કહે : 'ભક્તિભાવ જોવાનો. ભક્તિભાવ હોય એટલે બધાં જ મોતી કરોડનાં કહેવાય.'

•

તા. ૪-૫-૨૦૦૯, મુંબઈ

ગઈકાલે વિખ્યાત અભિનેતા અમિતાભ બચ્ચન દર્શને આવ્યા હતા. તેઓએ પોતાની લાગણી પોતાના બ્લોગમાં દર્શાવી હતી –

"Gym in the morning had a spring about it after a very long time. The cardio was good, the weights, the crunches and finally the breathing in yogic postures - energized and bracing. And soon after, a visit to the Swaminarayan Temple with friend Jiggi Bhai. Guruji was in town and Jiggi felt it would be nice if I visited him to take his blessings. Spiritual blessings never harmed anyone. I had visited him earlier many years ago on a similar trip. A quiet pious and soft spoken human. I had also visited the famous and grand Akshardham Temple complex in Delhi. A vast area dedicated to this spiritual institution. An architectural wonder, run by devoted and disciplined Swamis. All of them working for equality and peace and education, following codes & principles that bring benefit to society. The trust had also produced a documentary called 'Mystic India', where I had done a voice over. The film covering numerous areas of Indian culture & mysticism through the centuries.

There are over 800 temples of this institution all over the world and thousands & thousands of believers and devotees. Guruji spoke mostly in Gujarati, gave his blessings and various little tokens of affection and love for the family. I sat there humbled and silent. Others goaded me to ask Guruji for something or to share with him any issue that I wished to bring up. What does one say in situations like these. What does one say in the presence of divinity. You sit, you remain quiet, you listen and leave at an appropriate time."

•

તા. ૫-૫-૨૦૦૯, મુંબઈ

આજે વિખ્યાત વાંસળીવાદક પંડિત રોનુ મજુમદારે સ્વામીશ્રી સમક્ષ વાંસળીવાદન કરીને પોતાની કળા પાવન કરી. સંગતમાં તેઓના ભાઈ દુર્ગાદાસ પખાવજથી સંગત કરી રહ્યા હતા.

રોનુ મજુમદારે સ્વામીશ્રીની દિવ્ય પ્રતિભાનો અનુભવ વર્ણવતાં સૌને કહ્યું કે '૨૦૦૪ની સાલમાં મિસ્ટિક ઇન્ડિયાનું મ્યુઝિક આપવા માટે મારે ઓર્લાન્ડો જવાનું હતું. પ્રમુખસ્વામી મહારાજ ત્યાં વિરાજમાન

હતા. ગુરુપૂનમના દિવસે જ મારે ત્યાં પહોંચવાનું હતું. અમે એક રૂમમાં કામમાં વ્યસ્ત હતા, પરંતુ મનમાં થોડીક ઉદાસી હતી કે દર વર્ષની જેમ મારા ગુરુજીનાં દર્શને હું આજના દિવસે જઈ નહીં શકું. આ ઉદાસી સાથે હું કામ તો કરતો હતો, પરંતુ થોડી વાર થઈ ત્યાં તો બારણું કોઈએ ખટખટાવ્યું. બારણું ખૂલ્યું ત્યારે મેં જોયું કે સાક્ષાત્ ગુરુદેવ પ્રમુખસ્વામી મહારાજ અમને દર્શન આપવા માટે અમારા રૂમમાં આવી પહોંચ્યા હતા. કોઈને પણ કહ્યા વગર તેઓ અહીં આવ્યા હતા. એમના આશીર્વાદ મેળવીને હું એટલો કૃતકૃત્ય થઈ ગયો !! એમણે મારી વાંસળી ઉપર ચાંદલા પણ કરી આપ્યા. ગુરુજીને જ્યારે સંભારો ત્યારે એ સામે આવીને ઊભા રહે છે. આ એમની કૃપા છે.'

•

ગોવાના ચીફ મિનિસ્ટરના જમાઈ ગોવિંદરાજ આજે સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેઓ પૂજામાં બેઠા હતા. પોતાની અનુભૂતિની વાત કરતાં તેઓ કહે : 'स्वामीजी आपकी आँखे बहुत प्रभावशाली है। भगवान की आँख जैसी है।'

•

ગયા વર્ષે મુંબઈમાં પરમ પૂજ્ય સ્વામીશ્રીની જન્મ જંયતી ધામધૂમથી ઊજવાવાની હતી. એના માટેની તૈયારીઓ પણ પુરજોશમાં ચાલુ થઈ ગઈ હતી. પરંતુ આતંકવાદી હુમલો થતાં માનવતાની લાગણીએ જન્મ જયંતી મહોત્સવ રદ કરવામાં આવ્યો. આ મહોત્સવ માટે થયેલા નૃત્યની તૈયારીઓની વાત હરિનયન સ્વામીએ સ્વામીશ્રી ફરાળ અંગીકાર કરી રહ્યા હતા ત્યારે કરી. તેઓએ વાતવાતમાં કહ્યું કે 'જન્મ જયંતી નિમિત્તે તો ૧૦૦ જેટલા બાળકો, કિશોરો, યુવકોએ તૈયારી કરી હતી. એ નૃત્ય આજે રજૂ કરી દીધું, પરંતુ અહીં સ્વાગત-સભામાં સ્ટેજ નાનું હોવાથી ૮૦નો જ સમાવેશ થઈ શક્યો.'

સ્વામીશ્રીએ તરત જ કહ્યું : 'પેલા રહી ગયા એનું શું ?'

સંતો કહે : 'આગામી જન્મ જયંતી મુંબઈમાં થશે ત્યારે એ બધાનો સંકલ્પ પણ પૂરો થશે.'

સ્વામીશ્રી કહે : 'થઈ ગયું એ થઈ ગયું. પછી મળે તો બરાબર છે, પણ ન મળે તો આ બીચારા રહી જાય ને ! એટલે બીજું નૃત્ય હોય ત્યારે એ લોકોને સંભારીને બોલાવી લેજો.'

•

આસન કરીને સ્વામીશ્રીએ ફરાળ અંગીકાર કર્યું. એ દરમ્યાન હરિભક્તોએ કેવા કપરા સંજોગોમાં સુવર્ણદાન કર્યું હતું, એના વિશિષ્ટ પ્રસંગો સ્વામીશ્રી સમક્ષ વાંચવામાં આવ્યા. છેલ્લે જ્ઞાનવત્સલ સ્વામીએ કહ્યું કે 'બધે એક જ પ્રશ્ન પુછાય કે તમારું બધું જ બરાબર છે, પણ સ્ત્રી-સાધુ મર્યાદા અમારા મનમાં બેસતી નથી. અમે તો મંદિરે આવીએ પણ અમારાં પત્ની મંદિરે આવીને શું કરે ?'

સ્વામીશ્રીએ કહ્યું : 'એમની પણ સંભાળ લેવાવી જોઈએ. બધું સાચવી લેવું. મંદિરે બેય જણ આવ્યાં હોય તો એમનાં પત્નીની પણ વ્યવસ્થા કરવી જોઈએ અને મહિલાઓની વ્યવસ્થા તરત થવી જ જોઈએ. વ્યાવહારિક રીત સાચવવી જોઈએ. હરિભક્ત નવો હોય એને ખબર ન હોય, પરંતુ સાથે આવેલાની વ્યવસ્થા થઈ જાય તો એને પણ શાંતિ રહે અને ગુણ આવે.'

•

તા. ૬-૫-૨૦૦૯, મુંબઈ

એક હરિભક્ત સ્વામીશ્રી પાસે આવ્યા અને દાવો માંડતા હોય એમ કહે : 'અહીં આપનાં દર્શને આવ્યો છું તો દેશકાળ સારા થઈ જ જવા જોઈએ. જો હવે પછી દેશકાળ સારા ન થાય તો પછી ધામમાં લઈ જજો.'

સ્વામીશ્રી કહે : 'થશે, ભગવાનમાં શ્રદ્ધા અને વિશ્વાસ રાખજો.'

•

૧૧:૩૦ વાગે સ્વામીશ્રી મુલાકાતકક્ષમાં પધાર્યા. હસમુખ માણિયા ઊગતો કલાકાર છે. ૧૭ વર્ષની જ તેની ઉંમર છે, પરંતુ શ્રીજીમહારાજે આપેલી શક્તિથી ખૂબ સારાં ચિત્રો કરી રહ્યો છે. એની ઇચ્છા પ્રમાણે આજે સ્વામીશ્રીના ઊભા ફોટોગ્રાફ લેવામાં આવ્યા. હરિકૃષ્ણ મહારાજને હાથમાં રાખીને સ્વામીશ્રી ઊભા હતા. સ્વામીશ્રી ફોટોગ્રાફર મયૂર ભાનુશાળીને કહે : 'ભગવાન કે સામને નજર રખના, મેરે સામને નહિ.'

વળી, સ્વામીશ્રી ફોટોગ્રાફરની બરાબર સામે જુએ તો એંગલની રીતે ફોટોગ્રાફ સારો આવે, એટલે મયૂર ભાનુશાળીએ સ્વામીશ્રીને કહ્યું કે 'બાપા ! અહીં જુઓ.'

સ્વામીશ્રી કહે : 'હું તો ક્યારનો તારી સામે જોઉં છું, તું નથી જોતો !'

સ્વામીશ્રીની કૃપાદૃષ્ટિ સાથેનો આ મર્મકટાક્ષ શું સૌને માટે નહોતો ?

•

તા. ૭-૫-૨૦૦૯, મુંબઈ

યોગીજી મહારાજના વખતથી અહીં એક બારમાસી આંબો છે. આ આંબાની કેરી યોગીજી મહારાજ તથા સ્વામીશ્રીએ પણ અંગીકાર કરી છે.

અત્યારના નવા બાંધકામના સંદર્ભમાં આ આંબાને કાપવાનો હોવાથી આજે સ્વામીશ્રીએ પિચકારી દ્વારા પાણીની અંજલિ છાંટીને આંબાને વર્તમાન ધરાવતાં ધરાવતાં આંબાને સંબોધીને દિવ્ય-ભાવમાં આવી બોલવા લાગ્યા : 'જય મહારાજ ! બહુ સેવા કરી, હવે બીજા જન્મે સત્સંગમાં આવજે.'

•

તા. ૯-૫-૨૦૦૯, મુંબઈ

ભોજન પછી પત્રલેખન કર્યું. પત્રલેખન પૂરું થયા પછી હજી આરામમાં જવાને થોડોક સમય હતો. એટલે તરત બાજુમાં પડેલું વચનામૃત લઈને વાંચવા લાગ્યા. આરામનો સમય થયો, સેવક સંતો અંદર આવી ગયા તોપણ સ્વામીશ્રી વાંચતા રહ્યા. કોઈનું સાંભળ્યું નહીં અને વચનામૃત વાંચવાનું ચાલુ રાખ્યું. રોજ કરતાં પાંચેક મિનિટ મોડા ઊભા થયા.

•

તા. ૧૦-૫-૨૦૦૯, મુંબઈ

ભોજન દરમ્યાન 'અક્ષરાનંદ સ્વામીની વાતો' વંચાઈ રહી હતી. જેમાં થોડીક સેવા કરી હોય એને પણ અંતકાળે શ્રીજીમહારાજ લેવા આવ્યા હોય એવા દૃષ્ટાંતો વંચાઈ રહ્યાં હતાં. વરતાલમાં એક છોકરાએ મહારાજને પાણી પાયું, તો મહારાજે મોજમાં આવીને 'એની સાત પેઢીનું કલ્યાણ થઈ ગયું' એમ કહ્યું.

આ પ્રસંગ ઉપરથી વાત નીકળતાં નારાયણચરણ સ્વામી કહે : 'દીક્ષા આપી એ વખતે આપે કહ્યું હતું – એકોત્તર પેઢીનું કલ્યાણ થઈ ગયું.'

અખંડદર્શન સ્વામી કહે : 'નીલકંઠ વર્ણીની પ્રતિષ્ઠા કરી એ વખતે પણ આપે એ જ રીતે કલ્યાણ કરવાની વાત કરી હતી.'

સ્વામીશ્રી કહે : 'મહારાજ વિરાજ્યા એટલે તેઓ બધાનું કલ્યાણ કરશે.'

નારાયણચરણ સ્વામી કહે : 'આપ જ મહારાજનું સ્વરૂપ છો. એટલે આપ બોલ્યા એટલે બધાનું થઈ જ જશે ને ?'

સ્વામીશ્રી કહે : 'કર્તા એ છે અને હર્તા પણ એ જ છે. આપણને કર્તા સમજાય છે, પણ હર્તા સમજાતું નથી. સારું કાર્ય કરે ત્યારે રાજી થવાય કે અહોહોહો.... ભગવાને બહુ કૃપા કરી, બહુ કામ કરી દીધું; ને જ્યારે જતું રહે તો કહે – 'ભગવાને નખ્ખોદ કાઢી નાખ્યું.' પણ બંને એમની ઇચ્છાથી થયું છે. બેય સારું છે. જે કંઈ લીલા કરે એ આપણા સારા માટે જ કરે છે. દુઃખ આપે છે એ પણ સારા માટે અને સુખ આપે છે એ પણ સારા માટે. એ આપણને બોલાવે કે ન બોલાવે, એ પણ સારા માટે. બોલાવ્યો તોપણ સારું અને ન બોલાવ્યો તોપણ સારું. આમ, કર્તાહર્તા ભગવાન મનાય તો દુઃખ ન થાય. ભગવાન કર્તા પણ છે અને હર્તા પણ છે.'

ઘનશ્યામસેવા સ્વામી કહે : 'આપ કહો છો એ મનમાં બરાબર ફિટ થઈ જાય એવા આશીર્વાદ આપજો.'

સ્વામીશ્રી કહે : 'એ તો વાતો કરતાં કરતાં થઈ જશે. વાતો સાંભળતાં સાંભળતાં મનમાં દૃઢતા થઈ જશે.'

યજ્ઞેશ સ્વામી કહે : 'વહેલું થઈ જાય તો સારું.'

સ્વામીશ્રી કહે : 'આપણે તો ઘણું વહેલું કરવું છે, પણ એ એમની રીત પ્રમાણે કરે છે. એમની રીત જુદી હોય. દુઃખ આપીને પણ જ્ઞાન કરાવી દે. પણ જે કરતા હોય એ સારું જ માનવું.'

યજ્ઞેશ સ્વામી કહે : 'આપના જેવો ધીરજવાન કોઈ નથી.'

સ્વામીશ્રી કહે : 'ધીરજ ડગવી જ ન જોઈએ. ભગવાન રાખે એમ રહેવાનું. જે વખતે જે બન્યું એમાં રાજી રહેવાનું.'

સ્વામીશ્રીએ અદ્‌ભુત સમજણની વાતો કરી. ત્યારપછી પત્રવાંચન કરીને આરામમાં પધાર્યા.

•

તા. ૧૧-૫-૨૦૦૯, મુંબઈ

ભોજન પછી સ્વામીશ્રી પત્રવાંચન કરવા બેઠા. પત્રો પૂરા થયા હતા એટલે વચનામૃત-વાંચન શરૂ કર્યું.

સ્વામીશ્રીએ આજે સાંજે એક માસિક વાંચ્યું હતું. જેમાં ભગવાનના સ્વરૂપની સમજણની વાત હતી. એ વાત યાદ આવતાં સ્વામીશ્રીએ જિજ્ઞાસા દર્શાવી અને લેખ પાછો મગાવ્યો. આ લેખની અંદર વચનામૃતના સંદર્ભ દ્વારા એવું પ્રતિપાદન કરવામાં આવ્યું હતું કે જીવ-ઈશ્વર બંનેથી પરમેશ્વરનું સ્વરૂપ વિલક્ષણ છે અને અક્ષર કરતાં પણ પરમેશ્વર વિલક્ષણ છે. સ્વામીશ્રીએ અત્યારે એ માસિક પાછું મગાવ્યું અને વચનામૃત હાથમાં લઈ એ લેખમાં અપાયેલા સંદર્ભો વાંચી વાંચીને વચનામૃત સાથે શબ્દશઃ મેળવ્યા ને એ રીતે સંશોધનાત્મક વાંચન કર્યું.

•

આજે સોમવાર હોવાથી ડૉ. કિરણભાઈએ લોહીમાં રક્તકણો વધે એવું ઈન્જેક્શન પેટ ઉપર આપ્યું. દર સોમવારે રાત્રે સૂતી વખતે આ ઈન્જેક્શન આપવામાં આવે છે. ઈન્જેક્શન આપ્યા પછી ડૉ. કિરણભાઈએ પૂછ્યું : 'દુખ્યું ?'

'હા.' સ્વામીશ્રીએ તરત જ કહ્યું.

મેં કહ્યું કે 'પહેલી વખત ઈન્જેક્શન આપ્યું ને આપને દુખ્યું ને બીજે જ દિવસે ડૉ. કિરણભાઈને તાવ આવ્યો હતો. એમ આવતીકાલે પણ એમને તાવ આવશે.'

આ સાંભળતાં જ આર્દ્ર થઈ ગયા અને કરુણા-ભીના થકા સ્વામીશ્રી બોલી ઊઠ્યા કે 'આપણને ભલે દુઃખ પડે, પણ એને ન થવું જોઈએ.'

સ્વામીશ્રીની આ સહજમાં બોલાયેલી વાણી હતી, જેમાં તેઓની કરુણા નીતરતી હતી.

•

તા. ૧૩-૫-૨૦૦૯, મુંબઈ

ક્યારેક એવા મુમુક્ષુઓનો મેળાપ થઈ જાય કે નતમસ્તક થઈ જવાય.

કોઠારી અભયસ્વરૂપ સ્વામીએ આજે વાત કરી કે –

''એક યુવક મંગળા આરતી વખતે પંખા નીચે ઊભો રહ્યો હતો. જિજ્ઞાસાથી મેં પૂછ્યું કે 'ક્યાંથી આવ્યો છે ?' તો એણે કહ્યું કે 'પદયાત્રા કરીને આવ્યો છું.'

'કેમ આજે ?' એમ જ્યારે પૂછ્યું ત્યારે એણે કહ્યું : 'બસ, રાત્રે વિચાર આવ્યો કે સ્વામીબાપાનું સ્વાસ્થ્ય સારું રહે એ માટે આપણે મંદિર સુધી ચાલતા જઈએ. અને નીકળી પડ્યો. સવાર થતાં અહીં આવી ગયો છું.'

'તને પાસ આપું, પૂજા પછી બાપાના આશીર્વાદ લઈ જજે.' એવું કહ્યું ત્યારે એણે વિનમ્રતાથી કહ્યું કે 'મારે તરત જ નોકરીએ જવાનું છે. સ્વામીબાપા અંતર્યામી છે. મારા ઉપર આશીર્વાદ છે જ.''

ઘાટકોપરના આ યુવક જેવા કેટલાંય બાઈ-ભાઈ હરિભક્તો હશે કે જેઓ આ રીતે સ્વામીશ્રીને અંતર્યામી જાણી છૂપી રીતે વ્રત-તપ-સાધનાઓ કરતાં હશે !

•

એક મુમુક્ષુ હાથમાં કવર લઈને આવ્યા. અભય-સ્વરૂપ સ્વામીને કવર ધર્યું. અંદર મોટી રકમ હતી. દીદારમાં સામાન્ય લાગતા આ હરિભક્તની પૂછપરછ અભયસ્વરૂપ સ્વામીએ કરી ત્યારે પેલા હરિભક્તે કહ્યું કે – ''અત્યારે હીરાબજારમાં મંદી છે, પણ કેવળ સ્વામીબાપાની દયાથી જ મને ઘણો નફો થયો હતો. મેં વિચાર્યું હતું કે થોડાક રૂપિયા ઠાકોરજીને અર્પણ કરીશું. ઘરે જઈને મેં આ વાત કરી. મારા ભાગમાં અડધા રૂપિયા આવતા હતા. એનું કવર મારા હાથમાં હતું. એ જોતાં જ મારાં ધર્મપત્નીએ મને બળ આપતાં કહ્યું કે 'આ મંદીમાં કોઈનેય નફો થતો નથી અને તમને થયો છે તો પૈસાને આપણે શું કરવાના છે ? બધા જ મંદિરમાં આપી દો.' મને વિચાર આવ્યો કે 'માથે મોટું દેવું છે તો આમાંથી કાંઈક ઉપાય કરું.' પણ ધર્મપત્નીએ મને કહ્યું કે 'દેવું તો આપણે આપણી મહેનતથી ભરી દઈશું, પણ બાપા અહીં વિરાજે છે તો બાપાને અર્પણ કરી દો. આપણાં ભાગ્યમાં તો ક્યાં હતું જ ? અને અત્યારે તમારા હાથમાં જે કવર છે એ ખોલશો પણ નહીં, જો કવર ખોલશો તો મન પાછું અટકી જશે. માટે અત્યારે ને અત્યારે જઈને આ રકમ આપી આવો.'' આટલું કહીને એ હરિભક્તે કવર ઠાકોરજીને અર્પણ કર્યું.

આ વાત જ્યારે સ્વામીશ્રીને કરવામાં આવી ત્યારે સ્વામીશ્રીએ તરત જ કહ્યું : 'એના પૈસા લેવાય જ નહીં.' ત્યારે અભયસ્વરૂપ સ્વામીએ ઉપરોક્ત વાત કરી, તો સ્વામીશ્રી બે હાથ પહોળા કરીને સહજભાવે બોલ્યા : 'ભગવાન એને અનંતગણું આપી દેશે.'

આવા કેટલાય હરિભક્તો હશે કે જેઓ પોતાના ભવિષ્યની પરવા કર્યા વગર કેવળ સ્વામીશ્રીને રાજી

કરવા માટે દાન અર્પણ કરતા હશે !

•

એક જૂના સત્સંગીના કુટુંબના સભ્યો દર્શને આવ્યા હતા. ત્રણ ભાઈઓમાંના એક ભાઈએ સ્વામીશ્રીને કહ્યું : 'અમારા બંને ભાઈઓ મારી સાથે સંબંધ રાખવાની ના પાડે છે. આ તો મને થયું કે હું આપને કહી દઉં તો હળવો થઈ જાઉં.'

સ્વામીશ્રીએ તરત જ બીજા બંને ભાઈઓને અને તેઓને પણ સંબોધતાં કહ્યું : 'કેમ એમ ? સંબંધ રાખશો તો આગળ સારું થશે. મનમાં જે કંઈ દુઃખ હોય એ કાઢી નાખવું. સંપ હશે તો સંપત્તિ વધશે. માટે મહારાજને સંભારીને સંબંધ તોડવાની વાત કરશો નહીં.'

•

યુગાન્ડા અને લંડનના પ્રસિદ્ધ ઉદ્યોગપતિ મનુભાઈ માધવાણી સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. વાતચીત દરમ્યાન તેઓ સ્વામીશ્રીને કહે : ''મારી દૃષ્ટિએ 'હું' શબ્દ બહુ ખરાબ છે.''

સ્વામીશ્રી કહે : ''સિદ્ધાંત જ એ છે. આપણે 'હું' અને 'મારું' છે જ નહીં. એ બે જ માયા છે.'

'એ માયાથી દૂર જ રહેવું જોઈએ.'

સ્વામીશ્રી કહે : 'બરાબર છે. જે દૂર રહે એનું ભગવાન ચલાવે છે.'

•

પત્રવાંચન દરમ્યાન અમેરિકાથી આવેલો એક ફેક્સ વાંચ્યો. પાંચ યુવકોએ ભેગા થઈને એ ફેક્સ લખ્યો હતો. ફેક્સમાં પાંચ યુવકોનાં નામની સામે પાંચ વસ્તુઓનાં નામ લખ્યાં હતાં ને સાથે સાથે લખ્યું હતું કે અક્ષરધામમાં લઈ જવા માટે આ પાંચ વસ્તુઓ લખી છે, તો એ વસ્તુઓ લઈને તેડવા આવજો.'

સ્વામીશ્રી ફેક્સ વાંચીને હસી પડ્યા ને પછી કહે : 'આવું તે કંઈ હોતું હશે ?' એમ કહીને ફેક્સ આખો મોટેથી વાંચી સંભળાવ્યો અને પછી કહે : 'આ તો ગમ્મત છે, પણ આપણે લખવું કે ભજન કરજો, ભક્તિ કરજો, નિષ્ઠા રાખજો તો ભગવાન ને સંત અંતકાળે તેડવા આવશે.'

•

તા. ૧૪-૫-૨૦૦૯, મુંબઈ

મુલાકાતો દરમ્યાન શૈલેશભાઈ મોદીને સ્વામીશ્રી મળ્યા. હૈદરાબાદના ઍરપોર્ટનો સંપૂર્ણ કોન્ટ્રાક્ટ તેઓનો છે અને ભારતમાં ઘણી જગ્યાએ ઇન્ટરનેશનલ ઍરપોર્ટ અને જાણીતાં બિલ્ડિંગોનો કોન્ટ્રાક્ટ તેઓએ લીધેલો છે. તેઓ સ્વામીશ્રીને કહે : 'આપના કાન એટલા મોટા છે કે વિશ્વનું બધું અંદર સમાઈ જાય, ભગવાન જેવા કાન છે.'

સ્વામીશ્રી કહે : 'સબ ભગવાન કા પ્રતાપ હૈ.'

શૈલેશભાઈ કહે : 'મારી એક જીવમાં ઇચ્છા છે. અહીં જે નવું મકાન બંધાય છે ને એમાં આપના નવા ઉતારામાં ઇન્ટિરિયર ડેકોરેશન મારે કરવું છે. ક્વીન અલીઝાબેથ ચેન્નાઈ આવ્યાં હતાં એ વખતે તાજ હૉટલમાં તેઓ જે સ્વીટમાં ઊતર્યાં હતાં, એ સ્વીટનું સંપૂર્ણ ઇન્ટિરિયર મેં કર્યું હતું. ગાદલાથી માંડીને ઓશીકાના કવરના રંગ સુધીની ડિઝાઇન મેં કરી હતી, પણ મારે એનાથી પણ સારું આપના માટે કરવું છે.'

સ્વામીશ્રી કહે : 'हम तो साधु है। साधु को सादगी अच्छी लगती है। हमको तो ऐसा भी चल जाता है। ऐसे में भी हम तो रहते हैं। आपकी भावना है वो अच्छी है। भगवान आपको सुखी करेंगे। संत को तो सादा ही अच्छा लगता है।'

•

મુંબઈના વિખ્યાત સિદ્ધિવિનાયક મંદિરના મુખ્ય પૂજારી ગજાનન મોડક દર્શને આવ્યા હતા. તેઓએ સિદ્ધિવિનાયકનું ઉપરણું સ્વામીશ્રીને અર્પણ કર્યું. સ્વામીશ્રી કહે : 'गजानन तो दयालु है, सब को रिद्धि-सिद्धि देते है। सब के लिए अच्छा करें ऐसा आपको आशीर्वाद है।'

•

તા. ૧૫-૫-૨૦૦૯, મુંબઈ

એક પિતા અને પુત્ર દર્શને આવ્યા હતા. પુત્ર હજી કુમળી વયનો હતો અને પિતા દારૂ પીતા હતા. સ્વામીશ્રીએ તેઓને પૂછ્યું : 'તમારો દીકરો દારૂ પીવે તો કેવું લાગે ?'

એ ભાઈ કાંઈ બોલ્યા નહીં, એટલે નાના છોકરાની સામે જોઈને સ્વામીશ્રીએ પૂછ્યું કે 'તારા પપ્પા શું પીવે છે ?'

પેલો છોકરો ઉત્તર આપે એ પહેલાં એના પિતાજીએ જ કહ્યું : 'છોકરાને હજી ખબર નથી.'

સ્વામીશ્રીએ આ વાક્ય પકડી લીધું અને કહ્યું કે ‘જ્યારે છોકરાને ખબર પડશે ને તમને જોઈને દારૂ પીતો થઈ જશે તો તમને કેવું લાગશે ? માટે છોકરા માટે પણ મૂકો. દારૂની કંઈ જરૂર નથી. ખાવું, ભગવાન ભજવા અને જવાબદારી સંભાળવી, એ સિવાય બીજું બધું ફેલ છે.’

સ્વામીશ્રીના આ ઉપદેશની અસર તેઓ ઉપર પડી અને તેઓ પ્રતિબદ્ધ થયા.

•

તા. ૧૬-૫-૨૦૦૯, મુંબઈ

એક મુમુક્ષુએ મુલાકાતો દરમ્યાન સ્વામીશ્રીને પૂછ્યું : ‘બીજું બધું તો મારે માગવું નથી, પણ આપ આત્મજ્ઞાન આપી શકો ?’

સ્વામીશ્રી કહે : ‘તમારી મુમુક્ષુતા છે અને ભાવના છે તો થશે. સત્સંગમાં આવતા રહેજો.’

•

લોકસભાની ચૂંટણીનાં પરિણામોની હારજીતની વાતો થતાં નારાયણચરણ સ્વામી કહે : ‘એક હરિભક્ત કહે છે કે આપણે તો પ્રાર્થના કરવી જ નથી. પ્રાર્થના કરીએ છતાંય ભગવાન સાંભળતા નથી અને ઊંધી પડે છે. એના કરતાં કરવી જ નહીં ને !’

સ્વામીશ્રી કહે : ‘કેમ ? અત્યાર સુધી સત્સંગ કર્યો એનું ફળ આ જ છે ?’

‘પણ પ્રાર્થના ન સાંભળે તો પછી શું કામ કરવી ?’

સ્વામીશ્રી સ્વસ્થ અને સહજભાવે કહે : ‘કદાચ ન થયું એ પણ ભગવાનની ઇચ્છા હશે ! ભગવાન જે કરતા હશે એ સારું કરતા હશે. પ્રયત્ન કરવા છતાં પરિણામ ન આવે તોપણ ભગવાનની ઇચ્છા માનવી. છેવટે જ્ઞાન તો સમજવાનું જ છે ને ! ગમે એટલો શોક કરીએ તોય બીજું ઓછું થવાનું છે ? એટલે જ્ઞાને કરીને સુખિયા રહેવાનું. ભગવાન જે કરશે એ સારા માટે કરશે.’

•

તા. ૧૮-૫-૨૦૦૯, મુંબઈ

ભોજન દરમ્યાન સારંગપુરથી આવેલા ધર્માનંદ સ્વામી, યજ્ઞતીર્થ સ્વામી, ભક્તિયોગી સ્વામી તથા દેવવલ્લભ સ્વામી દર્શન માટે બેઠા હતા. સારંગપુરમાં વિદ્યાર્થી સંતોની તાલીમ પૂરી થવાની હતી, તે સંદર્ભમાં ધર્માનંદ સ્વામી કહે : ‘બાપા ! આ કેરીઓ પાકી ગઈ છે. હવે આપ જે મંદિરમાં મોકલશો ત્યાં ઠાકોરજીના થાળમાં જશે.’

સ્વામીશ્રી કહે : ‘સારું, સારું. બધા ભણીગણીને તૈયાર થઈ ગયા. હવે બીજે જવાનું. ભજન-ભક્તિ, કથાવાર્તા કરવાની. મુઝાવાનું નહીં. જે ભણ્યા છીએ એ બધું સાર્થક થઈ જાય. કથાવાર્તા કરવી, કોઈ ન હોય તો નવું ઊભું કરવું. ચાર-પાંચ જણને ભેગા કરીને વાતો કરવી. જ્યાં જઈએ ત્યાં તરત બીજું બધું ચાલુ નહીં કરી દેવાનું. આકળા-ઉતાવળા નહીં થઈ જવાનું. પહેલાં જોવાનું. હરિભક્તોનું કેવું છે ? એ બધું જોવાનું. હરિભક્તો દુખાય નહીં એ જોવાનું. ગમે ત્યાં ગયા હોઈએ, ‘કેમ થશે ? શું થશે ?’ એમ મુઝાવું નહીં. ભજન-ભક્તિ, કથાવાર્તા કરવી. સંપ-સુહૃદભાવ રાખીને કામ કરવું. તૈયાર થયા છો તો હવે બધાને સત્સંગ જ કરાવજો.’

સ્વામીશ્રીને નવા સંતોને જોઈને અંદરથી જ ઉમળકો આવે છે અને એટલે જ સામે દર્શનાર્થી સંતો એમનેમ બેઠા હોય તો પણ સામેથી સ્વામીશ્રી વાત કાઢીને તેઓને આ રીતે ઉપદેશ આપે છે.

•

તા. ૧૯-૫-૨૦૦૯, મુંબઈ

જાણીતા આંતરરાષ્ટ્રીય યુવાલેખક ચેતન ભગત આજે સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેઓનાં પુસ્તકોને ન્યૂયોર્કની બેસ્ટ સેલરમાં સ્થાન મળ્યું છે. સ્વામીશ્રી દ્વારા દિલ્હીમાં નિર્મિત અક્ષરધામ જોઈને તેઓ ખૂબ પ્રભાવિત થયા હતા. સ્વામીશ્રીને કહે : ‘અક્ષરધામ જૈસા પૂરા ઇન્ડિયા હો જાય તો ઇન્ડિયા કી સિકલ બદલ જાય.’ તેઓએ મુમુક્ષુભાવે આશીર્વાદ માગ્યા કે ‘મારાં પુસ્તકો વાંચ્યા પછી ઘણા યુવાનો મારી પાસે જીવનનું માર્ગદર્શન લેવા આવે છે, પણ હું માનું છું કે મારી એ લાયકાત નથી. આપ એવા આશીર્વાદ આપો જેથી મારી કલમ દ્વારા એ સૌને સાચું માર્ગદર્શન આપી શકું.’ છેલ્લે તેઓએ સ્વામીશ્રીના હસ્તે કંઠી પણ ધારણ કરી.

•

એક યુવક દર્શને આવ્યો. એમનાં પત્ની એમ કહીને ઘરમાંથી નીકળી ગયાં હતાં કે ‘મારે તારાં માબાપ પણ

ના જોઈએ ને તારા કોઈ સગાંને મારે ત્યાં બોલાવવાના નહીં.' આ મુદ્દા ઉપર એ ઘર છોડીને ભાગી ગયાં હતાં.

સ્વામીશ્રીએ ધીરે રહીને કહ્યું : 'ઘર છોડીને ભાગ્યાં પછી એકલાં રહે છે ?'

'ના, એનાં માબાપ ભેગાં જ રહે છે.'

'તો ત્યાં સંયુક્ત કુટુંબમાં રહેવાય છે, તો અહીં કેમ ન રહેવાય ? ઘર મનાયું નથી એટલે. બાકી એણે સમજવું જોઈએ ને કે આપણી પણ કોઈ જવાબદારી છે, ને જ્યાં જઈએ ત્યાં કુટુંબને અપનાવી સાથે રહેવું જોઈએ. અણસમજણનું બધું દુઃખ છે.'

•

તા. ૨૦-૫-૨૦૦૯, મુંબઈ

ચરોતરના એક સામાજિક આગેવાન અને પટેલ સમાજના સેક્રેટરી દર્શને આવ્યા હતા. તેઓએ સમાજના ઉત્કર્ષની કેટલીક વિગતો સ્વામીશ્રી આગળ રજૂ કરી. સ્વામીશ્રીએ તરત જ તેઓને પૂછ્યું : 'તમારે કંઈ વ્યસન ખરું ?'

'હા, થોડું છે.'

'તો પહેલાં એ બંધ કરો. તમે ખાતા-પીતા હો તો બીજાને શું કહેશો ? આપણે પોતે કરીને બતાવીએ તો બીજાને પ્રેરણા મળે. સમાજનું મકાન અહીં મુંબઈમાં કરવું છે એ સારી વસ્તુ છે, પણ મકાન બાંધી દો એટલે કાંઈ સમાજ ઊભો નહીં થાય. સમાજમાં સદાચાર આવશે, સમાજમાંથી વ્યસનો જશે, તો જ સમાજ ઊંચો આવશે.'

•

તા. ૨૧-૫-૨૦૦૯, મુંબઈ

ભૂમિભ્રમણના વચગાળામાં સ્વામીશ્રી રોજ ડૉક્ટરની સૂચના મુજબ વ્હીલચૅર ઉપર વિરાજીને હળવી કસરત કરે છે. એ પહેલાંની વિશ્રામક્ષણોમાં આજે નારાયણચરણ સ્વામીએ કસરત કરાવનાર ડૉ. નિકુલને કહ્યું : 'તું પણ હવે મેદાનમાં આવી જા.' તેઓનો કહેવાનો ભાવાર્થ એ હતો કે સ્વામીશ્રીની સામે આવીને રોજની જેમ કસરત કરાવો, પરંતુ સ્વામીશ્રીએ મેદાનમાં આવવાનો રૂઢીગત અર્થ કરી એને પૂછ્યું કે 'તું ક્યારેય મેદાનમાં ગયો હતો ?'

ડૉ. નિકુલ કહે : 'મેદાનમાં જઈને માર ખાઈને ખોટનો ધંધો કરવો પડે, એના કરતાં જવું જ નહીં ને !'

સ્વામીશ્રી કહે : 'એ ઉત્તમ.' આટલું કહીને સ્વામીશ્રી કહે : 'મને પણ નાનપણથી જ એવું કે કોઈ લડતા-ઝઘડતા હોય તો ત્યાંથી જતો જ રહું. મને પહેલેથી જ એવું કે બે ઝઘડતા હોય તો ઊભા હોઈએ તોય ત્યાંથી ખસી જઈએ.'

યોગીચરણ સ્વામી કહે : 'આપનો આવો સ્વભાવ, પણ હવે એવું માથે આવ્યું કે બે જણના ઝઘડા જ પતાવવાના હોય.'

સ્વામીશ્રી કહે : 'માથે પડ્યું એટલે ધીરે ધીરે રાગે પડ્યું.'

આટલું કહી એક જૂના પ્રસંગની સ્મૃતિ કરતાં સ્વામીશ્રી કહે : ''અમારે એક ભીખો પોચો હતો. બોલવામાં બહુ ફાસ્ટ. એક વખત રસિકભાઈ સાથે અમે જમીનો જોવા ગયા હતા. ભીખો પોચો પણ સાથે હતો. ફરતાં ફરતાં ચિત્રાસરની સીમમાં ગયા ત્યાં ત્રિકમ ઊભો હતો. ત્રિકમ મૂળ નારનો હતો. બે-ત્રણ ભાઈઓ હતો. એને ને ભીખા પોચાને બને નહીં. તે ભીખા પોચાને જોતાં જ પેલો બોલવા લાગ્યો, 'ભીખલી, ઊભી રહે, મારા હારા, હમણાં તને બતાવી દઉં.' આ જોતાં જ મેં ભીખા પોચાને કહ્યું, 'તમે શાંત રહો.' પણ એ પણ એવા, એટલે એ કહે, 'એ મને શું કરી લેવાની હતી ?' પણ ત્યાં સુધીમાં તો પેલા ત્રણેય ભાઈઓ ડાંગ લઈને ભીખાને મારવા માટે દોડવા લાગ્યા. એટલે મેં ભીખાને કહ્યું કે 'તું દોડવા માંડ.' નદીના પટ ઉપર એ દોડવા લાગ્યો. એની પાછળ આ ત્રણ ભાઈઓ ડાંગ લઈને આવતા હતા એમને આંતરવા હું ઊભો રહ્યો. પેલા એટલા જુસ્સામાં હતા કે મને ધક્કો માર્યો ને હું પડ્યો નદીમાં. જોકે નદી હતી એટલે વાગ્યું નહીં, પણ હું પડ્યો એટલે ત્રણેય જણા ઊભા રહી ગયા કે 'શું થયું ?' એમાં પેલો નાસી ગયો. ભીખો પોચો બોલવાનો બહુ એવો.''

•

રાત્રે લઘુપાણી કરીને સ્વામીશ્રી બાથરૂમમાંથી બહાર નીકળી રહ્યા હતા. બાથરૂમની લાઇટ ચાલુ જોતાં જ સ્વામીશ્રીએ જાતે જ એ લાઇટ બંધ કરી. આ જોતાં સામે ઊભેલા જ્ઞાનવત્સલ સ્વામીથી સાહજિક રીતે બોલાઈ ગયું : 'જુઓ, બાપાએ જાતે લાઇટ બંધ કરી.'

સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'સેલ્ફ સર્વિસ.

જાતે કરીએ એ વધારે સારું.' એટલું કહેતાં અંગૂઠો અને તર્જનીના છેડાને અડાડીને ગોળાકાર રચીને સ્વામીશ્રી કહે : 'સેલ્ફ સર્વિસ સારામાં સારી. સેવકના આધારે રહીએ ને ટાઈમે ન આવે તો ઓભામણ. એના કરતાં જાતે કરી લેવું સારું.'

સ્વામીશ્રી સદાય સ્વયંસેવક રહ્યા છે.

•

તા. ૨૨-૫-૨૦૦૯, મુંબઈ

નટરાજ પેન્સિલના માલિક હરેન સંઘવી સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેઓ દુબાઈ ગયા ત્યારે એક આરબ ઉમરાવે એમને પૂછ્યું કે 'તમે ક્યાંથી આવો છો ?'

'ભારતથી.'

'તો તમે પ્રમુખસ્વામીનાં દર્શન કર્યાં છે ?' આરબના મુખેથી આ વાત સાંભળીને તેઓને ખૂબ આશ્ચર્ય થયું ને પૂછ્યું કે 'તમને પ્રમુખસ્વામીની કેવી રીતે ખબર ?'

ત્યારે પેલા આરબે પોતાના ખિસ્સામાંથી પૉકેટ કૅલેન્ડર કાઢ્યું અને એમાં સ્વામીશ્રીનો ફોટો દેખાડી કહ્યું : 'મને પ્રમુખસ્વામી પ્રત્યે ખૂબ આદર છે અને ઘણાં વરસોથી હું એમનો ફોટો નિત્ય દર્શન માટે રાખું છું.'

આ સાંભળીને હરેનભાઈ આશ્ચર્યચકિત થઈ ગયા અને આજે ખાસ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા.

•

તા. ૨૩-૫-૨૦૦૯, મુંબઈ

પ્રસિદ્ધ ઉદ્યોગપતિ રોહિતભાઈ જયરામદાસ પટેલ સ્વામીશ્રીને મળવા આવ્યા. તેઓ સ્વામીશ્રીને કહે : 'આપ મને સમજાવો કે મુશ્કેલીનો સામનો કેવી રીતે કરવો ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાનનો આશરો રાખીને ભજન કરીએ તો થઈ જાય. મૂળ તો ભગવાન છે, એમના થઈએ એટલે શાંતિ રહે, ધીરજ રહે, બળ રહે અને હિંમત આવી જાય.'

રોહિતભાઈ કહે : 'ભગવાન પાસે હું એ જ માગું છું કે મને કાયમ સદ્‌બુદ્ધિ આપજો.'

સ્વામીશ્રી કહે : 'સદ્‌બુદ્ધિ આવે એમાં બધું જ આવી ગયું. દુઃખ તો આવે છે, પણ એ વખતે ભગવાનને સંભારવા, જેથી દુઃખ હળવું થાય.'

રોહિતભાઈ કહે : 'હું તો ઘણી વાર વિચાર કરું કે પ્રમુખસ્વામી જેવાને પણ દુઃખ આવે તો આપણને તો આવે જ ને !'

સ્વામીશ્રી કહે : 'બસ, એ જ શીખવાનું છે. રામ, કૃષ્ણ કે સ્વામિનારાયણ બધાને આ લોકમાં લૌકિક રીતે દુઃખ આવ્યાં છે, પણ એમણે જે રીતે ધીરજ રાખી છે એ રીતે આપણે વર્તવું અને એમનું ભજન કરીને આગળ વધવું.'

•

તા. ૨૪-૫-૨૦૦૯, મુંબઈ

આજની સભામાં છેલ્લે સંતોએ હાર પહેરાવી સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. જેમાં મુંબઈ મહિલા મંડળે બનાવેલો ૬૦ ફૂટનો લાંબો હાર મુંબઈના તમામ સંતોએ સ્વામીશ્રીને અર્પણ કર્યો. આ હાર ૨૩૦ મહિલાઓએ ૧૬ દિવસ સુધી સ્વામિનારાયણ મંત્રજાપ કરતાં કરતાં બનાવ્યો હતો. મુંબઈના તમામ કેન્દ્રની બહેનોની આ ભક્તિભાવની વાત સાંભળીને સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'ખરી ભક્તિ તો એમની છે. આપણે તો હાર પહેરાવી દીધો, એમાં બધું આવી ગયું.'

•

તા. ૨૫-૫-૨૦૦૯, મુંબઈ

મુંબઈના પ્રસિદ્ધ સોલિસીટર માર્કંડભાઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેઓ સ્વામીશ્રીને કહે : 'એક પ્રશ્ન છે – ભગવાન પાસે માગી શકાય કે નહીં ?'

સ્વામીશ્રી કહે : 'પ્રાર્થના કરી શકાય, એનો વાંધો નથી.'

•

તા. ૨૭-૫-૨૦૦૯, મુંબઈ

વિખ્યાત લેખક કનુભાઈ દેસાઈ દર્શને આવ્યા હતા. તેઓએ એક પુસ્તક લખ્યું હતું. તેઓ સ્વામીશ્રીને કહે : 'ગાંધીજીનું કાર્ય જો કોઈ કરી રહ્યા હોય તો આપ એક જ છો. એટલે આ પુસ્તક આપને અર્પણ કરવું છે.'

સ્વામીશ્રીએ તેઓને આશીર્વાદ આપ્યા.

•

સ્વામીશ્રી આરામમાં જતા હતા. એ દરમ્યાન ધારીવાળા જય ચોકસીનો ફોન આવ્યો. તેઓના કાકાના દીકરા હૉસ્પિટલમાં બેભાન અવસ્થામાં હતા.

સ્વામીશ્રીનો અવાજ સંભળાય એ માટે એના કાનમાં ફોન રાખવામાં આવ્યો. એટલે સ્વામીશ્રીએ કહ્યું : 'જય સ્વામિનારાયણ. તારા માટે પ્રાર્થના કરીશું. સ્વામિનારાયણ.... સ્વામિનારાયણ.... ભજન કરજે. બધું મટી જાય અને સારું થઈ જાય એ પ્રાર્થના છે.'

•

તા. ૨૮-૫-૨૦૦૯, મુંબઈ

જાણીતા જ્યોતિષ ચંદ્રકાન્તભાઈ પાઠક સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. ધીરુભાઈ અંબાણી સાથે ઘરોબો ધરાવતા તેઓ સ્વામીશ્રીનાં દર્શને ખૂબ પ્રભાવિત થઈ ઊઠ્યા. તેઓ કહે : 'પ્રમુખસ્વામી મહારાજના કાન એટલા મોટા છે અને મુખ એટલું પ્રભાવક છે કે ઈશ્વરનો અંશ હોય એવું અનુભવાય છે.'

•

આજે જયપુરથી ફિઝિયોથેરાપિસ્ટ બાલમુકુંદ આવ્યા હતા. તેઓ સ્વામીશ્રીને કસરત કરાવી રહ્યા હતા. તેઓ કહે : 'મેં શ્રુતિપ્રકાશ સ્વામીની ટ્રીટમેન્ટ કરી અને શ્રુતિપ્રકાશ સ્વામીએ મને સંસ્કૃત શીખવ્યું.' એમ કહીને તેઓ निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम्.... ॥ એ શ્લોક બોલ્યા.

આ સાંભળીને સ્વામીશ્રી કહે : 'મુદ્દો આવડી ગયો. અક્ષરપુરુષોત્તમનો સિદ્ધાંત એમાં આવી ગયો.' આટલું કહી સ્વામીશ્રી કહે : 'એ શ્લોકમાં શું આવ્યું ?'

બાલમુકુંદ થોડી વાર સુધી મૌન રહ્યા. તેઓને અર્થ ન આવડ્યો, એટલે કહે : 'મૂળ તો અમારે તો એટલું જ સમજવાનું છે કે અમે તમણા અને તમે અમણા.'

સ્વામીશ્રી કહે : 'ભગવાન આપણા છે ને આપણે ભગવાનના છીએ, એ સમજી રાખવાનું છે.'

નારાયણચરણ સ્વામી કહે : 'ભગવાન ક્યાં દેખાય છે ?'

બાલમુકુંદ કહે : 'બધાનાં રૂપ આપમાં જ છે.'

સ્વામીશ્રી કહે : 'બધાનું રૂપ પાકું થઈ જાય એ તો બરાબર છે; પણ એ કેમ જીવ્યા..., કઈ રીતે જીવ્યા..., એ પ્રમાણે વર્તન કરવું. ખાલી જ્ઞાન નથી કરવું. ભગવાનની ભક્તિ સારી થાય એ રીતે કરવાનું છે.'

•

ભોજન દરમ્યાન જ્ઞાનપ્રિય સ્વામીએ કેનેડા સત્સંગ પ્રવૃત્તિની વાત કરી અને છેલ્લે કહ્યું : 'કેનેડામાં મંદી દૂર થાય એવા આશીર્વાદ આપજો.'

સ્વામીશ્રી તરત જ કહે : 'ખાલી કેનેડામાં જ ?'

જ્ઞાનપ્રિય સ્વામી કહે : 'આપ તો સર્વમંગલ છો, એટલે આપની વાત સાચી છે. અમે અમારી રીતે વિચારીએ, આપ સૌનું વિચારો એટલે પ્રાર્થના છે કે આખી દુનિયામાંથી મંદી દૂર થાય.'

સ્વામીશ્રી તેઓનો જવાબ સાંભળીને મર્માળુ હસ્યા.

•

તા. ૨૯-૫-૨૦૦૯, મુંબઈ

ડૉ. દવે સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેઓનું સ્વાસ્થ્ય સારું ન હતું. સ્વામીશ્રીએ એ આશીર્વાદ આપ્યા, એટલે તેઓ કહે : 'બાપા ! એ તો ઠીક, પણ ભવરોગનું શું ?'

સ્વામીશ્રી કહે : 'જોગી મહારાજ મળ્યા છે, એમની સેવા કરી છે, એમના આશીર્વાદ લીધા છે, એટલે ભવરોગ તો ગયો જ, અને ભગતજી મહારાજનું જીવન ચરિત્ર કાયમ વાંચતા હોય એને તો મહારાજ ભવરોગ રહેવા દેશે ?'

પ્રસંગમ્



જૂન ૨૦૦૯



‘રથયાત્રા ઉત્સવની પણ જય.
આ તો ફળિયામાં ઘોડો ફેરવી દીધો છે, તો દરેકને નિરાંતે બેઠાં બેઠાં મહારાજનાં દર્શન થયાં છે.
રથયાત્રા એટલે ભગવાનનો દૃઢ આશરો. ભગવાનનો આશરો એ બહુ મોટી વાત છે.
પાંડવોને ભગવાનનો આશરો હતો તો વિજય થયો.
ભગવાન ને સંતનો આશરો દૃઢ હોય તો કોઈ વાંધો આવે નહીં,
પણ વિશ્વાસ જોઈએ. વિશ્વાસે વહાણ ચાલે.
સાચા સંત મળે તો તે આપણને સાચો માર્ગ બતાવે છે.
એ માર્ગે ચાલીએ તો સર્વ પ્રકારે સુખ, સુખ ને સુખ, શાંતિ, શાંતિ ને શાંતિ છે.
પણ માણસને જ્યાં સુધી વિશ્વાસ ન આવે ત્યાં સુધી અશાંતિ રહે છે.
ભગવાનમાં શ્રદ્ધા રાખીને એમનાં વચનો સારધાર પાળીએ તો બધું સારું થઈ જાય.
યોગીજી મહારાજ જેવા સાચા ગુરુને આપણી લગામ આપી છે,
તો આપણને અક્ષરધામમાં પહોંચાડીને સર્વ પ્રકારે સુખિયા કરશે.’
– પ્રમુખસ્વામી મહારાજ

તા. ૧-૬-૨૦૦૯, મુંબઈ

ભ્રમણ કર્યા પછી સ્વામીશ્રી ખુરશી ઉપર વિરાજમાન હતા. સ્વાસ્થ્ય અને અવસ્થાના સંદર્ભમાં સામે બેઠેલા વિવેકસાગર સ્વામી કહે : 'તમને ક્યારેય એવું યાદ આવી જાય કે પહેલાં આપણે કેવું વિચરણ કરતા ! તમે તો ધોતિયું પકડીને ધમ્ ધમ્ કરતાં વેગપૂર્વક પધરામણીઓ કરતાં કરતાં આગળ નીકળી જાવ. સાથે હું હોઉં, કંઠી પહેરાવતો હોઉં, તે એ બધું કરવામાં પાછળ રહી જાઉં. મારે તો તમારી સાથે પહોંચવામાં દોડવું પડતું. અત્યારે તો પગલાં ગણી ગણીને ચાલવું પડે છે.'

સ્વામીશ્રી કહે : 'એ વખતે તો તાકાત હતી. એ ઘડીએ જવાન હતા ને ! કોઈ રોગ નહીં. શરીરમાં કશો પ્રશ્ન નહીં. શાંતિથી થતું. હવે તો ઍટેક થઈ ગયા. ભગવાન ચલાવે છે એટલે બધું થાય છે.'

સર્વ પરિસ્થિતિઓમાં સ્વામીશ્રીને એકમાત્ર બળ ભગવાનનું જ છે.

•

તા. ૨-૬-૨૦૦૯, મુંબઈ

એક હરિભક્તનો ફોન હતો. તેઓના સુપુત્ર માટે એક દીકરી જોઈ હતી, પસંદ હતી, પરંતુ છોકરીને મંગળ હોવાથી જ્યોતિષીઓ ના પાડતા હતા. તેઓએ સ્વામીશ્રીનો અભિપ્રાય પૂછ્યો.

સ્વામીશ્રી કહે : 'તમને બધાને ગમે છે ?'

'હા.'

'સામેવાળાને કેવું છે ?'

'એમને પણ વાંધો નથી, બધા રાજી છે.'

સ્વામીશ્રી કહે : 'તો સંબંધ કરી લેજો. આ નિમિત્તે જનમંગલના પાઠ કરજો.'

'અમે રોજ કરીએ છીએ.'

'તો પણ આ નિમિત્તે રોજ વધારાના પાંચ પાઠ કરજો.' સ્વામીશ્રીએ આ રીતે તેઓને સંમતિ આપી.

•

તા. ૩-૬-૨૦૦૯, મુંબઈ

યોગી સભાગૃહમાં સ્વામીશ્રી રોજ પ્રાતઃપૂજા કરે છે. પૂજા દરમ્યાન જુદા જુદા નામાંકિત કલાકારો આવીને પોતાની કળાની અભિવ્યક્તિ કરીને સ્વામીશ્રીના આશીર્વાદ મેળવે છે. સામાન્ય રીતે એકાદ આવા કાર્યક્રમ બદલ લાખો રૂપિયા લેતા કલાકારો પણ સ્વામીશ્રીની સેવામાં નિઃસ્વાર્થ ભાવે ઉત્સાહપૂર્વક આવે છે. આજે એક જુદો જ નજારો સૌએ નિહાળ્યો. એક સાથે અનેક વાદ્ય લઈને અનેક કલાકારો મંચ ઉપર ઉપસ્થિત હતા. સ્વામીશ્રીની પૂજાની ડાબી તરફ આ કલાકારો ગોઠવાયેલા હતા. સિતાર, વાંસળી, મૃદંગ, ઢોલક, તબલાં, નાલ, ઢોલ, વાઈબ્રોફોન, ગિટાર, બેઈઝગિટાર, કી-બોર્ડ તથા સાઈડ રીધમનાં અનેક નાનાં-મોટાં વાદ્યો સાથે ઉપસ્થિત આ કલાકારોની સંગતમાં જયદીપ સ્વાદિયાએ કીર્તનો ગાયાં. રેકોર્ડિંગ સ્ટુડિયોમાં જે વાતાવરણ હોય છે, એવું જીવંત નિદર્શન સ્વામીશ્રી પાસે કરવામાં આવ્યું. હરિભક્તો જે કીર્તનો કેસેટમાં સાંભળતા હોય છે, એનું આવું જીવંત નિદર્શન જોઈને સ્વામીશ્રી અને સૌ રાજી થયા.

•

મુલાકાતો દરમ્યાન લેબર કોર્ટના વકીલ સુભાષભાઈ ધોતિયા સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેઓ અહીંના આગળ પડતા વકીલ છે. તેઓના વ્યવહારુ પ્રશ્ન અંગે તેઓ પોલીસ ચોકીમાં ફરિયાદ નોંધાવવા ગયા હતા, ત્યારે ત્યાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેક્ટરે તેઓને

કહ્યું : 'આ બધી ઝંઝટમાં શું કામ પડો છો ? એના કરતાં પ્રમુખસ્વામી મહારાજ જેવા મહાન સંત અહીં વિરાજે છે, તો એમના આશીર્વાદ લઈ આવો. એનાથી બધું સારું જ થશે.'

પોલીસ ચોકીના પોલીસની આવી ભલામણથી તેઓ અહીં આવ્યા હતા. સ્વામીશ્રીના પ્રભાવનો સૌને એક જુદા દૃષ્ટિકોણથી પરિચય થયો.

•

કિશોરભાઈ ભૂપતાણી દર્શને આવ્યા હતા. તેઓ સ્વામીશ્રીને કહે : 'ભગવાન આપણા પર પ્રસન્ન છે તેની ખબર કઈ રીતે પડે ? લૌકિક ઇચ્છાઓ સિદ્ધ થાય ત્યારે કે બીજી અન્ય કોઈ રીતે ?'

સ્વામીશ્રીએ જાણે કે બીજો જ પ્રેરણાસંદેશ આપવો હોય એ રીતે કહ્યું : 'અંતરમાં ભક્તિ થાય એટલે ભગવાન રાજી થાય. ભગવાન પ્રધાન રહે, એટલે પ્રસન્નતા થાય.'

'પણ લૌકિક અર્થ સિદ્ધ થાય તો કહેવાય કે ન કહેવાય ?' કિશોરભાઈએ ફરીથી પ્રશ્નને દોહરાવ્યો.

છતાં પણ સ્વામીશ્રી કહે : 'ભગવાન માટે સર્વસ્વ સમર્પણ થઈ જાય એટલે પ્રસન્નતા થાય.'

જાણે કે સ્વામીશ્રી કહી રહ્યા હતા કે ભગવાનની સાચી પ્રસન્નતામાં લૌકિક કોઈ જ સંકલ્પોને સ્થાન નથી.

•

અમેરિકાથી એક હરિભક્તનો ફોન હતો. લગ્ન થયે ૧૧ વર્ષ થયાં હતાં, છતાં સંતાન ન હતું, ટ્રીટમેન્ટ ચાલુ હતી. સ્વામીશ્રીના આ સંદર્ભમાં આશીર્વાદ મળે અને સંકલ્પ પૂરો થાય એવી શ્રદ્ધાથી તેઓએ હમણાં ફોન કર્યો હતો; પરંતુ સ્વામીશ્રીએ તેઓને ઉત્તર આપતાં કહ્યું : 'સર્વકર્તા ભગવાન છે. ભગવાન ઉપર છોડવું. એમની ઇચ્છા હશે તો થશે. તમારો સંકલ્પ ભગવાન પૂરો કરે તે માટે પ્રાર્થના કરીશું. ભગવાન દયા કરે ને તમારો સંકલ્પ પૂરો થાય.'

•

પેટલાદ તાલુકાના એક ગામમાંથી એક યુવકનો પત્ર આવ્યો હતો. પત્રમાં શીર્ષક હતું – '૧૦૦% ભગવાન નથી.' આ શીર્ષક હેઠળ કારણો રજૂ કરતાં એ યુવકે લખ્યું હતું : 'પરદેશ જવાની પરીક્ષામાં નિષ્ફળતા મળી, છ વાર પરીક્ષા આપી. એજન્ટને ૫૦,૦૦૦ રૂપિયા આપેલા, તે રૂપિયા લઈને ભાગી ગયો. અમેરિકા-લંડનના વીઝા માટે પ્રયત્ન કર્યા, પણ નિષ્ફળતા મળી. આશીર્વાદ આપ્યા હતા છતાં સફળતા ન મળી. નીલકંઠ વર્ણીનો અભિષેક કર્યો હતો તો પણ નિષ્ફળતા મળી. દરેક કામમાં નિષ્ફળતા મળી છે, એટલે ભગવાન નથી જ. બીજાને સફળતા મળે ને મને જ કેમ આમ થાય છે ?'

સ્વામીશ્રીએ આખો પત્ર વાંચ્યો પત્રમાં ફોન નંબર હતો, તેથી કહ્યું : 'ફોન જોડો.'

ફોનમાં આશીર્વાદ આપતાં દૃઢતાભર્યા સ્વરે સ્વામીશ્રીએ કહ્યું : 'જો, ભગવાન તો છે જ. સર્વકર્તા ભગવાન છે. એમની ઇચ્છાથી બધું થાય છે. આપણને નિષ્ફળતા મળે એટલે ભગવાન નથી એમ માનવું નહીં. 'સર્વકર્તા ભગવાન છે' એમ સમજીને આપણે પૂજાપાઠ, સત્સંગ કરતા રહેવું. રોજ પ્રાર્થના કરીએ તો સારા વિચાર આવે ને સારા વિચાર રહે. નિષ્ફળતા મળે, પણ હિંમત ન હારવી. દાદાખાચરને શ્રીજીમહારાજે કેટલા આશીર્વાદ આપેલા, તો પણ કામ થયું નહોતું, પણ દાદાખાચરે મહારાજને છોડ્યા ન હતા. માટે બળ રાખજે ને ભજન કરજે, ભગવાન સારું કરશે.'

•

તા. ૪-૬-૨૦૦૯, મુંબઈ

એક યુવક દર્શને આવ્યો. એને સતત ડિપ્રેશન રહેતું હતું. સ્વામીશ્રીએ એને કહ્યું : 'કાયમ ભગવાનનું નામ લેવું. આપણી પાસે ઘર છે, સગાંઓ છે, માતાપિતા છે, ભગવાન પણ છે, તો ચિંતામાં શા માટે રહેવું ? ડિપ્રેશનમાં શા માટે રહેવું ? ચિંતા કરવી જ નહીં. મહારાજને સંભારજો, અમે પણ પ્રાર્થના કરીશું.'

•

મધુભાઈ જસાણી દર્શને આવ્યા. ૫૧ યોગેશ્વરો પૈકીના સાધુ થયેલા ને સાધુમાં દેવચરણ સ્વામી નામ ધરાવતા મધુભાઈને જોઈને સ્વામીશ્રી કહે : 'જૂના જોગી આવ્યા. જોગી બાપાને બહુ રાજી કર્યા હતા. જોગી બાપાને ચારે બાજુ તકિયા મૂકવાની શરૂઆત એમણે કરી હતી. બહુ પ્રેમથી સેવા કરી હતી.'

સ્વામીશ્રી કોઈની નાનામાં નાની સેવાને પણ ભૂલતા નથી.

•

તા. ૫-૬-૨૦૦૯, મુંબઈ

આજે પૂજામાં નવો ઠઠારો રચવામાં આવ્યો હતો. પંદર જેટલા વાયોલિન સાથે કલાકારો બેઠા હતા. સાથે સાથે વીણા ઉપર જાણીતા વીણાવાદક નારાયણમણિજી તથા સિતાર ઉપર શુક્લાજી અને ફ્લૂટ ઉપર વિખ્યાત વાંસળીવાદક રોનુ મજુમદાર તથા હાર્મોનિયમ ઉપર સંજય ધકાણ અને દિવ્યમુનિ સ્વામી બેઠા હતા. સ્ટુડિયોમાં રેકોર્ડિંગ વખતે જે નજારો જોવા મળે એ આજે અહીં સ્વામીશ્રીની દૃષ્ટિ માટે ખડો કરવામાં આવ્યો હતો. જયદીપ સ્વાદિયાના મુખ્ય કંઠે, દિલીપભાઈ ધોળકિયાનાં સ્વરબદ્ધ કરેલાં કીર્તનો *'આજ તો સૈયો મોરી...'*; *'છાંડી કે શ્રીઘનશ્યામ....'* વગેરે કીર્તનોનું ગાન પૂજા દરમ્યાન કરવામાં આવ્યું. આ કીર્તનોની પાછળ મુખ્યત્વે વાયોલિનના પીસ વાગતા હતા. એક સાથે પંદર વાયોલિનનો મધુર અવાજ સૌને ડોલાવી રહ્યો. છેલ્લે પૂજા પછી વાયોલિનમાં આ બધા જ કલાકારોએ ધૂન વગાડી. તબલા ઉપર સંગત મનોજ ભાટી કરી રહ્યા હતા અને એમાં પણ સ્વામીશ્રી જ્યારે કલાકારોની નજીક ગયા ત્યારે સૌ કલાકારોએ સુરેશ લાલવાણીના માર્ગદર્શન હેઠળ વાયોલિન ઉપર 'રન' વગાડીને સ્વામીશ્રીને ખૂબ રાજી કર્યા. ખાસ કરીને આજે વાયોલિન ઉપરાંત વાયોલા અને ચેલો વગેરે વાયોલિન કુળના તમામ વાદ્યો અહીં હાજર હતા.

છેલ્લે સ્વામીશ્રી સમક્ષ ચેલો લઈને બે કલાકારો આવ્યા. સ્વામીશ્રીની બંને બાજુએ ચેલો રાખવામાં આવ્યા હતા. જમણા હાથે બૉ લઈને સ્વામીશ્રીએ ચેલો વગાડીને સૌને સ્મૃતિ આપી. તો વળી ડાબા હાથે પણ લઈને ડાબી તરફ રાખવામાં આવેલા ચેલોને પણ સ્વામીશ્રીએ વગાડ્યું. સૌ આ દિવ્ય સ્મૃતિ માણીને ખૂબ રાજી થયા.

મુલાકાત દરમ્યાન આ દરેક કલાકારને સ્વામીશ્રીએ વ્યક્તિગત રીતે આશીર્વાદ આપીને કહ્યું : 'ભગવાન આગળ આપે આ રજૂ કર્યું તો ભગવાન સર્વ પ્રકારે સુખી કરશે.'

•

અજયભાઈ નામના એક મુમુક્ષુ દર્શને આવ્યા હતા. વાશીમાં સંસ્થા આર્ટ ગૅલેરીનું નિર્માણ કરી રહી છે. આ નિર્માણ કાર્યમાં નડતરરૂપ કેટલાંક વૃક્ષોને કાપવાનાં હતાં અને એ વૃક્ષોને કાપવા માટે પહેલાં જાહેર નોટિસ આપવી પડે. સંસ્થાએ નોટિસ આપી અને અજયભાઈ નામના એક સમાજસેવકે વિરોધ નોંધાવ્યો. બી.એ.પી.એસ. આર્ટ ગૅલેરી બાંધી રહી છે એનો તેઓને ખ્યાલ હતો, પરંતુ બી.એ.પી.એસ.ને તેઓ જાણતા ન હતા. એટલે તેઓએ વિરોધ નોંધાવ્યો. તેઓનો સંપર્ક કરવા માટે કોઠારી અભયસ્વરૂપ સ્વામીએ ત્યાં રહીને નિર્માણ-કાર્યમાં નજર રાખી રહેલા નરેન્દ્રભાઈ સોલંકીને અજયભાઈ પાસે મોકલ્યા. વાતચીતમાં નરેન્દ્રભાઈએ કહ્યું કે 'આ તો પ્રમુખસ્વામી મહારાજનું કાર્ય છે.'

'આ બી.એ.પી.એસ. સંસ્થા પ્રમુખસ્વામી મહારાજની છે ?'

'હા.'

'તો તો મારો વિરોધ હું પાછો ખેંચી લઉં છું, કારણ કે પ્રમુખસ્વામી મહારાજ મહાન સંત છે. એમનું કાર્ય પણ મહાન છે, લોકોના કલ્યાણ માટે છે. મેં હજી એમનાં દર્શન કર્યાં નથી, પણ છેલ્લાં દસ વર્ષથી હું પ્રમુખસ્વામીનો ફોટો મારા ઘરમાં રાખું છું.'

આટલું કહીને તેઓએ કહ્યું કે 'મારો વિરોધ તો પાછો ખેંચી લઈશ, પણ બીજી પરવાનગીઓ જોઈતી હોય ત્યારે હું મદદ પણ કરીશ.'

આ વાત નરેન્દ્ર સોલંકીએ કોઠારી અભયસ્વરૂપ સ્વામીને કરી. એ વખતે અભયસ્વરૂપ સ્વામી સ્વામીશ્રી આગળ જ હતા. સ્વામીશ્રીએ અજયભાઈને ફોનથી આશીર્વાદ આપ્યા. સંસ્થાના કાર્યમાં મદદ કરવાના સંકલ્પની જાહેરાત કરનારને પણ સત્પુરુષનો સુયોગ પ્રાપ્ત થઈ જતો હોય છે.

•

ઠાકોરજી જમાડતી વખતે સરલજીવન સ્વામીએ બેંગલોરની સત્સંગપ્રવૃત્તિનો ચિતાર આપ્યો. સ્વામીશ્રી રિપોર્ટ સાંભળી રહ્યા હતા. ભોજનના અંત ભાગમાં એક હાથમાં ઉકાળા માટેનો ગ્લાસ હતો. જમણા હાથમાં ગોળી હતી. સ્વામીશ્રીના કાન સરલજીવન સ્વામીના રિપોર્ટમાં વ્યસ્ત હતા. આંખથી એમના તરફ જ દૃષ્ટિ કરતા હતા અને એવામાં કપાળના જમણા ભાગ ઉપર તેઓને ખંજવાળ આવતાં, ડાબા હાથે પકડેલા ગ્લાસની ધાર વડે સ્વામીશ્રીએ ખંજવાળી લીધું

અને એ રીતે વિશિષ્ટ સ્મૃતિ આપી.

•

યુવાન સત્સંગી સંદીપ મહેતા મુંબઈની પ્રતિષ્ઠિત સોલિસીટર ફોર્મમાં સોલિસીટર છે. સંસ્થાના કાર્યમાં તેઓ પોતાની સેવાઓ પણ આપે છે. આજે સંસ્થાકીય કાર્ય માટે તેઓ સ્વામીશ્રીની સાથે મિટિંગમાં બેઠા હતા. મિટિંગના અંતે ભૂમિભ્રમણ માટે સ્વામીશ્રી ઊભા થતા હતા. ઊઠતી વખતે નારાયણચરણ સ્વામી કહે : 'આ આપણા સુપ્રીમ કોર્ટના વકીલ.'

સંદીપ કહે : 'ના, ના, ના... હું તો સેવક છું.'

સ્વામીશ્રી આ સાંભળીને કહે : 'બસ, આપણે તો એ જ રાખવાનું છે. આપણે તો શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના સેવક છીએ, દાસ જ છીએ.'

નારાયણચરણ સ્વામી કહે : 'સંદીપને એવા આશીર્વાદ આપો કે કોર્ટમાં જે બોલે એની અસર જજ ઉપર પડે.'

સંદીપ મહેતા કહે : 'એના કરતાં મારામાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, ધર્મ-નિયમ દૃઢ થાય એવા આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી કહે : 'નિયમ છે તો જ બધું છે. એ ખ્યાલ રાખવો. એ ક્યારેય ચૂકવા નહીં.'

•

તા. ૬-૬-૨૦૦૯, મુંબઈ

એક યુવક દર્શને આવ્યો. સ્વામીશ્રીને કહે : 'કૉલેજ ચાલુ થયા પછી મારો સત્સંગ ઓછો થઈ ગયો હોય એવું લાગે છે.'

સ્વામીશ્રી કહે : 'સત્સંગના પ્રતાપે જ કૉલેજોમાં એડ્મિશન મળ્યું છે. લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સમાં શ્રીજીમહારાજના પ્રતાપે એડ્મિશન મળ્યું છે, તો હવે આપણે એ ભૂલવું નહીં અને સત્સંગ બરાબર દૃઢ કરવો. સત્સંગની સભાઓ ભરવી અને પ્રવૃત્તિમાં પણ ભાગ લેવો.'

•

એક કાર્યકર દર્શને આવ્યા. તેઓની દીકરીને એક પરજ્ઞાતીય યુવક સાથે પ્રેમ થઈ ગયો હતો. એ પણ સત્સંગી હતો. એટલે સ્વામીશ્રી પાસે તેઓ અભિપ્રાય લેવા આવ્યા. સ્વામીશ્રીને પોતાના દિલની વાત કરી. સ્વામીશ્રીએ તરત જ કહ્યું : 'સત્સંગી આપણી નાત અને જાત કહેવાય. સત્સંગી છે એ બધી રીતે સુખી થશે. જ્ઞાતિમાં હોય પણ સત્સંગી ન હોય તો દુઃખી થાય, એના કરતાં બંનેનું મન મળે છે તો લગ્ન કરજો, સુખી થશે. આશીર્વાદ છે.'

•

તા. ૭-૬-૨૦૦૯, મુંબઈ

સુરતથી મુનિવંદન સ્વામીનો ફોન આવ્યો. તેઓએ વાત કરતાં કહ્યું કે 'હરજીવનભાઈ જાદવ અહીં હરિભક્ત છે. તેઓના એક દીકરા સાધુ છે. એમનો બીજો દીકરો હતો એ ગઈકાલે એક્સિડન્ટમાં ધામમાં ગયો. અમને સૌને ખૂબ દુઃખ થયું. અમે સંતો એમના ઘરે આશ્વાસન આપવા ગયા તો હરજીવનભાઈના ઘરવાળાએ તો સાકરનો તાસ ભરીને મોકલાવ્યો ને કહેવડાવ્યું કે બધાને સાકર વહેંચો, દીકરો ભગવાનની સેવામાં બેઠો છે. આવી એમની નિષ્ઠા ને સમજણ છે. આપ આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી તેઓની સમજણ ઉપર ખૂબ પ્રસન્ન થઈ ગયા. હરજીવનભાઈને ફોનમાં આશીર્વાદ આપતાં તેઓએ કહ્યું : 'તમારો દીકરો ભગવાનના ધામમાં બેસી ગયો. ઘરમાં બધાને નિષ્ઠા અને સમજણ છે અને નિષ્ઠાવાળું કુટુંબ છો. દીકરો તો મુક્ત હતો, તે તો ધામમાં જ બેઠો છે. તમને બધાને બળ છે ને કાયમ રહે અને તને, મને, ધને સુખિયા થાવ તે આશીર્વાદ છે. મહારાજનું બળ છે ને રાખજો.'

•

એક પત્ર આવ્યો હતો. વિદ્યાર્થીએ લખ્યું હતું કે મેં બી.ટેક. પૂરું કર્યું છે. આગળ ભણવા માટે CATની પરીક્ષા આપી. મહેનત કરી ન હતી. મને તો પાસ થવાની પણ આશા ન હતી. પરીક્ષામાં ચોરી કરીને થોડા પ્રશ્નોના જવાબ લખ્યા અને પરીક્ષાનું પરિણામ ધાર્યા કરતાં જુદું જ આવ્યું. મારે ૯૬% આવ્યા. હવે એમ.ટેક. ભણવા માટે ફોર્મ ભર્યું છે પણ મૂંઝવણ છે કે શું કરવું ? આગળ ભણવું કે નોકરી કરવી ? આપ આજ્ઞા કરો એમ કરું.'

આ ફેક્સ વાંચીને સ્વામીશ્રીએ જવાબ લખાવ્યો કે ચોરી કરીને પાસ થયા છો તો એના પ્રાયશ્ચિત્ત રૂપે બે ઉપવાસ કરી લેજો, ને સાથે સાથે ફરીથી આવી ભૂલ ન થાય એ જાણપણું રાખજો. એક માળા પૂજામાં વધારે

ફેરવજો અને ફરી વાર મહેનત કરીને આગળ ભણવાનું હોય તે ભણજો.'

•

તા. ૮-૬-૨૦૦૯, મુંબઈ

એક જાણીતા વકીલ દર્શને આવ્યા. બે ઉદ્યોગપતિ ભાઈઓના આપસમાં ઝઘડાથી તેઓ ચિંતિત હતા એટલે સ્વામીશ્રીને કહે : 'આપ કાંઈક દયા કરો તો બંનેમાં સંપ થાય, બાકી તો એકબીજાનો જાન લેવા સુધીની રીસ એકબીજાને છે.'

સ્વામીશ્રી કહે : 'ભગવાને ઘણું આપ્યું છે, નકામું લડાઈ-ઝઘડામાં પડે તેનો અર્થ શું ? સંપીને કરે તો હજી પણ પ્રગતિ થાય.'

•

ભોજન દરમ્યાન અહીંના પૂજારી કલ્યાણદર્શન સ્વામીએ વાંચન માટે 'અક્ષરાનંદ સ્વામીની વાતો'નું પુસ્તક હાથમાં લીધું. એ જોતાં સ્વામીશ્રી કહે : 'પેલા સ્વામીને આપો.'

બાજુમાં અખંડમુનિ સ્વામી બેઠા હતા. સ્વામીશ્રીએ તેઓને વાંચવાની આજ્ઞા કરી. હાથમાં પુસ્તક લેતાં ગદ્‌ગદભાવે અખંડમુનિ સ્વામી કહે : 'પંદર દિવસ પહેલાં હું ખાનદેશથી આપનો લાભ લેવા આવ્યો ત્યારે મને સંકલ્પ થયો હતો કે બાપા મને સામેથી વાંચવાનું કહે તો સારું. આજે આપે આ સંકલ્પ પૂરો કર્યો.'

•

તા. ૯-૬-૨૦૦૯, મુંબઈ

યોગી સભાગૃહના મંચ ઉપર આજે એક નવો નજારો જોઈ શકાતો હતો. ડ્રમપેટ, સિમ્બલ, ઓક્ટોપેડ અને વેસ્ટર્ન અને સાઇડ રીધમનાં અનેક નાનાં-મોટાં વાદ્યોથી માંડીને તપેલાં, બેગ અને પાણી ભરવાની મોટી બૉટલ જેવાં ઘરગથ્થુ અને હાથવગાં વાદ્યો ટેબલ ઉપર ગોઠવવામાં આવ્યાં હતાં. આ સાજસરંજામ સુવિખ્યાત વેસ્ટર્ન રીધમિસ્ટ શિવમણિના હતા. તેઓએ સ્વામીશ્રીની પૂજા દરમ્યાન વેસ્ટર્ન રીધમ અને સંતૂર જેવાં વાદ્યોના સંયોજન કરીને અહીં મૂકેલાં ૨૦-૨૫ જેટલાં સાઇડ રીધમનાં ઉપકરણો તથા રીધમનાં ઉપકરણોમાંથી કર્ણમંજુલ સ્વરહાર ગૂંથ્યો. વ્યક્તિ એક જ, પરંતુ હાથ-પગથી માંડીને શરીરનાં ઘણાં અંગોના ઉપયોગ દ્વારા એમણે સુંદર સંગીત નીપજાવ્યું. તેઓની કર-કરામત વડે નીપજેલા મંજુલ સૂરો સૌના પગ થિરકાવવા માટે પૂરતા હતા. એમાં પણ તપેલાં જેવાં ઘરઘરાઉ વાસણોમાંથી નીપજતું સંગીત, પાણીના ઉપયોગ દ્વારા સૂરને બદલીને નીપજતું સંગીત અને પાણીના ખાલી બાટલામાંથી નીપજતા સંગીતથી માંડીને સૂટકેસમાંથી નીપજતા સંગીતનું સંયોજન અદ્‌ભુત હતું. સ્વામીશ્રી પણ આ સ્વર-રસ-માહોલમાં પોતાની દૃષ્ટિને અવારનવાર સંયોજીને દિવ્યતાના સૂરો રેલાવીને સ્મૃતિ આપતા હતા.

પૂજા પૂરી થયા પછીનો તબક્કો સૂટકેસ ઉપર દાંડી પીટવાનો હતો. આ સૂટકેશ લઈને શિવમણિ સ્વામીશ્રી પાસે આવ્યા અને બે દાંડી સ્વામીશ્રીના હાથમાં આપી. સ્વામીશ્રીએ દાંડી વડે બેગને વગાડી, સૂર નિપજાવ્યો, સાથે સાથે એ દાંડી તેઓના માથા ઉપર પણ હળવેથી વગાડી. તાલબદ્ધ રીતે દાંડી પીટીને સ્વામીશ્રીએ તેઓને એક દિવ્ય અનુભવ કરાવ્યો. પછીથી તેઓએ વાત કરતાં કહ્યું હતું કે 'હજુ સુધી આ રીતે મને ફક્ત બે જ વ્યક્તિએ માથા ઉપર શક્તિપાત કર્યો છે. એક તો દલાઈ લામા અને આજે આ સ્વામીશ્રીએ. એમાં પણ સ્વામીશ્રીએ જ્યારે મને પહેલો જ સ્પર્શ કર્યો ત્યારે મારા અંતરમાં થયેલી દિવ્ય ઝણઝણાટીનો અનુભવ અત્યંત આનંદ ને શાંતિના પ્રદેશમાં લઈ જનારો હતો.'

વરસોથી તેઓ સિદ્ધિવિનાયકના ભક્ત છે. સિદ્ધિ-વિનાયકના મંદિરે દર મંગળવારે સવારે ૫:૩૦ વાગે પહોંચીને તેઓ ડફ સાથે આરતી કરે છે. આજે પણ મંગળવાર હતો. સિદ્ધિવિનાયકની આરતી કરીને તેઓ અહીં આવ્યા ને અહીં પણ અક્ષરપુરુષોત્તમ મહારાજ સમક્ષ મંગળા આરતીમાં નગારું વગાડીને પોતાની ભક્તિ અદા કરી. તેઓની ઇચ્છા તો દર બુધવારે અહીં મંદિરે નગારું વગાડવા આવવાની હતી. ભારતના આ ક્ષેત્રના શ્રેષ્ઠતમ કલાકાર આજે સ્વામીશ્રીની પૂજામાં પોતાની કળા પાવન કરી ધન્યતા અનુભવતા હતા. સ્વામીશ્રીએ પણ તેઓને ખૂબ લાભ આપ્યો.

સ્વામીશ્રી દાંડી પીટ્યા પછી આશીર્વાદ આપતાં કહે : 'आप सिद्धिविनायक हर मंगलवार को जाते है, तो जीवन में रिद्धिसिद्धि होगी और आज भगवान की पूजा में ये सब बजाया है तो भगवान का आशीर्वाद है

– सब तरह से आप सुखी बनेंगे और आपको जीवन में शांति मिलेगी। आपने बहुत अच्छा बजाया।'

આટલું કહીને સૂટકેસ, પાણીનો બાટલો, તપેલાં વગેરે ઉપર નીપજતા સંગીત પ્રત્યે સ્વામીશ્રીએ ખૂબ આશ્ચર્ય વ્યક્ત કર્યું ને રાજીપો પણ દર્શાવ્યો. વારે વારે તેઓને સ્વામીશ્રી આશીર્વાદ પણ આપતા હતા. વળી, તેઓના વાદ્યસમૂહની નજીક વ્હીલચૅરમાં પધાર્યા ત્યારે કોજોનિટો નામનું બૉક્સ પણ સ્વામીશ્રીએ વગાડ્યું અને એ રીતે તેઓને વિશિષ્ટ સ્મૃતિ આપ્યા પછી સ્વામીશ્રીએ સ્વયંસ્ફૂર્ત રીતે કહ્યું : 'हमारे बडे प्रसंग में बुलायेंगे।'

સામેથી સેવા આપવા બદલ શિવમણિજીએ ધન્યતા વ્યક્ત કરી. સામાન્યતયા શિવમણિજી તેઓના એક પ્રોગ્રામના લાખો રૂપિયા લે છે. આજે તેઓ સેવામાં આવ્યા, હંમેશાં સેવામાં આવવાની ઇચ્છા વ્યક્ત કરી. તેઓ સ્વામીશ્રીના આશીર્વાદથી ધન્યભાગી બન્યા.

•

ડૉ. ભગુભાઈ પટેલ(ભગુ દાદા)એ શાસ્ત્રીજી મહારાજની પણ સેવા કરી હતી ને વરસોથી યોગીજી મહારાજ અને સ્વામીશ્રીના અંગત ડૉક્ટર તરીકે પણ ખૂબ સેવાઓ આપી હતી. હવે ઉંમરને કારણે ગાત્રો શિથિલ થયા પછી પણ સ્મૃતિભ્રંશ હોવા છતાં આખો દિવસ માળા, ભજન અને આરતી કરે છે. હવે આંખમાં પણ દેખાતું ઓછું થયું છે. આજે સ્વામીશ્રીએ તેઓને જોયા એટલે સ્વામીશ્રી જ મહિમા કહેવા લાગ્યા કે 'તમે તો બહુ જ ભજન કરો છો ! શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ બેયના તમારા ઉપર હાથ પડ્યા છે અને સેવા થઈ છે. હવે તો મહારાજ મળ્યા છે તો ભજન કરતાં કરતાં પહોંચી જવાય એ આશીર્વાદ છે. છોકરા પણ સારા છે. તમારી સેવા મહિમાથી કરે છે. કારણ કે તમે પણ એવી ભક્તિ કરી છે. તમે આવ્યા, તમારાં દર્શન થયાં, બહુ આનંદ થયો. સંતોને પણ તમારાં દર્શન થયાં. બધા રાજી થયા છે.'

સ્વામીશ્રીના મુખમાંથી ભાવપૂર્વક વહેતા એક એક ઉદ્‌ગારમાંથી એમની હરિભક્તો પ્રત્યેની મહિમાભરી દૃષ્ટિનાં દર્શન થતાં હતાં.

•

એક હરિભક્ત દર્શને આવ્યા. તેઓએ સ્વામીશ્રી સમક્ષ પોતાની વીતક રજૂ કરતાં કહ્યું : 'મારા પિતાશ્રીને બહુ દેવું થઈ ગયું હતું. અમે બંને દીકરાઓ એ સમયે મુંબઈમાંથી નીકળીને બીજે કમાવા જતા રહ્યા હતા. એ દરમ્યાન લેણદારોની ધોંસ વધતાં પિતાશ્રીએ આપઘાત કરી નાખ્યો. ત્યારથી મનમાં એવો અપરાધભાવ રહ્યા કરે છે કે અમે લોકો બહાર નીકળી ગયા એને કારણે જ પિતાજીને આ કરવાનો વારો આવ્યો.'

સ્વામીશ્રીએ તેઓને સમજાવ્યા કે 'તમારો એવો ઇરાદો હતો નહીં, અને મૃત્યુ તો પ્રારબ્ધ પ્રમાણે થતા હોય છે. માટે એવો કોઈ ભાર રાખવો નહીં. અને પ્રાર્થના કરતા રહેજો. મહારાજ દયા કરશે. મનમાંથી એ ભાવ કાઢી નાખજો.'

•

તા. ૧૧-૬-૨૦૦૯, મુંબઈ

આજે સુદર્શન ક્રિયાના પ્રવર્તક જાણીતા ધર્મગુરુ શ્રી શ્રી શ્રી રવિશંકરજી આવવાના હતા. અહીંના યોગી સભાગૃહમાં તેઓનો એક સત્સંગ સમારંભ એમના ભક્તોએ ગોઠવ્યો હતો. તેઓને ખ્યાલ આવ્યો કે પ્રમુખસ્વામી મહારાજ અહીં વિરાજે છે, એટલે સ્વામીશ્રીને મળવાની ઇચ્છા તેઓએ પ્રદર્શિત કરી.

જમ્યા પછી તેઓ સ્વામીશ્રીની મુલાકાતે આવવાના હતા. સ્વામીશ્રીએ તેઓ માટે ખાસ સોફો મુકાવ્યો. જોકે તેઓને એમના ચાહકો છોડે એમ ન લાગતાં સેક્રેટરીએ કહેવડાવ્યું કે 'તેઓ નહીં આવી શકે.' બહાર ભીડ વીંધીને તેઓ તિલક બ્રિજ સુધી પહોંચ્યા ત્યાં ફરીથી શ્રી શ્રી શ્રી રવિશંકરજી બોલ્યા કે 'પ્રમુખસ્વામી કે દર્શન કે બિના હમ આગે નહીં જા સકતે.' એટલે ત્યાંથી ગાડી પાછી લેવડાવી અને લગભગ ૯:૧૫ વાગ્યા પછી તેઓ સ્વામીશ્રી પાસે આવ્યા. સ્વામીશ્રીને ભગવી શાલ ઓઢાડી અને ફળોના કરંડિયા અર્પણ કર્યા. સ્વામીશ્રીએ પણ સામે તેઓને સફેદ શાલ ઓઢાડી અને ત્યારપછી તેઓ આસન ઉપર વિરાજમાન થયા.

શ્રી શ્રી શ્રી રવિશંકર કહે : 'मेरे वहाँ जो कोई देश या विदेश से आते हैं, उन सबको बोलता हूँ कि दिल्ली जा के अक्षरधाम के दर्शन करो। अभी मैं एटलान्टा भी गया था, वहाँ भी बहुत अच्छा मन्दिर

बनाया है। मैने वहाँ प्रवचन किया था। हमारे धर्म को आपने हि जागृत किया है, मन्दिर बना के शाश्वत कर दिया है।' વળી તેઓ કહે : 'अक्षरधाम पूरे हिन्दू समाज के लिये गौरव है। वहाँ सब देख के हिन्दू धर्म के लिए सबको गौरव होता है। विदेश से एम्बेसेडर जो आते हैं, सब को मैं बोलता हूँ कि अक्षरधाम जा के आओ।'

સ્વામીશ્રી કહે : 'હમારે ગુરુ યોગીજી મહારાજ કા સંકલ્પ થા. ઈસલિએ ઐસા મંદિર હુઆ.'

શ્રી શ્રી શ્રી રવિશંકર કહે : 'ગુરુ કા સંકલ્પ આપને સાકાર કર દિયા.'

•

તા. ૧૨-૬-૨૦૦૯, મુંબઈ

શૈલેશભાઈ હરિભક્તિ નામના એક સજ્જનને સ્વામીશ્રી મળ્યા. બાવીસ જેટલી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં તેઓ કમિટી મેમ્બર તરીકે છે. બોમ્બે સ્ટોક એક્સચેન્જ અને ઇન્ડિયન ચેમ્બર ઑફ મર્ચન્ટ વગેરેની કમિટીમાં તેઓ અગ્રેસર છે. ઇન્ટરનેશનલ એકાઉન્ટ સિસ્ટમની કમિટીના પણ તેઓ સલાહકાર પણ છે. આવી અનેક સંસ્થાઓમાં તેઓનું યોગદાન ખૂબ છે. આજે પહેલી જ વખત સ્વામીશ્રીનાં દર્શન તેઓ કરતા હતા. સ્વામીશ્રીનાં પ્રથમ દર્શને જ તેઓ બોલી ઊઠ્યા : 'What a radiant presence. આપનું કામ મેં જોયું છે. દુનિયામાં આપના જેવું કામ ભાગ્યે જ કોઈ કરતું હશે ! સમાજના ઉત્થાનનું સુંદર કાર્ય આપ કરો છો.'

સ્વામીશ્રી કહે : 'ભગવાનની ઇચ્છાથી અને કૃપાથી એ બધું થાય છે.'

શૈલેશભાઈ કહે : 'હું પણ માનું છું કે બધા નિમિત્ત જ છીએ.'

સ્વામીશ્રી કહે : 'હા, બધા નિમિત્ત જ છીએ. તમારામાં રહીને પણ ભગવાન પ્રેરણા કરે છે. સૌમાં ભગવાન પ્રેરણા કરે છે.'

૧૯૮ મુલાકાત દરમ્યાન પણ તેઓ અહીં બેઠા હતા. સ્વામીશ્રીની ૯૦ વર્ષની ઉંમરે નાના-મોટા સૌને મળવાની તમન્ના અને ઉત્સાહ જોઈને તેઓ ખૂબ જ પ્રભાવિત થયા. તેઓ છેલ્લે બોલી ઊઠ્યા : '૯૦ વર્ષે પોતાના ભોજનની ચિંતા કર્યા વગર આ રીતે મળવું એ ભગવાનની શક્તિ સિવાય થઈ શકે એમ જ નથી. આપની આ મુલાકાતો જોઈને મને ખૂબ સંતોષ થયો અને ખૂબ જાણવા પણ મળ્યું.'

•

હરિચિંતન સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું : 'આ વખતે બાળકાર્યકરોને બોલાવીને વિશેષ નિયમ તરીકે દરેક કાર્યકર એક-એક મિત્રને સત્સંગમાં લાવે એવું આયોજન કર્યું છે.'

સ્વામીશ્રી કહે : 'મહારાજના ૫૦૦ પરમહંસો એ જ કરતા હતા ને ! મહારાજની આજ્ઞા પ્રમાણે બધે જતા, બધે ફરતા, પાંચને સત્સંગી કરીને જમતા. સંતોએ માર પણ ખાધા ને અપમાન પણ સહન કર્યાં, છતાં પાછા ન પડ્યા. એમ છોકરાઓ નીકળી પડશે તો કામ થશે.'

હરિચિંતન સ્વામી કહે : 'આપ ૮૯ વરસે જે રીતે ભીડો વેઠો છો, દાખડો કરો છો, એના હિસાબમાં તો અમે ક્યાં કંઈ કરીએ છીએ ?'

સ્વામીશ્રી કહે : 'આ (શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની મૂર્તિ સમક્ષ નિર્દેશ કરીને) દાખડો કરી ગયા છે એના ઉપર જ આપણું જીવન છે. શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ જે રીતે જીવ્યા છે ને કરી ગયા છે, એમાંથી પ્રેરણા મળે છે અને કરીએ છીએ.'

•

તા. ૧૪-૬-૨૦૦૯, મુંબઈ

આજે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી અશોક ચવ્હાણ દર્શને આવવાના હતા. સમય થતાં પહેલાં સ્વામીશ્રીએ સાહજિક પ્રકૃતિ પ્રમાણે પૂર્વતૈયારી માટે સૂચનો આપ્યાં ને પછી થઈ રહેલી તૈયારીઓને શાંતિથી જોતા રહ્યા. ઘણી વાર સુધી આમ જોતા રહ્યા એટલે બ્રહ્મવિહારી સ્વામીએ પૂછ્યું : 'શું વિચાર કરો છો ?'

સ્વામીશ્રી કહે : 'આપણે શું વિચાર કરવાનો હોય ? કોઈ વિચાર કરવાનો છે જ નહીં, પણ મોટા માણસો આવે એટલે ઠઠારો કરવો પડે ને ? જોગી બાપા કહેતા કે ઠઠારો કરવો. જોગી બાપા તો એવા કે કોઈ આવવાનો હોય તો પંદર મિનિટ પહેલાં આઘા-પાછા થવા મંડે.' એમ કહીને બહુ હસ્યા.

યજ્ઞેશ સ્વામી કહે : 'આપ પણ યોગીજી મહારાજ જેટલી જ ચિંતા કરો છો ને ?'

સ્વામીશ્રી કહે : 'હું એમના વંશમાંથી આવેલો કહેવાઉં ને ! એટલે એમણે જે કર્યું એમાંથી થોડું તો કરવું પડે ને ?' આટલું કહીને વળી હસી પડ્યા.

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'આ ઉંમરે પણ એક સાથે પચાસ વસ્તુનો સમાંતર વિચાર કરી શકો છો, એ બહુ મોટી વાત છે !'

સ્વામીશ્રી કહે : 'હવે એવું નથી રહ્યું !'

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'પણ જે સમયે જે કામ કરવાનું હોય એ આપને યાદ આવી જાય છે, એ બહુ મોટી વાત કહેવાય ! અને આ ઉંમરે હજી મુખ ઉપર કરચલી પણ દેખાતી નથી.'

સ્વામીશ્રી કહે : 'મહારાજ-સ્વામીની દયા છે, એટલે તબિયત સારી રાખે છે.'

•

મહારાષ્ટ્ર રાજ્યના મુખ્યમંત્રી અશોકરાવ ચવ્હાણ દર્શન માટે આવી પહોંચ્યા. સ્વામીશ્રીએ તેઓ માટે સોફો ગોઠવાવી રાખ્યો હતો. સ્વામીશ્રી આગળ તેઓ આવ્યા, બે હાથ જોડ્યા. સ્વામીશ્રીએ હાર પહેરાવીને તેઓને સન્માન્યા ને કહ્યું : 'आप यहाँ पधारे बहुत आनंद हुआ।'

અશોકરાવ કહે : 'आपसे मिलकर बहुत खुशी हुई।'

સ્વામીશ્રી કહે : 'भगवान के आशीर्वाद से आपको ये पद मिला है। भगवान ने शक्ति दी है, भगवान ने ऐसा स्थान दिया है तो सबकी सेवा हो और भेदभाव न हो ऐसा आशीर्वाद है।'

અશોકરાવ કહે : 'हमारे घर में ईश्वर की भक्ति, ध्यान पहले से ही होता रहता है।'

આટલું કહીને વળી તેઓ કહે : 'जब लातूर और उस्मानाबाद में भूकंप आया तब आपके स्वयंसेवकों ने पीडितों का जीवन दुबारा बनाने के लिये बहुत अच्छी सेवा की है। आपकी संस्था ने बहुत सेवा की है। आपकी संस्था का डेडीकेशन दिल से है। महाराष्ट्र में अंदर के जो जिल्ले हैं, उस में पढाई का माहोल नहीं है। यदि आपकी संस्था उस जिल्ले में शिक्षण के लिए कुछ करना चाहे तो हम जरूर मदद करेंगे। शिक्षण के बगैर कुछ नहि होता है ऐसा मैं मानता हूँ।'

સ્વામીશ્રી કહે : 'लेकिन संस्कार और केळवणी मिलने से आदमी अच्छा रास्ता लेता है, और दूसरों का भी भला करता है।'

સ્વામીશ્રીએ તેઓને પાયાની વાત કરતાં કહ્યું : 'धर्म सब कुछ सिखाता है। सब कुछ करो, लेकिन समाज को नहीं भूलो, लोगों को नहीं भूलो; भक्ति करो, लेकिन समाज को भूलके नहीं।'

છેલ્લે સાયન વિસ્તારના નગરસેવક ઉપેન્દ્ર દોશી અને યુવા કૉંગ્રેસના અગ્રેસર મોહનસિંહને પણ સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા.

•

સ્વામીશ્રીના જૂના વિચરણની વાતો થઈ. ટ્રેનમાં પણ સ્વામીશ્રી થર્ડ ક્લાસમાં જતા અને ઘણી હાડમારી વેઠતા, એ સંદર્ભોની વાત થતાં સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજનો એક કાયદો હતો કે ગાડીના સમયથી પંદર મિનિટ વહેલાં તો પહોંચી જ જવું. આપણે એક બાજુ પોટલાં તૈયાર કરી બાંધતા હોઈએ ને એ તો બેસે જ નહીં, નીકળી જ જાય.'

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'આપે પણ જે સહન કર્યું છે એટલું બીજા કોઈએ કર્યું નથી, એટલે બીજા કોઈથી કાંઈ બોલાય એવું નથી.'

સ્વામીશ્રી કહે : 'આગળ જે થઈ ગયા, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ, એમણે જે સહન કર્યું છે એની વાત કરો ને ! એમને તો માર પણ ખાવા પડ્યા છે ! આપણે તો એવું ક્યાં કર્યું છે ?'

સ્વામીશ્રીએ પોતાની પ્રશંસાની વાત આ રીતે ગુરુભક્તિમાં ઠેલી દીધી.

•

આજે અહીં કિશોરદિન ઊજવાયો હતો. રવિસભામાં કિશોરોએ 'એક ડગલું' નામક સંવાદ રજૂ કર્યો હતો. આજના ટેન્શન અને દોડધામભર્યા જીવનમાં ડગલાં તો સૌ માંડે છે, પણ એ ડગલાં તેઓને અશાંતિ તરફ દોરી જાય છે. જ્યારે ડગલાની સાથે સાથે અંતર્દૃષ્ટિ હોય ને આધ્યાત્મિક વલણ હોય તો એ ડગલું સફળતાની સાથે સાથે સુખ પણ અપાવે છે. આ ભાવાર્થને જુદી જુદી રીતે સંવાદમાં રજૂ કરવામાં આવી રહ્યો હતો. અભિવ્યક્તિ ખૂબ સારી હતી. સ્વામીશ્રીએ પણ ખૂબ અદ્ભુત આશીર્વાદ આપ્યા હતા.

સભા પૂરી થયા પછી સ્વામીશ્રી ઉતારે પધાર્યા.

ભોજન કરતાં પહેલાં સ્વામીશ્રી બાથરૂમ તરફ આગળ વધ્યા. બાથરૂમ આગળ એક સંત ઊભા હતા. તેઓને જોઈને સ્વામીશ્રી કહે : 'એક ડગલું ભર્યું ?'

તે સંત કહે : 'ભર્યું છે, પણ હવે ટકી રહે એવા આશીર્વાદ આપજો.'

સ્વામીશ્રી કહે : 'જે ભર્યું છે એ સારામાં સારું છે. હવે પાછા નહીં પડવાનું. *અમે આવ્યા હો યોગી મહારાજ રે, પાછા અમે નહીં રે જઈએ...'*

•

ભોજન પછી સ્વામીશ્રી પત્રવાંચન કરી રહ્યા હતા. પુરુષોત્તમપુરાના કાંતિભાઈના પત્રનો જવાબ ધર્મચરણ સ્વામીએ લખ્યો હતો. એમાં સ્વામીશ્રીએ આશીર્વાદ લખતાં લખતાં કહ્યું કે 'પત્રમાં ઉપર તારીખ લખી નથી તો લખી દેજો.'

અતિ વ્યસ્તતા વચ્ચે ઝીણી બાબતોમાં પણ સ્વામીશ્રી કેટલી ચોક્કસાઈ રાખે છે !

•

તા. ૧૫-૬-૨૦૦૯, મુંબઈ

નીલકંઠ વર્ણી અભિષેક તથા ઠાકોરજીનાં દર્શન કરીને સ્વામીશ્રી બહાર પધાર્યા. અહીં વ્હીલચૅરમાં સંદીપ નામનો એક બાળક બેઠો હતો. સ્નાયુઓની બીમારી સેરીબ્રલપાલ્સીને લીધે એ સાવ પરવશ હતો, છતાં એના મુખ ઉપર ભક્તિની એક ખુમારી હતી. સ્વામીશ્રીએ હાથ ફેરવીને જ્યારે આશીર્વાદ આપ્યા ત્યારે બીજી કોઈ માગણી કરવાની જગ્યાએ એણે એટલું જ કહ્યું કે 'મને નિર્વાસનિક કરીને ધામમાં લઈ જાવ.'

સ્વામીશ્રીએ એની આ પરિસ્થિતિમાં સમજણ જોઈને લાગણીશીલ થઈને શરીર ઉપર હાથ ફેરવતાં કહ્યું : 'ભગવાનનું ભજન કરજે, મહારાજ સુખિયા કરશે.'

તેઓના પિતાશ્રી મનજીભાઈ પણ એટલા જ સંનિષ્ઠ છે. પુત્રની આવી હાલત અને પાતળા દેશકાળ હોવા છતાં રજત જયંતી - જન્મ જયંતી પ્રસંગે તેઓએ ત્રણ મહિનાની શારીરિક સેવાઓ કરી હતી. સમગ્ર પરિવાર આવો નિષ્ઠાવાન અને સમજણયુક્ત છે. સ્વામીશ્રીએ તેમના પર ખૂબ પ્રસન્નતા વરસાવી.

•

એક હરિભક્ત આવ્યા. તેઓનાં પત્ની સાથે દાર્જીલીંગ ફરવા ગયા હતા. નૌકાવિહાર દરમ્યાન તેઓનાં પત્ની પાણીમાં પડી જતાં મૃત્યુ પામ્યાં હતાં. હજી એ વાતને પંદર દિવસ જ થયા હોવાથી આ હરિભક્ત શોકમાંથી બહાર આવ્યા ન હતા. ઘરમાં જ બેસી રહેતા હતા, ધંધે પણ જતા ન હતા. આજે દર્શને આવ્યા હતા.

કાર્યકરે આ પરિસ્થિતિની વાત જ્યારે સ્વામીશ્રીને કરી ત્યારે સ્વામીશ્રીએ એ હરિભક્તને કહ્યું કે 'મૃત્યુ નિમિત્તથી થતું હોય છે. આમાં નિમિત્ત જ છે. એટલે શોક કરવા કરતાં એમના માટે પ્રાર્થના કરવી, દુઃખ ન લગાડવું. સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કરજો. રોજ પાંચ માળા કરજો. ભજન કરજો. એટલે એમના આત્માને પણ શાંતિ થાય અને તમને પણ અંતરમાં શાંતિ રહેશે. '

•

તા. ૧૬-૬-૨૦૦૯, મુંબઈ

ચિરાગ દરજી નામનો એક યુવક લશ્કરમાં જોડાવાનો હતો. સ્વામીશ્રીએ એને આશીર્વાદ આપતાં કહ્યું : 'લશ્કરમાં જોડાય છે તો સારામાં સારી પ્રામાણિકતાથી દેશની સેવા થાય એ આશીર્વાદ છે, પણ તિલક-ચાંદલો, પૂજા કરજે ને દારૂ-માંસ લેતો નહીં, નિયમ-ધર્મ બરાબર રાખજે. ભગવત્સિંહજી મેજર હતા, તોપણ એમણે ક્યારેય નિયમનો લોપ કર્યો નથી. એ રીતે રહેજે, આશીર્વાદ છે.'

•

એક ભાવિક દર્શને આવ્યા. અંદરથી તેઓ હતાશ હતા. સ્વામીશ્રીને જોતાંવેંત તેઓના અશ્રુબંધ ઢીલા પડી ગયા. ચોધાર આંસુએ રડતાં રડતાં માફીના સૂરમાં તેઓ કહે : 'બાપા ! તમારામાં મને ખૂબ મનુષ્યભાવ આવ્યો હતો. એને લીધે આઠ વર્ષથી સત્સંગ છોડી દીધો હતો, મંદિર છોડી દીધાં હતાં, પણ બરબાદ થઈ ગયો, એટલો દુઃખી થઈ ગયો છું, માટે દયા કરો અને શરણમાં લો.'

સ્વામીશ્રીએ તેઓને બોલવા દીધા. તેઓની વાત પૂરી થયા પછી માથે હાથ મૂકતાં કહે : 'હવે પાછળનું જે છે એ ભૂલી જાવ. ભગવાને જાણપણું આપ્યું છે તો હવેથી નિયમિત સત્સંગ કરજો. વ્યસન-દૂષણ કાંઈ થાય નહીં અને રવિસભામાં, સત્સંગમાં નિયમિત અવાય એ રીતનો ખટકો રાખજો. મહારાજ બધું માફ કરી દેશે.

સુખી થવાશે. આશીર્વાદ છે.'

•

શ્રી અચ્યુતન દર્શને આવ્યા હતા. શ્રી અચ્યુતન સિનિયર આઈ.એ.એસ. ઑફિસર છે. કેન્દ્ર સરકારની લૉ-ઑફિસમાં વરસો સુધી તેઓએ સેવા આપી છે. સેબીની સિક્યોરિટી એપલેક્ટ કોર્ટના તેઓ ચૅરમૅન છે. અને તાજેતરમાં સત્યમ્ કંપનીનું આઠ હજાર કરોડ રૂપિયાનું કૌભાંડ થયું હતું એ વખતે સરકાર તરફથી તેઓની નિયુક્તિ એટલા માટે થઈ હતી કે આ કંપની સાથે જોડાયેલા નોકરિયાતોને નોકરીનો પ્રશ્ન ન આવે અને શેરહોલ્ડરોના પૈસા ડૂબે નહીં. આ કાર્ય તેઓએ ખૂબ કુશળતાથી પાર પાડ્યું હતું. થોડાંક વરસો પહેલાં તેઓ સ્વામીશ્રીને મળ્યા, ત્યારે સ્વામીશ્રીએ તેઓને કંઠી બાંધી હતી. આજે તેઓ કહે : 'એ કંઠીનો એક પણ મણકો મેં તૂટવા દીધો નથી.' વળી તેઓ કહે : 'એ વખતે મેં આશીર્વાદ માગ્યા હતા કે મને ગુસ્સો બહુ આવે છે. ત્યારે આપે મને કહ્યું હતું કે રોજની ત્રણ માળા કરજો. એ ત્રણ માળા પણ રોજ હું કરું છું.' આજે તેઓ પોતાના બંને પુત્રોને લઈને આવ્યા હતા. સ્વામીશ્રીનાં દર્શન કરીને તેઓ ખૂબ રાજી થયા.

દર્શન કર્યા પછી તેઓ નીચે નાસ્તો કરી રહ્યા હતા ત્યારે જિજ્ઞાસાથી તેઓએ જ્ઞાનવત્સલ સ્વામીને પૂછ્યું કે 'પ્રમુખસ્વામીની ઉંમર શું છે ?'

'૮૮ પૂરાં થયાં ને ૮૯ થશે.'

'ઓ હો હો... લાગતું જ નથી, એમનું મુખ ખૂબ પ્રભાવશાળી છે ! મુખ ઉપર તેજ ખૂબ દેખાય છે !' આટલું કહેતાં તેઓના સુપુત્ર અજયને કહે કે 'પ્રમુખ-સ્વામી જેવા થવાનો વિચાર કરજે.'

'કેમ એમ ?'

'એટલા માટે કે તું થોડી મહેનત ને પુરુષાર્થ કરીશ ને દૃષ્ટિ રાખીશ તો મારા જેવો તો થઈશ, પણ સદ્‌ગુણ જીવનમાં અગત્યના છે. સદ્‌ગુણ જ માણસાઈ શીખવે છે. એ ગુણ તો તને પ્રમુખસ્વામી પાસેથી જ મળશે. માટે એમના જેવો થજે.'

•

પત્રવાંચન કરીને સ્વામીશ્રી ઊભા થતા હતા. એ દરમ્યાન જ્ઞાનવત્સલ સ્વામીએ કહ્યું : 'અમેરિકા રહેતા મયૂરભાઈ દલાલનો ફોન હતો. તેઓને બે દિવસ પહેલાં ડૉક્ટરોએ એવું કહ્યું હતું કે કેન્સર છે. એ સંબંધી ટેસ્ટિંગ કરવાનાં હતાં. ત્યારે એમનાં ચુસ્ત વૈષ્ણવ પત્નીએ સંકલ્પ કર્યો હતો કે પ્રમુખસ્વામી સાચા ગુરુ હોય તો મારા પતિનું કેન્સર નીકળી જાય. અને આજે ડૉક્ટરોએ ફરીથી તપાસ કરી તો કેન્સર ન હતું.'

સ્વામીશ્રીના ફળીભૂત થયેલા આશીર્વાદથી પ્રભાવિત થયેલાં તેઓનાં પત્નીએ દૃઢ સંકલ્પ કર્યો કે હવે તો મારા કનૈયાનાં દર્શન મને પ્રમુખસ્વામીમાં થયાં છે, તો ખાસ ભારત આવી સ્વામીબાપાનાં પૂજાનાં દર્શન કરી, ગોંડલ અક્ષર દેરીમાં જઈને કંઠી પહેરવી છે.'

સ્વામીશ્રી પ્રત્યેની શ્રદ્ધાનાં આવાં કેટકેટલાં સ્વરૂપો નિત્ય જોવાં-અનુભવવાં મળે છે !

•

તા. ૧૭-૬-૨૦૦૯, મુંબઈ

મયંકભાઈ ગાંધી દર્શને આવ્યા હતા. ભારતમાં હાલમાં પ્રવર્તી રહેલો રાઈટ ટુ ઈન્ફર્મેશન કાયદાનો મુસદ્દો તેઓએ ઘડ્યો હતો. સ્વામીશ્રીનાં દર્શન કર્યા પછી સ્વાભાવિકતયા તેઓ બોલી ઊઠ્યા : 'પ્રમુખ-સ્વામી મહારાજ મારી સામે જોઈને જ્યારે વાત કરતા હતા ત્યારે મને એવું અનુભવાતું હતું કે જાણે મારી સામે સાક્ષાત્ ભગવાન જ જોઈ રહ્યા હોય. વિશ્વમાં હું અનેક મહાનુભાવોને મળ્યો છું, પણ આટલો નિર્મળ ચહેરો મેં ક્યારેય જોયો નથી.'

•

તા. ૧૮-૬-૨૦૦૯, મુંબઈ

એક મિટિંગ કરીને સ્વામીશ્રી આરામમાં જવા પલંગ ઉપર બેઠા હતા. એ દરમ્યાન અભયસ્વરૂપ સ્વામીએ એક વાત કરતાં કહ્યું કે 'નાલાસોપારાનો પ્રશાંત સોની નામનો એક યુવક છે. શનિવારે રાત્રે નાલાસોપારાથી લગભગ ૫૫ કિલોમિટરની પદયાત્રા કરીને એ મંદિરે સવારે પહોંચ્યો. એ દિવસે કિશોર-કિશોરીઓનો દિવસ હતો. એણે પદયાત્રા કરી હોવા છતાં આખો દિવસ તનતોડ મહેનત કરી. પ્રસંગ પતી ગયા પછી એ ઘરે જઈ રહ્યો હતો, પણ ટ્રેનમાં પૂજા ભૂલી ગયો. ઘરે ગયા પછી ખ્યાલ આવતાં તરત જ વિરાર પોલીસ સ્ટેશને જઈને ફરિયાદ નોંધાવી કે મારી પૂજા ખોવાઈ છે. પોલીસે હસી કાઢ્યું, ત્યારે એણે કહ્યું કે એમાં મારા ભગવાન હોય, એટલે મારા માટે તો

અગત્યની છે. જોકે પૂજા તો ન મળી, એટલે સોમવારના દિવસે લગભગ મોડી સાંજ સુધી એણે પાણીનું ટીપું પણ ન પીધું. છેલ્લે એમણે અહીં ફોન કર્યો. ત્યારે અભયસ્વરૂપ સ્વામીએ કહ્યું કે 'તમારા ઘરમાં બીજાની પૂજા હોય એ હમણાં કરી લો. બીજે દિવસે અહીં આવો ત્યારે નવી પૂજા લઈને સ્વામીશ્રીની પ્રસાદીની કરી દઈશું.'

આવો ટેકવાળો પ્રસંગ સાંભળીને સ્વામીશ્રી પ્રસન્નતાપૂર્વક બોલી ઊઠ્યા : 'બહુ દૃઢતાવાળો યુવક છે.'

•

તા. ૨૦-૬-૨૦૦૯, મુંબઈ

સ્વામીશ્રી રૂમ તરફ આવતા હતા. એ દરમ્યાન પ્રણવતીર્થ સ્વામીને જોઈને કહે : 'સવારે દર્શન કરવા જઈએ ત્યારે કીર્તન ગાયા પછી શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની જય કેમ બોલતો નથી ?'

સંતો કહે : 'અત્યારે બેય રીતની જય ચાલે જ છે. આખી જય પણ બોલાય છે અને આવી જય પણ બોલાય છે.'

સ્વામીશ્રી કહે : 'ના, એવું ન કરવું. આખી જય બોલવી.' સ્વામીશ્રીએ પોતાની રુચિ દર્શાવી.

વળી, થોડાક દિવસ પહેલાં સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શન કરતા હતા એ દરમ્યાન પ્રણવતીર્થ સ્વામી *'સુંદર શ્રી ઘનશ્યામ'* એ કીર્તન ગાઈ રહ્યા હતા. હરિકૃષ્ણ મહારાજ આગળ આવતાં તેઓએ સ્વામીશ્રીને ઊભા રહેવું ન પડે એટલે બે કડીઓ કાપી નાખીને સીધી છેલ્લી કડી ગાઈ નાખી. સ્વામીશ્રીએ તરત એ વાતની નોંધ લીધી અને તેઓને કહ્યું કે 'બે કડી કેમ કાપી નાખી ?' સ્વામીશ્રીની નિરીક્ષણ-શક્તિ અને ભક્તિ અદ્‌ભુત છે, એનું એક વધુ વાર દર્શન થયું.

•

ભોજન પછી સ્વામીશ્રીએ એક કાર્યકરને ફોન જોડાવ્યો. સ્વામીશ્રીના ધ્યાનમાં એ વાત આવી હતી કે આ કાર્યકરને કોઈક કાર્યકર્તા સાથે મનદુઃખ થયું હતું. એને પરિણામે સત્સંગની આટલી પ્રવૃત્તિ સંભાળતા હોવા છતાં છેલ્લા ઘણા વખતથી મંદિરે આવવાનું કે રવિસભામાં જવાનું પણ બંધ કરી દીધું છે.

સ્વામીશ્રીએ તેઓને વાત કરતાં કહ્યું કે 'મને આ વાતની ખબર પડી છે. તમે અત્યાર સુધી બહુ જ સેવા કરી છે. મંદિરની સેવા પણ ખૂબ કરી છે. નવા આવ્યા હોય એમને તમારો ભોગ ખબર ન હોય અને સ્વભાવને લીધે ક્યાંક વળી ટોકી ગયા હોય, એને લીધે મનદુઃખ થયું છે, પણ આપણે શ્રીજીમહારાજ અને સ્વામીની સામે જોવું. સત્સંગની દૃઢતા રાખવાની છે. તમારા એરિયામાં જે મંડળ ચાલે છે એનું ધ્યાન રાખી કાર્ય કરવું, મંદિરમાં આવવું, રવિસભામાં પણ જવું. ઘરમાં હોઈએ ને પાંચ-દસ કુટુંબીઓ ભેગા રહેતા હોઈએ તોપણ બોલવા-ચાલવામાં ક્યારેક આઘુંપાછું થાય છે, તો તે વખતે મન મનાવી લઈએ છીએ, એમ અહીં પણ રાખવું. મંદિરમાં કોઈ પણ કાર્યકર કે સાધુ થકી આવું થયું હોય તો દરગુજર કરજો, ભૂલી જઈને મંદિરમાં જજો.'

સ્વામીશ્રીની વાત સાંભળીને ગળગળા થઈ એ કાર્યકર બોલ્યા : 'બાપા ! મારાથી કાંઈ ભૂલ થઈ હોય તો માફ કરજો.'

સ્વામીશ્રી કહે : 'ભૂલ તો થઈ જ નથી. કદાચ ગેરસમજ થઈ હોય તો મન મોટું રાખવું ને સત્સંગમાં જવાનું ચાલુ રાખજો.'

વિશ્વમાં એવો કોઈ નેતા નહીં હોય કે જેઓ પોતાના નાના કર્મચારીની ભૂલને પોતાના માથે લઈને માફી માગે !

•

તા. ૨૧-૬-૨૦૦૯, મુંબઈ

બીજા ધોરણમાં ભણતો એક વિદ્યાર્થી દર્શને આવ્યો હતો. એના નજીકના સગાની માંદગી ને મોત જોયા પછી એના મનમાં એવી ફડક પેસી ગઈ હતી કે મારાં મમ્મી-પપ્પાનું પણ આવું જ થશે ? એને લીધે એને સતત બીક રહ્યા કરતી હતી, અસલામતી અનુભવાતી હતી. સ્વામીશ્રીએ વાત્સલ્યભાવે પ્રેમથી એને આશીર્વાદ આપતાં કહ્યું : 'બધું ભૂલી જવાનું. ભગવાનને સંભારવાના. એનાથી હિંમત રહેશે. ચિંતા કરતો નહીં. ભગવાનને રોજ પ્રાર્થના કરજે.'

•

ભ્રમણ પછી આસન કરીને સ્વામીશ્રી રવિસભામાં આવવા માટે વ્હીલચૅરમાં વિરાજતા હતા. એ દરમ્યાન આનંદપ્રિય સ્વામી સ્વામીશ્રીના ચંપલ કાઢવા માટે

આવ્યા. ચંપલ કાઢતાં કાઢતાં તેઓ કહે : 'છ-સાત વર્ષ પહેલાં જ્યારે આપને ચંપલ પહેરાવવા આવ્યો તે વખતે આપે ચંપલ દબાવી દીધા હતા ને આ વખતે કરવા દીધું.'

સ્વામીશ્રી કહે : 'એ વખતે તું સાધક હતો ને ! હવે તો પાત્રતા થઈ.'

આનંદપ્રિય સ્વામી કહે : 'એમ ! એમાં પણ પાત્રતા જોઈએ ?'

સ્વામીશ્રી કહે : 'હા.'

નાનામાં નાની સેવામાં પણ પાત્રતા વગર સદ્‌ભાગ્ય સાંપડતું નથી, એ વાતનો અણસાર સ્વામીશ્રીએ આપ્યો.

•

અક્ષરકીર્તન સ્વામી બાળવિકાસ પર્વનો અહેવાલ આપતાં બોલ્યા : 'બાળકો બપોરે ૧૨:૦૦ વાગે લંચ લેતા હતા.'

સ્વામીશ્રી કહે : ''છોકરાઓ ભલે ઇંગ્લિશમાં ભણે અને આગળ ભણશે પણ, પણ આપણે 'લંચ' શબ્દ નહીં, 'ભોજન' શબ્દ વાપરવો. આપણી સંસ્કૃતિ પ્રમાણે શબ્દો બોલવા અને બાળકોને પણ શિખવાડવા, જેથી સંસ્કાર પડે.'' સ્વામીશ્રીએ સૂક્ષ્મ વિવેક શીખવ્યો.

વળી, અક્ષરકીર્તન સ્વામી કહે : 'સમગ્ર વિશ્વમાં ૯ થી ૧૩ વર્ષના કિશોરોમાં સૌથી વધારે આપઘાત ભારતમાં થાય છે.'

સ્વામીશ્રી કહે : 'આજે સહનશક્તિ ઓછી થઈ ગઈ, પણ આપણે પહેલેથી જ આપણા મંડળમાં આવતા છોકરાઓને આ અંગેની જાગૃતિ લાવી દેવી. આપઘાત ન કરવાની વાત સમજાવી દેવાની. નિષ્ફળતા મળે તો ફરીથી મહેનત કરવી, મહારાજને સંભારીને આગળ વધવું, પણ હિંમત હારવી નહીં, એ વાત સમજાવી દેવી. અને શ્રીજીમહારાજે પણ શિક્ષાપત્રીમાં આપઘાત કરવાની ના પાડી છે, કોઈ પણ નિમિત્તે ન કરવાનું કહ્યું છે. આ વાત પહેલેથી જ સમજાવી દેવી. 'કામ ન થયું તો મરી જવાનું ?' એવું હોય છે, પણ મરી જવાથી ક્યાં કંઈ હાથમાં આવે છે ? એ કંઈ ઉત્તર નથી. માટે આ વાત પહેલેથી જ સમજાવી દેવી.'

•

તા. ૨૨-૬-૨૦૦૯, મુંબઈ

જાણીતા ફિલ્મ ડિરેક્ટર અભિષેક કપૂર દર્શને આવ્યા હતા. રોક ઓન નામની ફિલ્મ દ્વારા તેઓને હમણાં સારી એવી પ્રસિદ્ધિ મળી હતી. સ્વામીશ્રી પાસે આવીને તેઓએ આશીર્વાદ લીધા. સ્વામીશ્રીએ કહ્યું : 'ફિલ્મ બનાવો છો, પણ આચાર-વિચાર શુદ્ધ રાખવા. વ્યસન-દૂષણ પેસે નહીં એવું જીવન રાખવું, ભક્તિ કરવી. દારૂ ન પીવો. વેજિટેરિયન રહેવું અને ભગવાનને યાદ રાખવા.'

તેઓની સાથે જાણીતા યુવાલેખક ચેતન ભગત પણ હતા. તેઓએ પોતાનું બેસ્ટ સેલર પુસ્તક 'થ્રી મિસ્ટેક્સ ઑફ માય લાઇફ' સ્વામીશ્રીને અર્પણ કરી. સ્વામીશ્રીએ તેઓને પણ કહ્યું : 'आचार-विचार शुद्ध हो ऐसा लिखनेका, जिससे समाज को प्रेरणा मिले।'

•

તા. ૨૩-૬-૨૦૦૯, મુંબઈ

આજની પૂજામાં સ્વામીશ્રીના સાંનિધ્યનો દિવ્ય લાભ લેવા માટે ભારતના સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક અને 'પરમ' સુપર કોમ્પ્યુટર બનાવીને ભારતને વિશ્વમાં અગ્ર હરોળમાં બેસાડનાર પ્રખર વિજ્ઞાની ડૉ. વિજય ભટકર આવ્યા હતા. તેઓએ એવી અનેક કોમ્પ્યુટરને લગતી શોધો કરી હતી, જેનાથી અત્યારે આઈ.ટી. ક્ષેત્રમાં ભારત સુપર પાવર છે.

તેઓનો પરિચય અને સિદ્ધિઓની વાતો જ્યારે અક્ષરવત્સલ સ્વામી મંચ ઉપરથી કરી રહ્યા હતા, એ વખતે સ્વામીશ્રી હજારોની સંખ્યાઓમાં ઉપસ્થિત હરિભક્તોની વચ્ચે બેઠેલા આશિષને બાળસહજ ચેષ્ટાઓ કરીને સુખ આપી રહ્યા હતા. આશિષ અતુલ અજમેરા એના પિતાના ખોળામાં બેઠો બેઠો હાથ પહોળા કરીને તાળીઓ પાડી રહ્યો હતો. સ્વામીશ્રી પણ એની સાથે એની જેમ જ તાળીઓ પાડીને એનું અનુકરણ કરી રહ્યા હતા. એમની અલમસ્ત ફકીરીને કોઈની પણ તમા હતી નહિ. નિર્દોષતાથી થયેલી ચેષ્ટામાં સ્વામીશ્રીની નિર્મળ પ્રતિભા ને નિર્દોષ હૃદય બાળસહજ વૃત્તિનાં દર્શન હતાં.

•

ઉતારે પધારીને સ્વામીશ્રી દેના બૅન્કના ચૅરમૅન ડી. એન. રાવલ સાહેબને મળ્યા. સમગ્ર ભારત અને

વિશ્વમાં આવેલી તમામ શાખાઓના ચૅરમૅન તેઓ આજે સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. પૂજામાં પણ બેઠા હતા. અત્યારે તેઓ મુલાકાતકક્ષના ખૂણામાં ગોઠવાયેલા સોફા ઉપર બેઠા હતા. ત્યાં સ્વામીશ્રી પધાર્યા. વ્હીલચૅરમાં વિરાજીને તેઓને આશીર્વાદ આપ્યા. જ્ઞાનવત્સલ સ્વામી કહે : 'हमारे योगीजी महाराज ऐसा कहते थे कि हम भी देना बैन्क है – लेना बैन्क नहीं।'

સ્વામીશ્રી કહે : 'हम क्या देते हैं? भगवान देते हैं, भगवान का ज्ञान देते हैं और आशीर्वाद देते हैं।'

આટલા અદ્‌ભુત ઉત્તરની ચૅરમૅનને અપેક્ષા ન હતી. તેઓ સાંભળીને ખૂબ રાજી થઈ ગયા.

પોતાની અનુભૂતિની વાત કરતાં તેઓ કહે : 'यहाँ आ के इतना अच्छा एन्वायरमेन्ट का अनुभव हुआ, आपने इतना अच्छा एन्वायरमेन्ट क्रियेट किया है कि शांति हि शांति मिलती है।'

વળી, તેઓની અનુભૂતિની વાત કરતાં તેઓ કહે : 'પૂજામાં હું જ્યારે આવ્યો ત્યારે પડદા ઉપર આપના ક્લોઝ-અપનાં દર્શન કર્યાં, ત્યારે મારા મનમાં એવી અનુભૂતિ થઈ કે ચહેરા ઉપરનું તેજ આજ સુધીમાં ક્યારેય જોયું નથી. ચહેરા ઉપર જાણે કે ભગવાનનો પ્રકાશ રેલાતો હોય એવું અનુભવાયું.'

સ્વામીશ્રીએ તેઓને નીલકંઠ વર્ણીની ભેટ આપી અને આશીર્વાદ આપ્યા. ગયા પછી અનુભવને વહેંચતાં તેઓ બોલ્યા હતા : 'When I touched his feet, I felt vibrations. He was so calm, meeting so many people everyday. It takes a lot of energy. Only spiritulity can do this.'

•

વૈજ્ઞાનિક ડૉ. વિજય ભટકરને સ્વામીશ્રી મળ્યા. અબ્દુલ કલામની કક્ષાના તેઓ ભારત અને વિશ્વના પ્રસિદ્ધ વૈજ્ઞાનિક છે. જ્યારે અમેરિકાએ ભારતને સ્પષ્ટ શબ્દોમાં સુપર કોમ્પ્યુટર આપવાની ના પાડી દીધી, ત્યારે એ ચૅલેન્જ એમણે ઉપાડી અને ત્રણ જ વર્ષમાં એવું કમ્પ્યુટર બનાવ્યું કે આજે જર્મની, જાપાન, કેનેડા જેવા દેશો પણ ભારતના બનાવેલા પરમ કોમ્પ્યુટર વાપરે છે. વળી, ભારતમાં પ્રતિભાઓ તો હતી જ, પણ એ પ્રતિભાઓના તેજ નીખરે એ માટે તેઓએ સી-ડેક જેવી ઘણી રાષ્ટ્રીય વિજ્ઞાન સંસ્થાઓ સ્થાપી છે. જેનું આજે પણ વિશ્વમાં નામ છે. વળી, અત્યંત શ્રદ્ધાવાન છે. 'ભારતીય ઋષિમુનિઓએ આપેલા તત્ત્વજ્ઞાનમાં પણ વિજ્ઞાન સમાયેલું છે' – એવું દૃઢપણે માને છે અને એટલા માટે જ 'વિજ્ઞાન ભારતી' સંસ્થાની પણ તેઓએ સ્થાપના કરી. સ્વામીશ્રી તેઓની આવી ભક્તિમયતાથી પણ રાજી થયા. તેઓને આશીર્વાદ આપતાં કહ્યું : 'आपने देश की महान सेवा की है। भगवान की भी सेवा की है। आपको आशीर्वाद है, जीवन में और भी यश मिले और शांति मिले।'

વિજય ભટકરજી કહે : 'हमें ऐसा आशीर्वाद चाहिए कि परमात्मा परब्रह्म के रूप की मुझे अनुभूति हो, स्वस्वरूप की पहचान मिले और शास्त्रों में परा और अपरा विद्या की जो बात कही है, लोग मानते हैं कि परा और अपरा दोनों कभी संयुक्त रूप से मिल नहीं सकतीं, लेकिन आधुनिक विज्ञान के माध्यम से परा और अपरा का संयोग करवा सकूँ ऐसा आशीर्वाद दीजिए।'

સ્વામીશ્રી આ વાત સાંભળીને વિશેષ રાજી થયા.

ઋષિમુનિઓએ આપેલી ગુરુકુળ પદ્ધતિઓની પણ આધુનિક માધ્યમથી રજૂઆત થાય ને પુનરુત્થાન થાય એ માટે તેઓએ 'ભારત વિશ્વજ્ઞાનપીઠમ્'ની પણ સ્થાપના કરી છે કે જેમાં કોઈ પણ વિદ્યાર્થી ઘરે બેઠાં બેઠાં ટેક્નિકના માધ્યમથી વિશ્વની કોઈ પણ યુનિવર્સિટીમાં ભણી શકે. સ્વામીશ્રીએ તેઓને નીલકંઠ વર્ણીની મૂર્તિ આપીને આશીર્વાદ આપ્યા.

જતાં જતાં વિજય ભટકરે સંતોને કહ્યું : 'પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કરતાં એમ લાગ્યું કે હું જેની ખોજમાં હતો તે મળી ગયું. વિજ્ઞાનની ભૌતિક શોધખોળો તો ઠીક છે, પરંતુ આધ્યાત્મિક બાબત સૌથી વધુ મહત્ત્વની છે. એ મને અહીં જડી ગઈ. મારું જીવન સાર્થક થઈ ગયું.'

•

સ્વામીશ્રીએ ઠાકોરજી જમાડ્યા. એ દરમ્યાન અક્ષરવત્સલ સ્વામીએ ભારતના મહાન વૈજ્ઞાનિકો અને તેઓની શોધ સંબંધી વિશેષ વાતો કરી. વિમાનવિદ્યાની વાતો દરમ્યાન તેઓ કહે : 'આજથી થોડાંક વરસો પહેલાં જ એક ભારતીય વૈજ્ઞાનિકે શાસ્ત્રના આધારે વિમાન બનાવ્યું હતું અને લગભગ ૮૦૦ ફૂટ ઊડ્યું

હતું. તેઓની પાસે બધી જ ડિઝાઇન શાસ્ત્ર પ્રમાણે હતી જ, પરંતુ એવામાં એમની પત્નીનું અવસાન થયું ને એ આઘાતમાં ને આઘાતમાં તેઓ આગળ સંશોધન કરી શક્યા નહીં અને મરી ગયા.'

સ્વામીશ્રીએ આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું : 'વિજ્ઞાનમાં હતો તોય આઘાતમાં ગયો ! પત્ની તો જવાની જ હતી, જ્ઞાન હોત તો વાંધો ન આવત.'

•

સાંજે પત્રવાંચન દરમ્યાન યજ્ઞેશ્વર સ્વામીને ફોન જોડાવ્યો. ધર્મનિધિ સ્વામીને આંખ બતાવવા માટે સિકંદરાબાદ જવાનું હતું. એ સંદર્ભમાં સ્વામીશ્રીએ યજ્ઞેશ્વર સ્વામીને કહ્યું કે 'ધર્મનિધિ સ્વામી ત્યાં આવે છે, સારા સાધુ છે ને તમને સેવા મળી છે, તો તમે ધ્યાન રાખજો. યોગી બાપા રાજી થશે.'

યજ્ઞેશ્વર સ્વામી કહે : 'બાપા ! બધી વ્યવસ્થા કરી છે ને ધ્યાન પણ રાખીશું. અહીં વિશેષ કાર્યક્રમોનું આયોજન થયું છે, તો આશીર્વાદ આપજો.'

સ્વામીશ્રી કહે : 'વિશેષ કાર્યક્રમમાં આ સાધુનું ધ્યાન પાછું ભૂલી ન જવાય એ જોજો.'

•

અભયસ્વરૂપ સ્વામી સાથે સ્વામીશ્રીએ મિટિંગ કરી. એ દરમ્યાન તેઓએ સ્વામીશ્રીને એક હરિભક્તની વાત કરતાં કહ્યું કે 'હમણાં એક હરિભક્તનો ફોન મારા ઉપર આવ્યો હતો. એનું કહેવું એમ હતું કે આપનામાં એને વારંવાર મનુષ્યભાવ આવી જાય છે, તો કાંઈક દયા કરજો.'

આ સાંભળતાં પરભાવમાં આવીને સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'મારામાં દોષ છે જ નહીં. એ તો જેનામાં હોય એને મારામાં દેખાય.'

પરભાવમાં બોલી ગયા પછી સ્વામીશ્રીએ ધીરે રહીને અભયસ્વરૂપ સ્વામીને કહ્યું : 'એને કહેજો કે પ્રાર્થના કરે. સત્સંગમાં આવે અને સમજણ દૃઢ કરે.'

•

તા. ૨૪-૬-૨૦૦૯, મુંબઈ

મુલાકાત દરમ્યાન સ્વામીશ્રી એક યુવકને મળ્યા. આ યુવક ખરાબ સંગતને કારણે બીજા રવાડે ચડી ગયો હતો. ટેવવશ થઈને એની બધી જ ઊર્જા ખરાબ કૃત્યોમાં વાપરતો હતો. લોકોને છેતરીને પૈસા પડાવી લેવા ને પછી કોઈને આપવા નહીં. બહુ દબાણ થાય તો સહી કરીને બનાવટી ચેક આપી દેવાનો ! જે પૈસા આવે એનો ઉપયોગ ઘરનાં કાર્યોમાં તો કરવાનો જ નહીં, મોજશોખમાં ઉડાડી દેવાના. એના કારણે અવારનવાર અડધી રાત્રે ભાડાનું ઘર ખાલી કરવાની નોબતો આવે, તો પણ એની ચિંતા કરવાની નહીં. આધેડ વયનાં માબાપ સતત ચિંતામાં જ રહે એવું વર્તન. વળી, વારે વારે મોબાઇલના સીમ કાર્ડ બદલી નાખવાના. એક સાથે ચાર-પાંચ સીમકાર્ડ રાખીને લોકોના હાથમાં આવવાનું નહીં. અને વળી ડગલે ને પગલે જૂઠું બોલવાનું. આવી ભયંકર આદતને કારણે એનાં માબાપ પણ ત્રાસી ગયાં હતાં. આજે એના પિતાશ્રી એ યુવકને લઈને આવ્યા હતા.

સ્વામીશ્રીએ આ દાસ્તાન સાંભળી, એટલે જરાક પુણ્યપ્રકોપ સાથે કહ્યું : 'માણસ થા માણસ. વિચાર કર. માબાપે તને મોટો કર્યો ને હવે અડધી રાત્રે માબાપને ચિંતા રહ્યા કરે એવું વર્તન કરવું નહીં. તારામાં શક્તિ છે તો શક્તિ સારા માર્ગે વાપર. પાંચ હજાર તો પાંચ હજારની પણ નોકરી કર. સારા માર્ગે શક્તિ વાપરીશ તો ઘણો આગળ વધીશ. માટે જૂઠું બોલવાનું નહીં ને ખોટા ખર્ચા કરવા નહીં. દેવું કરવું નહીં અને કોઈની પાસેથી ક્યારેય ખોટી રીતે પૈસા પડાવવા નહીં. ભગવાન બધું સારું કરશે. માટે પાછો વળી જા.' સ્વામીશ્રીએ પ્રેમથી એને ઉપદેશ આપ્યો.

લગભગ છેલ્લાં બે વર્ષથી સંતો એને સુધારવા માટે પ્રયત્ન કરતા હતા. આજે સ્વામીશ્રીના એક આશીર્વાદથી જાણે એનું અંતઃકરણ ફરી ગયું. આશીર્વાદ લીધા પછી એણે સામેથી જ કહ્યું કે 'હવે કોઈ પણ હિસાબે જૂઠું બોલીશ નહીં.'

•

ભોજન પછી એક યુવકને ફોનથી સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. ભલા સ્વભાવવાળા તેઓના પિતાશ્રીને તેઓના કુટુંબીઓ તરફથી ખૂબ સહન કરવાનું થતું હતું. તેઓ અત્યાર સુધી બધું જ સહન કરતા હતા. મનમાં ને મનમાં લાગણીઓને ઢબૂરી રાખતા હતા. અચાનક આજે વહેલી સવારે તેઓએ આપઘાત કરી લીધો હતો. સ્વામીશ્રીને પણ આ વાત જાણીને દુઃખ લાગ્યું હતું. સ્વામીશ્રીએ તેઓના સુપુત્રને

આશીર્વાદ આપતાં કહ્યું : 'બાપુજીનો પ્રસંગ બની ગયો. ભગવાનની ઇચ્છા હશે એમ માનીને ચિંતા કરશો નહીં. એમણે બહુ જ સેવા કરી છે, એટલે ભગવાનના ધામમાં જ બેઠા છે, સુખી થયા છે. લૌકિક રીતે દુઃખ થાય, પણ આવરદા પૂરી થઈ હશે. માટે બળ રાખજો, હિંમત રાખજો અને તારાં મધરને પણ શાંતિ રહે, કુટુંબમાં પણ શાંતિ રહે એ આશીર્વાદ છે.'

•

અમેરિકાના એક હરિભક્ત સાથે ફોનમાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રી કહે : 'આ લોક જ એવો છે એટલે દુઃખ આવે. ન હોય તોય લોકો દુઃખ ઊભાં કરે. પણ ભગવાનનો આશરો દૃઢ રાખજો. ભગવાન પ્રેરણા કરે એ મુજબ તકલીફો દૂર થાય એવો પ્રયત્ન કરજો. ભગવાનનું બળ રાખજો. હિંમત હારશો નહીં. સત્સંગ છે અને ભજન કરો છો, તો ભગવાન બધું સારું કરશે.'

•

મિટિંગ દરમ્યાન અભયસ્વરૂપ સ્વામીએ જુદી જુદી ઘટનાઓ વર્ણવીને કહ્યું કે 'આટઆટલી મુસીબતો કે જે અમે અમારી આંખોએ જોઈ છે, એવી પરિસ્થિતિમાં પણ આપ આટલી ધીરજ કઈ રીતે જાળવી શકો છો ?'

સ્વામીશ્રી કહે : 'પહેલેથી જ રાખ્યું છે કે શ્રીજીમહારાજ-સ્વામી કર્તાહર્તા છે. જે કંઈ પ્રસંગ બને એમાં આપણાથી થઈ પણ શું શકે ? એટલે પહેલેથી જ નક્કી રાખ્યું છે કે કર્તાહર્તા એ જ છે. વ્યવહાર છે, આટલું તંત્ર ચાલે છે, એટલે પ્રશ્ન તો થાય, પણ ભગવાન ઉપર છોડીએ તો અનુભવ થાય છે કે બધું સારું જ થાય છે. ખુદ શ્રીજીમહારાજને ગઢડામાં પ્રતિષ્ઠા કરવી હતી તોપણ ક્યાં કરી શક્યા ? એટલે જે કંઈ થાય છે એ ભગવાનની ઇચ્છાથી થાય છે. ભગવાન ઉપર જ બધું નાંખી રાખીએ છીએ એટલે વાંધો નથી આવતો. વ્યવહાર છે એટલે બોલવાવાળા તો બોલશે જ અને બોલે પણ છે, પણ ભગવાન અને સંતની આગળ આપણે પ્રામાણિકપણે પ્રયત્ન કર્યો હોય તો પછી ચિંતા જ કરવી નહીં.'

સ્વામીશ્રીએ અદ્‌ભુત વાત કરી દીધી.

•

આજે રથયાત્રાનો ઉત્સવ હતો. મુંબઈમાં પહેલી જ વખત મંદિર તરફથી જાહેર રથયાત્રાનું આયોજન થયું હતું. સાંજના સમયે નીકળેલી આ રથયાત્રામાં ઘણી પૂર્વતૈયારીઓ પણ થઈ હતી. સ્વામીશ્રીએ પણ ખાસ નીચે પધારીને રથયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો.

રથયાત્રા પૂરી થયા પછી રાત્રે સ્વામીશ્રી જ્યારે ભોજન કરી રહ્યા હતા ત્યારે જ્ઞાનવત્સલ સ્વામીએ આ રથયાત્રાનો અહેવાલ આપ્યો. તેઓ કહે : 'રથયાત્રાની પૂર્વતૈયારી રૂપે ૩૦૦ ધ્વજ તૈયાર કર્યા છે.'

'હવે એનું શું કરશો ?' સ્વામીશ્રીએ પૂછ્યું.


'સાચવી રાખીશું, બીજા ઉત્સવોમાં કામ લાગશે.' જ્ઞાનવત્સલ સ્વામીએ કહ્યું.

'બસ, વ્યવસ્થિત રાખી મૂકજો, ઉત્સવો હોય ત્યારે કામ લાગે.' સ્વામીશ્રીએ સંતોષ વ્યક્ત કર્યો.

પ્રસંગમ્



જુલાઈ ૨૦૦૯



'ગુરુ થકી અદ્‌ભુત જ્ઞાન પ્રાપ્ત થાય ને એ જ્ઞાન થકી જ આપણી મુક્તિ થાય છે.
ગુરુના શરણે જવાથી આપણાં તમામ બંધનો છૂટે છે. એમને શરણે જઈએ, સમર્પિત થઈએ અને
એ જે વચન કહે એમાં આપણી સંપૂર્ણ શ્રદ્ધા હોય, તો આપણાં બંધન બધાં છૂટી જાય છે
અને જીવ સુખિયો થઈ જાય છે.
આત્મા-પરમાત્માનું, અક્ષર-પુરુષોત્તમનું, બ્રહ્મ અને પરબ્રહ્મનું જ્ઞાન થાય,
તો અહં-મમત્વનું બંધન છૂટી જાય છે. એટલા માટે શાસ્ત્રોએ ગુરુના શરણે જવાનું કહ્યું છે.
આપણા જીવનમાં પણ ભગવાન સુધી આપણને પહોંચાડે એવા સારથિ, ગુરુ મળ્યા છે.
શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ જેવા ગુરુ મળ્યા છે.
આપણને આપણા ગુરુ થકી આ જ્ઞાન પ્રાપ્ત થયું છે અને
વિશેષ ને વિશેષ જ્ઞાન થાય ને વિશેષ ને વિશેષ સુખિયા થવાય,
અહં-મમત્વરૂપી માયા નીકળી જાય ને
ભગવાન સર્વને સુખિયા કરે એ જ પ્રાર્થના.'

– પ્રમુખસ્વામી મહારાજ

તા. ૨-૭-૨૦૦૯, બોચાસણ

એક નિર્દેશક સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેઓ કહે : 'સત્સંગની સેવા તો થાય છે, પણ હજી સંકલ્પ-વિકલ્પ બહુ થાય છે.'

સ્વામીશ્રી કહે : 'ભજન કરજો, પ્રાર્થના કરજો, શાંતિ થશે.'

•

ભોજન દરમ્યાન દાહોદ વિસ્તારમાંથી આવેલા અમૃતમુનિ સ્વામી તથા શ્રીજીદર્શન સ્વામીએ ત્યાંના આદિવાસી વિસ્તારની કઠણાઈ, ગરીબાઈ અને છતાં સત્સંગ થયા પછીની નિષ્ઠાની વાતો કરી. છેલ્લે તેઓ કહે : 'આદિવાસી વિસ્તાર એવો છે કે ઘણી વખત તો ઘરે ઘરે પધરામણીઓ કરીએ તો પણ ડીઝલના ખર્ચા જેટલીય ભેટ ન આવે.'

તરત જ સ્વામીશ્રી કહે : 'આપણે તો ગાંઠનું ગોપીચંદન ઘસીને તિલક કરીને જવાનું છે. આપણે ત્યાં સત્સંગ કરાવવા માટે જવાનું છે, પૈસા માટે નહીં. ગરીબ છે, પણ સત્સંગ થાય એ જ બહુ મોટી વાત છે. બધાં વ્યસન-દૂષણ મૂકે તો જીવનમાં આગળ વધે, એટલે એના માટે જ જવાનું છે.'

અમૃતમુનિ સ્વામી કહે : 'આશીર્વાદ આપો જેથી સંપીને કાર્ય કરી શકીએ.'

સ્વામીશ્રી કહે : 'સંપ હશે તો જ મંદિરો થશે. સંપ વગર બધું અધૂરું.'

'એવા આશીર્વાદ આપો કે કાર્ય કરવામાં સહેજ પણ અહંકાર આવે નહીં.'

સ્વામીશ્રી કહે : 'અહંકાર જોઈએ જ નહીં. ઘણી વખત એમ થઈ જાય કે અહોહો, મેં કેટલી સેવા કરાવી ! પણ મેં કર્યું જ નથી. જે કંઈ થાય છે એ ભગવાનથી જ થાય છે. આ વાત દૃઢ રાખવાની અને કેવળ સત્સંગ જ કરાવવો છે એ આશય દૃઢ રાખવાનો. જીવનમાં આ દૃઢ રાખવું જ, જેથી અહં-મમત્વ થાય જ નહીં. જે કંઈ થાય છે એ ભગવાનની ઇચ્છાથી જ થાય છે, એમ માનીને ચાલવું.'

•

ભોજન પછી મંગલનિધિ સ્વામી અંગ્રેજી પત્રના જવાબો પૂછવા માટે નજીક આવ્યા.

સ્વામીશ્રી કહે : 'તમારે કામ છે ?'

'અંગ્રેજી પત્રોના ઉત્તર પૂછવાના છે, પણ આજે અનુકૂળ ન હોય તો કાલે પૂછી લઈશ.'

'હા, કાલે રાખજો.' સ્વામીશ્રીએ એટલું કહીને કહ્યું : 'વેદજ્ઞ સ્વામીને બોલાવો.' સંતો વેદજ્ઞ સ્વામીને બોલાવીને લાવ્યા.

એ દરમ્યાન સ્વામીશ્રી એક ફોનમાં વાતચીત કરી રહ્યા હતા, પરંતુ વેદજ્ઞ સ્વામીને જોયા એટલે નજીક બોલાવ્યા અને જેની સાથે વાત કરતા હતા એમને કહ્યું : 'તમે એક મિનિટ ચાલુ રાખો, હું આમને મળી લઉં.' એમ કહીને વેદજ્ઞ સ્વામીને કહે : 'મારી ઇચ્છા છે કે હજી સુધી વરસાદ પડ્યો નથી, તો કાલે સવારે સભામંડપમાં વહેલી કથા થાય છે એની જગ્યાએ ધૂન કરાવો. ઠાકોરજીની મૂર્તિ મૂકી ને દીવો કરવો અને 'વરસાદ પડે એ માટે ધૂન છે' એવી જાહેરાત કરાવવી. પૂજામાં પણ કીર્તનોને બદલે ધૂન જ કરવી અને એ ધૂન ૯:૦૦ વાગ્યા સુધી ચલાવજો.''

વેદજ્ઞ સ્વામી કહે : 'કાલે મુલાકાત બંધ રાખી છે. આપની પૂજા પછી મોટી એકાદશીએ આશીર્વાદ આપવાના રાખ્યા છે.'

સ્વામીશ્રી કહે : 'એ તો બે મિનિટ આશીર્વાદ

આપી દઈશું, પણ ૯:૦૦ વાગ્યા સુધી ધૂન તો ચલાવજો જ.' આટલું કહીને તેઓને વ્યવસ્થા કરવાનું સોંપીને સ્વામીશ્રી ફોનમાં વાતચીત કરવા લાગ્યા.

સ્વામીશ્રીને કોઈ પણ સંકટ સમયે પહેલાં ભગવાનનું ભજન સાંભરે છે ને સામાન્યથી માંડીને સૌને સ્પર્શતા પ્રશ્નોમાં તેઓની કરુણા એટલી અધીર બની ઊઠે છે કે બાકીનાં અન્ય કાર્યો પણ ગૌણ બની જાય છે.

•

તા. ૩-૭-૨૦૦૯, બોચાસણ

ગઈકાલે વેદજ્ઞ સ્વામીને આપેલી સૂચના પ્રમાણે સવારથી ધૂનની રમઝટ ચાલુ હતી. સ્વામીશ્રી જ્યારે મંદિરમાં દર્શને પધાર્યા ત્યારે પણ ચાલી રહેલી ધૂનની રમઝટમાં સ્વામીશ્રી જોડાયા.

દર્શન કરીને સ્વામીશ્રી પ્રદક્ષિણામાં પધાર્યા, એ દરમ્યાન ઘુંમટમાં ધૂન બંધ થઈ ગઈ. આ સાંભળતાં સ્વામીશ્રીએ કહ્યું : 'ચાલુ રાખો. અમે નીચે ઊતરીએ પછી ચાલુ ધૂને સૌ અમારી પાછળ પાછળ ચાલજો. ઠેઠ સભામંડપ સુધી ધૂન ચાલુ રાખજો.'

સૂચના અનુસાર સ્વામીશ્રી લિફ્ટ દ્વારા નીચે ઊતર્યા એ દરમ્યાન ચાલુ ધૂને સૌ સંતો સ્વામીશ્રીની પાછળ જોડાયા. સ્વામીશ્રી પણ તાલી દેતાં દેતાં ધૂન કરતાં કરતાં પુરુષોત્તમ સ્વામીની દેરીએ દર્શન કરીને સભામંડપમાં પધાર્યા. અહીં પણ ધૂન તો ચાલુ જ હતી.

પૂજા માટે સ્વામીશ્રી મંચ ઉપર પધાર્યા. ઠાકોરજી સમક્ષ દીવો કરેલો હતો. સ્વામીશ્રીએ એનાં દર્શન કર્યાં. આજે રોજ કરતાં ધ્યાનમાં થોડી વધારે વાર થઈ. ધૂનની રમઝટ ચાલુ હતી. ૮:૩૦ વાગ્યાની આસપાસ પૂજા સમાપ્ત થયા પછી પણ સ્વામીશ્રીએ ૯:૦૦ વાગ્યા સુધી ધૂન ચાલુ રાખવા હાથથી ઈશારો કર્યો અને પોતે પણ આંખો મીંચીને ધૂનમાં પરોવાયા. ચડતી લયે ધૂન ચાલુ હતી. જોકે સ્વામીશ્રીની તાળીઓ એ લય કરતાં પણ આગળની લયમાં વાગી રહી હતી, જે તેઓની તત્પરતા સૂચવતી હતી.

૯:૦૦ વાગે ધૂનની સમાપ્તિ પછી સ્વામીશ્રીએ સૌ ઉપર આશીર્વાદ વરસાવતાં જણાવ્યું : 'આજે જે કાંઈ ધૂન બધા સંતોએ કરી છે એ ઠેઠ પહોંચી ગઈ છે અને ત્યાં ઈન્દ્ર પણ જાગ્યા છે. એટલે હવે ઈન્દ્ર પણ રાજી થઈને આવશે અને આપણે લાડુ જમાડીશું એનો કાંઈ વાંધો નથી. રાજી થઈને કામ કરી નાખે તો દુનિયાને શાંતિ થાય, એ માટે ભગવાનને પ્રાર્થના કરીએ છીએ. આપે ધૂન કરી છે તો આપણી બધાની ધૂન ભગવાન સાંભળે અને સર્વને સુખ કરે એ જ પ્રાર્થના.'

દેવશયની એકાદશીના આશીર્વાદ આપતાં પણ સ્વામીશ્રીએ ભાવના વ્યક્ત કરતાં કહ્યું : 'આજે આપણે જે કંઈ પ્રાર્થના કરી છે એ દયા કરીને ભગવાન સાંભળે અને વરસાદ ખૂબ સારો થાય. બધાં નદી-નાળાં છલકાઈ જાય, વાવેતર પણ થઈ જાય, બિયારણ બળી ગયાં છે એટલે જરા દુઃખ થાય, પણ એ બધાનું દુઃખ ટળે અને ભગવાન સર્વને સુખિયા કરે. ગુજરાતમાં અને ભારતમાં જ્યાં જરૂર હોય ત્યાં બધે વરસાદ થાય.'

•

સ્વામીશ્રી ભોજન કરી રહ્યા હતા. એ દરમ્યાન એક જૂના પ્રસંગની સ્મૃતિ કરતાં ભગવત્ચરણ સ્વામી કહે : ''કરમસદમાં સંતરામ મંદિરમાં આપનો ઉતારો હતો એ વખતે હું યુવકમાં હતો. આપ એક સામાન્ય ઓરડીમાં પાટ ઉપર સૂતા હતા. એ વખતે હું પાટની નીચે સૂઈ ગયો. તે આપ ૪:૦૦ વાગે ઊઠ્યા કે તરત જ હું આપની આગળ આવીને બેસી ગયો. એ વખતે મેં આપને પૂછ્યું કે આટલી બધી અગવડ-સવગડો વેઠીને વિચરણ કરો છો તો થાક નથી લાગતો ? ત્યારે આપે ખૂણામાં પડેલા જોડા બતાવીને કહ્યું, 'આ જોડા જોયા ને ? જોડાની આપણે ચિંતા કરીએ છીએ ? ખાસડા છે એટલે ઘસાય જ. એમ આ દેહને ખાસડા જેવો કરી નાખવો. સૂંઢેલ બળદિયો હોય એને કઈ રીતે વાપરે ? એમ દેહને એ રીતે વાપરી નાખવો. દિવસમાં ચાર-પાંચ ગામ કરીએ એમાં શું ચિંતા ? શાસ્ત્રીજી મહારાજની સંસ્થા માટે જ કરવાનું છે ને !' આ રીતે જૂના પ્રસંગની સ્મૃતિ થઈ.''

•

સારંગપુરથી આરુણિ ભગતનો ફોન આવ્યો. તેઓએ વરસાદની માગણી કરી. સ્વામીશ્રી કહે : 'બધા વરસાદ તરફ આંખો માંડીને બેઠા છે. સવારે ધૂન કરી છે. ભગવાન વહેલી તકે વરસાદ પાડે અને ખેડૂતો મુશ્કેલીમાં છે તો નદી-નાળાં છલકાઈ જાય તે માટે ધૂન કરીએ છીએ, પ્રાર્થના પણ કરી છે.'

ધર્મવિનય સ્વામી ગોંડલ દર્શને ગયા હતા.

તેઓએ વાત કરતાં કહ્યું : 'અહીં થોડો વરસાદ પડ્યો છે.' તો સ્વામીશ્રી કહે : 'ત્યાં ગયા છો તો દેરીમાં પ્રાર્થના અને ધૂન કરજો કે જેથી બધે વરસાદ થાય.'

•

તા. ૪-૭-૨૦૦૯, બોચાસણ

ગઈકાલે રાત્રે સૂતી વખતે સ્વામીશ્રીએ ખાસ કહેવડાવ્યું હતું કે 'રોજ શણગાર આરતી પછી ઘુંમટમાં ઠાકોરજી આગળ વરસાદ માટેની ધૂન ચાલુ રાખવી અને બધા જ સંતો એમાં બેસી જાય.'

આ સૂચના પ્રમાણે સ્વામીશ્રી જ્યારે પરવારીને શાસ્ત્રીજી મહારાજના પ્રસાદીના ઓરડે પધાર્યા ત્યારે ઘુંમટમાંથી ધૂનનો મંગલ નિનાદ સંભળાઈ રહ્યો હતો. સંતો પણ એમાં જોડાયા હતા.

સ્વામીશ્રી અભિષેક કરીને ઉપર મંદિરે પધાર્યા. ઠાકોરજીનાં દર્શન કર્યાં અને ત્યારપછી નીચે પધાર્યા ત્યારે સૌ સંતો ઢોલના તાલ સાથે ધૂનમાં જોડાયા. સ્વામીશ્રીની પાછળ સૌ ચાલી રહ્યા હતા. મંદિરના પગથિયે બે સંતો દર્શન કરી રહ્યા હતા. સ્વામીશ્રીએ તેઓની સામે જોયું અને તરત જ તાળીઓ પાડવાનો અભિનય કરીને કહે : 'ત્યાં ઊભા રહીને સમય શું બગાડો છો ? અહીં ભજનમાં જોડાઓ ને !' તેઓને પણ સ્વામીશ્રીએ સૌની સાથે જોડ્યા.

•

લંડનના કિશોરો સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તાલીમ શિબિર માટે તેઓ અહીં આવ્યા હતા. વારાફરતી સ્વામીશ્રી તેઓને મળતા હતા. સ્વામીશ્રી કહે : 'સારામાં સારો સંત-સમાગમ થાય, અહીંથી જેમ તમારાં માબાપ કમાણી કરવા માટે લંડન ગયાં હતાં અને કમાણી કરી, એમ તમે અહીં સત્સંગની કમાણી કરવા માટે આવ્યા છો, તો સારામાં સારી સત્સંગની કમાણી થાય, સત્સંગ સારો થાય, નિયમ-ધર્મ દૃઢ થાય એ બધું ભાથું ભરી લેજો. એ દેશ એવો છે કે તેનો રંગ ચડી જાય, પણ સમાગમ કરવાથી એ રંગ ઊતરી જશે ને ધીરે ધીરે બ્રહ્મવિદ્યાની કૉલેજની ડિગ્રી મળી જશે.'

•

રાત્રિ ભોજન દરમ્યાન ઠાકોરજીના થાળની પાણીપૂરીની ડિશ લઈને એક સંત આપવા આવ્યા. સ્વામીશ્રીએ એ જોઈને તરત પૂછ્યું : 'પૂરી ક્યાંથી આવી છે ? બહારથી આવી નથી ને ? બહારથી આવી હોય તો લેવી જ નહીં.'

'ના. અહીં જ બધું બનાવવામાં આવે છે. રસોડામાં જ બધું બનાવ્યું છે.'

'તો વાંધો નહીં.' એમ સ્વામીશ્રીએ પોતાની રુચિ દર્શાવી.

•

ભોજન દરમ્યાન ખેંચાયેલા વરસાદની વાતો થઈ. યજ્ઞેશ સ્વામી કહે : 'ગુરુપૂનમનો સમૈયો પૂરો થાય પછી વરસાવજો.'

સ્વામીશ્રી કહે : 'એવું હોય ? લાખો માણસો બીચારા દુ:ખી થાય છે, વાવેતર સુકાઈ જાય છે અને આપણે ગુરુપૂનમનો ઉત્સવ એ તો વરસાદ પડે એ જ કહેવાય. અત્યારે તો જ્યારે વરસાદ પડે ત્યારે ગુરુપૂનમ જ છે.'

આત્મવિહારી સ્વામી કહે : 'બધા એમ કહે છે કે બધું બાપાના હાથમાં જ છે, એટલે ધૂન કરાવો છો એના કરતાં વરસાદ પાડી જ દો ને !'

સ્વામીશ્રી કહે : 'સાધન વગર ક્યાં કશું મળે છે ? ને કોઈને મનદુ:ખ થયું હોય તો ધૂન કરીએ તો માની જાય ને આવે.'

યજ્ઞેશ સ્વામી કહે : 'આપે કહ્યું એમ પહેલેથી લાડવાની રસોઈ જમાડી દઈએ.'

સ્વામીશ્રી કહે : 'એ તો પહેલાં લગન નક્કી થાય, સંબંધ બંધાય, વાજાં વાગે, માંડવો બંધાય અને પછી રસોઈની ધામધૂમ થાય. એટલે આવે પછી ધામધૂમ કરવાની. ધૂન કરીએ છીએ, પછી મહારાજની ઈચ્છાથી જે થવાનું હોય એ થાય.'

આત્મવિહારી સ્વામી કહે : 'જેમ જેમ ધૂન કરાવો છો એમ વરસાદ મોંઘો થાય છે.'

સ્વામીશ્રી કહે : 'ધૂન કરીએ તો ભગવાન રાજી થાય, તો સારું થાય ને ! મોંઘો થાય એને મનાવવો તો પડે ને !' સ્વામીશ્રીએ એક વાક્યમાં ઘણું કહી દીધું.

સ્વામીશ્રી એમ કહેવા માગતા હતા કે ધૂન તો શ્રીજીમહારાજને પ્રસન્ન કરવા માટે કરીએ છીએ. પછી આપણે તો એમની ઈચ્છાને આધીન છીએ.

•

ભોજનના થાળમાં ગોંડલથી આવેલો મોહનથાળનો

પ્રસાદ પણ હતો. સ્વામીશ્રીએ ચપટી મોહનથાળ અંગીકાર કર્યો અને છેલ્લે એક ચકતું ઘનશ્યામચરણ સ્વામીને ધરીને કહ્યું : 'ગોંડલથી અક્ષર દેરીનો મોહનથાળનો પ્રસાદ આવ્યો છે. લ્યો, ખાઈ જજો અને વરસાદ પાડજો, જો નહીં પાડો તો પાછું માગીશ.'

સ્વામીશ્રીએ આ સહજ આનંદમય લીલા દ્વારા સંકેત આપી દીધો કે વરસાદ વરસવાનો જ છે.

•

ભોજન પછી સ્વામીશ્રી કાંઈક ઊંડા વિચારમાં હોય એવું લાગતું હતું. એવામાં વેદજ્ઞ સ્વામી ફોન લઈને આવ્યા. ન્યૂજર્સીથી મયંક(કાવિઠા)નો ફોન હતો. આજે એનો જન્મદિવસ હતો. વેદજ્ઞ સ્વામી કહે : 'જન્મદિવસ છે, આજની રસોઈ એના તરફથી છે. આશીર્વાદ આપો.'

સ્વામીશ્રીએ ફોનમાં આશીર્વાદ આપતાં કહ્યું : 'આનંદ થયો. તારા ઘરે દીકરાનો જન્મ થયો. દીકરો સારામાં સારો સત્સંગી બને, સંસ્કારી બને, તારી જેમ ખૂબ સેવા કરે, ભણે-ગણે, માબાપની સેવા કરે...'

સ્વામીશ્રી તો બોલે જ જતા હતા. એટલે મેં કહ્યું : 'આ તો એના જન્મદિવસની વાત છે.'

આ સાંભળતાં જ સ્વામીશ્રી એકદમ હસી પડ્યા ને ફોનમાં જ વાત કરતાં કહે : 'અલ્યા, આ તો કાચું કપાયું. અવળહવળ થઈ ગયું.'

મયંક કહે : 'બાપા ! આપ કહો એ બરાબર જ છે.'

સ્વામીશ્રી કહે : 'ખરો ભગત છે ! અમે ગમે એમ બોલીએ પણ તું સવળું સમજે છે એટલે સારું છે.'

મયંક કહે : 'બાપા ! આપનામાં સદાય નિર્દોષ-ભાવ રહે એ આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી કહે : 'આ રહ્યો ને ! અમારું અવળ-હવળ થાય, પણ તું સવળું સમજી લે છે એટલે એ નિર્દોષભાવ જ થયો ને !' એમ કહીને હસતાં હસતાં સ્વામીશ્રીએ એને જન્મદિવસના આશીર્વાદ આપ્યા.

•

વેદજ્ઞ સ્વામીને બોલાવીને કહે : 'આપણે સવારે જે ધૂન ચાલે છે એ ચાલુ જ રાખજો. ઠાકોરજી આગળ શણગાર આરતી પછી સંતો ધૂન બોલવાનું ચાલુ કરી દે. અહીંયાં આંટા મારતા હોય એ બધાને ઉપર ધૂન બોલવા લઈ જવા.'

વેદજ્ઞ સ્વામી કહે : 'મુંબઈમાં વરસાદ સારો છે.'

સ્વામીશ્રી કહે : 'અહીં વરસાદ આવે એના માટે ધૂન કરીએ છીએ.'

આ રીતે સ્વામીશ્રીએ પોતાની રુચિ દર્શાવી.

•

તા. ૫-૭-૨૦૦૯, બોચાસણ

ક્ષૌરકર્મ પૂરું થયું. પડદા પડતા હતા. વચ્ચે કાચના દરવાજા હતા. બહાર દર્શને બેઠેલા સંતોને સંભળાય તેમ નહોતું, તેમ છતાં સ્વામીશ્રી મોટેથી કહે : 'બધા સંતો અહીંથી સીધા જ ઠાકોરજી પાસે જાવ, કોઈ બીજે જશો નહીં. બધા વરસાદ માટેની ધૂન કરવા બેસી જજો.'

•

વિદ્યાનગર છાત્રાલયના ૧૫૦ યુવકો પદયાત્રા કરીને અહીં આવ્યા હતા. તેઓની સાથે ભક્તિકીર્તન સ્વામી, શ્વેતમંગલ સ્વામી તથા પરમદર્શન સ્વામી પણ પદયાત્રા કરીને આવ્યા હતા. પૂજા પછી સૌ વતી આ ત્રણ સંતો-યુવકોએ બનાવેલો કંઠીનો હાર સ્વામીશ્રીને અર્પણ કર્યો. સ્વામીશ્રીએ એ કંઠીનો હાર દેખાડતાં કહ્યું : 'આમાં જેટલા મણકા છે એટલા સત્સંગી કરજો.'

શ્વેતમંગલ સ્વામી કહે : 'આ તો બહુ મણકા થાય.'

સ્વામીશ્રી કહે : 'श्रद्धावान् लभते ज्ञानम्। શ્રદ્ધા રાખીએ એટલે થઈ જાય.'

•

'દિવ્ય ભાસ્કર' દૈનિકના ચીફ ઍડિટર અજયભાઈ ઉમટ કહે : ''આપના જીવનના બે પ્રસંગો મને ખૂબ જ સ્પર્શ્યા છે. દિલ્હી અક્ષરધામ ઉદ્‌ઘાટન વખતે એલ. એમ. સિંઘવી સાહેબ પણ હતા. તેઓએ કહ્યું હતું કે 'કોઈ મને પૂછે કે મારી પાસે ભારતમાં એક દિવસ હોય તો હું એને કહું કે જો એક જ દિવસ હોય તો પહેલાં અક્ષરધામ જોજો અને બે દિવસ હોય તો પછી તાજમહેલ જોવા જજો.' આ વાક્યના સંદર્ભમાં મેં મારા લેખમાં એમ લખ્યું હતું કે તાજને પણ ટક્કર મારે એવું અક્ષરધામ છે. ત્યારે આ વાંચીને આપે મને ટકોર કરી હતી કે અમે તાજ સાથે હરીફાઈ નથી કરવા માગતા. આપની આ ભાવના મને ખૂબ સ્પર્શી ગઈ હતી. અને ત્રાસવાદી હુમલો ગાંધીનગર અક્ષરધામ ઉપર થયો એ વખતે આપે જે વલણ દાખવ્યું એ પણ

મારા હૃદયને સ્પર્શી ગયું છે.

વળી, આજે આપ હરિભક્તોને મળતા હતા એ વખતે એક હરિભક્ત એક મુમુક્ષુને વ્યસન મુકાવવા માટે જે રસથી આપ વાત કરી રહ્યા હતા એ જોઈને મને થયું કે જેટલું આપને અક્ષરધામ અગત્યનું છે એનાથી પણ વધારે વ્યસન મુકાવવાનું અગત્યનું છે. નાની બાબતમાં પણ આટલો રસ લઈને વ્યસન મુકાવી શકો છો એ હું કલ્પી શકતો નથી.''

•

કોલકાતાથી પુરુષોત્તમજીવન સ્વામી, દિવ્યમૂર્તિ સ્વામી વગેરે સંતો આવ્યા હતા. ગઈકાલે તેઓએ ફોન કર્યો ત્યારે કોલકાતામાં ખૂબ વરસાદ વરસી રહ્યો હતો. સ્વામીશ્રીએ કહ્યું : 'ત્યાંથી વરસાદ ભરીને લાવજો.' એટલે તેઓ પ્લાસ્ટિકની બૉટલમાં વરસાદનું પાણી લઈને આવ્યા હતા. સ્વામીશ્રીને કહે : 'એકદમ ચોખ્ખું છે ને ત્યાંથી લાવ્યા છીએ. આપ જમ્યા પછી આ ઢાંકણું ખોલજો, એટલે અહીં પણ વરસાદ પડે.'

સ્વામીશ્રી કહે : 'કાલે આ જળથી ઠાકોરજીને નવડાવીશું. નિર્ભય સ્વામીને આપજો, એટલે ગાળીને ઠાકોરજીને નવડાવશે.'

પુરુષોત્તમજીવન સ્વામી કહે : 'પણ આપે બૉટલ ખોલવી તો પડશે જ.' એટલે સ્વામીશ્રીએ જમ્યા પછી ઢાંકણું ખોલ્યું અને સંકલ્પ કર્યો કે અહીં ગુજરાતમાં પણ વરસાદ પડે.

•

તા. ૬-૭-૨૦૦૯, બોચાસણ

એક કાર્યકર આવ્યા. તેઓ કહે : 'મનધાર્યું તો ઘણું કર્યું છે, પણ હવે તો આપનું ધાર્યું કરવું છે.'

સ્વામીશ્રી કહે : 'ભક્તિ કરવી, મિત્રોને સત્સંગ કરાવવો. ટી.વી. બહુ ન જોવું, સારી વસ્તુ જોવી. પ્રેરણા મળે એવું જોવું અને નિષ્ઠા રાખવી.'

•

સારંગપુરથી આરુણિ ભગતનો ફોન આવ્યો. ત્યાં પણ સખત વાવાઝોડું ફૂંકાયું હતું. સખત નુકસાન થાય એ રીતે વાવાઝોડું ફૂંકાઈ રહ્યું હતું. તેઓએ પણ સ્વામીશ્રીને વિનંતી કરી. સ્વામીશ્રી કહે : 'મહારાજ દયા કરશે, વાવાઝોડું અટકી જશે.' ને સ્વામીશ્રીના કીધા પછી બે જ મિનિટમાં જાણે કે વાવાઝોડાની સ્વીચ ઑફ થઈ ગઈ હતી !

•

તા. ૭-૭-૨૦૦૯, બોચાસણ

સ્વામીશ્રીએ ઠાકોરજી જમાડ્યા. એ દરમ્યાન સામે બેઠેલા ભગવત્ચરણ સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું : 'દેખાવ પરથી તો અત્યારે પણ આપ ૬૦ વર્ષના જ લાગો છો અને મગજ તો ૪૦ વર્ષનું હોય એ રીતે ચાલે છે. સંસ્થાની જવાબદારી સમજવી હોય એમાં ૯૦ વર્ષની ઉંમરે હજી સહેજે ફેર નથી. મિટિંગ હોય તો જે તે વ્યક્તિને આપ બોલાવી જ લો છો.'

સ્વામીશ્રી કહે : 'એને ન બોલાવીએ તો અસંતોષ રહ્યા કરે, પણ પોતે હાજર હોય તો ચર્ચા થાય, ગુણદોષનો વિચાર થાય અને સારું પરિણામ આવે. હાજર ન હોય તો એને એમ લાગે કે અમારું નામ કાઢી નાખ્યું. આપણે આપણા વિચારોમાં ચાલતા હોઈએ અને એ એમના વિચારોમાં ચાલતા હોય.'

સ્વામીશ્રીનું આ મૅનેજમેન્ટ છે.

•

સ્વામીશ્રીનાં દર્શને IIM-ઈન્દોરના ડાયરેક્ટર શ્રી રવિચંદ્રન્ ખાસ ઈન્દોરથી આવ્યા હતા. સ્વામીશ્રી તેઓને મળ્યા. દક્ષિણ ભારતીય રસમ મુજબ તેઓ સ્વામીશ્રીને દંડવત્ કરીને બેઠા. સમગ્ર ભારતમાં IIMની એક વિશિષ્ટ પ્રતિષ્ઠા છે. આવી જગવિખ્યાત સંસ્થાના ડાયરેક્ટરને ત્યાંના વિદ્યાર્થીઓ IIMના ભગવાન તરીકે નવાજે છે. આજે દર્શને આવ્યા ત્યારે પૂર્ણ વિનમ્રતાથી તેઓએ સ્વામીશ્રીના આશીર્વાદ મેળવ્યા.

તેઓ કહે : ''એક વાર હું એક મુખ્યમંત્રીને મળવા ગયો હતો. એ વખતે હું અમદાવાદની IIMમાં પ્રોફેસર હતો. તેમણે મને કહ્યું કે 'IIMમાં તમે સમગ્ર વિશ્વની સારી સારી કંપનીઓના કેસસ્ટડી કર્યા છે, પણ એક સ્થાન એવું છે કે જેનો કેસસ્ટડી બનાવવા જેવો છે, એ છે દિલ્હીનું અક્ષરધામ. ત્યાંનું જેવું મૅનેજમેન્ટ છે એવું મૅનેજમેન્ટ તમને વિશ્વમાં ભાગ્યે જ ક્યાંક મળશે. એના ઉપર તમે સ્ટડી કરો, તમારા ક્લાસમાં વિદ્યાર્થીઓને ભણાવો અને પુસ્તકો રચો. આવી અદ્ભુત રચના પાંચ વર્ષમાં કઈ રીતે થઈ શકી એ આશ્ચર્ય છે ! ત્યાં હજારો પથ્થરોનું કોતરકામ છે. તમે પાંચ પથ્થર પણ કોતરી નહીં શકો.' આ રીતે દિલ્હી અક્ષરધામને મૅનેજમેન્ટની

રીતે મૂલવવાની પ્રેરણા મને એ મુખ્યમંત્રીએ આપી.''

વળી, તેઓ કહે : 'અમે રિલાયન્સ પ્રોજેક્ટનું મૅનેજમેન્ટ ઘણી વખત સાંભળ્યું છે, પણ અક્ષરધામનું મૅનેજમેન્ટ સાંભળ્યું એ ચકિત કરી દે એવું છે ! આપે વળી એ કાર્ય ૮૦ વર્ષે હૃદયના બાયપાસ ઑપરેશન પછી શરૂ કર્યું ! આ વસ્તુ અસાધારણ છે. આપ સ્વયં ભગવાન છો, બાકી આ શક્ય નથી.'

સ્વામીશ્રી કહે : 'બધી ભગવાનની શક્તિ છે. બધું જ કામ ભગવાન કરે છે. તમે લોકો કહ્યા કરો છો ને કે ઈન્સ્ટ્રુમેન્ટ, આપણે તો ઈન્સ્ટ્રુમેન્ટ છીએ !'

રવિચંદ્રન્ કહે : 'કેવળ ભગવાનના ચુનંદા વ્યક્તિ જ આ કરી શકે.'

બ્રહ્મવિહારી સ્વામીએ રવિચંદ્રન્જીની કુશળતા ને મૅનેજમેન્ટના ક્ષેત્રમાં તેઓની મહાનતાની વાત કરી. ત્યારે રવિચંદ્રન્ કહે : 'हम तो छोटा आदमी है, लेकिन संतोष है।'

સ્વામીશ્રી કહે : 'उँचा उँचा सब कोई चाले, नीचा न चाले कोई। આટલી શક્તિ અને આવડત છે, છતાં નિર્માનીપણે કામ કરો છો એ જ મોટી વાત છે. આપનું કાર્ય દેશને લાભરૂપ છે, એ આપની મોટી સેવા છે. તમારી સાથે ભગવાન રહે એ આશીર્વાદ છે.'

રવિચંદ્રન્જી કહે : 'અમે હવે અમારા કોર્સમાં ધાર્મિક ચિંતન ને સકારાત્મક વિચારને મૂકવા માગીએ છીએ. અત્યાર સુધી અમે પ્રૉફેશનલ મૅનેજમેન્ટનું ભણાવતા હતા, પણ થોડાક ધર્મચિંતન સાથે બીજાનો પણ વિચાર કરીને કમાવું એ માટે કોર્સ દાખલ કરવાની અમારી ઈચ્છા છે. જેથી લોકો કોર્પોરેટ-સોશિયલ-લાયાબિલિટી પણ સમજે. એના માટે પંચતંત્રની કથાઓનો પણ અમે આધાર લીધો છે. એ જ રીતે દિલ્હી અક્ષરધામની પણ એક સ્ટોરી મૂકીશું, કારણ કે અક્ષરધામ એ 'ન્યૂ ડાયમેન્શન ઈન મેનેજમેન્ટ' છે.'

સ્વામીશ્રી કહે : 'भगवान की शक्ति से सब चलता है। भगवान प्रेरणा करते हैं। हम वही मान्यता रखते हैं, इसीलिए किसी कार्य में विघ्न नहीं आता।'

છેલ્લે સ્વામીશ્રીએ તેઓની ઈચ્છાને માન્ય કરીને કંઠી પહેરાવી.

•

ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભા પાટીલના પતિ ડૉ. દેવીસિંહ શેખાવતનો ફોન આવ્યો. આજે તેઓની લગ્નતિથિ હોવાથી તેમનાં પત્ની અને પરિવાર સાથે દિલ્હી અક્ષરધામનાં દર્શને આવ્યા હતા. અત્યારે તેઓ નીલકંઠ યાત્રા ફિલ્મને માણી રહ્યા હતા. સ્વામીશ્રીએ ડૉ. દેવીસિંહ શેખાવત સાથે વાત કરતાં કહ્યું : 'जय स्वामिनारायण। बहुत अच्छा है कि आप दर्शन के लिए पधारे हैं। साथ में राष्ट्रपति भी पधारे हैं। देश के कार्य अच्छी तरह से हो। आज लग्न की तिथि है, तो आप सब सुखी होए ऐसी प्रार्थना करते हैं। आपके द्वारा अच्छा कार्य होता रहे, भारत में शांति हो, आतंकवाद मिटे, सब जीव में भगवान का वास हो जाए, ऐसा आशीर्वाद है। धन्यवाद...।'

સ્વામીશ્રીએ આશીર્વાદની સમાપ્તિ કરી એટલે આભાર માન્યા પછી દેવીસિંહ કહે : 'ठहरिए, मैं महामहीम को देता हूँ।'

આ સાંભળીને સ્વામીશ્રીએ તરત જ બાજુમાં ઊભેલા રિતેશભાઈ ગઢિયાને ફોન આપી દીધો. રિતેશભાઈ ગઢિયાએ રાષ્ટ્રપતિ સાથે વાત કરી.

•

સ્વામીશ્રી આરામમાં જવા પલંગ પર બિરાજ્યા. સૌ બહાર નીકળી ગયા હતા, ત્યાં સ્વામીશ્રીએ નારાયણચરણ સ્વામીને કહ્યું : 'બ્રહ્મવિહારી સ્વામીને ફોન જોડો.' ફોન જોડવામાં આવ્યો એટલે સ્વામીશ્રીએ કહેવડાવ્યું કે 'રવિચંદ્રન્ સાહેબને કહેજો કે ઉજાગરો કરીને આવ્યા છો તો અહીં આરામ કર્યા પછી નીકળે, રૂમ તૈયાર છે. જેથી એમને પણ આરામ મળી જાય અને ડ્રાઈવરને પણ આરામ મળી જાય.'

આ વાત જ્યારે બ્રહ્મવિહારી સ્વામીએ રવિચંદ્રન્ સાહેબને કરી ત્યારે તેઓ જમતાં જમતાં આંખ બંધ કરીને કહે : 'This is what we don't teach at IIM: to care for people. We care for the intellect, but to care for people is more important.' તેઓને વળી જ્યારે ખબર પડી કે સ્વામીશ્રીએ ઉતારામાં સ્વચ્છતાથી માંડીને ઝીણી ઝીણી વિગતોની તપાસ કરાવી લીધી છે અને સાંજે જાગે પછી ફ્રૂટની પણ ચિંતા કરી છે, ત્યારે તેઓ કહે : 'I can't imagine a person so high at this level can give so much attention to detail;

can do so much micromanagement.'

•

તા. ૮-૭-૨૦૦૯, બોચાસણ

ભોજન પછી સ્વામીશ્રીએ ફોનમાં એક મુમુક્ષુ સાથે વાત કરી. તેમનાં પત્નીની હાજરીમાં તેઓ સ્વામીશ્રીને ફોન કરીને જણાવી રહ્યા હતા : 'ઇન્ટરનેટમાં એક મહિલા સાથે મારી પત્નીને અજાણ રાખીને મેં ફક્ત બે-ત્રણ વખત વાર્તાલાપ કર્યો હતો. એ સિવાય આગળ વધ્યો જ નથી, છતાં આપની આગળ આજે માફી માગું છું કે હવે પછી આવું ક્યારેય નહીં કરું.'

સ્વામીશ્રી કહે : 'તારાં પત્ની જાણે છે અને અહીં નિષ્કપટભાવે આ વાત કરે છે. ભગવાન અને સંતની પાસે વાત કરી છે તો બધું માફ કરશે. હવે તારે પણ આ વાતને ભૂલી જવી અને તારાં પત્નીએ પણ આ વાતને ભૂલી જવી, તો સંસાર સારો થાય ને સુખી થવાય. આશીર્વાદ છે.'

•

સંયોજન સમિતિની મિટિંગમાં જવા માટે સ્વામીશ્રી તૈયાર થયા. રૂમનું બારણું ખૂલ્યું, હૉલમાં સંતો બેઠા હતા. સ્વામીશ્રીને જોતાં જ વિવેકસાગર સ્વામીએ કહ્યું : 'પાંચ મિનિટ પછી પધારજો.'

સ્વામીશ્રી તરત જ પાછા વળી ગયા અને પત્ર વાંચવા લાગ્યા.

થોડી વારમાં બ્રહ્મવિહારી સ્વામી સ્વામીશ્રી પાસે આવ્યા અને કહ્યું : 'આ તો ચાણસદના મંદિર અંગે વાત ચાલતી હતી, એટલે આપને મોડા આવવા માટે કહ્યું, કારણ કે આપને બાકાત રાખવાના હતા. જોકે આપ તો પરના પર છો.'

સ્વામીશ્રી આ સાંભળતાં પોતાની જમણા હાથની આંગળી ઠેઠ ઉપરથી નીચે લઈ જતા હોય એવા અભિનય સાથે કહે : 'હું તો સૌથી નીચામાં નીચો સેવક છું, સંતોની ચરણરજ છું. અમે સાધુ છીએ એટલે સૌથી નાનામાં નાના છીએ.'

•

તા. ૧૦-૭-૨૦૦૯, બોચાસણ

આત્મવિહારી સ્વામીએ એક હરિભક્તના મરણ પ્રસંગે જઈ આવ્યાની વાત કરી.

સ્વામીશ્રી કહે : 'મરણમાં એના ઘરે જવું એ બહુ જ સારું છે. સત્સંગીને ત્યાં સંતો જાય એટલે એમને બળ રહે, હૂંફ રહે, આશ્વાસન રહે અને સૌને સારું લાગે. આ તો સામાજિક કામ છે ને સાધુ જાય તો વધારે બળ રહે. આપણે લગ્નમાં નથી જતા, કારણ કે એમાં ધામધૂમ જુદા પ્રકારની હોય. જ્યારે આમાં તો કથાવાર્તા થાય અને લોકોને આત્મબળ મળે.' સ્વામીશ્રીએ પોતાની રુચિ દર્શાવી.

•

આરામમાં જતી વખતે મુંબઈ જઈ રહેલા કોઠારી સ્વામીને સ્વામીશ્રી કહે : 'કોઠારી ! ત્યાં અમારા વતી ભગવાનનાં દર્શન કરજો ને ત્યાંનો વરસાદ અહીં મોકલજો. અહીં બહુ જરૂર છે.' સ્વામીશ્રી આટલી વ્યસ્તતાની વચ્ચે પણ સૌની ચિંતા કરે છે.

•

તા. ૧૧-૭-૨૦૦૯, બોચાસણ

આજની મુલાકાતોમાં મહેસાણાની નજીક આવેલા મહિયારી ગામના રણછોડભાઈ પટેલ પણ હતા. તેઓનું પૂર્વજીવન ખૂબ જ બદીઓથી ભરપૂર હતું. આજે ખાસ પ્રાયશ્ચિત્ત લેવા તેઓ આવ્યા. સ્વામીશ્રી સમક્ષ ચોધાર આંસુએ રડતાં રડતાં તેઓએ માફી માગી ને નવા જીવનની શરૂઆત કરવા માટે સ્વામીશ્રીના હસ્તે વર્તમાન ધરાવ્યા.

સ્વામીશ્રીએ તેઓને આશીર્વાદ આપતાં કહ્યું : 'સત્સંગનો યોગ છે, તો હવે વ્યસન-દૂષણો જીવમાંથી નીકળી જશે. ખરાબ સોબતો હવે મૂકી દેવી. વ્યસન-દૂષણ મૂકી દેવા. તમે સર્વ પ્રકારે સુખી થશો.'

•

તા. ૧૨-૭-૨૦૦૯, બોચાસણ

સાઉથ આફ્રિકાથી આવેલા એક ભક્તનો નોકરીનો થોડોક પ્રશ્ન હતો. તેઓની સારી કાર્યવાહીથી કેટલાક સહકર્મચારીઓ ઈર્ષ્યા અનુભવતા હતા, એને કારણે તેઓ બધી જ રીતે તેમને હેરાન કરતા હતા.

સ્વામીશ્રીને આ વાત કરી. એટલે સ્વામીશ્રી કહે : 'આપણે ધીરજ રાખવી, શાંતિ રાખવી. એ લોકો જે કરતા હોય, ભલે કરે. આપણે તો એનું પણ સારું થાય એવી પ્રાર્થના કરવી.'

•

સ્વામીશ્રી આરામ માટે ઊભા થઈ રહ્યા હતા.

આત્મવિહારી સ્વામી ચંપલ પહેરાવી રહ્યા હતા. સ્વામીશ્રી તેઓને કહે : 'તું આત્મામાં વિહાર કરે છે કે બ્રહ્મમાં ?'

'અત્યારે તો દેહમાં વિહાર થાય છે.'

સ્વામીશ્રી કહે : 'આત્મવિહારી નામ પડ્યું છે તો પછી દેહવિહાર ક્યાંથી થાય ?'

નારાયણચરણ સ્વામી કહે : 'નામ પડવાથી ઓછો કંઈ વિહાર બદલાઈ જાય ?'

સ્વામીશ્રી કહે : 'નામ પાડ્યું હોય તો એમ તો થવું જોઈએ ને કે હું આત્મવિહારી છું ! કોઈ કહી જાય, બોલી જાય તોય મનમાં કંઈ ન થવું જોઈએ. સુખ-દુઃખ કંઈ પણ આવે કંઈ થવું ન જોઈએ, આત્મામાં વિહાર કરવો જોઈએ.'

•

તા. ૧૩-૭-૨૦૦૯, બોચાસણ

૧૯૯૮માં બાયપાસ સર્જરી પછી સ્વામીશ્રી વેસ્ટ ચેસ્ટરમાં ડૉ. મહેન્દ્રભાઈ પટેલના ઘરે આજના દિવસે પધાર્યા હતા, એની સ્મૃતિ કરાવતાં યોગી પટેલે કહ્યું : 'આપે એ વખતે મને કહ્યું હતું કે જો હું તારા ઘરે આવ્યો, હવે તું મારા ઘરે આવજે. આજે એ વાતને ૧૧ વર્ષ થયાં. આજે હું આપના ઘરે આવ્યો છું.'

સ્વામીશ્રી કહે : 'નિયમ-ધર્મ દૃઢ રાખજે. સત્સંગ બરાબર કરજે. તો ઘરે આવ્યા બરાબર છે.'

સ્વામીશ્રીએ મહારાજના ઘરમાં પ્રવેશવાની ચાવી આપી દીધી.

•

તા. ૧૪-૭-૨૦૦૯, બોચાસણ

સ્વામીશ્રી લિફ્ટ દ્વારા નીચે આવી રહ્યા હતા. એ દરમ્યાન સામે ઊભેલા બાળક યોગી પટેલને જોતાં સામેથી બોલાવીને તેઓને પ્રેમથી મળ્યા. યોગી આજે પાછો અમેરિકા જઈ રહ્યો હતો. એ જ રીતે સભામંડપમાં બદલપુરના એક નાના ગરીબ બાળકને પ્રશ્ન હતો. એને પણ સામેથી બોલાવીને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. અમેરિકાનો હોય કે બદલપુરનો, પ્રત્યેક બાળક માટે સ્વામીશ્રીને સમત્વભર્યો પ્રેમ છે.

•

એક મુમુક્ષુનો થોડાક દિવસ પહેલાં ફોન હતો. તેઓ નિષ્કપટ થયા હતા. આજે તેઓએ ફરીથી ફોન કર્યો અને કહ્યું : 'ખુલ્લા મને મારે થોડીક વાત કરી લેવી છે.' ઢીલા અવાજે રડતાં રડતાં એમણે પોતાની વાત કરી. બે વર્ષ પહેલાં એક ગરીબ છોકરીને એમણે મદદ કરી હતી, પરંતુ પત્નીને શંકા ગઈ અને વાત આગળ વધી ગઈ. સ્વામીશ્રીએ તેઓને બળ આપતાં કહ્યું : 'નિર્દોષભાવે, નિષ્કપટભાવે વાત કરી છે, એટલે મદદ કરવામાં વાતચીત કરી એ ભૂલ નથી. બીજી કોઈ ભાવના હતી નહીં ને છે નહીં. તો હવે બીજો વિચાર કરવો નહીં. નિયમ-ધર્મ વગેરે સચવાઈ ગયું છે, તો ભવિષ્યમાં પણ સચવાય એવું જ કરવાનું. તમારાં પત્નીને પણ બધી જ સ્પષ્ટતા કરીને વિશ્વાસમાં લીધા છે, તો આ બાબત હવે ભૂલી જવી અને જો એમ લાગતું હોય તો એક-બે ઉપવાસ કરી લેજો, માળા-ધૂન વિશેષ કરજો.'

•

તા. ૧૫-૭-૨૦૦૯, બોચાસણ

'અક્ષરપુરુષોત્તમ માહાત્મ્યમ્' ગ્રંથનું વાંચન સ્વામીશ્રી સમક્ષ થઈ રહ્યું હતું.

આ ગ્રંથમાં ગ્રહણના વિધિ-નિષેધના નિયમોનું પાલન કેવી રીતે કરવું તેનું વર્ણન હતું. એ સંદર્ભમાં એક જણ કહે : 'કરોડો લોકો ગ્રહણ કર્યા વગર એમ ને એમ સૂઈ જાય છે. એને ક્યાં કંઈ ફરક પડે છે ?'

સ્વામીશ્રી કહે : 'એ વાત જ નહીં કરવાની. જેને અજ્ઞાન છે એની આ વાત નથી. આપણે તો ભક્ત છીએ એટલે કરવાનું. શ્રીજીમહારાજની આજ્ઞા છે એટલે કરવાનું. વિજ્ઞાન બતાવે છે એ વસ્તુને કેમ માની લઈએ છીએ ? તો આ તો શાસ્ત્રોની આજ્ઞા છે. એટલે ઋષિમુનિઓએ કર્યું છે, એટલે આજ્ઞા પ્રમાણે કરવું.'

•

તા. ૧૬-૭-૨૦૦૯, બોચાસણ

સ્વામીશ્રી હજી પરવાર્યા જ હતા. વ્હીલચૅરમાં વિરાજીને બહાર નીકળતા હતા ત્યાં એક પ્રશ્ન લઈને ધર્મચરણ સ્વામી અંદર ગયા. એક મુમુક્ષુનાં માતુશ્રી અક્ષરનિવાસી થયાં હતાં. આ તેમના બે દીકરા હતા. તેઓ કાયમ એક દીકરાને ત્યાં રહેતાં હતાં, પરંતુ બે જ દિવસ માટે બીજા દીકરાને ઘરે ગયાં અને ત્યાં તેઓ અક્ષરનિવાસી થયાં હતાં. જેના ઘરે તેઓ કાયમ રહ્યાં હતાં તેઓના મનમાં એક એવી લાગણી હતી કે

અંતિમયાત્રા મારા ઘરેથી નીકળે અને જેઓના ઘરે બે દિવસ માટે આવ્યાં હતાં અને ત્યાં જ અક્ષરનિવાસી થયાં હતાં તેઓની લાગણી હતી કે અમારા ઘરેથી અંતિમયાત્રા નીકળે. બંને પરિવારો વચ્ચે આ બાબતમાં થોડુંક મનદુઃખ હતું. સ્વામીશ્રીને આ વાત કરવામાં આવી. અંતિમયાત્રા હમણાં જ નીકળવાની હતી. સ્વામીશ્રી કહે : 'જેઓના ઘરે અત્યારે છે ત્યાંથી બીજા ભાઈના ઘરે લઈ જવું. ત્યાં પણ વિધિ કરવી અને ત્યારપછી સૌ સ્મશાનમાં જાય એવું કાંઈક કરો.' સ્વામીશ્રીએ જાતે જ ફોન જોડાવી અને તેઓ સાથે વાત કરી, ત્યારે તેઓ કહે : 'સમાજમાં એ સારું નહીં લાગે. એટલે જે રીતે પેલા ઘરવાળા વિચારે છે એમ કરવા દો.'

તેઓના ટોન ઉપરથી સ્વામીશ્રી સમજી ગયા કે તેઓના અંતરમાં ખેદ હોવાથી આવાં વાક્યો આવે છે. અંતિમવિધિનો સમય થઈ ગયો હોવા છતાં તેઓ ઘરમાં જ હતા. સ્વામીશ્રીનું અનુમાન સાચું જ હતું.

સ્વામીશ્રી દર્શન કરવા માટે નીકળ્યા. સભામંડપમાં પણ ફરીથી સ્વામીશ્રીએ ધર્મચરણ સ્વામીને બોલાવીને કહ્યું કે 'જેઓના ઘરે અત્યારે શબ છે તેઓને વાત કરી લ્યો કે ત્યાં ખાલી આરતી કરે અને ત્યારપછી નાનાભાઈને ત્યાં લઈ આવે.'

વળી, નાનાભાઈને ફોન જોડી સ્વામીશ્રીએ કહ્યું : 'માતુશ્રી ધામમાં ગયાં છે, એ જાણ્યું. એના આત્માને શાંતિ થાય ને બહાર સમાજમાં પણ શોભી જાય કે આ લોકો નોંખા નથી, એ રીતે રાખજો. વડીલ તમે છો તો તમારું મન મોટું રાખજો.'

મંદિરમાં પધાર્યા ત્યારે પણ યોગીજી મહારાજના ખંડ સમક્ષ ફરીથી સ્વામીશ્રીએ મોટાભાઈના દીકરાને ફોનથી વાત કરી અને એ જ વાત રિપીટ કરી અને નાનાભાઈને ત્યાં ફોન કરીને પુનઃ એ જ વાત કરી, ત્યારે તેઓએ કહ્યું કે 'અત્યારે એના ઘરેથી અંતિમ-યાત્રા નીકળે તો મને વાંધો નથી, તેરમું અમારે ત્યાં થાય.' તેઓનું આવું સમાધાનકારી ને વ્યવહારુ વલણ સાંભળીને સ્વામીશ્રી રાજી થયા.

આવા અસંખ્ય પરિવારોના મોભી તરીકે સ્વામીશ્રી તેમને હૂંફ આપે છે !

•

મુંબઈથી એક હરિભક્તનો ફોન હતો. તેઓનાં પત્નીને હાર્ટઍટેક આવ્યો હતો. તેઓ કહે : 'મને પણ ડર લાગે છે.'

સ્વામીશ્રી કહે : 'ડર રાખવાની જરૂર નથી. ભગવાનની ઇચ્છા હશે તેમ થશે. ભગવાન જે કરતા હશે તે સારા માટે હશે. ભગવાનનો આશરો છે અને ભગવાનની ઇચ્છા હશે તો તેમને ભગવાન ધામમાં લઈ જશે. ભગવાનની ઇચ્છા હશે તો સારું થશે. સર્વકર્તા ભગવાન છે. એમની ઇચ્છા પ્રમાણે થશે. તો એવો વિચાર રાખી, તમે ભજન કરજો, બળ મળશે.'

•

તા. ૧૭-૭-૨૦૦૯, બોચાસણ

સુરતથી પરિમલભાઈનો ફેક્સ આવ્યો હતો. તેઓના પિતાશ્રી દુઃખમુક્ત બને એના આશીર્વાદ આપવાના હતા. સ્વામીશ્રીએ ફોન જોડાવ્યો અને કહ્યું : 'તમારા પિતાની તબિયત સારી નથી, તો ભગવાન એમને દુઃખમુક્ત કરે એ પ્રાર્થના છે.' આટલું કહીને ફોન મૂકી દીધો. થોડી વાર થઈ ત્યાં પરિમલભાઈનો સામેથી ફોન આવ્યો ને વાત કરી કે ગઈકાલે આપને ફેક્સ લખ્યો ને સાંજે જ મારા પિતાશ્રી અક્ષરનિવાસી થયા છે. હું આજે ફોન કરવાનો હતો, પણ આપે સામેથી ફોન કરીને આશીર્વાદ આપ્યા. મારે આ વાત કરવાની રહી ગઈ.' સ્વામીશ્રીએ ફરીથી આશ્વાસનના આશીર્વાદ આપ્યા.

•

અમદાવાદથી એક મુમુક્ષુનો ફોન આવ્યો. ત્રણ-ચાર વર્ષ પહેલાં એમણે બધાં જ વ્યસનો મૂકી દીધાં હતાં, પરંતુ છેલ્લા ચાર-પાંચ દિવસથી એવા સખત વિચાર આવે છે કે દારૂ પી લઉં, તમાકુ ખાઈ લઉં. (આ સમય એવો હતો કે જ્યારે અમદાવાદમાં જ દારૂને કારણે ૧૬૫ જેટલા મજૂરોનાં મૃત્યુ થયાં હતાં.) વળી, પછી મને વિચાર આવે છે કે આ બધું કરીશ તો મારી અધોગતિ થશે માટે આશીર્વાદ આપો કે આવા વિચારો ન આવે.'

સ્વામીશ્રી કહે : 'તમને જાણપણું છે, વિચારો આવે છે કે ખોટું થયું છે, તો એ વિચારો બંધ થાય એની પ્રાર્થના કરીશું. સત્સંગનું બળ રાખજો. વ્યસન-દૂષણમાં પડવું નથી. આવા વિચારો આવે ત્યારે ભગવાનને પ્રાર્થના કરવી ને ભજન કરવું.'

•

તા. ૧૯-૭-૨૦૦૯, બોચાસણ

રાહુલ સ્વામી અમદાવાદથી આવ્યા હતા. તેઓએ પોતાના વિસ્તારનો સત્સંગનો રિપોર્ટ આપ્યો અને છેલ્લે કહ્યું : 'બુદ્ધિશક્તિનું કે આવડતનું માન ન આવે એવા આશીર્વાદ આપજો.'

સ્વામીશ્રી કહે : 'મોટામાં મોટું એ જ છે. માન આવવું જ ન જોઈએ, એનું જાણપણું રાખવું. મોટામાં મોટી આ જ વાત છે.'

•

તા. ૨૦-૭-૨૦૦૯, બોચાસણ

રાજકોટના એક હરિભક્તનો ફોન આવ્યો. તેઓના સુપુત્રને કેન્સર થયું હતું. 'આટલો સત્સંગ અને ભક્તિ કરીએ છીએ છતાં કેમ ફેર પડતો નથી ?' આવા મોળા વિચાર સાથે સત્સંગમાંથી એ પાછો પડતો જતો હતો.

સ્વામીશ્રીએ તેઓની આ વાત સાંભળીને કહ્યું : ''ભગવાન સર્વકર્તા છે. એમની ઇચ્છા પ્રમાણે થાય છે. ભગવાનનો આશરો છે તો 'ભગવાને કેમ આમ કર્યું હશે ?' એવું આપણે ન માનવું. એમણે જે કંઈ કર્યું હશે એ સારા માટે હશે. કર્તાહર્તા એટલે શું ? દીકરો આપનાર એ છે અને લેનાર પણ એ જ છે. ભગવાનના સુખે સુખિયો થવાનો જ છે. માટે ઉદાસ થતા નહીં. સમજણ અને સત્સંગ બરાબર રાખજો, એમાં ફેર પડવા દેશો નહીં. તમારું કાર્ય સારું છે તો તમને યશ મળે અને શાંતિ મળે એ આશીર્વાદ છે.''

•

તા. ૨૨-૭-૨૦૦૯, બોચાસણ

સવારે ૬:૧૦ વાગ્યાથી સૂર્યગ્રહણનો પ્રારંભ થવાનો હતો. ગ્રસ્તોદિત ગ્રહણની તૈયારીના ભાગરૂપે મંગળા આરતી ૫:૩૦ વાગે કરી લેવામાં આવી હતી અને ત્યારપછી સભામંડપમમાં ઉપસ્થિત સૌએ ધૂન ચાલુ કરી દીધી હતી. સ્વામીશ્રી પણ વહેલાં પરવારીને ૫:૫૫ વાગે નીકળ્યા, સભામંડપમાં પધાર્યા. ગામોગામથી હજારો હરિભક્તો ગ્રહણનો લાભ લેવા આવી ચૂક્યા હતા. સ્વામીશ્રી મંચ ઉપર પધાર્યા. પાર્શ્વભૂમાં ગ્રસિત સૂર્યનું કટઆઉટ શોભી રહ્યું હતું. શરૂઆતમાં ધૂન કરવામાં આવી અને ત્યારપછી કૃષ્ણપ્રિય સ્વામીએ આજના સંદર્ભમાં પ્રવચન કર્યું. તેઓના પ્રવચનની રમૂજી શૈલીથી સ્વામીશ્રી પણ સારો પ્રતિભાવ આપીને સૌને સ્મૃતિ આપતા હતા. કૃષ્ણપ્રિય સ્વામીએ એક સંદર્ભમાં એમ કહ્યું કે 'અત્યારે ચોમાસામાં પણ મેઘરાજા ક્યાંક વરસે છે ને ક્યાંક નથી વરસતા, પણ શ્રીજીમહારાજ અને પ્રમુખસ્વામી મહારાજનો મેઘ તો બારેમાસ વરસી રહ્યો છે.'

સ્વામીશ્રી કહે : 'અત્યારે પેલા વરસાદની જરૂર છે એટલે એ પડવા જ દો.'

સ્વામીશ્રીએ પોતાની ભાવના વ્યક્ત કરી, જે તેઓની કરુણાની સૂચક હતી.

•

તા. ૨૩-૭-૨૦૦૯, બોચાસણ

હરિ રાજુભાઈ પટેલ દર્શને આવ્યો. સંતોએ ઓળખાણ આપતાં કહ્યું કે ''આ હરિ છે 'શ્રીજીરસ'વાળો.''

સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'રસબસ થઈ જા.' વળી પૂછ્યું : 'શેમાં ?' અને જાતે જ ઉત્તર આપતાં સ્વામીશ્રી કહે : 'ભજનમાં.'

•

પત્રવાંચન દરમ્યાન એક હરિભક્તનો પત્ર આવ્યો. સ્વામીશ્રીએ આખો પત્ર વાંચ્યો પછી કહે : 'આમાં કંઈ સમજણ પડતી નથી.' એમ કહીને પત્ર મૂકી રાખ્યો ને બીજા પત્ર વાંચવા લાગ્યા. છેલ્લે વળી પાછો એ પત્ર વાંચીને સમજવાનો પ્રયત્ન કર્યો, પણ તેઓ શું કહેવા માગતા હતા, એ સમજાયું નહીં. એટલે કહે : 'ત્યાં ફોન કરી અને ફરીથી વિગતવાર પત્ર લખે એમ જણાવજો.'

ખૂબ વ્યસ્તતા વચ્ચે પણ સ્વામીશ્રી નાનામાં નાની વિગતને ઊંડાણથી સમજીને પછી જ નિર્ણયો આપે છે, કેવી ચોક્કસાઈ !

•

તા. ૨૪-૭-૨૦૦૯, બોચાસણ

વલ્લીના આગેવાન હરિભક્ત માધુભાઈ સ્વામીશ્રીને કહે : 'આપ વલ્લી પધાર્યા પછી જ અમારાં ભાગ્ય ફરી ગયાં. અમારા ગામમાં પહેલાં ખેતરોમાં પાણી ફરતાં ન હતાં. ગામ ગરીબ હતું. કોઈના ઘરે ટ્રેક્ટર ન હતાં, પરંતુ દુષ્કાળ નિમિત્તે આપ અમારા ગામમાં પધાર્યા ને રોનક ફરી ગઈ. આપ જે જે ખેતરોમાં પધાર્યા ત્યાં બધે જ પાણી ફરતું થઈ ગયું છે, હજારો મણ ડાંગર પાકે છે. એ બધી આપનાં ચરણ પડ્યાં પછીની જ વાત છે.

આપનો એ પ્રતાપ છે.'

•

આણંદથી રામજી મંદિરના મહંત ભગવાનદાસજી મહારાજ તથા કરમસદથી સંતરામ મંદિરના મહંત મોરારિદાસજી ખાસ પધાર્યા હતા. સ્વામીશ્રીએ હાર પહેરાવીને બંને સંતોનું સ્વાગત કર્યું. ભગવાનદાસજીએ યોગીજી મહારાજનાં પણ દર્શન કર્યાં હતાં. એની તેઓએ સ્મૃતિ કરાવી અને ત્યારપછી વળી કહ્યું : '૭૨ કે ૭૩ની સાલમાં આપની હાથી ઉપર સવારી નીકળી ત્યારે મેં આપને હાર પહેરાવ્યો હતો. આપ પણ અમારા મંદિરમાં પધાર્યા હતા. હજી ફોટા જોઈને એની સ્મૃતિ કરું છું. અને બીજે જ દિવસે આપ દાળ-મિલોમાં દાળનો ધર્માદો લખાવવા ગયા હતા. એ વખતે ગંજ હતું નહીં, પણ દાળ-મિલો હતી. એ બધું મને યાદ છે.'

•

તા. ૨૫-૭-૨૦૦૯, બોચાસણ

આણંદના હરિભક્ત બાબુભાઈ કાપડિયાને સ્વામીશ્રીએ યાદ કરાવીને બોલાવ્યા હતા. તેઓ આવ્યા એટલે સ્વામીશ્રી કહે : 'દર વખતે અમે અહીંયાં હોઈએ ત્યારે તમે આવી જતા હતા, પણ આ વખતે મળવા ન આવ્યા એટલે તમને સંભાર્યા ને બોલાવ્યા.' આટલું કહીને તેઓને આશીર્વાદ આપ્યા. સ્વામીશ્રીની આ આત્મીયતાને તેઓ ગદ્‌ગદભાવે માણી રહ્યા.

•

તા. ૨૬-૭-૨૦૦૯, બોચાસણ

ધર્મદર્શન સ્વામીએ પેટલી ગામના વિચરણની વાત કરી, એટલે સ્વામીશ્રીએ ત્યાંના સરપંચને યાદ કરતાં કહ્યું : 'સરપંચ ડાહ્યાભાઈ આવે છે ને ?'

'હા. તેઓ અને તેઓના ભાઈ પણ કાર્યકર છે.' ધર્મદર્શન સ્વામીએ કહ્યું.

આ રીતે નાના ગામના હરિભક્તને પણ સામેથી નામ સાથે યાદ કરીને સ્વામીશ્રીએ તેઓની સેવાઓને બિરદાવી.

•

મોવિયાથી સવજીભાઈનો ફોન આવ્યો. મોવિયા મંદિરનું ખાતમુહૂર્ત રાખ્યું હતું એ સંદર્ભમાં આશીર્વાદ લીધા અને ત્યારપછી કહે : 'બાપા ! છડી બોલું ?'

'બોલો.'

સવજીભાઈએ ફોનમાં છડી પોકારી ને સ્વામીશ્રીએ ધ્યાનથી સાંભળી. છડી પૂરી થઈ એટલે પ્રસન્નતાપૂર્વક સ્વામીશ્રી કહે : 'સવ(સૌ) જીવના પ્રાણ જય સ્વામિનારાયણ. હરિભક્તોને બધાને જય સ્વામિ-નારાયણ કહેજો.'

•

સુરતથી એક હરિભક્તનો ફોન હતો. તેઓનો દીકરો કહ્યા વગર ભાગી ગયો હતો. બે દિવસ પહેલાં સ્વામીશ્રીએ તેઓને ફોનમાં આશીર્વાદ આપ્યા હતા. આજે દીકરો ઘરે પાછો આવ્યો. સ્વામીશ્રી કહે : 'દીકરો છે ? હોય તો એને ફોન આપો.' એ હરિભક્તે દીકરાને ફોન આપ્યો. એટલે સ્વામીશ્રી કહે : 'કોઈ દિવસ ભાગવું નહીં, નાસાનાસ કરવી નહીં. પ્રશ્ન આવે તો શાંતિથી વિચારવું. માબાપ દુઃખી થાય એવું ન કરવું. કાંઈ મુશ્કેલી હોય તો ભગવાનને પ્રાર્થના કરવી. ભગવાન રસ્તો સુઝાડશે.'

•

તા. ૨૭-૭-૨૦૦૯, બોચાસણ

બ્રહ્મચિંતન સ્વામીએ કહ્યું : 'બાપા ! ગામડે ફરીએ ત્યારે ઘણા અનુભવો થાય છે. એમાં આપને પ્રાર્થના કરીને વ્યસનીઓને સમજાવીએ તો મૂકી તો દે, પણ પાછા કુસંગને લીધે ચાલુ કરી દે છે.'

સ્વામીશ્રી કહે : 'આપણે તો હિંમત હારવી જ નહીં, મહિમાથી વાત કર્યા જ કરવી. કોઈક દિવસ લગની લાગી જાય તો એનું કામ થઈ જાય.'

•

તા. ૨૮-૭-૨૦૦૯, બોચાસણ

સ્વામીશ્રી સભામંડપમાં પધાર્યા. દાદરા આગળ બેઠેલા બદલપુરના હરિભક્તોમાં હરિભાઈ પણ હતા. હરિભાઈએ સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! એક રહસ્યની વાત પૂછવી છે.'

વ્હીલચૅર ઊભી રખાવીને સ્વામીશ્રી કહે : 'પૂછો.'

હરિભાઈ કહે : 'ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે દસ-વીસ પેઢી સત્સંગમાં રહેશું એ સાધુ એ તમે જ ને !'

સ્વામીશ્રી કહે : 'એ આ જ સાધુ.'


•

તા. ૩૧-૭-૨૦૦૯, અટલાદરા

અમેરિકાથી રાજકોટના કૌશલ પંડ્યાનો ફોન આવ્યો. વ્યાવહારિક કાર્યની સલાહ લીધા પછી એ કહે : 'અમે માયામાં પડ્યા છીએ, તો એમાં ફસાઈ ન જઈએ અને શ્રીજીમહારાજ ને આપનામાં આત્મબુદ્ધિ થાય એવા આશીર્વાદ આપજો.'

સ્વામીશ્રી કહે : 'સંતમાં આત્મબુદ્ધિ કરવાની છે. જાણપણું રાખજે. કુટુંબીઓ સાથે સંબંધ રાખવો તે બરોબર છે, પણ બીજે વૃત્તિ ન જાય તે જાણપણું રાખવું.'

પ્રસંગમ્



ઓગસ્ટ ૨૦૦૯



'ભગવાનના અવતાર ભક્તોને લાડ લડાવવા માટે થાય છે.
આપણો ભક્તિભાવ વધે, અને એમનું દિવ્ય સુખ આપણને પ્રાપ્ત થાય અને
ભગવાનના ધામની પ્રાપ્તિ થાય એ માટે એમનો જન્મોત્સવ દર વર્ષે ઊજવવામાં આવે છે.
ભગવાનનાં લીલાચરિત્રોની સ્મૃતિ કરવી એ મોક્ષનું કારણ છે.
ભગવાનનાં લીલાચરિત્રો કહેવાં ને સાંભળવાંથી જીવનું કલ્યાણ થાય છે.
આવાં ઉત્સવો અને લીલાચરિત્રો સંભારવાથી અંતર્દૃષ્ટિ થાય છે અને અંતરમાં શાંતિ થાય છે.
ભગવાનનાં દર્શન, સંતનાં દર્શન કે આવી સભાનાં દર્શનની સ્મૃતિ અંતકાળે થાય તો અતિ રૂડું થાય છે.
ભગવાનનો સંબંધ થાય એટલે જીવનું કલ્યાણ થાય એવા આ સમૈયા છે. મેળા નથી.
શ્રીજીમહારાજનાં, સંતનાં અને શાસ્ત્રોનાં વચન છે કે
ભગવાન ને ભગવાનના સંત એ જ કલ્યાણકારી છે.
આવી વાત જો સમજાઈ જાય તો બેડો પાર છે.'

– પ્રમુખસ્વામી મહારાજ

તા. ૧-૮-૨૦૦૯, વડોદરા (અટલાદરા)

નૈરોબીથી આવેલા હિતેન(મલીન્ડી)ને સ્વામીશ્રી મળ્યા. હિતેન કહે : 'નૈરોબીથી આવું છું. સંતો ત્યાં પધાર્યા છે. કથાવાર્તા એવી કરે છે કે આખું નૈરોબી હલાવી નાખ્યું.'

સ્વામીશ્રી કહે : 'છાપરાં પડી તો નથી ગયાં ને ?'

'ના, ના, ના... એવું નથી.' હિતેને રક્ષણાત્મક અભિગમ લીધો. એટલે સ્વામીશ્રી છાતી ઉપર હાથ બતાવીને કહે : 'અહીં હાલ્યું ?'

'હા.'

'બસ, તો એ અગત્યનું છે.' સ્વામીશ્રીએ મર્મમાં કહ્યું.

•

સારંગપુરથી શ્રીજીપ્રકાશ સ્વામીએ સંત-નામાવલિની પુસ્તિકા મોકલી હતી. જે તે મંદિરમાં રહેલા સંતોના ફોટા સાથે આ નામાવલિ છાપવામાં આવી હતી. સ્વામીશ્રીએ શાંતિથી આ પુસ્તિકા ઉપર દૃષ્ટિ કરી. સ્વામીશ્રીએ એકે એક પાનું શાંતિથી વાંચ્યું. દરેકના ફોટા ઉપર હાથ મૂકીને આંગળી ફેરવતાં ફેરવતાં જાતે જ એકે એક સંતનાં નામ વાંચ્યાં. જાણે કે જનમંગલનો પાઠ કરતા હોય એ રીતે મહિમાપૂર્વક સ્વામીશ્રીએ દરેકનાં નામ વાંચ્યાં અને દરેકના હૃદય ઉપર આંગળી મૂકતા ગયા. જાણે કે દરેકના અંતરમાં સ્વામીશ્રીએ અહીં બેઠાં પધરામણી કરી લીધી. આ રીતે શાંતિથી લિસ્ટ વાંચ્યું હોય એવું સાંભરતું નથી.

•

તા. ૨-૮-૨૦૦૯, વડોદરા (અટલાદરા)

અમેરિકાથી એક હરિભક્તનો ફોન હતો. તેઓને કેન્સર હતું. ઑપરેશન થઈ ગયું હતું. આ વાત કર્યા પછી તેઓ કહે : 'બાપા ! હવે કેટલી પરીક્ષા લેવી છે ?'

સ્વામીશ્રી બોલ્યા : 'ભગવાન પરીક્ષા કરે છે.' આટલું બોલ્યા પછી વળી તરત જ કહે : 'પરીક્ષા નથી કરતા, પણ પૂર્વનું હોય એટલે દુઃખ આવે; પણ સત્સંગ છે, નિષ્ઠા છે, તો ભગવાન સારું કરશે.'

•

અમેરિકાથી એક યુવકનો ફેક્સ આવ્યો હતો. આ ફેક્સમાં તેઓના પિતાશ્રીને વ્યસન હતું એની વાત લખી હતી. સ્વામીશ્રીએ આ યુવકની શુભ ભાવનાને પૂરી કરવા માટે એના પિતાશ્રીને ફોન જોડાવ્યો અને કહ્યું : 'તમારા દીકરાનો કાગળ છે. પણ એણે લખ્યું છે કે તમારે કોઈ ચિંતા અને વ્યાધિ છે, એને લઈને વ્યસન છે, તો શેનું વ્યસન છે ?'

એ હરિભક્ત માટે આ અચાનક જ હતું. એટલે પહેલાં તો તેઓ બોલી શક્યા નહીં, પણ થોડી વાર પછી હસી પડ્યા, પણ કાંઈ બોલ્યા નહીં.

સ્વામીશ્રી કહે : 'તમાકુનું હશે કેમ ?'

'હા, એ જ છે.'

સ્વામીશ્રી કહે : 'આશીર્વાદ છે. બધું સારું થશે. ચિંતા ભગવાન ઉપર છોડી દેજો. વ્યસન પણ છૂટી જશે.' એમ કહીને સ્વામીશ્રીએ તેમને સમજાવ્યા.

દૂર દેશાવર વસતા એક યુવાનની ચિંતામાં ભળીને સ્વામીશ્રીએ એનો ભાર હળવો કર્યો.

•

આજની સભામાં યોગેન્દ્ર સ્વામી લિખિત સંવાદ રજૂ થયો હતો. એ સંવાદ નિહાળ્યા પછી સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા કે 'જે ભગવાન નથી ભજતા એ બધા ગાંડા છે, ભગવાન ભજે એ બધા ડાહ્યા છે. ભલે પછી એ પૈસાવાળા હોય, સામાન્ય હોય, ગમે તે

વર્ગના હોય, પણ ભગવાન ભજે છે એ સુખિયા છે અને એ ન હોય તો પૈસાદાર હોય કે ગરીબ હોય પણ દુખિયા છે, મોટા વડાપ્રધાન હોય તો પણ દુખિયા છે.'

•

સત્સંગની એક વિશેષ વ્યાખ્યા કરતાં સ્વામીશ્રીએ સભામાં જણાવ્યું કે ''સત્સંગ કરવો એટલે એમની જોડે બેસવું, ઊઠવું એટલું જ નહીં, પણ 'એમાં જ સુખ અને આનંદ છે, એનાથી જ આપણે સુખી થવાના છીએ,' એવી રીતની સમજણપૂર્વકનો સત્સંગ કરવાનો છે.''

•

તા. ૩-૮-૨૦૦૯, વડોદરા (અટલાદરા)

નૈરોબીથી અરવિંદભાઈ સાહેબનો ફોન હતો. મહંત સ્વામી અને સંતમંડળ ત્યાં લાભ આપી રહ્યા છે, એના તેઓએ સમાચાર આપ્યા અને નીલકંઠ વર્ણી મૂર્તિ-પ્રતિષ્ઠાના મુહૂર્તની વાત કર્યા પછી તેમણે એક બાબત માટે સ્વામીશ્રીને પૂછ્યું.

સ્વામીશ્રી કહે : 'બધાનો એક વિચાર હોય અને રાજીપો હોય તો કરવામાં વાંધો નથી. બધાનો ઓપિનિયન લીધો હોય તો બરોબર છે. કોઈને એમ ન થાય કે અમને પૂછ્યું નથી. કાર્યકરો ને વડીલો બધાને પૂછીને બધાનો એક મત થાય તો કરજો.' સ્વામીશ્રીએ વ્યવહારની અદ્‌ભુત સૂઝ આપી.

•

તા. ૪-૮-૨૦૦૯, વડોદરા (અટલાદરા)

મુલાકાત દરમ્યાન એક હરિભક્તના બિમાર સુપુત્રને સ્વામીશ્રી કહે : 'અમે ભજન કરીએ છીએ, તારું સારું થાય એ માટે.'

•

'અક્ષરાનંદ સ્વામીની વાતો' વંચાઈ. એમાં એવું આવ્યું કે 'મહારાજે એક બ્રાહ્મણને દૃષ્ટિ આપી.' આ સાંભળતાં જ સ્વામીશ્રી કહે : 'પેલો બીચારો નાનો છોકરો (ન્યૂઝીલેન્ડના મહેશ સોલંકીનો કુશલ) એટલો નિર્દોષ લાગે ! આપણને પણ દયા આવે. એ પાછો જાણે એને દરદ જ નથી, એવું કેફમાં બોલે ! એને બીચારાને દૃષ્ટિ આવી જાય તો સારું.'

સ્વામીશ્રીએ બે વર્ષના ગાળામાં આવી વાત ઘણી વખત કરી છે. *'કોઈને દુખિયો રે દેખી ન ખમાય...'*

•

તા. ૫-૮-૨૦૦૯, વડોદરા (અટલાદરા)

સ્વામીશ્રી મંદિર ઉપર પધાર્યા. મંદિરની પ્રદક્ષિણામાં સામવેદી સિવાયના બ્રાહ્મણ હરિભક્તો બેઠા હતા. આજે રક્ષાબંધન હોવાથી તે સૌની જનોઈ બદલવાની હતી. પૂર્વવિધિ સંપન્ન થઈ ચૂક્યો હતો. સ્વામીશ્રી પધાર્યા એટલે સૌએ સૂર્યોપસ્થાનવિધિ શરૂ કરી, હાથ ઊંચા કરીને જનોઈ લંબાવીને સૌ બેઠા. સ્વામીશ્રીની હાજરીમાં સૌએ જનોઈ ધારણ કરી. સ્વામીશ્રીએ પણ કહ્યું : 'બ્રહ્મનો સંબંધ થઈ ગયો એટલે સાચા બ્રાહ્મણ થઈ ગયા. હવે બજારનું ખાવું-પીવું નહિ, વ્યસન-દૂષણ થાય નહિ તેનું ધ્યાન રાખવું.'

•

અહીંનું સંસ્થા સંચાલિત છાત્રાલય સંભાળી રહેલા યોગેન્દ્ર સ્વામીએ સ્વામીશ્રીને વાત કરતાં કહ્યું કે 'એક વખત સાફસૂફીના કામદારો અચાનક નોકરી છોડીને જતા રહ્યા. સંડાસ-બાથરૂમના બ્લોક કોણ સાફ કરે ? પણ એ દરમ્યાન પાંચ કોલેજિયન વિદ્યાર્થીઓએ સામેથી આ સેવા માથે લીધી. આ બધા છોકરાઓ ઊંચી ડિગ્રી મેળવી રહ્યા હતા.'

સ્વામીશ્રી આ સાંભળીને રાજી થયા અને કહ્યું : 'છોકરાઓએ સામેથી આ સેવા કરી એ બહુ જ મોટી વાત છે. બાકી તો બધા ભેગા થઈને આવે અને આપણી આગળ હક માગે કે આ તમારી ફરજ છે ને તમારે આ કરવું જોઈએ. એની જગ્યાએ પોતે આ કર્યું, એ બધાને ધન્યવાદ છે.'

•

તા. ૬-૮-૨૦૦૯, વડોદરા (અટલાદરા)

સ્વામીશ્રી સવારે ચોકમાંથી પસાર થઈ રહ્યા હતા એ દરમ્યાન એક વૃદ્ધ હરિભક્તને જોતાં તેઓને ત્યાં જ મળવાનું મન થઈ આવ્યું હતું. જો કે સ્વાસ્થ્યના કારણસર ચેકિંગ કર્યા વગર હમણાં કોઈને મુલાકાત આપવામાં આવતી નથી, એટલે તેઓને અત્યારે મુલાકાતમાં લઈ લેવામાં આવ્યા હતા. લિંગસ્થળીના ડાહ્યાભાઈ નામના એ હરિભક્ત જૂના હતા. સ્વામીશ્રીએ સામેથી બોલાવીને તેઓને આશીર્વાદ આપ્યા. તેઓના વ્યવહારનું પૂછ્યું અને સત્સંગ મંડળનું પણ પૂછ્યું.

•

રાજકોટથી વિપુલ કોઠિયા નામના એક યુવકનો પત્ર

હતો. પત્ર ટૂંકો જ હતો. 'જય સ્વામિનારાયણ' લખીને પત્રની શરૂઆત કરી હતી અને પછી તરત જ 'યજ્ઞપુરુષદાસને મારા જય સ્વામિનારાયણ' એમ લખીને ધંધો કરવા અંગે ચારેક લીટીમાં પ્રશ્ન પૂછ્યો હતો અને ત્યારપછી તરત જ 'પ્રગટ ગુરુહરિ યજ્ઞપુરુષદાસજીને મારા જય સ્વામિનારાયણ' લખીને પત્ર પૂરો કર્યો હતો.

પત્ર વાંચીને સ્વામીશ્રી કહે : 'ગુરુનું નામ આગળ લખ્યું છે એ બરોબર છે. ગુરુના નામથી જ એનો પ્રશ્ન પૂરો થશે. સારું થશે.'

સ્વામીશ્રીની ગુરુભક્તિનો આ એક નવો રંગ હૃદયને સ્પર્શી ગયો.

•

વલસાડથી એક ફોન આવ્યો. હરિભક્તે સ્વામીશ્રીને વાત કરતાં કહ્યું : 'મારાં માતુશ્રીને લીવરમાં તકલીફ છે અને ડૉક્ટર એમ કહે છે કે ઈંડા અને માંસ ખવડાવો તો લીવરનું જે કંઈ પિત્ત છે એ બધું શોષાઈ જાય.'

સ્વામીશ્રી ડૉક્ટરની આવી સલાહ સાંભળીને હસી પડ્યા અને કહે : 'આવું કેવું ?!' આ આશ્ચર્ય વ્યક્ત કર્યા પછી સ્વામીશ્રી કહે : 'આપણે એવું કંઈ કરાવવાની જરૂર નથી. ભગવાન ઉપર છોડી દો. શિક્ષાપત્રીની આજ્ઞા નથી. આજ્ઞાલોપ થાય એ કરતાં ભગવાનની ઇચ્છા હશે એ સારા માટે હશે. ભગવાન દયા કરશે. આશીર્વાદ છે. અમે પ્રાર્થના કરીશું.'

•

તા. ૮-૮-૨૦૦૯, વડોદરા (અટલાદરા)

ગ્રામવિકાસ એજન્સીના એક હોદ્દેદાર દર્શને આવ્યા હતા. તેઓને તમાકુનું વ્યસન હતું. સ્વામીશ્રીએ તેઓનો હાથ પકડીને કહ્યું : 'આ તમાકુ મૂકો, એમાં વિકાસ આવી જશે. વિકાસમાં વ્યસન મૂકવું એ વાત પહેલી રાખવી. માણસો વ્યસન મૂકશે તો વિકાસ સારો થશે. માટે પહેલાં તમે મૂકો અને બીજાને પણ એ વાત કરજો.'

•

સવારે સ્વામીશ્રી પૂજામાં વિરાજમાન હતા. પૂજાના અંતે રાજકોટથી આવેલા અપૂર્વમુનિ સ્વામીને બોલાવી સ્વામીશ્રીએ કહ્યું : 'સભામાં સામે શંભુસિંહ દેખાય છે, એ તમારી સાથે આવ્યા છે ?'

'ના, એ તો અમદાવાદથી આવ્યા છે.'

'પણ તેઓને ઉપર દર્શન માટે લઈ આવજો.' આ રીતે સામેથી સ્વામીશ્રીએ તેઓને યાદ કરીને બોલાવ્યા.

ઉતારે પધારીને સ્વામીશ્રી તેઓને મળ્યા. તેઓ કહે : 'બાપા ! આપ અમારું બહુ ધ્યાન રાખો છો.'

સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ અને જોગી બાપાએ જેવું ધ્યાન રાખ્યું છે એવું તો અમે ક્યાં રાખીએ છીએ ?'

તેમના સુપુત્ર હિતેન્દ્રસિંહને થોડા વખત પહેલાં ઇન્ફેક્શનને કારણે પગ સૂઝી ગયો હતો. સારા સારા નિષ્ણાત ડૉક્ટરો પણ મૂંઝાતા હતા અને દવા પણ અસર કરતી ન હતી. એમાં સ્વામીશ્રીએ ફોન કરીને આશીર્વાદ આપ્યા કે સારા ડૉક્ટર મળી જશે. સ્વામીશ્રીના કહ્યા પછી એક કલાકમાં જ એવા ડૉક્ટર મળી ગયા કે બે દિવસમાં તો પગ નોર્મલ થઈ ગયો. આ સંદર્ભમાં જ આજે તેઓ સ્વામીશ્રીનો આભાર માનવા આવ્યા હતા.

•

તા. ૯-૮-૨૦૦૯, વડોદરા (અટલાદરા)

એક યુવકનો ફોન આવ્યો : 'એક છોકરીને મદદ કરતાં કરતાં એની સાથે એને પ્રેમ થઈ ગયો. છેલ્લાં ત્રણેક વર્ષથી તેઓ સાથે જ ફરે છે. લોકોને પણ એમ જ છે કે આ લોકોએ લગ્ન કરી લીધાં છે. પ્રશ્ન એ છે કે મારે ઑસ્ટ્રેલિયા જવાનું છે તો આની સાથે લગ્ન કરીને જાઉં એવી મારી ઇચ્છા છે, પણ માબાપ ના પાડે છે, કારણ કે છોકરી બીજી જ્ઞાતિની છે.'

સ્વામીશ્રી કહે : 'માતાપિતાએ જન્મ આપ્યો. આપણે માતાપિતા કહે એમ કરવું. એમણે ઉછેર કર્યો છે તો એમને દુઃખવવા નહીં.'

સ્વામીશ્રીના આ ઉત્તર પછી પણ પેલા યુવકે સ્વામીશ્રીને સમજાવવા પ્રયત્ન કર્યો. તો સ્વામીશ્રી કહે : 'આપણે મનસ્વીપણે ન ચાલવું. માતાપિતાને રાજી કર્યા વગર કરે છે એ ખોટું છે.'

એ યુવક કહે : 'પણ લોકોમાં પણ બધા સમજે છે કે આણે આની સાથે લગ્ન કરી લીધાં છે.'

સ્વામીશ્રી કહે : 'એ તારી ભૂલ છે.'

પેલા યુવકે બે-ચાર વખત સ્વામીશ્રીને સમજાવવા પ્રયત્ન કર્યો, પણ સ્વામીશ્રીએ મચક ન આપી અને એવો આગ્રહ રાખ્યો કે માતાપિતાને રાજી કર્યા પછી

આજ્ઞા મળે તો જ કરવું.

•


કસરતના સમયમાં સ્વામીશ્રીના પગમાં થયેલા ચકામાનું નિરીક્ષણ કર્યું. પહેલાં કરતાં એ ખૂબ ઘટી ગયું હતું. એ સંદર્ભમાં સ્વામીશ્રી કહે : 'રોગ આવે તો ઘોડાવેગે આવે ને જાય ત્યારે કીડીવેગે.'

બાલમુકુંદ કહે : 'બધું તમારા હાથમાં છે.'

આ સાંભળીને બે હાથ પહોળા કરતાં સ્વામીશ્રી કહે : 'અમારા હાથ તો ખાલી છે. જે કંઈ છે એ ભગવાન કરે છે.'

•

અહીં સ્થાનિક રીતે યોજાનારી કિશોર-કિશોરી શિબિરમાં સાચી સ્વતંત્રતા માટે શું જોઈએ ? એ વ્યાખ્યા સ્વામીશ્રીએ ત્રણ મુદ્દામાં લખી આપી :



સાચી સ્વતંત્રતા માટે શું જોઈએ ?

૧. સંયમી જીવન; ૨. નિયમપાલનમાં શૂરવીરતા; ૩. સંસ્થા, સિદ્ધાંત અને સત્પુરુષની અસ્મિતા.

•

તા. ૧૦-૮-૨૦૦૯, વડોદરા (અટલાદરા)

મંદિરની લિફ્ટ દ્વારા સ્વામીશ્રી ઉપર જઈ રહ્યા હતા. લિફ્ટની કાચની કૅબિનમાંથી અસ્તવ્યસ્ત વાયરીંગ જોઈને સ્વામીશ્રી કહે : 'બધું આવું જ ગૂંચવાડા જ ગૂંચવાડા. કામ કરે, પણ વાયર સરખા કરવા એવું ન વિચારે. જેમ તેમ કામ કરી નાખે એનો અર્થ નહીં, વ્યવસ્થિત કરવું જોઈએ.'

સ્વામીશ્રી દરેક બાબતમાં ચોકસાઈ, સ્વચ્છતા, સુઘડતાના આગ્રહી છે.

•

લંડનની બી.એ.પી.એસ. સ્કૂલના વાઈસ પ્રિન્સિપાલ માઈકલને લઈને ઉમેશ રાજા આવ્યા હતા. આત્મીય સંબંધો પ્રસ્થાપિત કરવામાં સ્વામીશ્રી માહેર છે. ભાષા કે દેશનાં બંધનો તેઓને નડતાં નથી. માઈકલને જોતાં જ વરસોનો પરિચય હોય એમ સ્વામીશ્રી કહે : 'Michale ! How are you ?'

'I am fine.'

સ્વામીશ્રી સાથેના અંગ્રેજી વાર્તાલાપથી એને આત્મીયતા લાગી. એણે સંસ્કૃતમાં 'ગુરુર્બ્રહ્મા' એ શ્લોકનું ગાન કર્યું. સ્વામીશ્રીએ હિન્દીમાં શરૂ કર્યું : 'श्लोक अच्छा बोला। जीवन में शांति हो जाय और अंतर में भी शांति हो जाय। સ્કૂલનો વિકાસ સારામાં સારો થાય. તારી સેવા સારામાં સારી થશે, શાંતિ થશે. આશીર્વાદ છે.'

•

તા. ૧૧-૮-૨૦૦૯, વડોદરા (અટલાદરા)

એક એવી વ્યક્તિનું અહીં પરિવર્તન હતું કે જે પોતાની જાતને બૌદ્ધિક ગણાવીને હંમેશાં ભગવાનનું ખંડન કરતી હતી. જીવનમાં એમનો એક તબક્કો એવો હતો કે તેઓ ભગવાનના પરમ ભક્ત હતા, પરંતુ એમનો એકનો એક વહાલસોયો ભત્રીજો નાની ઉંમરમાં અકસ્માતમાં મૃત્યુ પામ્યો અને ત્યારપછી તેઓએ આ બધી જ માન્યતાઓ ફગાવી દીધી. એ વાતને પણ વરસો વીતી ગયાં હતાં. ઘણી વખત ઘણા સંતોના યોગમાં આવ્યા છતાં તેઓ ટસથી મસ થતા ન હતા, પરંતુ માનવતામાં માનનારા તેઓ કેવળ સ્વામીશ્રીને મળવા માટે જ આવ્યા હતા, એનું કારણ એટલું જ હતું કે માણસો માટે પ્રમુખસ્વામી ખૂબ કામ કરે છે. એમને આશીર્વાદની કોઈ જ અપેક્ષા ન હતી કે દર્શન કરવાની કોઈ લાલસા ન હતી, કેવળ મળવા માટે જ તેઓ આવ્યા હતા.

વળી, બે-ત્રણ દિવસ પહેલાં તેઓના જમાઈ અહીં સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. રાજવી કુટુંબના તેઓ સ્વામીશ્રી પાસે આવ્યા. સ્વામીશ્રીએ મસ્તક ઉપર હાથ મૂક્યો ને આખા શરીરમાં દિવ્ય અનુભવ તેઓને થયો. શરીરમાં ઝણઝણાટી થઈ આવી. આ વાત તેઓએ પોતાના સસરાને કરી અને કહ્યું કે 'તમે એક વખત તો પ્રમુખસ્વામી મહારાજનાં દર્શને જઈ જ આવો.' આજે અહીં આવવાનું આ બીજું કારણ પણ

હતું કે જમાઈ આટલા ક્રોધી હોવા છતાં કઈ રીતે એક જ સ્પર્શથી અભિભૂત થઈ ગયા !

વળી, તેઓનો સુપુત્ર અમેરિકામાં રહીને અભ્યાસ કરી રહ્યો હતો. નાનપણમાં સંતોના યોગે એને પણ એટલો સત્સંગનો રંગ લાગ્યો હતો કે ન પૂછો વાત. પોતાના પુત્રને રાજી કરવાનો ઈરાદો પણ આ વ્યક્તિનો હતો. આ ત્રણ કારણોસર તેઓ આજે અહીં આવ્યા હતા.

સ્વામીશ્રી તેઓની નજીક પધાર્યા. સંતોએ ઉપર કહી એ વાત સ્વામીશ્રીને કરી અને કહ્યું કે 'એમનો દીકરો અને માતા પણ સત્સંગી છે, પણ આમને નાસ્તિકભાવ આવી ગયો છે. આપ એવા આશીર્વાદ આપો કે જેથી એમનાં માતુશ્રી રાજી થાય. માતુશ્રી વયોવૃદ્ધ છે એટલે આ સત્સંગી બને તો તેઓ ખૂબ રાજી થશે.'

પેલા ભાઈ બોલી ઊઠ્યા : 'મારો દીકરો સત્સંગ કરે જ છે ને ! એને હું ક્યાં ના પાડું છું ?'

સ્વામીશ્રી તરત જ કહે : 'પણ લીંક તૂટવી ના જોઈએ. માતુશ્રીનો વારસો તમારે આવે ને પછી તમારા દીકરામાં આવે. જે ખાય એની ભૂખ જાય, એમ તમે પણ સત્સંગ કરો તો તમારી ભૂખ જાય અને લીંક પણ સચવાય.' સ્વામીશ્રીએ ફક્ત આટલું જ કહીને માથે હાથ મૂક્યો અને કંઠી પહેરવાનો આગ્રહ પણ ન કર્યો. તેઓ ખૂબ રાજી થયા અને બહાર જઈને સામેથી જ કંઠી પહેરી લીધી.

કોઈને ન ગાંઠનાર અને આટલાં વરસોથી એકની એક માન્યતાને પકડીને માદળિયામાંથી બહાર ન આવનાર વ્યક્તિને સ્વામીશ્રીના દિવ્ય સ્પર્શથી એવી કઈ અનુભૂતિ થઈ કે સાંજના ભૂલેલા પાછા સવારે ઘરે આવી ગયા ?!

•

તા. ૧૨-૮-૨૦૦૯, વડોદરા (અટલાદરા)

એક હરિભક્તનો પરિવાર દર્શને આવ્યો હતો. અંદરોઅંદર એ લોકોને કુસંપ હતો. સ્વામીશ્રીએ તેઓને સમજાવતાં કહ્યું : 'ભગવાને સુખ કેટલું આપ્યું છે ! પણ સંપીને રહી શકાતું નથી. સંપીને રહો તો શાંતિ રહે. આપણે તો ઘર જેવો સંબંધ છે. અમે તમને પ્રેમથી કહીએ એમાં તમને ખોટું પણ ન લાગે, પણ મૂળ વસ્તુ એ છે કે મનનું પકડેલું મૂકી દેવું. ભગવાને ઘણું આપ્યું છે એમ માનીને જે છે એ ભોગવી જાણવું. ભગવાન બધું સારું કરશે, પણ પૈસા આવે પછી વ્યસન-દૂષણ પેસે નહીં એ પણ ધ્યાન રાખજો.'

•

તા. ૧૩-૮-૨૦૦૯, વડોદરા (અટલાદરા)

એક હરિભક્ત દર્શને આવ્યા. તેઓ કહે : 'બાપા ! આપનો ખૂબ દ્રોહ થઈ ગયો છે. એને લીધે સત્સંગનો યોગ પણ રહ્યો નહીં.' આટલું કહીને તેઓ રડી પડ્યા.

સ્વામીશ્રીએ તેઓને આશ્વાસન આપતાં કહ્યું : 'બધું ભૂલી જવું. ભગવાન બધું જ માફ કરશે. સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કરજો ને નોકરી-ધંધો કરજો. ભગવાન સારું કરશે.'

•

તા. ૧૪-૦૮-૨૦૦૯, વડોદરા (અટલાદરા)

વડોદરાના એક હરિભક્ત પ્રવીણભાઈ જેસંગભાઈ પટેલનો પત્ર હતો. તેઓએ લખ્યું હતું કે ''હીરો હોન્ડા'ના શૉ રૂમમાં સારા પગારની નોકરી મળી છે. પહેલા કરતાં સારો પગાર છે. પણ અત્યારે જ્યાં નોકરી કરું છું ત્યાં બીજી રીતે કોઈ તકલીફ નથી, માલિક પણ ભાવવાળા છે, પણ દિવસમાં જેટલો પગાર લઉં છું એટલું કામ હોતું નથી, તેથી બેસી રહેવાનું થાય છે. તેથી મનમાં થાય છે કે 'પગાર લઉં છું તો એ પ્રમાણે પૂરેપૂરું કામ કરીને વળતર લઉં.' મેં મારા શેઠને વાત કરી કે 'મારે આ નોકરી નથી કરવી.' તો શેઠ કહે, 'તમને તમારા ગુરુજીએ આશીર્વાદ આપ્યા છે તો બીજે નોકરી કરવા જવાનો વિચાર કેમ આવે છે ? તમારે પ્રશ્ન હોય તો વાત કરો.' તેઓએ બધી વાત કરી અને અત્યારે સ્વામીશ્રીને પુછાવ્યું કે 'શું કરવું ?''

સ્વામીશ્રી કહે : 'હાલની નોકરી છે એ બરાબર છે. નવરાશનો ટાઈમ મળે તો સારાં પુસ્તકોનું વાંચન કરજો.'

•

સ્વામીશ્રી ભૂમિભ્રમણ માટે વ્હીલચૅરમાંથી ઊભા થઈ રહ્યા હતા. એ દરમ્યાન સામે ઊભેલા અટલાદરા મંદિરના નવા નિયુક્ત કોઠારી ભાગ્યસેતુ સ્વામીને મેં કહ્યું : 'ચંપલ પહેરાવો.'

સ્વામીશ્રી કહે : 'કોઠારી થયા ને હવે ચંપલ

ઓછા પહેરાવાય ?'

નારાયણચરણ સ્વામી કહે : 'આપને ચંપલ પહેરાવવાની સેવાથી પણ એ અધિક છે ?'

સ્વામીશ્રી કહે : 'હું એ જ કહું છું કે કોઠારી થઈએ કે ગમે તે થઈએ, પણ દાસના દાસ થઈ સેવા કરવાની છે, સેવક જ થવાનું છે. એમ નહીં કે કોઠારી થયા એટલે આ થાય ને આ ન જ થાય.'

સ્વામીશ્રીએ સાધુ-જીવનનો ધ્યેય સ્પષ્ટ કરી આપ્યો.

•

તા. ૧૫-૮-૨૦૦૯, વડોદરા (અટલાદરા)

મંદિરની સ્વચ્છતા સંભાળી રહેલા એક મુમુક્ષુ સ્વામીશ્રીને પગે લાગવા આવ્યા. તેઓને જોઈને સ્વામીશ્રી કહે : 'મંદિરની સ્વચ્છતાનું જેમ કર્યું, એમ અંતરનું પણ કરજે.'

'આપ દયા કરો તો આ વખતે એ પણ થઈ જાય.'

સ્વામીશ્રી કહે : 'તને મનમાં થશે અને તારા મનમાં હશે તો થઈ જ જશે.' સ્વામીશ્રીએ સાધનામાર્ગ બતાવ્યો.

•

તા. ૧૬-૦૮-૨૦૦૯, વડોદરા (અટલાદરા)

વૉશિંગ્ટનથી અમિતભાઈ શાહનો સુપુત્ર વિવેક આવ્યો હતો. એની આંખોની રોશની ધીમે ધીમે ઘટતી ગઈ હતી. પહેલા સંપૂર્ણ દેખતા વિવેકને અત્યારે કશું જ દેખાતું ન હતું. ડૉક્ટરોએ લગભગ ચારેક ઑપરેશનો કર્યાં હતાં. અત્યારે ફક્ત આકાર દેખાય એટલી જ દૃષ્ટિ રહી હતી.

એને અચાનક એવી ઇચ્છા થઈ આવી કે મારે સ્વામીબાપાના આશીર્વાદ લેવા છે. સ્કૂલ ચાલતી હતી અને સંજોગો પ્રતિકૂળ હતા એટલે માતાપિતાએ એને સમજાવ્યો, પરંતુ એણે કહ્યું કે મારે આશીર્વાદ લેવા જ છે. એટલે માતાપિતા અને વિવેક ફક્ત ત્રણ દિવસ માટે અમેરિકાથી અહીં આવ્યાં હતાં. સ્વામીશ્રી સમક્ષ બોલવા માટે એણે બ્રેઈલલિપિમાં સ્વામીની વાત તૈયાર કરી હતી.

સ્વામીશ્રી પાસે એ આવ્યો અને પોતાની લાકડી એક બાજુ મૂકીને એ નમ્યો એટલે કરુણા થકા સ્વામીશ્રીએ એની બંને આંખો ઉપર હાથ ફેરવ્યો. એણે એ વખતે એટલું જ માગ્યું કે 'હવે મને દેખાય કે ન દેખાય એનો રંજ નથી. ભગવાને મારા માટે જે નક્કી કર્યું છે એ હું સ્વીકારી લઈશ.'

ઠેઠ અમેરિકાથી આટલું કહેવા માટે જ એ અહીં આવ્યો હતો.

સાથે સાથે બ્રેઈલલિપિમાં એણે સ્વામીની વાત વાચતાં કહ્યું : 'ભગવાન તો ભક્તની રક્ષામાં જ બેઠા છે.' એ આ વાત વાંચી રહ્યો હતો ત્યારે સ્વામીશ્રી પણ એની સાથે સાથે આ વાતને બોલી રહ્યા હતા. આ નાના બાળકની આવી સમજણ જોઈને સ્વામીશ્રીની આંખોના ખૂણા પણ ભીના થઈ ગયા અને બોલી ઊઠ્યા : 'ભગવાન રક્ષા કરશે.' એટલું જ નહીં, સ્વામીશ્રીએ થોડોક વધારે સમય એની સાથે ગાળ્યો ને ચેન્નાઈમાં આવેલા 'શંકર નેત્રાલય'ના નિષ્ણાત નેત્ર-સર્જન ડૉ. બદ્રીનાથન્ આગળ આંખ તપાસવાની ખાસ ભલામણ પણ કરી.

•

તા. ૨૦-૮-૨૦૦૯, અમદાવાદ

એક હરિભક્ત પોતાના બાળકને લઈને આવ્યા હતા. બાળક ખૂબ જ ઓછું સાંભળતો હતો. ૬ વર્ષના એ બાળકના કાનમાં શ્રવણશક્તિ વધે તે માટે ઑપરેશન કરાવ્યું હતું. તેના પિતાએ કહ્યું : 'હજુ તેને સાંભળવામાં ઘણી તકલીફ પડે છે.'

આ સાંભળી સ્વામીશ્રી તેના કાન પાસે 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' મંત્રજાપ કરવા લાગ્યા ને તેને ઇશારાથી કહે : 'તું રોજ સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ એક માળા ફેરવજે, ફેરવીશને ?'

પરંતુ તે બાળકને બરાબર સંભળાયું નહીં, તેથી સ્વામીશ્રીએ ઊંચા સ્વરે તે સાંભળી શકે તે રીતે ફરીથી પોતાનો આદેશ દોહરાવ્યો અને કહે : 'બોલ, અત્યારે જ સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલ.' તેણે સ્વામીશ્રીની આ સૂચના સાંભળી, તેથી સ્વામીશ્રી રાજી થઈને કહે : 'વાહ, હવે આમ ને આમ ભજન કરજે.'

•

એક જૂના હરિભક્ત સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેમના ભાઈ સાથે મિલકતની વહેંચણી બાબતનો મુદ્દો સ્વામીશ્રી સાથે ચર્ચાયો. તેઓ કહે : 'મારો ભાઈ કહે છે કે બાપા લખીને આજ્ઞા આપે તેટલું તને આપીશ.'

સ્વામીશ્રી કહે : 'ભલા માણસ ! એની સાથે આપણે રૂબરૂમાં તો વાત કરી દીધી છે, પછી તે રીતે મિલકતની વહેંચણી કરી દેવી. તું જમીનમાં તારો ભાગ રાખજે. જે કાંઈ થાય તે લખત કરીને લેજો. મોઢામોઢ લેતી-દેતી ન ચાલે, સમજ્યો ? તારો ખેડૂતનો હક રહે તેનાં કાગળિયાં પહેલેથી જ કરી દેવાં. તને ખબર છે '૭-૧૨'નો ઉતારો એ તારા માલિકી હક્કનું કાગળિયું કહેવાય ને '૮-અ'નો ઉતારો પણ લઈ લેવો. એ તારા ખેડૂત હક્કનું કાગળિયું કહેવાય. આ બંને જ્યાં સુધી ન થાય ત્યાં સુધી મિલકત પોતાની થઈ ન કહેવાય. તું પાછો સાવ ભગત છે, એટલે મારે કહેવું પડે.'

તે હરિભક્તે કહ્યું : 'બાપા ! જે જમીન મારા ભાગે આવે તે વેચી નાખવી કે રાખવી ?'

સ્વામીશ્રી કહે : 'એકાદ વીઘો જમીન રાખજે, એટલે તારો ખેડૂત-હક જતો ન રહે.'

સ્વામીશ્રી નાના હરિભક્તના વહેવારની પણ કેટલી ચિંતા કરે છે ! દરેક હરિભક્તને પણ યોગ્ય માર્ગદર્શન આપનાર સ્વામીશ્રીને હજારો હરિભક્તો પોતાના પરિવારના વડીલ આધાર માને છે. સ્વામીશ્રી આ રીતે લાખો હરિભક્તોના યોગ અને ક્ષેમનું વહન કરી રહ્યા છે.

•

આજે અમૃતવિજય સ્વામી તથા વિવેકપ્રિય સ્વામીએ સ્વામીશ્રી પાસે ભારતમાં વધી રહેલી પાશ્ચાત્ય વિચારધારા તથા પાશ્ચાત્ય શિક્ષણશૈલી અંગે કેટલીક મહત્ત્વની વાતો રજૂ કરી. છેલ્લે તેમણે કહ્યું કે 'બાપા ! ભારતીય સંસ્કૃતિના રક્ષણ માટે, આપણાં પ્રાચીન મૂલ્યોનું પ્રવર્તન વિશ્વભરમાં થતું રહે તે માટે, અને આપણી નવી પેઢીને સંસ્કૃતિ અને ભગવાનમાં શ્રદ્ધા વધે તે માટે, આખું ભારત આપની સામે દૃષ્ટિ માંડીને બેઠું છે. એક આપના દ્વારા જ ઉદ્ધાર થઈ શકશે તેવું ઘણા મહાનુભાવો પણ હૃદયપૂર્વક માને છે.'

આ સાંભળી સ્વામીશ્રી કહે : 'એ બધું તો ભગવાનના હાથમાં છે. મૂળ તો શિક્ષણ સાથે જ આપણી સંસ્કૃતિના સંસ્કારો બાળકોને નાનપણથી જ આપવા જોઈએ. ભણવાના કોર્સમાંથી જે સંસ્કૃતિની વાતો છે તે પણ આજે તો કાઢવા બેઠા છે. મૂળ તો આપણા રાજકારણીઓ હિંદુ જ છે ને ! પણ અસ્મિતા રહી નહીં, એટલે શું કરે ?'

•

તા. ૨૧-૮-૨૦૦૯, અમદાવાદ

જામનગરના કોઠારી ધર્મનિધિ સ્વામીએ આગામી મહિનામાં યોજાનાર 'શિલાન્યાસ સ્મૃતિપર્વ'નાં આયોજનોની સવિસ્તર માહિતી આપી. જેમાં મહિલા-પર્વના સંદર્ભમાં વાત કરતાં તેઓએ જણાવ્યું કે ''જામનગર મહિલા મંડળ દ્વારા 'સાસુ-વહુ સુહૃદભાવ પર્વ' એક સપ્તાહ સુધી યોજવામાં આવશે.''

તેમણે માહિતી આપી કે તરત જ સ્વામીશ્રી કહે : 'પણ, શરૂઆત કોણ કરશે ? સાસુઓ કરશે કે વહુઓ ?' પછી કહેવા લાગ્યા કે 'બંને વચ્ચે એક રાગ ન હોય પછી ગમે તેટલું સમજાવો પણ અશાંતિ ને અશાંતિ જ રહે. એક આમ ભાષા વાપરે અને બીજા જુદું ભાષણ કરે. માટે જે કાંઈ કરો તે સારી તૈયારી કરીને કરો. સાચા ભાવથી આ પર્વ જીવનભર ઊજવવાનું છે. આપણે કાંઈ અઠવાડિયાના દેખાવમાં જવાનું નથી. દેખાવ પૂરતું કરશો તો ક્યાંય ઊડી જશે. માટે જે કરવું તે સોલિડ કરવું અને કાયમ માટે કરવું. એ બેય વચ્ચે સંપ થશે તો કાયમ શાંતિ ને આનંદ છે. માટે પહેલેથી જ મહિમા સમજાવી દેવો ને પછી પર્વ શરૂ કરવું. આપણે અહીં ભગવાન પાસે પર્વ ઊજવીએ ને વાતો કરીએ કે 'સંપ કરવો,' ને પછી બધું ભૂલી જઈએ તો ભગવાન ક્યાંથી રાજી થાય ? દેખાવ ખાતર થશે, તો જેવું ઘરે જશે કે તરત જ બધું પૂરું થઈ જશે.'

સ્વામીશ્રીએ હંમેશાં દરેક નવા વિચારને વધાવ્યો છે, પરંતુ એ વિચાર જ્યારે પણ માત્ર દેખાવ પૂરતો જણાતો હોય તો તેને કાયમ માટે ટકે તેવી મજબૂતી આપવા પ્રયત્નો કર્યા છે. કૌટુંબિક શાંતિ માટે સ્વામીશ્રીને મન ઘરની મહિલાઓમાં પરસ્પર સંપ ટકી રહે તે સૌથી મહત્ત્વપૂર્ણ સોપાન છે.

•

તા. ૨૩-૮-૨૦૦૯, અમદાવાદ

શ્રાવણ મહિનામાં નીલકંઠસેવા સ્વામી બાવળા ક્ષેત્રમાં ફર્યા હતા. તેમણે એક વાત કરતાં કહ્યું : 'બાપા ! અમે ગામડે ફર્યા ત્યારે આપનો મહિમા સમજાયો, કારણ કે દેહનો ભીડો તો સહેજે સહન થાય, પણ લોકો અપમાન કરી નાખે ત્યારે મનમાં સહેજ

વિચાર આવી જાય. તમે તો બહુ સહન કર્યું છે, એ અમને શીખવા મળ્યું.'

સ્વામીશ્રી હસી પડ્યા. સ્વામીશ્રી કહે : 'યોગી બાપાએ, શાસ્ત્રીજી મહારાજે જે સહન કર્યું છે તેવું આપણે ક્યાં કરીએ છીએ ! તમે વિચરણ કર્યું અને મહિમા સમજાયો છે તો એમ કરતાં કરતાં જીવમાં દૃઢ થઈ જશે.'

•

સ્વામીશ્રી ભોજન અંગીકાર કરી રહ્યા હતા. મુનિદર્શન સ્વામી સ્વામીશ્રીને પીરસવા આવ્યા. તેમની સામે દૃષ્ટિ કરી સ્વામીશ્રીએ કહ્યું : 'તારે સાહેબ થવું છે ?'

સંતોએ કહ્યું : 'તેઓ સાહેબ છે જ.' (તેઓ એમ.બી.એ. થયેલા છે તે સંદર્ભમાં)

મુનિદર્શન સ્વામીએ કહ્યું : 'હું તો ક્યાં હતો ને તમે ક્યાં મૂકી દીધો !'

સ્વામીશ્રી હસવા લાગ્યા અને કહ્યું : 'પેલી તો આ લોકની ડિગ્રી. ખરો સા'બ તો હવે થયો. સાધુ થયો તે મોટી ડિગ્રી. મોટો સાહેબ !'

આમ, સ્વામીશ્રીએ આધ્યાત્મિક પદવીની શ્રેષ્ઠતા દર્શાવી.

•

તા. ૨૪-૮-૨૦૦૯, અમદાવાદ

આજે મુલાકાત દરમ્યાન રાકેશભાઈ નામના એક હરિભક્ત આવ્યા. તેમને કોઈ તાંત્રિકનો યોગ થયો હતો, તેથી તેઓ પાયમાલ થઈ ગયા હતા. અત્યારે તાંત્રિકના સકંજામાંથી નીકળી ગયા છે, તેનો સંગ છોડી દીધો છે, પરંતુ તેમનું બધું લૂંટાઈ ગયું છે. અત્યારે ઘર નથી, નોકરી છૂટી ગઈ છે. સ્વામીશ્રીએ તેમને કહ્યું : 'હવે ફરી યોગ થવા દેશો નહિ. ભગવાનનો આશરો રાખજો. પાંચ માળા સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... મંત્ર જાપ કરતાં ફેરવજો. શ્રીજીમહારાજ બધું સારું કરશે. તંત્ર-મંત્રમાં અંધશ્રદ્ધા રાખવાને બદલે ભગવાનમાં શ્રદ્ધા રાખો. કર્તાહર્તા ભગવાન છે. એ સિવાય કોઈનું કર્યું કાંઈ થતું નથી. એ વિશ્વાસ દૃઢ રાખી, આશરો કરી ભક્તિ કરજો.'

•

અમેરિકાનો એક કિશોર મુલાકાતમાં આવ્યો. તેના પિતા ધામમાં ગયા પછી તેની મમ્મીએ બીજાં લગ્ન કરી લીધાં છે. એક બહેન છે, તે તેનાં મમ્મી સાથે રહે છે, પણ આ કિશોર અનાથાશ્રમમાં ઊછર્યો છે. તેની મમ્મી સત્સંગી હોવાથી આને સત્સંગમાં જવા પ્રેરે છે ને સાથે રહેવા કહે છે, પણ તેને સાથે રહેવું નથી. એકલવાયું જીવન, અમેરિકામાં વસવાટ, કુસંગ આ બધામાં તે અટવાયો છે, ભણતો નથી. હોશિયાર છે, પણ ઇન્ટરનેટ, ગંદી વિડિયો વગેરેમાં તેનું જીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. હવે પાછું તેને અનાથાશ્રમમાં જીવન ગાળવું છે, ભણવું નથી.

આ વાત સાંભળી સ્વામીશ્રીએ તેને ખૂબ હેતથી, અંતરનું વાત્સલ્ય ઢોળતાં તેનો હાથ ઝાલ્યો ને આંખમાં આંખ પરોવી કહ્યું : 'સાંભળ, અત્યારે તારે ભણવાની ઉંમર છે, એટલે ભણી લેવું જોઈએ. ભણ્યા વિના તારું ભવિષ્ય શું ? ભલે, તારે મમ્મી સાથે ન રહેવું હોય તો ન રહેતો, પણ જીવન સારું જીવવું. ભગવાને આપણને શરીર, બુદ્ધિ, શક્તિ આ બધું આપ્યું તો તેને માટે સવારે ઊઠી પાંચ માળા સ્વામિનારાયણ... સ્વામિનારાયણ.. મંત્રજાપ કરતાં કરવી. કંઠી રાખજે. વ્યસન ન થાય, દૂષણ ન થાય. તારે અભ્યાસ જે કરવો હોય તે સારી રીતે કર. તને સફળતા મળશે. સારું ભણાય તે આશીર્વાદ છે.'

'બાપા ! તે ખરાબ વિડિયો જુએ છે.'

સ્વામીશ્રી કહે : 'એ બધું મૂકી દે. એ બધું હશે તો લાઈન જ નહિ આવે તારા હાથમાં ને તું સાવ રખડી જઈશ.'

'હું મમ્મી સાથે રહું, પણ તે પોલીસ બોલાવે ને એવું બધું કરે.'

સ્વામીશ્રી કહે : 'પણ હું ક્યાં તને કહું છું કે મમ્મી સાથે રહે ? ભલે જુદો રહે, પણ આ બધો કુસંગ છોડ. એ કુસંગ થવો ન જોઈએ. ત્યાં આપણું મંદિર છે, સત્સંગ સારો ચાલે છે. ત્યાં સત્સંગમાં જજે, નહિ તો તારી લાઈફ બગડી જશે. આજથી ટી.વી બંધ.'

તરત એ કિશોરે કહ્યું : 'ના, હું થોડું થોડું જોઈશ.'

એ સાંભળી સ્વામીશ્રી હસી પડ્યા અને કહે : 'ભલે, પણ અશ્લીલ નહીં જોતો. તારા કામનું હોય તેવું જોજે, પણ સારું ભણજે. આશીર્વાદ છે.'

એક હતાશ આત્માને આજે પ્રગટ અક્ષરબ્રહ્મની હેતાળ હૂંફ મળી, તેનામાં અનેરું ચૈતન્ય પ્રગટ્યું.

•

તા. ૨૫-૮-૨૦૦૯, અમદાવાદ

એક પ્રજ્ઞાચક્ષુ સત્સંગી કાયમ સ્વામીશ્રી હોય ત્યારે એક વખત દર્શને આવે છે. પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં અગરબત્તી વેચીને પોતાનું જીવન ગુજારતા આ હરિભક્તને સ્વામીશ્રી હંમેશાં પ્રેમથી બોલાવે છે.

આજે પણ સ્વામીશ્રીએ એ હરિભક્તને આશીર્વાદ આપ્યા અને આશીર્વાદ લઈને વિદાય થઈ રહેલા એને જોતાં જોતાં વ્યવસ્થામાં ઊભેલા સંતને કહ્યું : 'એને પ્રસાદ આપજો.'

સ્વામીશ્રીએ આ રીતે સામાન્ય હરિભક્ત માટે અંગત ભલામણ કરી, બાકી જે પસાર થાય એ સૌને પ્રસાદ તો આપવામાં આવતો જ હોય છે.

•

ગોરધનભાઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા અને કહે : 'બાપા ! આપણે શું કરવાનું છે ?'

'શેનું ?' સ્વામીશ્રીએ જિજ્ઞાસાથી પૂછ્યું.

એ હરિભક્તે કહ્યું : 'સુવર્ણતુલાનું. આપની સુવર્ણતુલા અમારે કરવાની છે અને બીજું કે આ દેહે આપની ઉપસ્થિતિમાં શતાબ્દી અહીં અમદાવાદમાં ઊજવાય એવી મારી ભાવના છે. અને એ ઊજવાય તો મારા તરફથી હું ૫૧ લાખ રૂપિયા આપીશ. અને એ વખતે જો મારી પાસે નહીં હોય તો વેચાઈ જઈને પણ આપીશ, પણ આપ વચન આપો.'

સ્વામીશ્રી આ સાંભળીને કહે : 'તમારો ભાવ છે એ સાચો છે. તમારા દીકરાઓ ચુસ્ત સત્સંગી રહ્યા એટલે સુવર્ણતુલા જ છે. આ જ રીતે પેઢી-દરપેઢી પ્રવાહ ચાલતો રહે ને સત્સંગ ચાલતો રહે એ જ શતાબ્દી છે. સેવાઓ તો થતી જ રહે છે.'

•

ઠાકોરજી જમાડતી વખતે સારંગપુર અભ્યાસ કરી રહેલા હરિપ્રકાશ સ્વામી મઠિયાં લઈને થાળમાં મૂકવા માટે આવ્યા.

તેઓને જોઈને સ્વામીશ્રી કહે : 'ક્યાં વિચરણ હતું ?'

હરિપ્રકાશ સ્વામી કહે : 'તીથલમાં વિચરણ હતું.'

સ્વામીશ્રી કહે : 'કેટલી પધરામણી કરી ?'

'૧,૦૦૦ પધરામણી કરી.'

'એક હજાર !' સ્વામીશ્રીએ આશ્ચર્ય સાથે કહ્યું.

એટલે હરિપ્રકાશ સ્વામી કહે : 'એમાં શું ? આપે તો લાખો પધરામણી કરી છે ને એ પણ ભીડામાં. અમારે તો અત્યારે લોકો મહિમાથી પધરામણી કરાવે એટલે કંટાળો જ ન આવે. આપના વખતમાં તો કોઈ સગવડ હતી નહીં. એવા ભીડાવાળા વિચરણમાં આપને કંટાળો નહોતો આવતો !?'

સ્વામીશ્રી કહે : 'કંટાળો શેનો આવે ? તું પણ ખરો છે ને ! સુખ-દુઃખ સામું જોવાનું જ ન હોય. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજે કેવો ભીડો વેઠ્યો છે ! એમણે કેવી પરિસ્થિતિમાં સત્સંગનું કામ કર્યું છે ! ખાવાનું ન મળે, કોઈ પૂછે પણ નહીં, તો પણ કંટાળો આવ્યો નથી, તને કંટાળો આવે છે ?'

હરિપ્રકાશ સ્વામી કહે : 'અમને તો બધે જ બધી વ્યવસ્થા મળતી હતી, પણ આપ જ્યારે ગામડાંઓમાં વિચરણ કરતા ત્યારે તો કોઈ વ્યવસ્થા હતી નહીં, છતાં આપે કેટલીય પધરામણી કંટાળ્યા વગર કરી છે.'

સ્વામીશ્રી કહે : 'કંટાળાની વાત જ નહીં કરવાની. આવી સેવા મળી છે એ ભાગ્ય સમજવા. કંટાળાની વાત જ ન કરવી.'

•

સ્વામીશ્રી પત્રવાંચન કરી રહ્યા હતા ને એ દરમ્યાન મિટિંગ માટેના સંતો આવીને બેઠા. ઈશ્વરચરણ સ્વામી અને વિશ્વવિહારી સ્વામી મિટિંગ માટે ત્યાં બેઠા. પત્ર-વાંચન પૂરું થતાં જ થોડાક ખેંચાઈને જમણી તરફનો ટેબલલેમ્પ સ્વામીશ્રીએ બંધ કર્યો.

વિશ્વવિહારી સ્વામી કહે : 'તમારે આ રીતે ખેંચાઈને જાતે ન કરવું. હાથ ખેંચાય ને તકલીફ થાય.'

સ્વામીશ્રી કહે : 'સ્વયંસેવક થવું પડે ને !'

•

સ્વામીશ્રીએ એક પત્ર વાંચ્યો. એ પત્રમાં ભાવના વ્યક્ત કરતાં લખ્યું હતું કે 'હાલ અમારા તરફથી અહીં પારાયણ ચાલે છે. પૂર્ણાહુતિના દિવસે દૂધપાક અને પૂરણપોળીની રસોઈ રાખવી છે. દરેક હરિભક્તને પ્રસાદ આપવો છે.'

આ પત્ર વાંચીને સ્વામીશ્રી કહે : 'આ લોકોની આવક શું છે એની તપાસ કરજો.'

સ્વામીશ્રીની સેવા લેવાની આ કાર્યપદ્ધતિ છે. સામી વ્યક્તિની સ્થિતિ જોઈને તેઓ સેવા માટે સંમતિ

આપે છે.

•

તા. ૨૬-૮-૨૦૦૯, અમદાવાદ

સુશીલ હાંડા દર્શને આવ્યા હતા. અત્યારે દવાના ઉત્પાદનના તેઓ અગ્રણી ઉત્પાદક છે. તેઓ કહે : 'આજથી બાર વર્ષ પહેલાં હું ખૂબ જ તકલીફમાં હતો, દેવું ચડી ગયું હતું, એ વખતે આપનાં દર્શને આવ્યો હતો. આપના આશીર્વાદથી જ ઝીરોમાંથી અત્યારે હું બહુ આગળ નીકળી ગયો છું.'

તેઓએ સ્વામીશ્રી સમક્ષ કૃતજ્ઞતા વ્યક્ત કરી ને આશીર્વાદ લીધા.

•

તા. ૨૭-૮-૨૦૦૯, અમદાવાદ

હ્યુસ્ટનથી અમેરિકન સત્સંગી યુવક શ્રી સ્કોટ દર્શને આવ્યો હતો. તેઓની સાથે ભારતનાં મંદિરોનાં દર્શન માટે એક યુવતી પણ આવી હતી. એ યુવતીની વાત કરતાં તેઓ સ્વામીશ્રીને કહે : 'મારી સાથે એક અમેરિકન યુવતી આવેલી છે. હમણાં જ સત્સંગમાં જોડાઈ છે. સત્સંગ ન હતો એ પહેલાં એને ખૂબ જ વ્યસન હતાં, પરંતુ મંદિરે આવતાં-જતાં શાંતિનો અનુભવ થતાં એને એ બધું છૂટી ગયું છે. એટલે ખાસ આપનો આભાર માનવા જ એ અહીં ઇન્ડિયા આવી છે.'

સ્વામીશ્રી કહે : 'એને દર્શન થયાં છે, તો બુદ્ધિ સારી થશે ને સારી રહે એ માટે સત્સંગ કરતા રહે એ વાત કરજો.'

•

એક યુવક દર્શને આવ્યો. એનો પરિચય કરાવતાં સાથેના સંતે કહ્યું : 'આ યુવક સારી નોકરી કરે છે, પણ વીસ દિવસ પહેલાં કીડનીમાં સામાન્ય તકલીફ ઊભી થઈ હતી અને ડૉક્ટરને બતાવવા માટે અને નાનું ઑપરેશન કરાવવા માટે એ દવાખાનામાં ગયો હતો, પરંતુ આ ઘટના પછી એ એટલો ગભરાઈ ગયો છે કે વીસ દિવસથી ઊંઘ્યો જ નથી. કીડનીમાં કોઈ વિશેષ તકલીફ ન હતી. જે નગણ્ય તકલીફ હતી એ તો વીસેક મિનિટમાં જ ડૉક્ટરોએ કાઢી નાખી હતી, પરંતુ આના મનમાં એવી બીક ઘૂસી ગઈ છે કે ઊંઘ જ નથી આવતી, ગભરાઈ ગયો છે.'

સ્વામીશ્રી કહે : 'ગભરાઈ જવાની શું જરૂર ? અત્યારે તું અહીં અમારી સામે ઊભો છે. કશું થયું નથી, માટે ગભરાવાની જરૂર નથી. સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કરજે, ભજન કરજે, ભગવાન રક્ષામાં બેઠા છે ને રક્ષા કરી છે.'

એ યુવક કહે : 'ગાંડો થઈ જઈશ એવું લાગે છે.'

'વધુ પડતા વિચાર આવે એટલે એવું જ થાય ને ! માટે એવા વિચારો આવે તો સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરજે. 'મને કંઈ છે જ નહીં' એમ માનીને કામ કર અને ભજન કર.'

એ યુવક કહે : 'પણ હું વિચારને જ પકડી શકતો નથી.'

સ્વામીશ્રી કહે : 'તને ભ્રમણા થઈ ગઈ છે. ખોટી ભ્રમણા છે, તને કશું જ વળગ્યું નથી. સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કરીને કામ જ કરવા માંડ, બધું એની જાતે જ નીકળી જશે.'

•

ડૉ. સુરેશભાઈ પણ આજે આવ્યા હતા. તેઓ ENT સ્પેશિયાલિસ્ટ છે. સ્વામીશ્રીના નાકની તેઓએ વિશેષ તપાસ કરી. ડાબા નસકોરામાં ફરીથી થોડી લાલાશ થઈ હોવાથી તેઓએ વિશેષ તપાસ કરી નિઓસ્ફોરીન મલમ લગાવી દીધો. નાકમાં મલમ લગાવીને તેઓએ બહારથી નસકોરાને દબાવીને અંદરની નસકોરાની દીવાલમાં મલમ પ્રસરાવ્યો ને ત્યારપછી વધેલો મલમ ટીસ્યૂ વડે લૂછવાની વાત કરી. સ્વામીશ્રીએ એકના એક ટીસ્યૂથી મલમ લૂછ્યો. આ જોતાં ડૉ. સુરેશભાઈ કહે : 'બીજું આપું ?'

સ્વામીશ્રી કહે : 'કાંઈ જરૂર નથી.'

સ્વામીશ્રીના ઉત્તરથી તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા. એટલે સંતો કહે : 'જ્યાં સુધી આ ટીસ્યૂનો ખૂણેખૂણો નહીં વપરાય ત્યાં સુધી બીજું ટીસ્યૂ નહીં લે.'

ડૉક્ટર માટે આ વાત કલ્પના બહારની હતી.

•

તા. ૨૮-૮-૨૦૦૯, અમદાવાદ

પાર્સીપનીથી એક હરિભક્ત દર્શને આવ્યા હતા. તેઓએ સ્વામીશ્રી પાસે પોતાનું વ્યાવહારિક માર્ગદર્શન મેળવ્યું. વાત પૂરી થયા પછી સ્વામીશ્રીએ સામેથી યાદ કરતાં કહ્યું : 'પાર્સીપનીમાં અમારે પેલો છે ને, જલધિ...' એમ કહેતાં સ્વામીશ્રીના મુખ ઉપર આનંદ

વ્યાપી ગયો. સ્વામીશ્રી કહે : 'એને પણ જય સ્વામિનારાયણ કહેજો.'

નિષ્ઠાવાન અને સમર્પિત હરિભક્તોને સામેથી યાદ કરતાં સ્વામીશ્રીને અંદરથી આનંદ ઊપજે છે.

•

એક યુવક આવ્યો ને કહે : 'હિંમત તૂટી જાય છે.'

સ્વામીશ્રી કહે : 'ભગવાનનું બળ રાખવાનું. પ્રશ્ન તો આવે, પણ ભગવાનના બળે બધું સારું થઈ જશે. પ્રાર્થના કરજે.'

•

પત્રવાંચન કરીને ભ્રમણ માટે ઊભા થતાં થતાં સ્વામીશ્રી સ્વગત બોલ્યા : 'લોકોને બીચારાને ધંધામાં મંદી બહુ નડે છે, દુઃખી થઈ જાય છે. કાગળ ને ફોનમાં આ જ વાત આવે છે. ભગવાન બધાનું સારું કરે.'

•

તા. ૨૯-૮-૨૦૦૯, અમદાવાદ

વલસાડથી પંકજભાઈ અરવિંદભાઈ પટેલ દર્શને આવ્યા હતા. સાથે તેઓના મિત્રો હતા. આ સૌ મિત્રોને પૂજા અપાવવા માટે જ તેઓ વલસાડથી આવ્યા હતા. તેઓ કહે : 'અમે જ્યારે બહાર જઈએ ત્યારે હું એકલો જ પૂજા કરતો હોઉં, ત્યારે આ બધા મારી મશ્કરી કરતા હતા. આજે એ બધાને જ પૂજા અપાવી છે.'

રાજી થઈને સ્વામીશ્રી કહે : 'આપણને જે સુખ મળ્યું એ સુખ બધાને મળવું જ જોઈએ ને !'

•

એક નવા મુમુક્ષુ આવ્યા. તેઓને મનમાં અસુખ-અશાંતિ રહ્યાં કરતાં હતાં. એને કારણે એમનાં કુટુંબીઓ વિવિધ પ્રકારના દોરાધાગા ને યજ્ઞો કરાવ્યા હતા, છતાં શાંતિ થઈ ન હતી. તેઓ આજે સ્વામીશ્રીના આશીર્વાદ લેવા માટે આવ્યા હતા.

સ્વામીશ્રીએ કહ્યું : 'કશું કરાવવાની જરૂર નથી. આશરો દૃઢ રાખજો, માળા કરજો, પ્રાર્થના કરજો અને પ્રસાદીનું જળ પીજો. મહારાજ દયા કરશે.'

•

એક યુવકે સ્વામીશ્રીને પૂછ્યું : 'આપ અમારી પ્રાર્થના સાંભળો છો ?'

સ્વામીશ્રી કહે : 'શ્રદ્ધા ને વિશ્વાસ રાખજો. ભગવાનની મૂર્તિ સમક્ષ પ્રાર્થના કરો, એ સાંભળે જ છે. ત્યાં પ્રાર્થના કરજો.'

•

તા. ૩૦-૮-૨૦૦૯, અમદાવાદ

પૂજા પછી સ્વામીશ્રી લિફ્ટ દ્વારા નીચે પધાર્યા. એ દરમ્યાન મોઢા ઉપર માસ્ક પહેરેલા યુવકો નીચે ઊભા હતા. સૌ સ્વામીશ્રીને કહે : 'હવે અહીંથી સ્વાઇન ફ્લૂ ભગાડો, તો કંઈક આપની સાથે વાત કરવાનો યોગ મળે. વરસાદ આવે ને ફ્લૂ જાય એવું કાંઈક કરો.'

સામે ઊભેલા દિલીપભાઈ ત્રિવેદી કહે : 'કૃષ્ણ ભગવાનની વાંસળીને કો'કે ફરિયાદ કરી કે તું કાયમ ભગવાનના મુખ ઉપર રહે છે, એથી તારે લીધે અમે કૃષ્ણ ભગવાન સાથે વાત કરી શકતા નથી. એમ સ્વાઇન ફ્લૂને લીધે અમે આપને મળી શકતા નથી. તો એને ભગાડો, બીજું તો કાંઈ નહીં બધા વતી એ મને આપી દો.'

સ્વામીશ્રી કહે : 'આપણે કોઈને આપવું નથી. બધા સારા રહે, ભગવાન ભજે ને રોગ જતો રહે, એ ભગવાનને પ્રાર્થના.'

•

બ્રહ્મવિહારી સ્વામીએ દિલ્હી અક્ષરધામમાં આવેલા અમેરિકાના ભારત ખાતેના નવા નિમાયેલા એમ્બેસેડર ટીમથી જે. રોઈમરની મુલાકાતની વાત સ્વામીશ્રીને કરી.

અમેરિકાની હોમલેન્ડ સિક્યોરિટીના સ્થાપક અને અમેરિકાના શિક્ષણતંત્રમાં નવા ફેરફાર કરનાર તેઓ અક્ષરધામની મુલાકાતે આવ્યા હતા. અક્ષરધામ જોયા પછી તેઓ કહે : 'વ્યક્તિ હોય કે ધર્મ, આટલું અદ્ભુત કામ કર્યા પછી એમાં પણ અભિમાન આવી જાય છે, પણ તમારી સંસ્થામાં એ મેં જોયું નથી. એનાથી હું ખૂબ પ્રભાવિત છું.'

વળી, તેઓની સાથે આવેલા બંને સુપુત્રોને કહ્યું કે 'અહીં આવીને ખાલી તમે જોતા જ નહીં. કાંઈક શીખજો પણ ખરા.'

વળી, તેઓ કહે : 'આ પરિસર એટલું આધ્યાત્મિક છે કે અહીં માણસનું પરિવર્તન થયા વગર રહે જ નહીં.'

છેલ્લે તેઓ કહે : 'મારી પ્રબળ ઇચ્છા છે કે એક વાર પ્રમુખસ્વામીજીને મારે મળવું છે.'

તેઓ ખૂબ પ્રભાવિત થયા હતા. વળી, અભિપ્રાય બુકમાં ખૂબ સારો અભિપ્રાય લખ્યા પછી છેલ્લે તેઓએ વાક્ય લખ્યું કે 'એક વાક્ય હું જિંદગીભર યાદ રાખીશ કે લોઢું ડૂબી જાય છે ને લાકડું તરી જાય છે. સારા માણસના સંગે હંમેશાં સારા થવાય છે.'

પ્રસંગમ્



સપ્ટેમ્બર ૨૦૦૯

પ્રસંગમ્ શાસ્ત્રીજી મહારાજ સ્મૃતિ પર્વ... અમદાવાદ, ૮-૯-૨૦૦૯



'આજે યજ્ઞપુરુષને દ્વાર ડંકા વાગે રે લોલ...'
શાસ્ત્રીજી મહારાજે અદ્‌ભુત કાર્ય કર્યું છે, એમણે ઉપાસનાનો માર્ગ સમજાવ્યો.
એ ઉપાસના-આશરો-નિષ્ઠા સૌએ દૃઢ કરવાનાં છે.
ઉપાસના એટલે ઉપ + આસન. ભગવાનની નજીક બેસવું એટલે ઉપાસના.
ઉપાસનામાં શ્રીજીમહારાજ સર્વોપરિ, સર્વ અવતારના અવતારી, સર્વકારણના કારણ છે
– એ જીવમાં દૃઢ થવું જોઈએ. શાસ્ત્રીજી મહારાજે શાસ્ત્રવિરુદ્ધ કાર્ય નથી કર્યું.
ઉપનિષદ, શાસ્ત્રો અને વચનામૃતના આધારે જ એમણે વાત કરી છે.
અક્ષરપુરુષોત્તમની વાત નવી નથી.
શાસ્ત્રીજી મહારાજનું કાર્ય અક્ષર-પુરુષોત્તમની વાત સૌના જીવમાં દૃઢ થાય એ માટે હતું.
શાસ્ત્રીજી મહારાજને કેટલી મુશ્કેલીઓ પડી છે ! પણ એમણે મુશ્કેલીઓને ગણી નથી.
શાસ્ત્રીજી મહારાજ કહેતા – સાચા દેવળે ઘંટ વાગે.
અક્ષરપુરુષોત્તમની વાત સાચી છે એટલે જ ડંકા વાગે છે.
– પ્રમુખસ્વામી મહારાજ

તા. ૧-૯-૨૦૦૯, અમદાવાદ

સુરતથી હરેશ મોરડિયા ને તેઓના ભાઈઓ આવ્યા હતા. તેઓના પિતાશ્રી મનજીભાઈ થોડાક દિવસ પહેલાં જ અક્ષરનિવાસી થયા હતા. સ્વામીશ્રીએ ફોન દ્વારા તેઓને આશીર્વાદ આપ્યા હતા. આજે પ્રત્યક્ષ આવેલા આ ત્રણેય ભાઈઓને જોઈને સ્વામીશ્રી કહે : 'મનજીભાઈ ખરેખરા ભક્ત હતા, હસતાં હસતાં ગયા, કોઈની સેવા ન લેવી પડી, કોઈ દુઃખ ન પડ્યું.'

હરેશ કહે : 'મારા પિતાજીને ઍટેક આવ્યો ત્યારે હિંમત રાખીને મારાં માતુશ્રીએ જ બધી સંભાળ રાખી. જોકે ડૉક્ટર આવે એ પહેલાં જ તેઓ ધામમાં ગયા, પછી પણ એમણે સ્વતંત્રપણે જ નિર્ણય લીધો કે ચક્ષુ-દાન કરવું છે, એટલે બીજા માટે ચક્ષુ પણ આપ્યાં. અને અમે જ્યારે પહોંચ્યા ત્યારે અમને પણ કહ્યું કે બાપુજી ધામમાં જ ગયા છે, માટે કોઈ રડશો નહીં.'

સ્વામીશ્રી આવી સમજણ જોઈને રાજી થયા.

•

'અક્ષરાનંદ સ્વામીની વાતો' સ્વામીશ્રી સમક્ષ વંચાતી હતી. તેમાં એક દૃષ્ટાંત આવ્યું કે ''એક મિસ્ત્રી હતો. એણે બૈરી સાથે ઝઘડો થતાં માર્યું, તો સામે બૈરીએ પણ વીંધાણાનો ઘા કર્યો. એને વધારે વાગ્યું. એટલે મિસ્ત્રીનાં માબાપે બૈરીને પિયર મોકલી દીધી. ત્યારે પેલો મિસ્ત્રી બોલ્યો કે 'એની બીચારીનો શું વાંક હતો ? શું કામ પિયર મોકલી ? પહેલાં તો મેં મારેલી.''

આ દૃષ્ટાંત સાંભળીને સ્વામીશ્રી કહે : 'આવો ખપ મોક્ષ માટે હોય તો જરાય વાંધો ન આવે.'

•

તા. ૨-૯-૨૦૦૯, અમદાવાદ

મોરબીના અમૃતભાઈ (અખિલેશ સ્વામીના પૂર્વાશ્રમના પિતાશ્રી) દર્શને આવ્યા. એંસી વર્ષ વટાવી ગયેલા તેઓએ સ્વામીશ્રીને પૂછ્યું કે 'મારે મૃત્યુ પછી શરીરદાન કરવાની ઇચ્છા છે, તો વાંધો નહીં ને ? કે પછી અગ્નિસંસ્કાર કરીએ ?'

સ્વામીશ્રીએ કહે : 'એમાં કંઈ વાંધો નથી. શરીર-દાન કરજો જ. એનાથી ઘણાનું સારું થશે.'

•

અતુલ અજમેરા તેઓના બે વર્ષીય પુત્ર આશિષને લઈને આવ્યા. આશિષ મુલાકાત-કક્ષના ટેબલ ઉપર ઊભો હતો. સ્વામીશ્રીનાં દર્શન કરતાંવેંત એને અનેક જાતના ઊભરા આવે છે. સ્વામીશ્રી સાથેનું એનું નૈસર્ગિક પિતા-પુત્ર સમું વહાલ ઊભરાઈ આવે છે. સ્વામીશ્રીને જોતાં જ હોઠ આગળ નાના હાથ લઈ જઈને એણે ફ્લાઇંગ કીસ આપવાનું શરૂ કર્યું. એ જોઈને સ્વામીશ્રી નિર્દોષતાથી એની સામે હસતા રહ્યા. આશિષ એની કાલી ભાષામાં પ્રમુખસ્વામી મહારાજની જય એ રીતે બોલાવે છે કે સૌને ગમી જાય. અત્યારે પણ એ જય બોલાવતો રહ્યો અને સ્વામીશ્રી પણ એને પ્રતિભાવ આપતા રહ્યા. છેલ્લે આશિષે પોતાની કાલી ભાષામાં 'गुरुर्ब्रह्मा गुरुर्विष्णुर्...' એ શ્લોક ગાયો. સ્વામીશ્રી રાજી થયા અને કહ્યું : 'હવે કાયમ મોઢે રાખજે અને મોટા થાય તોય ભૂલી નહીં જવાનું.'

સ્વામીશ્રીએ આશિષ સાથે લગભગ ત્રણ-ચાર મિનિટ ગાળી. આશિષની સરભરામાં અજમેરા કુટુંબે એક બાળકને પણ રાખ્યો છે. આ એટેન્ડન્ટ બાળક પણ બાજુમાં ઊભો હતો. સ્વામીશ્રીને કોઈએ એનો પરિચય આપ્યો. એટલે સ્વામીશ્રીએ તરત એને પણ સમય આપતાં કહ્યું : 'રોજ પાંચ માળા કરજે. તમાકુ કે વ્યસનમાં પેસી ન જતો.'

સ્વામીશ્રી પ્રેમથી એને મળ્યા, કંઠી પણ પહેરાવી. આશિષ અને એના નોકર બંનેને સ્વામીશ્રી સરખા પ્રેમથી મળ્યા.

•

તા. ૩-૯-૨૦૦૯, અમદાવાદ

લંડનથી આવેલા દીલન યોગેશભાઈ પટેલે સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! ભૂલી તો નથી ગયા ને !'

સ્વામીશ્રી કહે : 'તું નથી ભૂલ્યો ને !'

'ના.' દીલને કહ્યું.

'તો બરાબર છે. આપણે ભગવાન ને સંત મળ્યા છે એ ભૂલવાનું નહીં. નોકરી કરો, ધંધો કરો, એનો વાંધો નહીં, પણ આ સ્મૃતિ કાયમ રાખજે.'

•

તા. ૪-૯-૨૦૦૯, અમદાવાદ

મંદિરે પધારી સ્વામીશ્રીએ હનુમાનજી-ગણપતિજીનાં દર્શન કરીને સભામંડપ તરફની પ્રદક્ષિણા આગળના પગથારે રોજની જેમ પધાર્યા અને અહીં ઊભેલા હરિભક્તોને દર્શનદાન આપ્યા. મંદિરનાં પગથિયાં ઉપર એક નાનો બાળક ઊભો હતો. એ જન્મથી અંધ હતો. સ્વામીશ્રીને એ ખ્યાલ આવતાં તરત જ એને આશીર્વાદ આપવા માટે ગુલાબ મોકલ્યું.

•

એક કિશોરે સ્વામીશ્રીને પૂછ્યું : 'મહારાજનો સાક્ષાત્કાર કઈ રીતે થાય ?'

સ્વામીશ્રી કહે : 'ભણતાં ભણતાં જેમ ડિગ્રી મળે ને, એમ ભજન કરતો રહેજે, એટલે થઈ જશે.'

•

એક ગુણભાવી મુમુક્ષુ આવ્યો. છેલ્લા ઘણા વખતથી એ વ્યસન છોડી શકતો ન હતો. એને થયું કે પ્રમુખ-સ્વામીના આશીર્વાદ મળે તો જ મારું વ્યસન છૂટશે. એટલે ખાસ એવી શુભ ભાવના સાથે દર્શને આવેલા આ યુવકે સ્વામીશ્રીને જોતાવેંત કહ્યું : 'દાદા ! અહીંથી જ આજે વ્યસન મૂકીને જાઉં છું. આજે તમારાં ચરણોનો મને લાભ મળ્યો એ મારી જિંદગીની સૌથી મોટી વાત છે.'

•

રેલવેના ક્લેઈમ ટ્રિબ્યુનલના દેવાણી સાહેબે સ્વામીશ્રીના આશીર્વાદ મેળવ્યા. તેઓ કહે : 'मैंने ऐसा अनुभव किया है कि हर जगह मुसीबत में आपकी वजह से ही मैं बहार निकल पाया हूँ।'

•

તા. ૫-૯-૨૦૦૯, અમદાવાદ

એક યુવક સ્વામીશ્રી પાસે આવ્યો. એના ધંધામાં બરકત આવતી ન હતી, એટલે એ મુઝાતો હતો. જોકે વારે વારે સ્વામીશ્રીને ભીડો આપવામાં પણ એને મૂંઝવણ થતી હતી. એટલે કહે : 'વારે વારે આપને શું કહેવું ?'

સ્વામીશ્રી કહે : 'વાંધો નહીં. દસ વખત કહેવામાં પણ વાંધો નહીં, પણ મુઝાવું નહીં.'

•

એક યુવક દર્શને આવ્યો. તેઓનાં પત્નીને બહારગામ જતાં ટ્રેનમાં એક અજાણ્યા યુવકનો સંપર્ક થતાં પ્રેમ થઈ ગયો હતો. એને કારણે થોડી ઘણી છૂટછાટો પણ લેવા માંડી હતી. જોકે બહુ જલદી એ વાતનો ખ્યાલ આવી જતાં પત્નીને પણ અંતર્દૃષ્ટિ થઈ હતી અને હવે પછી એવું કંઈ જ નહીં કરવાની બાંયધરી આપી હતી, છતાં આ યુવકના મનમાંથી પેલો વિચાર ટળતો ન હતો. એનાં માબાપે પણ આ યુવકને સમજાવ્યો હતો, છતાં એનું મન માનતું ન હતું. સ્વામીશ્રી સમક્ષ આવેલા એ યુવક અને એના પિતાશ્રીને સમજાવતાં સ્વામીશ્રીએ કહ્યું કે 'હવેથી પેલો વિચાર કાઢી નાખ. ભૂલ કદાચ થઈ, પણ હવે એને અંતર્દૃષ્ટિ થઈ છે તો શ્રીજીમહારાજ એના ઉપર પણ દયા કરશે. તારાં માબાપને પણ મનમાં કાંઈ નથી, તો તું પણ ચિંતા રાખતો નહીં. વિશ્વાસ રાખજે, આનંદમાં રહેજે.'

•

અહીંના મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર આઈ. પી. ગૌતમ સાહેબે સ્વામીશ્રી સમક્ષ અમદાવાદના વિકાસ સંબંધી ઘણી માહિતી આપી.

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'ગૌતમ સાહેબ તો લોકોની વચ્ચેના માણસ છે, છતાં ક્યારેક પબ્લિકની હરકતોથી કંટાળી જાય છે.'

સ્વામીશ્રી કહે : 'એમ કંટાળે કામ ન થાય, ધીરજ રાખવી જ પડે.'

•

ભોજન દરમ્યાન બ્રહ્મવિહારી સ્વામી કહે :

'અમેરિકામાં સાડા બાર લાખ રૂપિયાનો એક કપ આઇસક્રીમ મળે છે. સોનાનો હીરાજડિત કપ હોય એની અંદર એક ચમચો આઇસક્રીમ નાખે અને એની ઉપર ૨૩ કેરેટ સોનાનું વરખ ચડાવે. એ આઇસક્રીમ ખાધા પછી કપ ઘરે લઈ જવાનો.' આટલું કહીને તેઓ ગમ્મતમાં કહે : 'આપને જમાડીએ.'

'આપણે તો માનસીમાં બધું જ જમી લીધું છે. બાર લાખનો શું કામ ? બાર લાખનો હિસાબ પણ શું ? કરોડો ને કરોડોનું જમ્યા છીએ. માનસીમાં જમાડીએ પછી ખોટ શું કામ રાખવી ? ઠાકોરજીને માનસીમાં જમાડી દીધા, એમાં બધું આવી ગયું.' આટલું કહ્યા પછી સ્વામીશ્રી કહે : 'આ બધું દુનિયામાં 'વાહ વાહ' થાય એટલા માટે થતું હોય, બાકી આમાં વધારે સ્વાદ શું આવે ?'

•

તા. ૬-૯-૨૦૦૯, અમદાવાદ

દર્શને આવેલા બાળમંડળના સંચાલકો પૈકીના એક કાર્યકરે સ્વામીશ્રી સમક્ષ ગાયું : *'જેનું કામે કાપી લીધું નાક, લોભે લઈ લાજ લીધી રે.'* ગાયા પછી કહે : 'રક્ષા કરજો, જેથી માયામાં લેવાવાય નહીં.'

સ્વામીશ્રી કહે : 'મહારાજ-સ્વામીનો આશરો દૃઢ રાખજો ને સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કરજો. બધું સારું થશે.'

•

મુંબઈથી આવેલા કિરણભાઈ શાહના સુપુત્ર તિલકે સ્વામીશ્રીને કહ્યું કે 'મને એવા આશીર્વાદ આપો કે સારામાં સારું ભણું અને IIM સિવાય બીજું કશું જ ન જોઈએ.'

સ્વામીશ્રી કહે : 'IIMમાં જવું. એના તો આશીર્વાદ છે, પણ સારામાં સારા ભક્ત થવું એ ખાસ યાદ રાખજે.'

•

જાણીતા વકીલ પ્રશાંતભાઈ દેસાઈ સ્વામીશ્રીને મળ્યા અને તેઓ કહે : 'આપની સ્મૃતિ કરું ને કોઈ પણ છેડે હોઉં, પણ પ્રશ્ન હલ થઈ જાય છે.'

•

ગોંડલથી જ્ઞાનપ્રસાદ સ્વામીનો ફોન હતો. તેઓએ સ્વામીશ્રી પાસે વ્યાવહારિક માર્ગદર્શન મેળવ્યું. ફોનમાં વાત પૂરી થઈ એટલે સ્વામીશ્રીએ ફોન ધર્મચરણ સ્વામીને આપવા હાથ લંબાવ્યો. તેઓ ફોન લેવા ગયા, ત્યાં તો ઝડપથી તેમના હાથમાંથી ફોન પાછો લઈ લીધો અને પૂછ્યું : 'વરસાદ-પાણીનું કેમ છે ?'

વરસાદ સંબંધી પૂછી લીધા પછી, ફરીથી ફોન આપવા માટે હાથ લંબાવ્યો. જોકે કંઈક યાદ આવતાં તરત પાછો લઈ લીધો ને કહે : 'અક્ષર દેરીમાં દર્શન કરજો, પ્રાર્થના કરજો.'

આટલું કહીને ફરીથી ફોન પાછો આપવા માટે હાથ લંબાવ્યો. ધર્મચરણ સ્વામી લેવા ગયા, ત્યાં વળી પાછો લઈ લીધો અને કહે : 'બાલમુકુંદ સ્વામી ને બધા સંતોને જય સ્વામિનારાયણ કહેજો.' આ રીતે લીલા કરી.

•

આજની રવિસભા મંદિરની સામેના પરિસરમાં કરવામાં આવી હતી. સભાની સમાપ્તિ પછી ગોલ્ફ-કાર્ટમાં વિરાજીને સ્વામીશ્રી મંદિરે આવવા નીકળ્યા. ગોલ્ફકાર્ટની લાઇટો ચાલુ હોવાથી સૌને દર્શનનું ખૂબ સુખ આવતું હતું. સ્વામીશ્રી પુનઃ શાહીબાગ રોડ (બળવંતરાય મહેતા રોડ) આગળ આવ્યા. આ રોડના ડિવાઈડરના પથ્થરો હંગામી ધોરણે ઉપાડી લેવામાં આવ્યા હતા, જેથી સ્વામીશ્રી સીધા જ મંદિરના દરવાજે પહોંચી શકે. સ્વામીશ્રીએ આ જોયું એટલે તરત જ બ્રહ્મવિહારી સ્વામીને પૂછ્યું કે 'મ્યુનિસિપાલિટીની પરમિશન તો લીધી હતી ને ?'

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'પોલીસ કમિશનરની પરવાનગી લીધા પછી જ આપણે આ કાર્ય કર્યું છે અને આ વ્યવસ્થા માટે ડી.વાય.એસ.પી. પણ સાથે જ છે.'

આટલું કહીને ડી.વાય.એસ.પી. વાઘેલા સાહેબને પણ સ્વામીશ્રીની નજીક કર્યા. સ્વામીશ્રીને સંતોષ થયો. એથી પણ વધારે સંતોષ ડી.વાય.એસ.પી. વાઘેલા સાહેબને થયો, કારણ કે તેઓને એ વાતનું આશ્ચર્ય હતું કે આટલી ઝીણી ઝીણી બાબતનું પણ પ્રમુખસ્વામી મહારાજ ધ્યાન રાખે છે !!

મંદિરે પધાર્યા પછી ડી.વાય.એસ.પી. વાઘેલા સાહેબને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા.

•

વાતવાતમાં સ્વામીશ્રીએ જૂના હરિભક્ત રસિકભાઈ ધનજીભાઈ પટેલને સંભાર્યા અને પૂછ્યું : 'તેઓના બે દીકરાઓ હરિકૃષ્ણ અને યજ્ઞેશ આવે છે કે નહીં ?'

અક્ષરવત્સલ સ્વામી કહે : 'એ લોકો રોજ આવે છે, પણ દર્શન કરીને નીકળી જાય છે.'

સ્વામીશ્રીએ તેઓને વ્યક્તિગત દર્શનમાં બોલાવી લાવવા જણાવ્યું. એ જ રીતે મગનભાઈ આફ્રિકાવાળાના સુપુત્ર હરિકૃષ્ણભાઈને પણ યાદ કરીને બોલાવવાની સૂચના આપી.

અતિ વ્યસ્તતા વચ્ચે પણ સ્વામીશ્રી જૂના હરિભક્તોને વીસરતા નથી.

•

તા. ૭-૯-૨૦૦૯, અમદાવાદ

સ્વામીશ્રી ઉતારા તરફ પધારી રહ્યા હતા. તેઓની દૃષ્ટિ એક શ્વાન ઉપર પડી. ઉતારા આગળ લીમડાના વૃક્ષના ઓટલા આગળ આ શ્વાન બેઠો હતો. એને જોતાં સ્વામીશ્રી કહે : 'એને પણ પુષ્પ આપો.' આટલું કહેતાં સ્વામીશ્રી એકલા એકલા જ હસવા લાગ્યા.

સામાન્યપણે મુલાકાતોમાં આવતા દરેક મુલાકાતીને સ્વામીશ્રી પુષ્પ આપે છે. આજે શ્વાનને પણ સ્વામીશ્રીએ પુષ્પ મોકલાવ્યું. પ્રત્યેકમાં ભગવાનનો વાસ નિહાળનારા સ્વામીશ્રી પ્રત્યેકનું પૂજન કરી જાણે છે.

•

હરીશભાઈ ભૂપતાણી(કંપાલા) દર્શને આવ્યા. ગઈકાલે તેઓએ સ્વામીશ્રીને પત્ર લખીને પુછાવ્યું હતું કે 'સુખનું ફળ શું ને દુઃખનું ફળ શું ?'

ત્યારે સ્વામીશ્રીએ પત્ર વાંચીને કહ્યું હતું કે 'સુખનું ફળ શાંતિ. મહારાજ અને સ્વામી મળ્યા એટલે શાંતિ, બાકી આ લોકનાં સુખ-દુઃખ તો આવે પણ અંતરમાં શાંતિ રહે. એ જ રીતે દુઃખનું ફળ અશાંતિ છે.'

આજે છેલ્લે જ્યારે તેઓ દર્શને આવ્યા ત્યારે ફરીથી આ પ્રશ્ન પૂછતાં સ્વામીશ્રી કહે : 'શૉર્ટ એન્ડ સ્વીટ. સુખનું ફળ શાંતિ અને દુઃખનું ફળ અશાંતિ. ભગવાન ને સંત મળ્યા એ મોટું સુખ છે. એમાં દૃઢ વિશ્વાસ, દૃઢ ભક્તિ રહે એટલે શાંતિ રહે. પછી આ લોકનાં સુખ-દુઃખ તો આવ્યાં કરે ને જાય પણ ખરાં, પણ પેલો વિશ્વાસ છે એટલે શાંતિ રહે.'

•

તા. ૮-૯-૨૦૦૯, અમદાવાદ

ભાવનગરના એક નાના ગામમાંથી એક હરિભક્તનો પત્ર હતો. તેઓને નવો કૂવો ગાળવો હતો. એના માટે જમીનનો નકશો મોકલ્યો હતો. સ્વામીશ્રીએ લગભગ પાંચેક મિનિટ સુધી જમીનનો નકશો જોયો અને ત્યારપછી નિશાની કરી. એ જ રીતે આહવા-ડાંગના એક ગામમાંથી એક આદિવાસીએ બોર કરવા માટે નકશો મોકલ્યો હતો. એમાં પણ સ્વામીશ્રીએ પાંચ મિનિટનો સમય લીધો, ત્યારપછી નિશાની કરી આપી.

•

તા. ૯-૯-૨૦૦૯, અમદાવાદ

એક હરિભક્ત દર્શને આવ્યા. તેઓ કહે : 'મારી દીકરી રોજ આપની પ્રાતઃપૂજામાં દર્શને આવે છે. એ એમ કહેતી હતી કે મને એમ થાય છે દીકરો હોત તો બાપાના પ્રત્યક્ષ દર્શન કરત.'

સ્વામીશ્રી કહે : 'ઇચ્છા રહે, પણ ભગવાન ભજે ને સ્મૃતિ કરે એ એવો લાભ જ છે.'

•

તા. ૧૧-૯-૨૦૦૯, અમદાવાદ

સંસ્થાના ભૂતપૂર્વ સેક્રેટરી રસિકભાઈ ધનજીભાઈ પટેલના બંને સુપુત્રો હરિકૃષ્ણ અને યજ્ઞેશ દર્શને આવ્યા. તેઓને જોતાંવેંત ઘણાં વરસોથી શોધતા હોય એવા સૂરમાં સ્વામીશ્રી કહે : 'તમે લોકો અહીં રોજ આવો છો, પણ મારી પાસે દેખાતા નથી. આવી જવું જોઈએ ને !' જાણે કે પ્રેમથી સ્વામીશ્રી ટપારતા હોય એવો ઉમળકો એમના શબ્દોમાં દેખાતો હતો.

•

ભોજન પછી સ્વામીશ્રીને હું હરિભક્તોના કેટલાક પ્રશ્નો પૂછતો હતો. સ્વામીશ્રી પ્રેમથી સાંભળતા હતા. જોકે સાથે સાથે ઓશીકું પણ આઘુંપાછું કરતા હતા. એટલે મેં પૂછ્યું : 'સ્નાન કરવા જવું છે ?'

સ્વામીશ્રી કહે : 'ના, ના, બોલોને ! વાંધો નહીં.'

જોકે સ્વામીશ્રીને ખરેખર સ્નાન કરવા જવું હતું. એટલે મેં કહ્યું : 'આ પ્રશ્ન પૂછવામાં ક્યાં ઉતાવળ છે ? પછીય થશે.'

આ સાંભળ્યા પછી સ્વામીશ્રી સ્નાન કરવા માટે ઊભા થયા. હરિભક્તોના પ્રશ્નો ઉકેલવામાં સ્વામીશ્રી પોતાના દેહની ક્રિયાને પણ ગૌણ કરતા રહ્યા છે.

•

તા. ૧૨-૯-૨૦૦૯, અમદાવાદ

લંડનથી આવેલા નીતિનભાઈ પલાણ દર્શને આવ્યા.

સ્વામીશ્રીએ તેઓનો હાથ હાથમાં લઈને પૂછ્યું : 'તમારે કાંઈ પૂછવું છે ?'

'હા, એક જ તકલીફ છે.' નીતિનભાઈએ કહ્યું.

'શું ?' સ્વામીશ્રીએ કહ્યું.

નીતિનભાઈ કહે : 'આપ મળ્યા પછી તકલીફ નજીક જ આવતી નથી, એ તકલીફ છે.'

આ સાંભળીને સ્વામીશ્રી હસી પડ્યા.

•

એક મુમુક્ષુએ સ્વામીશ્રીને પ્રાર્થના કરતાં કહ્યું : 'દરેકનો મહિમા સમજાય એવા આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી કહે : 'મહારાજની દયાથી બધું સારું થશે, પણ ખાલી વાત કરવાથી સવાદ ન આવે. પ્રયત્ન કરીએ અને પ્રાર્થના કરીએ અને એવા થઈએ તો સવાદ આવે.'

•

તા. ૧૩-૯-૨૦૦૯, અમદાવાદ

આજની સભામાં આશીર્વાદ વરસાવતાં સ્વામીશ્રી બોલ્યા : 'ભગવાનનાં ચરિત્રો સાંભળવાથી જીવમાં શાંતિ થાય છે. ભગવાનની કથા ન સાંભળીએ તો આવું જ્ઞાન ન થાય, જીવનમાં ભક્તિ ન આવે. પણ જો એ કથા સાંભળીએ તો આપણામાં સાચી ભક્તિ ઉદય થાય છે અને સાચી વસ્તુ આપણને સમજાય છે. સાચી વસ્તુ ભગવાન છે. એમાં માયાનો કોઈ ભાવ નથી. એ દિવ્ય છે, દિવ્ય છે ને દિવ્ય છે. એટલે ભગવાનનો સંગ કરીએ તો આપણામાં એ ગુણ આવે. અને સાચા સત્પુરુષ જે બ્રાહ્મીસ્થિતિને પામેલા હોય એનાથી આપણું અજ્ઞાન જાય, માયાના ભાવ ટાળીને આપણને ભગવાનમાં જોડે.'

•

કોલકાતાથી નીતિનભાઈ બદાણીનો ફોન આવ્યો. તેઓનાં માતુશ્રી અક્ષરનિવાસી થયાં હતાં. સ્વામીશ્રીએ તેઓને આશીર્વાદ આપ્યા. નીતિનભાઈએ છેલ્લે પૂછ્યું : 'માતુશ્રીનાં અસ્થિફૂલ અહીં ગંગામાં પધરાવી દીધાં છે. એક અસ્થિફૂલ બાકી રાખ્યું છે. આપ કહો એમ કરીએ.'

સ્વામીશ્રી કહે : 'એક જ અસ્થિફૂલ હોય તો એના બે ટુકડા કરજો. એક ગોંડલમાં અને બીજો ગઢડામાં પધરાવજો.'

•

તા. ૧૫-૯-૨૦૦૯, અમદાવાદ

આજના દિવસે કેટલાક હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. આ હરિભક્તોમાં અક્ષરનિવાસી ભૂપેન્દ્રભાઈ પટેલ(વડોદરા)નો પરિવાર હતો. થોડાક દિવસ પહેલાં અબુધાબીમાં માર્ગ અકસ્માતમાં ભૂપેન્દ્રભાઈ પટેલ અક્ષરનિવાસી થયા હતા. આવા અચાનક મૃત્યુમાં આઘાત લાગે એ સ્વાભાવિક છે, પરંતુ અહીં ચિત્ર જુદું હતું. પરિવારના સભ્યોમાં ભૂપેન્દ્રભાઈનાં પત્ની ને તેઓનાં પુત્ર તથા સુપુત્રીઓએ આવા કપરા પ્રસંગે અત્યંત ધીરજ રાખી અને રોકકળ કર્યા વગર જ્ઞાન અને સમજણથી કામ લીધું. સ્વામીશ્રીએ તેઓના પુત્રને ફોનથી જ્યારે એમ કહ્યું કે 'બાપુજીને ભગવાને ધામમાં જ બેસાડ્યા છે,' ત્યારથી ચિત્ર બદલાઈ ચૂક્યું હતું. એટલે ઘરમાં પણ સૌએ નિર્ણય કર્યો હતો કે લાગણીઓને ભક્તિ ને સમજણમાં ઢાળવી. અગ્નિસંસ્કારથી માંડીને તમામ ક્રિયાઓમાં સૌ ભજન કરતાં રહ્યાં હતાં. એટલું જ નહીં, વડોદરાની રવિસભામાં તેઓએ પેંડાનો પ્રસાદ રાખ્યો. તેઓની સમજણ એવી હતી કે જ્યારે ભૂપેન્દ્રભાઈ આ દુન્યવી દુ:ખોમાંથી મુક્ત થઈને ભગવાનના ખોળામાં બેઠા ત્યારે એ અવસર દુ:ખદ કઈ રીતે કહી શકાય ? આજના દિવસે પણ એ જ સમજણ સાથે અહીં ઉપસ્થિત તમામ હરિભક્તોને પેંડાનો પ્રસાદ વહેંચવા અને સ્વામીશ્રીના આશીર્વાદ લેવા તેઓ આવ્યા હતા. આજે પૂજામાં ઉપસ્થિત તમામ હરિભક્તોને તેઓ તરફથી પેંડાનો પ્રસાદ હતો. પ્રવક્તાએ જ્યારે આ વાત જાહેર કરી ત્યારે આ સૌની સમજણ જોઈને સ્વામીશ્રી પણ તાળી પાડી ઊઠ્યા.

મુલાકાતો દરમ્યાન અક્ષરનિવાસી ભૂપેન્દ્રભાઈ પટેલનો સુપુત્ર અભિષેક ને તેઓના મામા અશોકભાઈ સ્વામીશ્રીને મળ્યા. સ્વામીશ્રીએ રાજી થઈ આશીર્વાદ આપતાં કહ્યું : 'બધાને નિષ્ઠા અને સમજણ સારી છે, એટલે સુખિયા છે. હિંમતથી અને સમજણથી તમે કામ લીધું છે. ભગવાનના ભક્તને શોક હોય જ નહીં. ભગવાનનો ભક્ત ધામમાં જાય એટલે સુખિયો બને. સમજણ-નિષ્ઠા છે તો શાંતિ છે.'

આટલું કહીને સ્વામીશ્રીએ અભિષેકના હાથમાં હાથ મેળવ્યો અને એ વખતે અભિષેકને જાણે કે સમગ્ર

શરીરમાં ચેતનાનો સંચાર થયો હોય એવી દિવ્ય અનુભૂતિ થઈ.

•

તા. ૧૬-૯-૨૦૦૯, અમદાવાદ

સ્વામીશ્રી સભાગૃહમાં પૂજા કર્યા પછી ઉતારે પધારતા હોય એ વખતે માર્ગમાં અમદાવાદ યુવક મંડળના સભ્યો રોજ જુદી જુદી રજૂઆતો નાનકડો સંવાદ ગોઠવીને કરતા હોય છે. આજે આ યુવકોએ ચોકમાં વૃદ્ધાશ્રમ ખડો કર્યો હતો.

વૃદ્ધાશ્રમમાં બેઠેલા વૃદ્ધો કેવી કેવી હરકતો કરે એનો આબેહૂબ ચિતાર બે મિનિટમાં આ કલાકારોએ આપી દીધો અને છેલ્લે પૂછ્યું કે 'અમે વૃદ્ધો થઈએ પછી શું કરવાનું ?'

સ્વામીશ્રી હાથ ઊંચો કરીને કહે : 'માળા જ કરવાની છે.'

સ્વામીશ્રી સમજાવી રહ્યા હતા કે છેલ્લો આશ્રમ તે ભગવાન ભજવાનો જ છે.

લિફ્ટમાં પધારેલા સ્વામીશ્રી આગળ ઊભેલા વિશ્વવિહારી સ્વામી કહે : 'આપણું ધ્યાન રાખજો.'

સ્વામીશ્રી કહે : 'તમારે વૃદ્ધ થવાનું જ નથી, એટલે વાંધો નથી.'

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'કઈ રીતે ?'

સ્વામીશ્રી કહે : 'જ્ઞાનથી.'

•

ગુજરાત રાજ્યના વિધાનસભાના સ્પીકર અશોકભાઈ ભટ્ટને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. વાતચીત દરમ્યાન તેઓએ ઉલ્લેખ કર્યો કે '૮ ટર્મથી તેઓ ચૂંટાય છે, એ ગુરુકૃપા અને ભગવાનની કૃપા છે.'

સ્વામીશ્રી કહે : 'આ બે વસ્તુ રાખી છે એ જ મુખ્ય છે. આશીર્વાદ છે.'

•

તા. ૧૭-૯-૨૦૦૯, અમદાવાદ

સ્વામીશ્રી મુલાકાત દરમ્યાન એક જજને મળ્યા. વહેલા ઊઠીને તેઓ પૂજા કરી ખાસ સ્વામીશ્રીનાં દર્શને પધાર્યા હતા. સ્વામીશ્રી અભિષેક-દર્શન કરીને મંદિર ઉપર પધાર્યા ત્યારે તેઓ લીંબડા નીચે ઊભાં ઊભાં દર્શન કરતા હતા. સ્વામીશ્રીએ હાથનું લટકું કર્યું અને દૃષ્ટિ કરી, એમાં તો આખા શરીરમાં તેઓને વીજળી પસાર થઈ હોય એવી દિવ્યતા અનુભવાઈ. અત્યારે પણ સ્વામીશ્રીનાં દર્શન કરીને બોલ્યા : 'આપના સ્પર્શથી તો રોમાંચિત થઈ જવાય છે.'

•

રાજકોટથી ભરતભાઈ સોની આવ્યા હતા. તેઓને એન્જિયોગ્રાફી કરાવવાની હતી. સ્વામીશ્રી તેઓને કહે : 'આપણે તો ટેબલ (કેથ લેબના ટેબલ) પર બેસીને સ્વામિનારાયણ સ્વામિનારાયણ... કરવું. ડૉક્ટરને જે કરવું હોય એ કરે, શ્રીજીમહારાજ રક્ષામાં બેઠા છે.'

•

તા. ૧૮-૯-૨૦૦૯, અમદાવાદ

ભૂમિભ્રમણ કરીને સ્વામીશ્રી પલંગ ઉપર વિરાજમાન હતા. સામે બ્રહ્મવિહારી સ્વામી ઊભા હતા. ભૂમિ-ભ્રમણના વચ્ચેના વિરામ દરમ્યાન સ્વામીશ્રીને તેઓએ કેટલીક વાતો કરી હતી. એ સંદર્ભમાં પલંગ ઉપર બેસીને તરત જ સ્વામીશ્રી કહે : 'બીજી કંઈ વાત કરવાની હોય તો કરો.'

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'આપ કેટલા કાર્યરત છો ?!'

સ્વામીશ્રી કહે : 'આ અહીં બેઠા ને ઊઠ્યા એમાં કાર્ય શું થયું વળી ?'

બ્રહ્મવિહારી સ્વામીએ ફોડ પાડતાં કહ્યું : 'અત્યારે સૂવાનો સમય થયો છે, આપ પલંગ ઉપર બેઠા છો ને તોય પૂછો છો કે કંઈ વાત કરવી હોય તો કરો. આપનું જોઈને બીજાને કાર્ય સૂઝે છે અને કાર્યરત થાય છે.'

સ્વામીશ્રી કહે : 'બધા સારું જ કામ કરે છે.'

યોગીચરણ સ્વામી કહે : 'એ બધું આપમાંથી પ્રેરણા લઈને. ચેસ બોર્ડ ઉપર બધાં પ્યાદાં ચાલતાં હોય તોય એ રાજાના ઈશારે થતું હોય !'

સ્વામીશ્રી કહે : 'આપણે શું સંચાલન કરવાના ? ભગવાન સૌનું સંચાલન કરે છે.'

•

તા. ૧૯-૯-૨૦૦૯, અમદાવાદ

પૂજા પછી સૌને દર્શનદાન આપીને સ્વામીશ્રી લિફ્ટમાં પધાર્યા. લિફ્ટના એક ખૂણામાં એક ફૂદું લિફ્ટની દીવાલને ચોંટીને બેઠું હતું. સ્વામીશ્રી જ્યારે પૂજામાં પધાર્યા એ વખતે પણ એ ફૂદું એ જ સ્થિતિમાં ત્યાં જ ચોંટેલું હતું અને અત્યારે પણ એ જ સ્થિતિમાં

એને ચોંટેલું જોઈને સ્વામીશ્રી સહસા બોલી ઊઠ્યા : 'હજી અહીં જ છે !' બંને વચ્ચેના વાર્તાલાપમાં ઉત્તર શું હતો અને હેતુ શું હતો, એ ખ્યાલ ન આવ્યો.

•

મહુવાના એક સંઘવી જૈન મુમુક્ષુ દર્શને આવ્યા. તેઓ સ્વામીશ્રીનાં દર્શન કરતાંવેંત કહે : 'આપને જોઈને હંમેશાં મને એક શ્લોક યાદ આવે છે : 'यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत।'

•

ભોજનના અંતે સ્વામીશ્રીએ દૂધની સાથે ગોળી લેવાનું શરૂ કર્યું. સ્વામીશ્રીને હમણાં ગોળી ગળતાં પહેલા કરતાં પણ વધારે વાર થાય છે. ગોળી મોઢામાં મૂક્યા પછી દૂધ લઈને ગોળી ઉતારવાનો પ્રયત્ન કરવા માટે લગભગ આઠથી દસ વખત માથું ઊંચુ-નીચું કરવું પડે છે. આ પરિસ્થિતિમાં ગોળી દૂધની સાથે ઓગળતી ઓગળતી અંદર જાય એવી સ્થિતિ થઈ જાય છે. આજે દૂધનો કોગળો મોઢામાં હતો ને એવામાં જ છીંક આવી ગઈ અને દૂધનો છંટકાવ બહાર થઈ ગયો, ગોળી પણ બહાર નીકળી ગઈ. પલળેલી ગોળી સ્વામીશ્રીએ હાથમાં લઈ લીધી. સ્વામીશ્રીની દાઢી અને મૂછમાં દૂધના શ્વેતકણો બાઝી ગયા હતા. ડાબા હાથમાં પકડેલો ગ્લાસ નીચે મૂકી દેવામાં આવ્યો અને હાથ ને મોઢું ધોવડાવવામાં આવ્યાં. સ્વામીશ્રીએ વાપરેલી ગોળી જ પાછી મોઢામાં મૂકી. સંતોએ કહ્યું કે 'નવી ગોળી લઈ લઈએ;' પરંતુ સ્વામીશ્રીએ એ માન્ય ન રાખ્યું અને અડધી ઓગળેલી ગોળી જ પુનઃ લીધી.

•

તા. ૨૦-૯-૨૦૦૯, અમદાવાદ

સ્વામીશ્રીએ આશીર્વાદ દરમ્યાન પ્રેરણાવચનો કહેતાં કહ્યું :'ભણતા પંડિત નીપજે અને લખતા લહિયો થાય. એમ આધ્યાત્મિક બાબતમાં વિશ્વાસની જરૂર છે. ખેડૂત જેમ વાવણી કરે પછી એમાં ખાતર, પાણી, નિંદામણ કરે, ધ્યાન રાખે તો પાક તૈયાર થાય. એમ આધ્યાત્મિક બાબતમાં પણ વિશ્વાસ રાખીને ધ્યાન રાખવાનું છે, તો જ્ઞાન દૃઢ થાય ને બ્રહ્મરૂપ થઈને સુખી થઈ જાય.'

•

આજના દિવસે પ્રસિદ્ધ કૅમેરામૅન શ્રી લલ્લા ખાસ કૅમેરો લઈને શૂટિંગ કરવા માટે આવ્યા હતા. તેઓ આંતરરાષ્ટ્રીય નામના ધરાવતા કૅમેરામૅન છે. આવતી-કાલે જ તેઓ એક વિશ્વકક્ષાની કોમ્પિટિશનમાં જજ તરીકે અમેરિકા જઈ રહ્યા હતા. આજે સવારથી જ સ્વામીશ્રીની જાહેર દિનચર્યાની વીડિયો તેઓએ ઉતારી હતી. પૂજા દરમ્યાન જ્યારે તેઓ વીડિયો ઉતારતા હતા ત્યારની તેઓની અનુભૂતિ ખૂબ જ દિવ્ય હતી. તેઓ કહે : 'સતત પોણો કલાક સુધી મારામાં એક એવી દિવ્ય અનુભૂતિ થતી હતી કે મારાં રૂંવાડાં ખડાં થઈ ગયાં હતાં. મને એમ જ લાગી રહ્યું હતું કે હું શૂટિંગ નથી કરી રહ્યો, કો'ક બીજો જ શૂટિંગ કરે છે. આ રોમાંચનો અનુભવ પહેલાં મેં ક્યારેય કર્યો નથી.'

•

તા. ૨૩-૯-૨૦૦૯, અમદાવાદ

પ્રસિદ્ધ ગાયક કલાકાર રાસબિહારી દેસાઈ પણ દર્શને આવ્યા હતા. તેઓ કહે : 'બરાબર એક વર્ષ પહેલાં આ તારીખે સવારે હું આપનાં દર્શને આવ્યો ત્યારે મેં આપને પ્રાર્થના કરી હતી કે મારાં માતુશ્રી બહુ રિબાય છે, તો એમને સુખિયા કરો. અને આપના આશીર્વાદથી એ જ દિવસે તેઓ સુખિયા થઈ ગયાં હતાં. બરાબર વરસે હું આપના આશીર્વાદ લેવા આવ્યો છું.'

•

તા. ૨૪-૯-૨૦૦૯, અમદાવાદ

એક મુમુક્ષુ દર્શને આવ્યા. તેઓને પત્ની તરફથી ત્રાસ હતો. પત્નીના ત્રાસથી ત્રાસીને તેઓ મનને શાંત કરવા માટે વ્યસન ઉપર ચડી ગયા હતા. આ સાંભળીને સ્વામીશ્રી કહે : 'વ્યસન કરવાથી ત્રાસ જતો રહ્યો ? પત્નીએ ત્રાસ આપવાનું બંધ કર્યું ?'

'ના.'

'તો ભલા'દમી બેય બાજુનું દુઃખ શું કામ સહન કરો છો ? પત્નીનો પણ ત્રાસ ને વ્યસનનો પણ ત્રાસ ! એના કરતાં ભગવાનનું નામ લઈને કામ કરો, ભજન કરો, પ્રાર્થના કરો, તો પત્નીને પણ સદ્બુદ્ધિ આવશે અને બધું જતું રહેશે. માટે વ્યસન મૂકો.'

•

એક સરકારી અધિકારી દર્શને આવ્યા હતા. તેઓના દીકરા પણ સાથે હતા. તેઓ કહે : 'મન સ્થિર રહેતું નથી.'

સ્વામીશ્રી કહે : 'કોઈ પણ કાળે મૂંઝાવાનું નહીં, મહેનત કરવી ને પ્રાર્થના કરવી, એટલે મન સ્થિર થઈ જશે. રોજ પાંચ માળા કરજે. મૂંઝાવું તો નહીં જ. બધું સારું થશે.'

•

એક યુવક સ્વામીશ્રીને કહે : 'સ્વપ્નામાં આપનાં દર્શન થાય છે, એ તમારાં જ છે ને ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાનનાં થાય છે.'

•

૬:૩૦ વાગ્યા પછી કેનેડાના ટ્રેડ મિનિસ્ટર (વ્યાપાર-મંત્રી) સ્ટોકવેલ ડે (Stockwell day) તથા તેઓનો સ્ટાફ દર્શને આવ્યા. જેમાં કેનેડાના કોન્સ્યૂલેટ જનરલ રીક મેકલેરા (Rick Mcelrea) તથા મેજર ઈવેન્ટ સેક્શનના ઑપરેશનલ પ્લાનર સાર્જન્ટ માર્ક બોલ્ડક (Mark Bolduc) તથા સિનિયર ટ્રેડ કમિશનર કેનેડાના હાઈકમિશનમાં કોમર્શિયલ મિનિસ્ટર મારિયો સ્ટેમારી (Mario Ste-Marie) વગેરે હતા. સ્વામીશ્રીએ સૌને હાર પહેરાવીને સન્માન્યા. તેઓ પણ સ્વામીશ્રી માટે બૂકે લઈને આવ્યા હતા. સ્વામીશ્રીને તેઓએ એ અર્પણ કર્યા ને ત્યારપછી તેઓ સૌ ખુરશી ઉપર બેઠા.

ટ્રેડ મિનિસ્ટર કહે : 'અમારા દેશના પ્રાઈમ મિનિસ્ટર સ્ટીફન હાર્પર જ્યારે મને મળ્યા ત્યારે તેઓએ લાગણીથી આપને પણ યાદ કર્યા હતા. આજે અમારો દિવસ ખૂબ લાંબો રહ્યો. આપનો દિવસ પણ ભરપૂર છે, પણ તેમ છતાં આપે અમારા માટે સમય કાઢ્યો તે બદલ આપનો અમે આભાર માનીએ છીએ.'

સ્વામીશ્રી કહે : 'આપ દૂર દૂરથી પધાર્યા છો, એટલે અમારે પણ સમય આપવો જોઈએ જ ને ! પ્રાઈમ મિનિસ્ટર સાહેબ પણ અમારા મંદિરમાં ત્યાં પધાર્યા હતા. એમને અમે પણ યાદ કરીએ છીએ.'

ટ્રેડ મિનિસ્ટર કહે : 'મને આપ અને આપના સ્વયંસેવકો ઉપર ખૂબ આદર છે. આપ વિશ્વમાં જે કાર્ય કરી રહ્યા છો અને આપના હરિભક્તો પણ જે કાર્ય કરે છે, એની મને અંતરથી લાગણી છે.'

સ્વામીશ્રી કહે : 'કેનેડા દેશમાં આપ સૌએ મંદિર કરવા માટે અમને જગ્યા આપી અને સહકાર આપ્યો તો અમે આવું કાર્ય કરી શકીએ છીએ. અમને પણ આપ સૌ માટે આદર છે.'

ટ્રેડ મિનિસ્ટર કહે : 'આજના દિવસે અમારે ઘણાને મળવાનું થયું. રાજકારણીઓને પણ મળ્યા, વેપારીઓને પણ મળ્યા ને સામાન્ય લોકોને પણ મળ્યા. એની પહેલાં ગાંધીજીની જગ્યાએ પણ જઈ આવ્યા હતા. અને આજના દિવસનું છેલ્લું સ્થાન આધ્યાત્મિક પુરુષ સાથે સમય ગાળવા મળ્યો એ છે. અમારો આજનો દિવસ સાર્થક થઈ ગયો.'

•

તા. ૨૬-૯-૨૦૦૯, અમદાવાદ

પિનાકિન યાજ્ઞિક તથા પ્રદીપ યાજ્ઞિક ચારધામ યાત્રા કરીને આવ્યા હતા. તેઓ ગંગાજળની લોટી લઈને સ્વામીશ્રી પાસે આવ્યા. તેઓને જોઈને સ્વામીશ્રી કહે : 'તમે તો તીર્થયાત્રા કરીને આવ્યા, તો પગે લાગવા દો.'

તેઓ કહે : 'આજે આપનાં ચરણોમાં અમારી તીર્થયાત્રા પૂરી થઈ, કારણ કે અડસઠ તીરથ આપનાં ચરણોમાં છે.'

•

તા. ૨૭-૯-૨૦૦૯, અમદાવાદ

સાંજે ૪:૩૦ વાગે પરવારીને સ્વામીશ્રીએ પત્રો વાંચ્યા. એક-બે પત્ર વાંચ્યા પછી કહે : 'આ એક પત્રમાં એવું લખ્યું છે કે જલદી જવાબ આપશો. આજકાલમાં જ મારે નિર્ણય લેવાનો છે.' આટલું કહીને સ્વામીશ્રી કહે : 'આ ટપાલો પડી રહે છે. કેટલાય દિવસથી પડી છે. અગત્યની હોય ને જલદી જવાબ આપવાના હોય તો તમારે મને પૂછી લેવું જોઈએ. તમે તો વાંચી જ હોય છે ને !'

ધર્મચરણ સ્વામી કહે : 'મિટિંગો એટલી હોય છે કે ટાઈમ મળે તો પૂછું ને !'

સ્વામીશ્રી કહે : 'આવું હોય ત્યારે યાદ કરીને કહી દેવું કે આને જલદી જવાબ આપવાનો છે.'

હકીકતમાં ઘણી વખત તો ચાલુ ભોજનમાં પણ મિટિંગની પૂર્વ ભૂમિકાઓ થઈ જતી હોય છે. એને કારણે અન્ય કામો ઠેલાય એ સ્વાભાવિક છે, પરંતુ સ્વામીશ્રીને મન હરિભક્તોના નાનામાં નાના પ્રશ્નો ઉકેલવામાં કેટલી ચોકસાઈ અને ખટકો છે એનાં દર્શન આવા પ્રસંગે થાય છે !!

•

સભામાં સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું કે

'આપણે સત્સંગી થયા એટલે સત્સંગના ખરેખરા નિયમ પાળવા જોઈએ. ઘણાને એમ થાય કે પૂજાપાઠ તો કરીએ છીએ અને ધર્માદો તો આપીએ છીએ; પણ એટલું પૂરતું નથી. નિયમ-ધર્મ દૃઢ ન હોય તો કંઈક મળે તો લલચાઈ જવાય, વિષયમાં તણાઈ જવાય. એમ લાગે કે ભગવાન ક્યાં જુએ છે ? ભગવાન બધે જ જુએ છે – એટલી શ્રદ્ધા અને વિશ્વાસ આપણામાં હોય તો વાંધો ન આવે. ગમે ત્યાં જાઓ – આકાશમાં, પાતાળમાં કે ડુંગરા ઉપર પણ ભગવાન તો જુએ છે. જો આવી નિષ્ઠા અને સમજણ હોય કે ભગવાન અંતર્યામી છે, સર્વજ્ઞ છે; તો પછી ચોરી ન થાય, જૂઠું ન થાય, ખરાબ પણ ન થાય. પણ એવું માનવામાં કચાશ છે એટલે આ બધું થયે રાખે છે. જગતમાં તકરાર થવાનું કારણ પણ એ જ છે.'

•

તા. ૨૮-૯-૨૦૦૯, અમદાવાદ

'દિવ્ય ભાસ્કર' વર્તમાનપત્રના એડિટર ઇન ચીફ અજયભાઈ ઉમટ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેઓ કહે : ''હું અમેરિકામાં સાનહોઝે જઈ આવ્યો. ત્યાં ભારતીય વિદ્યાર્થીઓ માટે બી.એ.પી.એસ. સંસ્થાએ બહુ જ સગવડો કરેલી છે. હું બર્કલી યુનિવર્સિટીમાં ગયો હતો, ત્યાં ગુજરાતી સિવાય શીખથી માંડીને ઘણા બધા પ્રાંતના ભારતીયો ભણે છે. આ બધાએ મને કહ્યું કે 'અમે નિયમિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં જઈએ છીએ.' મારી દૃષ્ટિએ ભારતનું રાજદૂતાવાસ આ જ કહેવાય. આટલાં બધાં કામમાં પણ બાપા જે રીતે સૌનું ધ્યાન રાખે છે એ અદ્‌ભુત છે. જ્યારે ભૂજમાં ધરતીકંપ થયો એ વખતે બાપાએ રાત્રે એવી સૂચના આપી હતી કે 'ઘરમાં જેવું ગરમ ગરમ આપણે ખાઈએ છીએ એવું જ આ ધરતીકંપમાં પીડિત માણસોને ગરમ જમાડજો.' એ વાતની ખરેખરી અનુભૂતિ હું પરદેશ ગયો ત્યારે થઈ, કારણ કે ત્યાં આપણી રસોઈ મળે નહીં અને સત્સંગીઓએ મને ત્યાં ગરમ દાળ-ભાત, શાક, રોટલી જમાડ્યા ત્યારે મને એનું મૂલ્ય સમજાયું. ખોરાકની કિંમત ત્યાં સમજાઈ. અને ત્યાં દરેક ભારતીયને મળવાનું કોઈ એક સારામાં સારું સ્થાન હોય તો એ આ સ્વામિનારાયણ મંદિર છે. આખા અમેરિકામાં ઘણા રાજ્યોમાં હું ફર્યો. કોઈ જગ્યાએ ગુજરાતી મળી જાય તો એ અવશ્ય પ્રમુખસ્વામીનું નામ આપે જ.'' તેઓએ પોતાની અનુભૂતિ સ્વામીશ્રી સમક્ષ વર્ણવી.

•

તા. ૨૯-૯-૨૦૦૯, અમદાવાદ

અમેરિકાથી આર્કિટેક્ટ Robert Blakeman, થીમેટીક ડિઝાઈનર Frank Sabouri ને સ્ટ્રક્ચરલ એન્જિનિયર Glenને લઈને અમૃતનંદન સ્વામી તથા મુનિતિલક સ્વામી આવ્યા હતા. આ બંને સંતોએ સ્વામીશ્રીનાં દર્શન ન થાય ત્યાં સુધી ઉપવાસ કર્યા હતા. સ્વામીશ્રીએ તેઓને પારણાં કરાવ્યાં ને ત્યારપછી તરત જ મિટિંગ માટે વિરાજ્યા. આ ત્રણેય અમેરિકન સ્થાપત્ય નિષ્ણાતો આપણા સ્થાપત્ય અને એના સ્ટ્રક્ચર સંબંધી જિજ્ઞાસા લઈને અહીં દેશમાં આવ્યા હતા. દિલ્હીનું અક્ષરધામ જોઈને તેઓ ખૂબ અભિભૂત થયા હતા. સ્વામીશ્રીને બૂકે આપીને તેઓએ સત્કાર્યા.

સ્વામીશ્રી કહે : 'તમારે ભગવાનનું કામ કરવાનું છે. અને એ નિમિત્તે ભારતમાં અવાયું ને ઠાકોરજીનાં અને સંતોનાં બધાનાં દર્શન થયાં.'

સંતોએ દિલ્હી અક્ષરધામનો અભિપ્રાય પૂછ્યો. એટલે આર્કિટેક્ટ Robert Blakeman કહે : 'અક્ષરધામ અદ્‌ભુત છે. એમાં પથ્થરની અંદર જે કોતરકામ થયું છે એ કોઈને પણ અભિભૂત કરી નાખે એવું છે. સ્ટ્રક્ચરની રીતે પણ અદ્‌ભુત છે. રોજના વીસ હજાર માણસો ત્યાં આવે છે. બધી રીતે સુંદર અનુભવ થયો. અને ફુવારા તો એકદમ અદ્‌ભુત હતા.'

ડિઝાઈનર Frank Sabouri કહે : 'સ્થાપત્યની શરૂઆત સૂક્ષ્મતાથી થાય છે, કારણ કે કઈ રીતનું સ્થાપત્ય કરવું એ પ્રથમ વિચાર દ્વારા મનમાં સ્ફૂરે છે અને સૂક્ષ્મ વિચારમાંથી ધીમે ધીમે આકાર લેવા તરફ એ ગતિ કરે છે, એટલે કે પથ્થરમાં કોતરાય છે. એટલે સૂક્ષ્મતાથી એ સ્થૂળ બને છે, પણ એ સ્થૂળતાને નીરખીએ છીએ ત્યારે જે અનુભૂતિ થાય છે એ અનુભૂતિમાં પથ્થરનું તત્ત્વ વિલીન થઈ જાય છે અને સ્થાપત્યની સૂક્ષ્મતા તેમાં પ્રગટ થાય છે. જેમ કોઈ કાવ્ય લખીને લાવે, એ કાવ્ય કાગળ ઉપર લખાયેલું હોય પણ કાગળ જોવામાં મઝા નથી, કાવ્યને માણવાની મઝા છે. એ માણવાની અનુભૂતિ જુદી હોય

છે. અમને અક્ષરધામમાં સ્થૂળતાનો કોઈ જ અનુભવ થયો નહીં. સૂક્ષ્મતાનો અનુભવ થયો અને આધ્યાત્મિક અનુભૂતિ થઈ.'

વળી, ત્રીજા સ્ટ્રક્ચરલ એન્જિનિયર કહે : 'અક્ષરધામ એકદમ અદ્‌ભુત છે. દરેક વસ્તુમાં નવીનતા અનુભવાઈ. પગલે પગલે નવું જ જોવાનું મળે. એને જોવા માટે એક દિવસ પૂરતો નથી.'

આ સૌ જ્યારે અક્ષરધામની દિવ્ય અનુભૂતિનાં વખાણ કરી રહ્યા હતા ત્યારે સ્વામીશ્રી ખુરશીમાં પાછળ બેઠેલા આજીવન સેવક હર્ષદભાઈ ચાવડાને બતાવીને કહે : 'આની ઓળખાણ કરાવો.'

•

તા. ૩૦-૯-૨૦૦૯, અમદાવાદ

'ઇન્ડિયા ટુ ડે'ના પત્રકાર ઉદય મુહુરકર દર્શને આવ્યા હતા. તેઓને સ્વામીશ્રી મળ્યા. તેઓની વિશેષતા એ છે કે તેઓ ક્યારેય ટી.વી. જોતા નથી અને ટી.વી.નાં દૂષણો સામે જાગૃતિ કઈ રીતે લાવવી એના માટે સતત પ્રયત્નશીલ રહે છે. તેઓ સ્વામીશ્રીને પોતાનો પ્રતિભાવ આપતાં કહે : 'મારું દસ વર્ષ પહેલાંનું નિરીક્ષણ હતું કે ટી.વી.માં આવતાં દૂષણો સામે બી.એ.પી.એસ.ના યુવાનો અને જૈન લડી શકશે, પણ છેલ્લાં દસ વર્ષમાં જોઉં છું કે જૈન યુવાનોમાં પણ ખૂબ પરિવર્તન આવ્યું છે અને હવે વિચલિત થતા જાય છે, મક્કમ નથી રહ્યા; પણ બી.એ.પી.એસ.ના જે કોઈ યુવાનો અને હરિભક્તોને મળું છું, એમની સાથેના વાર્તાલાપમાં અને એમના નિરીક્ષણમાં મને ઘડીએ ઘડીએ અનુભૂતિ થાય છે કે ટી.વી. સામેનાં દૂષણો સામે લડવામાં આ લોકો જ પર્યાપ્ત છે. આપનું નેતૃત્વ એવું છે.'

•


તા. ૩૦-૯-૨૦૦૯, ગોંડલ

સ્વામીશ્રી ફરાળ અંગીકાર કરી રહ્યા હતા. એ દરમ્યાન મકરાણાની વાત નીકળતાં સ્વામીશ્રી કહે : 'મકરાણામાં મુસલમાન હતા. નૂર મહંમદ તથા હાજી એવા ચારેક જણા હતા. એની સાથે જ કામ કરવાનું થતું. બધા બહુ સારા હતા.'

વિવેકસાગર સ્વામી કહે : 'સ્વામી ઉપર બધા બહુ જ પ્રેમ રાખતા. સ્વામી જમી રહે પછી જ તેઓ જમે, એટલો તેઓને પ્રેમ હતો.'

સ્વામીશ્રી કહે : 'તે દહાડે મુસલમાનો બધે જ હિંદુઓ સાથે ભળી જઈને જ બધાં કામ કરતા. ગામડાંઓમાં રહેતા એમને તો હિન્દુઓનાં લગ્નમાં આવવા-જવાનો વ્યવહાર પણ હતો, પરંતુ રાજકારણ આવ્યું ને બધું બગડ્યું. ભરુચની બાજુમાં સાંસરોદ ગામ છે, ત્યાં હાજી શેઠ માંદા હતા ત્યારે અમે એમને મળવા પણ ગયા હતા.'

પ્રસંગમ્



ઓક્ટોબર ૨૦૦૯



'આ અક્ષર દેરીનાં જે દર્શન કરશે, સેવા કરશે એના સંકલ્પો પૂરા થાશે એવો આ સ્થાનનો મહિમા છે.
આજે નવું વર્ષ સારું જાય ને સુખ-શાંતિ રહે એ માટે અહીં પ્રાર્થના કરીએ છીએ.
જેમ વેપારમાં નફો-નુકસાનનું સરવૈયું મૂકીએ છીએ, એમ સત્સંગમાં સરવૈયું મૂકીએ કે
સત્સંગમાં કેટલા વધ્યા અને કેટલા ઘટ્યા ? સત્સંગમાં મહારાજ રાજી થાય એવું કાર્ય કરવાનું છે.
ભગવાન રાજી થશે તો અનંત કોટિ બ્રહ્માંડ રાજી થશે. આજે પવિત્ર દિવસે પ્રાર્થના કરીએ કે
આપ બધાનાં અક્ષર દેરીમાં કરેલા સંકલ્પો પૂરા થાય. સૌ તને-મને-ધને કરીને સુખિયા થાય.'

– પ્રમુખસ્વામી મહારાજ

તા. ૨-૧૦-૨૦૦૯, ગોંડલ

આજે ક્ષૌરકર્મ હતું. સંતો વહેલી સવારે ક્ષૌરકર્મ પતાવીને, પરવારીને મંગળા આરતીનાં દર્શન કરીને સર્વસ્વના ચોકમાં સ્વામીશ્રીનાં દર્શન માટે દ્વાર ખૂલે એની રાહ જોઈને બેઠા હતા, પરંતુ આજે સ્વામીશ્રીએ કંઈક જુદું જ નિર્ધાર્યું હતું અને એટલે જ થોડી વારમાં તો સમાચાર આવ્યા કે સ્વામીશ્રીને તાવ છે.

સ્વામીશ્રીને ૧૦૨.૮° ફે. તાવ હતો. તાવને કારણે સ્વામીશ્રીને સખત ધ્રુજારી ચડી હતી. રાત્રે તો આ પ્રકારનાં કોઈ જ ચિહ્‌ન હતાં નહીં. અચાનક સવારે શૌચવિધિ માટે બાથરૂમમાં પધાર્યા અને ત્યાં જ ઠંડી ચડી ગઈ. આખું શરીર ધ્રૂજે એવી ઠંડીને લીધે સ્વામીશ્રી ચાલતાં ચાલતાં પણ ધ્રૂજતા હતા. ટેકો દઈને સ્વામીશ્રી પલંગ આગળ પધાર્યા. ક્ષૌરકર્મને લીધે રોજ કરતાં એક કલાક વહેલા જાગ્યા હતા, પરંતુ આ પરિસ્થિતિમાં ક્ષૌરકર્મ થઈ શકે એમ હતું નહીં, એટલે તાત્કાલિક પોઢાડી દેવામાં આવ્યા. યોગીચરણ સ્વામી તથા ડૉ. નિકુલે પ્રાથમિક તપાસ કરી ને ડૉ. કિરણભાઈ દોશીની સૂચના અનુસાર પરીક્ષણ માટે લોહી લેવામાં આવ્યું. સ્વામીશ્રીને ઠંડીને લીધે રજાઈ તો ઓઢાડવામાં આવી જ હતી, પરંતુ શેક કરવાનાં જુદાં જુદાં પેડ પણ વારાફરતી ગરમ કરીને છાતીથી માંડીને બધે મૂકવામાં આવતાં હતાં, છતાંય સ્વામીશ્રીને ધ્રુજારી ઓછી થતી ન હતી. બધા જ સંતોનો અનુભવ એવો હતો કે આવી ધ્રુજારી ભૂતકાળમાં ક્યારેય જોઈ નથી. ઈન્જેક્શન આપી દેવામાં આવ્યા પછી સ્વામીશ્રી થોડીક નિરાંતે સૂઈ શક્યા.

•

૧૦:૧૦ વાગે પરવાર્યા પછી સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શન કરવા માટે બહાર પધાર્યા ત્યારે શાલ ઓઢી હતી. તડકો પણ સારો એવો હતો, એને કારણે વાતાવરણ ગરમ હતું. અત્યારે મંદિરના પરિક્રમા વિસ્તરણનું કાર્ય ચાલી રહ્યું હતું. વાતાવરણમાં સહેજે જ ધૂળની રજકણો ઊડતી હતી. સમગ્ર સંતમંડળ મુંડન સહિત હતું અને સ્વામીશ્રી એકલા જ મુંડન વગરના હતા. આ દર્શન પણ વિશિષ્ટ હતાં.

યોગીજી મહારાજના ખંડમાં દર્શન કરી સ્વામીશ્રી બાલમુકુંદ સ્વામીને મળ્યા. બાલમુકુંદ સ્વામી કહે : 'સાંભળ્યું છે કે તાવ ગ્રહણ કર્યો, કોનું અંગીકાર કર્યું ?'

સ્વામીશ્રી કહે : 'આ તો દેહ છે એટલે આવી જાય ને ! ભગવાનની ઇચ્છાથી આવે છે.'

બાલમુકુંદ સ્વામી કહે : 'તમે દયાળુ છો, એટલે બધાનું અંગીકાર કરી લો છો.'

સ્વામીશ્રી ધ્રૂજતા અવાજે કહે : 'સંતોની દયા છે એટલે બધું ચાલે છે.'

•

તા. ૩-૧૦-૨૦૦૯, ગોંડલ

કેનેડા-ટોરોન્ટોથી પ્રકાશભાઈ પાડગોલવાળાનો પત્ર ઈમેલ દ્વારા આવ્યો હતો. તેઓએ લખ્યું હતું કે 'મંદિરથી ૮-૯ કિલોમીટર દૂર નવાં મકાનો બને છે. એમાં દસેક જેટલા હરિભક્તોએ મકાન નોંધાવ્યાં છે. આ સાથે સાઈટનો નકશો મોકલ્યો છે. અનુકૂળતા હોય તો કૃપા કરીને પ્રસાદીના કરીને મકાનનું ભૂમિભૂજન કરશો.'

સ્વામીશ્રી કહે : 'ભૂમિભૂજન કઈ રીતે કરવું ?'

'આપ દૃષ્ટિ કરીને હાથ ફેરવો અને પુષ્પ મૂકો એટલે ભૂમિપૂજન થઈ ગયું.' સંતોએ કહ્યું.

સ્વામીશ્રીએ એ રીતે દૃષ્ટિ કરીને પુષ્પ મૂક્યું અને

એ રીતે અહીં બેઠાં બેઠાં ટોરોન્ટોના એક પ્રોજેક્ટનું ભૂમિપૂજન કરી લીધું.

•

તા. ૪-૧૦-૨૦૦૯, ગોંડલ

આજે શરદ પૂર્ણિમાનો મહા-ઉત્સવ હતો. એક બાજુ માંદગીની અશક્તિ હતી અને છતાં ગઈકાલે રાત્રે પલંગ ઉપર પોઢ્યા પછી સ્વામીશ્રીએ ઇચ્છા વ્યક્ત કરી કે આજે બહાર સભામંડપમાં જાહેરમાં પૂજા કરવી છે. સેવકોએ ઘણો આગ્રહ કર્યો કે ‘હજી તબિયત સારી થઈ નથી, ને આ રીતે કરીએ અને ક્યાંક વધારે માંદા પડાય તો સાંજના મુખ્ય સમૈયામાં જવાય નહીં.’

પરંતુ સ્વામીશ્રી કહે : ‘ભગવાનની દયાથી મને કાંઈ નહીં થાય. ભગવાન બધું સારું રાખશે. માટે બહાર જ પૂજા રાખજો.’

આ રીતે સ્વામીશ્રીએ પોતાની ઇચ્છાથી મંચ ઉપર પધારીને પૂજા કરવાનો નિર્ણય કર્યો અને સૌની ઇચ્છા, આકાંક્ષા અને મનોરથોની પૂર્તિ કરી.

•

પૂજા પછી સ્વામીશ્રી હાઇડ્રોલિફ્ટ દ્વારા ઉપર સભામંડપ તરફ આવી રહ્યા હતા. સામે રાયણ નીચે સુધીરસિંહ ઊભા હતા. સુધીરસિંહ કહે : ‘અમે આટલા બધા અહીં હતા, તો પણ આપને ત્યાં તાવ ઘરી કેમ ગ્યો ?’

સ્વામીશ્રી કહે : ‘તમે બધા ઊંઘતા હતા ને એટલે !’

સુધીરસિંહ કહે : ‘તમારે ઉઠાડવા જોઈએ ને !’

સ્વામીશ્રી કહે : ‘તો પછી તમારી સેવા શું ?’

રમૂજમાં પણ સ્વામીશ્રીએ પ્રત્યેક સેવકની ફરજ દર્શાવી.

•

તા. ૫-૧૦-૨૦૦૯, ગોંડલ

સ્વામીશ્રી યોગીજી મહારાજના ખંડમાં પધાર્યા. અહીં રામચરણ સ્વામી ઊભા હતા. ગઈકાલે ડૉ. કિરણભાઈ દોશીને સ્વામીશ્રીએ સામેથી કહ્યું હતું કે ‘રામચરણ સ્વામીને કેડમાં તકલીફ છે અને પગમાં દુ:ખે છે એની તપાસ કરી લેજો.’ તેઓએ તપાસ કરીને MRIની વ્યવસ્થા રાજકોટમાં કરી આપી હતી.

આ સંદર્ભમાં સ્વામીશ્રીએ તેઓને પૂછ્યું : ‘રિપોર્ટ આવી ગયો ?’

‘હા.’

‘શું આવ્યું ?’ સ્વામીશ્રીએ પૂછ્યું.

રામચરણ સ્વામી કહે : ‘સારો નથી આવ્યો, એટલે ડૉ. કિરણ દોશી કહે છે કે મુંબઈ આવો.’

સ્વામીશ્રી કહે : ‘જઈ આવજો.’

નારાયણચરણ સ્વામી રામચરણ સ્વામીને કહે : ‘ગઈકાલે રાત્રે પણ સ્વામીશ્રી તમારી તબિયતની ચિંતા કરતા હતા.’

રામચરણ સ્વામી કહે : ‘પ્રારબ્ધનું હોય એ તો ભોગવવું પડે.’

સ્વામીશ્રી કહે : ‘એ તો મારેય અને તમારેય ભોગવવું પડે, પણ ચિંતા તો કરવી પડે ને !’ એટલું કહીને સ્વામીશ્રી થોડા ભાવાર્દ્ર થઈ ગયા.

સ્વામીશ્રીનું મુખ જોઈને રામચરણ સ્વામી પણ ગળગળા થઈને કહે : ‘બાપા ! મારી બહુ ચિંતા કરશો નહીં. આપની દયાથી બધું સારું જ છે.’

આ સાંભળીને સ્વામીશ્રી પણ વધારે ગળગળા થઈ ગયા. અવાજ ધ્રૂજવા લાગ્યો અને કહે : ‘જૂના સંતોની ચિંતા કરવી જ પડે ને ! કેટલી સેવા કરી છે ! અને કોઈ પણ સંત હોય એની ચિંતા તો કરવી જ પડે ને !’

સ્વામીશ્રીના હૃદયની ઋજુતાનો એક વધુ વાર સૌને અનુભવ થયો.

•

માંદગીના હિસાબે હમણાં જાહેરમાં પૂજા ન કરવી એવી ડૉક્ટરોની સલાહ હતી. એટલે રોજ ઠાકોરજીનાં દર્શન કર્યાં પછી સ્વામીશ્રી મંચ ઉપર પધારીને હરિભક્તોને દર્શન આપીને સંતોષ આપે છે. આજે પણ સ્વામીશ્રી જ્યારે મંચ ઉપર સૌને દર્શનદાન દેવા પધાર્યા ત્યારે ઘનશ્યામચરણ સ્વામી તેઓની લાક્ષણિક શૈલીમાં કથા કરીને મંડપ ગજવી રહ્યા હતા. સ્વામીશ્રી પધાર્યા એટલે તેઓએ કીર્તન ગાયું : *‘બાળસનેહી રે, મોહન મુજને ગમતા... નટવર રહેતા નમતા’* એ કડી ગાયા પછી કહે : ‘અત્યારે સ્વામીશ્રીની આખા દિવસની મુદ્રામાં સૌથી વધારે મુદ્રા હોય તો બે હાથ જોડીને નમસ્કાર કરતા હોય એ છે. અત્યારે પણ જુઓ – સૌને બે હાથ જોડીને સ્વામીશ્રી ‘જય સ્વામિનારાયણ’ કહી રહ્યા છે. વરસો પહેલાં જ્યારે શાસ્ત્રીજી

મહારાજની સાથે ફોટો પડાવવાનો હતો ત્યારે શાસ્ત્રીજી મહારાજની બાજુમાં બેસીને તેઓ ટટ્ટાર બેઠા, ત્યારે શાસ્ત્રીજી મહારાજે કહ્યું : 'નારણદા ! બે હાથ જોડો.'

તેઓ આ પ્રસંગ કહી રહ્યા હતા એ દરમ્યાન જ સ્વામીશ્રીએ ઉમેર્યું કે 'ત્યારનું આમ ચાલે છે.'

સ્વામીશ્રી આ વાત કરી રહ્યા હતા ત્યારે પણ હાથ તો વિનમ્રભાવે જોડાયેલા જ હતા.

•

ભોજન પછી સ્નાન કરીને સ્વામીશ્રીએ પત્રવાંચન ચાલુ કર્યું. ૧૧:૧૫ વાગે સ્વામીશ્રીને આરામમાં જવા માટે સૌએ વિનંતી કરી, ત્યારે સ્વામીશ્રી પત્ર વાંચતા હતા. તેથી કહે : 'કેમ ?'

સેવકો કહે : 'આરામ માટે ઊભા થવાનું છે.'

સ્વામીશ્રી કહે : 'હજી તો વાર છે.' (રોજનો ટાઈમ તો થયો નથી.)

યોગીચરણ સ્વામી કહે : 'સ્વાસ્થ્યને લીધે આમ તો ૧૧:૦૦ વાગે ઊભા થવાનું હતું.'

સ્વામીશ્રી કહે : 'પણ હજી તો હમણાં ઊઠ્યા અને પાછો આરામ કરવાનો ?'

નારાયણચરણ સ્વામી કહે : 'આપનામાં આત્મ-બળ બહુ છે, પણ આરામ કરી લો તો પછી વાંધો ન આવે.'

યોગીચરણ સ્વામી કહે : 'બુધવાર પછી આપણે રેગ્યુલર કરી લઈશું.'

આ સાંભળીને સ્વામીશ્રી ઊભા થયા અને આરામમાં પધાર્યા. પલંગમાં સૂતાં સૂતાં પણ કહે : 'ઊંઘ નહીં આવે. માટે ધર્મચરણને બોલાવો તો એ પત્ર વાંચે.'

જોકે સેવકોએ કહ્યું : 'હમણાં એ બધું રહેવા દઈએ અને આરામ જ કરીએ તો ?'

એટલે સ્વામીશ્રી કંઈ બોલ્યા નહીં. ફક્ત પાંચ જ મિનિટમાં સ્વામીશ્રીનાં મીઠાં નસકોરાં શરૂ થઈ ગયાં.

•

તા. ૬-૧૦-૨૦૦૯, ગોંડલ

અમેરિકાથી આવેલા કનુભાઈ પટેલ સ્વામીશ્રીને કહે : 'બાપા ! આપની તબિયત કેમ છે ?'

'તને કેવી લાગે છે ?'

'મને તો થોડી વીક હોય એવું લાગે છે.'

સ્વામીશ્રી કહે : 'એવી વાત ન કરવી, નહીં તો તારું કામ નહીં થાય.'

'આ તો મને એવું લાગ્યું એટલે કહ્યું.'

સ્વામીશ્રી કહે : ''તબિયત સારી જ છે – એવી વાત કરવી. આ તો 'માંદા છે, માંદા છે' કરીને ઢીલા પાડી નાખે. 'તબિયત સારી છે' એવું કહીએ તો બળ મળી જાય, આપણું કામ થઈ જાય.''

આવા સંજોગોમાંય હંમેશાં સવળી વિચારધારા એ જ સ્વામીશ્રીની આગવી લાક્ષણિકતા છે.

•

તા. ૯-૧૦-૨૦૦૯, ગોંડલ

સ્વામીશ્રી પલંગ ઉપર સૂતા હતા. ગળા સુધી ગાતરિયું ઓઢ્યું હતું અને પગ નીચે ઢાંકેલું હતું, અને સહેજ ઊંચું રહે એ રીતે ઓશીકા ઉપર મુખ ટેકવાયેલું હતું. ન્યૂયોર્કથી ડૉ. મહેન્દ્રભાઈનો ફોન આવતાં સ્વામીશ્રીને એ ફોન આપવામાં આવ્યો. શરૂઆતમાં તો હાથમાં પકડવો ન પડે એટલે છાતી ઉપર એ ફોન મૂકવામાં આવ્યો, પરંતુ સ્વામીશ્રીને અનુકૂળ ન આવતાં જાતે જ ડાબા હાથે એ ફોન લીધો. ડૉ. નિકુલનો ફોન હતો અને એના સ્ક્રીનની લાઇટ ખૂબ પ્રકાશિત હતી. રૂમમાં અંધારું હતું અને સ્વામીશ્રીનું ફક્ત મુખારવિંદ આ લાઇટ વડે પ્રકાશમાન જોઈ શકાતું હતું. અંધારી રાતે ચંદ્ર ખીલ્યો હોય એવા અદ્‌ભુત દર્શન હતાં.

•

તા. ૧૦-૧૦-૨૦૦૯, ગોંડલ

વલસાડથી આવેલા બીપીનભાઈ નવી મર્સીડીસ લઈને આવ્યા હતા. એ ગાડીની ચાવી તેઓના સુપુત્ર પાર્થે સ્વામીશ્રીને પ્રસાદીની કરવા આપી.

મેં કહ્યું : 'સ્વામીશ્રી માગી લેશે તો ?'

પાર્થ કહે : 'એમને આપી જ દઈશું.'

સ્વામીશ્રી તરત જ કહે : 'ગાડી અમારી જ છે ને ! તું ફેરવ !' આમ કહીને સ્વામીશ્રીએ ચાવી પ્રસાદીની કરી આપી.

•

મુંબઈના પારસી ગુણભાવી ભક્ત ઝરીર ખારીવાલા વરસો પહેલાં નિયમિત દાદર મંદિરે આવતા હતા, પણ ત્યારપછી લગભગ દાયકાથી એ સત્સંગમાં આવતા ન હતા, મંદિરે પણ આવતા ન હતા. આજે વળી એનો ફોન સ્વામીશ્રી ઉપર આવ્યો. સ્વામીશ્રી સાથે હેત અને

પ્રેમથી એ જોડાયેલા હતા. એટલે અંતર્દષ્ટિ થતાં સ્વામીશ્રીને એણે ફોન કર્યો હતો.

સ્વામીશ્રી કહે : 'ઘણા વખતે તારો અવાજ સાંભળ્યો, આનંદ થઈ ગયો.'

ઝરીર કહે : 'હું આજે આપની માફી માગું છું. તમે મને ખૂબ સાચવ્યો છે, પ્રેમ કર્યો ને આગળ વધ્યો છું. મારે બીજી કોઈ જ અપેક્ષા નથી. આપની દયાથી જ મારી પાસે પૈસા પણ છે ને આપની દયાથી જ આગળ વધ્યો છું. આપ ખૂબ યાદ આવો છો, પણ આવી શકતો ન હતો એટલે એક મિનિટ આપને મળીને માફી માગવી છે. આપ કહેશો ત્યાં હું આવી જઈશ. આભાર માનવા જ આવવું છે. સુખ આપજો, આનંદ આપજો. હૃદયથી હું આપનો આભાર માનું છું.'

સ્વામીશ્રી કહે : 'અમે તને યાદ કરીએ, પણ મેળ પડતો ન હતો. આપણે હેત હતું, છે ને રહેશે. કોઈ કારણસર જે થયું હોય એ ભૂલી જવું.'

'હું બીજું બધું જ ભૂલી જઈશ.'

સ્વામીશ્રી કહે : 'તારા અંતરમાં ભાવ છે તો ભગવાને પાછા ભેગા કરી દીધા.'

ઝરીર કહે : 'આપનો અંતરનો આભાર આભાર આભાર માનું છું. લોકો મને પૂછે છે કે તને આવડો મોટો કોણે બનાવ્યો ? તારા ગુરુ કોણ છે ? મને જ્યારે આ પૂછે ત્યારે તમે યાદ આવી જાવ છો. તમે જ મને પ્રેમ આપ્યો છે, પ્રતિષ્ઠા આપી છે, એ ભૂલી શકું એમ નથી.'

સ્વામીશ્રી કહે : 'તારી સાથે વાત કરીને આનંદ થયો છે. બોચાસણ આવજે, ત્યાં રૂબરૂ મળીશું.'

•

સ્વામીશ્રીએ યોગીસ્વરૂપ સ્વામી સાથે ફોનમાં વાત કરી. યોગીસ્વરૂપ સ્વામી કહે : 'યોગીજી મહારાજના વખતમાં ગોંડલ મંદિરમાં રહીને મથુરભાઈ સેવા કરતા હતા. તેઓ હાલ રાજકોટ રહે છે અને કેન્સરની અસર થઈ છે. હૉસ્પિટલમાં દાખલ કર્યા છે. મંદિરમાંથી તેમનું જમવાનું મોકલીએ છીએ અને ધ્યાન રાખીએ છીએ.'

સ્વામીશ્રી કહે : 'આપણે ધ્યાન રાખવું, ઘણી સારી સેવા કરી છે.'

નાનામાં નાના હરિભક્તની વર્ષો જૂની સેવાને સ્વામીશ્રી યાદ રાખે છે.

•

તા. ૧૨-૧૦-૨૦૦૯, ગોંડલ

રાજકોટથી ભૂપેન્દ્રસિંહ રાણા સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેઓનાં માતુશ્રી તાજેતરમાં અક્ષરનિવાસી થયાં હતાં. તેઓ જ્યારે અમદાવાદ આવ્યા ત્યારે આશીર્વાદ માગ્યા હતા કે બા બહુ જ પીડાય છે અને રોજ મને કહે છે કે 'બાપાને કહેજો કે મને ધામમાં તેડી કેમ જતા નથી ?' સ્વામીશ્રીએ એ દિવસે આશીર્વાદ આપ્યા પછી બીજે જ દિવસે, તેઓ રાજકોટમાં પથારીવશ હતાં અને જાણે અશક્તિ દૂર થઈ હોય એમ બેઠાં થઈ ગયાં, પંચાંગ પ્રણામ કરીને કહેવા લાગ્યાં, 'આવો મહારાજ ! આવો મહારાજ ! પ્રમુખસ્વામી મહારાજ આવો.' અને આરતી-પૂજન કરતાં હોય એ રીતની ચેષ્ટાઓ કરી અને ત્યારપછી દેહ છોડી દીધો. સ્વામીશ્રી અને શ્રીજીમહારાજે સાક્ષાત્ દર્શન આપીને તેઓને અક્ષરધામમાં લઈ ગયા.

સ્વામીશ્રીએ આ વાત સાંભળી અને કહ્યું : 'એમની સેવા અને ભક્તિ એવાં હતાં એટલે શ્રીજી-મહારાજે દર્શન આપ્યાં.'

•

એટલાન્ટાથી રાજુભાઈ પટેલ (સેવક) દર્શને આવ્યા હતા. આ યુવકે એક મહિનાનું કઠણ વ્રત કર્યું હતું. આ વ્રતમાં ચાર દિવસ નિર્જળ ઉપવાસ અને પાંચમા દિવસે ફક્ત એક વખત ફરાળ લીધું હતું. આવું વ્રત સતત એક મહિના સુધી તેઓએ કર્યું હતું.

સ્વામીશ્રીએ જ્યારે આ જાણ્યું ત્યારે તેઓ ભાવાર્દ્ર થઈ ગયા ને કહ્યું : 'વ્રત પાર પડ્યું. મહારાજની દયા, પણ હવે શરીર બગડે એ રીતનું વ્રત કરતો નહીં.' એમ કહીને તેઓને પારણાં માટે શરબતનો ગ્લાસ પણ આપ્યો.

•

ભ્રમણ દરમ્યાન અક્ષરચરિત સ્વામીએ 'સ્વામિ-નારાયણ પ્રકાશ'નું વાંચન કર્યું. જેમાં ભદ્રેશ સ્વામી લિખિત ઉપનિષદની લેખમાળા વંચાઈ રહી હતી. બ્રહ્મના આનંદની વાતો આ અંકમાં લખાઈ હતી. એ સાંભળતાં સ્વામીશ્રી ચારે બાજુ મુખ ફેરવીને કહે : 'બધે જ આનંદ છે. બધું જ આનંદમય છે.' એમ કહીને હાથની જગ્યાએ મુખથી જ બતાવતાં કહે : 'આ જુઓ, પેલું જુઓ, તે જુઓ, આ બધું જ આનંદમય છે.'

અક્ષરચરિત સ્વામી કહે : 'આપ છો એટલે

આનંદ છે.'

સ્વામીશ્રી કહે : 'આપની ક્યાં વાત છે ? આ તો આનંદની વાત છે.'

અક્ષરચરિત સ્વામી કહે : 'આપ જ અક્ષરબ્રહ્મ છો, એટલે જે કંઈ આનંદ છે એમનો જ છે ને !'

સ્વામીશ્રીએ મુદ્દાની વાત કરતાં કહ્યું : 'બસ, એ સમજાય તો વાંધો ન આવે. બીજે જે કોઈ આનંદ છે એ બ્રહ્મનો જ આનંદ છે. એટલું સમજીએ તો ખોટા આનંદમાં મન જાય નહીં અને સાચા આનંદ માટે પ્રયત્ન થાય.'

•

તા. ૧૫-૧૦-૨૦૦૯, ગોંડલ

ભ્રમણ પહેલાં બી.પી. લેવામાં આવ્યું. એ દરમ્યાન અમેરિકાના પ્રેસિડન્ટ બરાક ઓબામાને નોબલ પ્રાઇસ મળ્યાની જાહેરાત થઈ એની વાતો થઈ. સમગ્ર દુનિયામાં આ જાહેરાતથી ચર્ચાઓ ચાલી હતી. એ બધી માહિતી સ્વામીશ્રીને આપવામાં આવતી હતી.

ડૉ. નિકુલ કહે : 'નોબલ ઈનામ તો આપને મળવું જોઈએ.'

સ્વામીશ્રી તરત જ કહે : 'મને નોબલનું કહેલું તો મેં જવાબ આપ્યો કે શાસ્ત્રીજી મહારાજ મળ્યા અને યોગીજી મહારાજ મળ્યા એ નોબલ પ્રાઇસ જ છે.'

આટલું કહીને વળી ઉમેરતાં કહે : 'શાસ્ત્રીજી મહારાજે સાધુ કર્યા ને યોગીજી મહારાજે સાધુતા આપી એ મોટામાં મોટું નોબલ પ્રાઇસ મળ્યું છે.'

સ્વામીશ્રી જ્યારે આ કહી રહ્યા હતા ત્યારે તેઓના મુખ ઉપર પૂર્ણ સંતોષ હતો ને પોતે જે બોલી રહ્યા હતા એ શબ્દોની અસ્મિતા પણ પ્રતિબિંબિત થઈ રહી હતી.

યોગીચરણ સ્વામી રમૂજમાં કહે : 'વિરાટસ્વરૂપ સ્વામીને તો નોબલ પ્રાઇસ આપવાનું જ છે.'

સ્વામીશ્રી કહે : 'કોણ આપવાનું છે ? તમે ?'

આટલું કહીને વૉકિંગ માટે સ્વામીશ્રી ઊભા થયા. બે ડગલાં ચાલ્યા અને ઊભા રહીને સામે વિરાટસ્વરૂપ સ્વામીને કહે : 'કાંઈ નહીં, મહારાજ-સ્વામી મળ્યા, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ રાજી થયા એ નોબલ પ્રાઇસ મળ્યું.' એમ કહીને તેઓના બરડે આશીર્વાદનો ધબ્બો માર્યો અને ત્યારપછી ભ્રમણની પૂર્વવિધિ કરવા આગળ વધી ગયા.

•

તા. ૧૭-૧૦-૨૦૦૯, ગોંડલ

સ્મૃતિ મંદિરની દેરીએ સ્વામીશ્રી પ્રદક્ષિણા કરી રહ્યા હતા અને સંતોએ *'યોગી આવો તે રંગ મુને શીદ લગાડ્યો'* એ કીર્તન ઉપાડ્યું. સ્વામીશ્રીએ પ્રત્યેક કડીએ લટકાં કરીને સૌ સંતોને સુખ આપ્યું. કીર્તનમાં કડી આવી *'રંગ છાંટ્યો તો છાંટી હવે પૂરો કરો...'* સામે બેઠેલા તમામ સંતો બે હાથ જોડીને વિનંતીના સૂરમાં સ્વામીશ્રીને આ શબ્દો કહી રહ્યા હતા. જ્યારે સ્વામીશ્રી વ્હીલચૅરમાં બેઠાં બેઠાં આદેશ આપતાં હોય એ રીતે જમણા હાથને ઊંચો કરીને એ હાથની તર્જની વડે એમ કહી રહ્યા હતા કે રંગ તો અમે છાંટ્યો છે, પણ ગુણ એવા કેળવજો કે જેથી રંગ પૂરો ચડી જાય. બંનેની ભૂમિકામાં એક જ ભાવ ઊભરી રહ્યો હતો.

યોગીજી મહારાજની મૂર્તિની પ્રદક્ષિણા કરીને સ્વામીશ્રી વ્હીલચૅરમાં વિરાજ્યા. એ વખતે કીર્તનની કડી ગવાઈ રહી હતી : *'નિત્ય તારા તો થઈને રહેવાય યોગીરાજ...'* આ શબ્દો સાંભળતાં જ સહેજે સ્વામીશ્રીના બે હાથ જોડાઈ ગયા અને યોગીજી મહારાજની મૂર્તિની સમક્ષ દર્શન કરતાં દીનભાવે પોતે પણ એ પ્રાર્થનામાં જોડાઈ ગયા. સ્વામીશ્રીનું આ સ્વાભાવિક સેવકપણું હતું.

સંતોએ કહ્યું કે 'આપના થઈને રહેવાય એવા આશીર્વાદ આપો.'

સ્વામીશ્રીએ યોગીજી મહારાજની મૂર્તિનો નિર્દેશ કરીને કહ્યું : 'આ બેઠા છે ને ! દેખાતું નથી ? ચારે બાજુ એ જ છે. એના થઈને જ રહેવાનું છે.'

આ રીતે ઓછા શબ્દોથી સ્વામીશ્રીએ જીવનના મર્મને શિખવાડી દીધો.

•

ઉત્સવના દિવસોની વ્યસ્તતાઓ ખૂબ હતી, છતાં નાનામાં નાના હરિભક્તોના પત્રના નાનામાં નાના પ્રશ્નોમાં પણ સ્વામીશ્રી યોગ્ય સમય કાઢી એનો ઉત્તર લખાવીને સંતોષ આપી દે છે.

રાબોડથી રમણભાઈ લાલજીભાઈ પટેલનો પત્ર હતો. તેઓને ખેતરમાં નવો બોર કરાવવાનો હતો અને એ માટે નકશો દોરીને તેઓએ મોકલ્યો હતો.

સ્વામીશ્રીએ શાંતિથી બધી જ વિગતો વાંચી. પછી કહે : 'જ્યાં ઉત્તર દિશા લખ્યું છે એ જગ્યાએ નિશાની કરો.' નિશાની કરાવ્યા પછી ઠાકોરજીનું પ્રસાદીનું પુષ્પ પણ એ જગ્યા ઉપર મુકાવ્યું. વળી પાછું બીજું પુષ્પ મુકાવીને જાતે જ કાગળમાં પુષ્પ સરખાં ગોઠવ્યાં ને ધર્મચરણ સ્વામીને કહે : 'આ કાગળ અક્ષર દેરીમાં જઈને પ્રસાદીના કરી આવો ને હરિકૃષ્ણ મહારાજના પણ પ્રસાદીના કરી આવો.'

નાના પ્રશ્નમાં પણ સ્વામીશ્રી કેટલા પ્રામાણિકપણે સમય આપી શકે છે ! આ તેઓની હરિભક્તોની સાથેની આત્મીયતા છે.

•

તા. ૧૮-૧૦-૨૦૦૯, ગોંડલ

૬:૪૫ વાગ્યા હતા. સ્વામીશ્રીના ભ્રમણનો સમય થઈ ચૂક્યો હતો. ડૉ. નિકુલ સ્વામીશ્રીનું બી.પી. માપવા માટે આવ્યા. તેઓએ જોયું તો જમણા હાથ ઉપર મચ્છર કરડવાથી નાનો ફોલ્લો ઊપસી આવ્યો હતો. આ જોતાં તેઓ બોલી ઊઠ્યા : 'કાંઈક કરડી ગયું લાગે છે.'

જમણા હાથ તરફ નજર કરતાં સહજભાવે સ્વામીશ્રી કહે : 'એ તો કરડવાનું જ છે ને ! તું સમજ ને ! આ દેહ છે, આત્મા નથી. એ તો સાજુંય થાય ને માંદુંય થાય અને કરડી પણ જાય.'

યોગીચરણ સ્વામી કહે : 'આપની વાત બરાબર છે, પણ કહેવાનું એટલું જ છે કે આપના આ દેહને બીજો દેહ કારણ વગર, જરૂર વગર કરડી ગયો છે.'

સ્વામીશ્રી આ સાંભળીને હસી પડ્યા.

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'યોગીબાપા કહેતા એમ આપનો દેહ તો સાકરનું નારિયેળ છે, એટલે બધું મીઠું જ હોય ને !'

આ સાંભળી હસતાં હસતાં પોતાનો ડાબો હાથ જમણા હાથે ફેરવતાં સ્વામીશ્રી કહે : 'પણ આ ડૉક્ટર એવું નથી સમજતા ને ! આ લોહી વહે છે એય સાકર, આ નળીઓ છે એ પણ સાકર !' આ રીતે સ્વામીશ્રીએ સહજભાવે પણ દિવ્યતાની અનુભૂતિ કરાવી.

•

તા. ૨૧-૧૦-૨૦૦૯, ગોંડલ

પીઢ અને ૮૭ વર્ષના યુવાન કાન્તિ બાપુજી દર્શને આવ્યા હતા. થોડાક દિવસ પહેલાં સ્વામીશ્રીએ તેઓના ત્યાગની પ્રશંસા કરી હતી. આ વાતની ખબર પડતાં તેઓ આજે સ્વામીશ્રીનાં દર્શને આવ્યા ને કહ્યું : 'આમ તો હું આપને ભીડો આપવા આવું જ નહીં, પણ મને સમાચાર મળ્યા કે આપે મને યાદ કર્યો એટલે જ આવ્યો.'

સ્વામીશ્રી કહે : 'યાદ તો કરીએ જ ને ! તમારી સેવા કેટલી છે ? આદિવાસી વિસ્તારમાં એકલા તમે રહેતા હતા.'

સ્વામીશ્રી કોઈ પણ સંસ્થામાં સમર્પિત જીવન જીવતા હોય, નિષ્ઠાપૂર્વક એની કદર કરી જાણે છે.

•

તા. ૨૪-૧૦-૨૦૦૯, ગોંડલ

આજે પૂજામાં જૂના સંતોએ કીર્તનો ગાયાં. છેલ્લે ઘનશ્યામચરણ સ્વામીનો વારો આવ્યો. તેઓએ *'યોગી આવો તે રંગ મુને શીદ લગાડ્યો'* એ કીર્તન ઝિલાવ્યું. એ દરમ્યાન સ્વામીશ્રીની પૂજા પૂરી થઈ. સામે ઘનશ્યામ સ્વામી હતા અને વળી યોગીજી મહારાજનું કીર્તન ગવાઈ રહ્યું હતું. એટલે સ્વામીશ્રીને તાન ન આવે તો જ નવાઈ ! કૃષ્ણવલ્લભ સ્વામીના ચલતીના તાલે કીર્તન ગાઈ રહેલા ઘનશ્યામ સ્વામીને જોતાં જ સ્વામીશ્રી પણ તેમની સામે હાથની વિવિધ રીતે તાળીઓ પાડવા લાગ્યા. વળી, તેઓની જગપ્રસિદ્ધ નૃત્ય-અદાનો સ્વામીશ્રીએ વગર કરતાલે અભિનય કર્યો. એટલે સામે છેડે ઘનશ્યામ સ્વામીએ એ રીતે હાથ હલાવવાનું ચાલુ કરી દીધું. ઘનશ્યામ સ્વામીને કરતાલ આપવામાં આવ્યા. એ જ રીતે વિદાય લેતી વખતે સૌને દર્શન દઈ રહેલા સ્વામીશ્રીને પણ કરતાલ આપવામાં આવ્યા અને સ્વામીશ્રી પણ વ્હીલચૅરમાં બેઠાં બેઠાં જ કરતાલ વગાડતાં વગાડતાં ભજનલીન થઈને આગળ વધ્યા. આ રીતે સૌને અદ્‌ભુત સ્મૃતિ આપી.

•

તા. ૨૫-૧૦-૨૦૦૯, ગોંડલ

એક મુમુક્ષુ દર્શને આવ્યા ને કહે : 'માથે હાથ મૂકો. સ્વભાવ-પ્રકૃતિ ટળે.'

સ્વામીશ્રી કહે : 'ક્યારે ટળે ?'

'આ જ જન્મે. આપ કૃપા કરો તો ટળે.'

સ્વામીશ્રી કહે : 'કૃપા કેટલી કરીએ ?'

એ કહે : 'કેટલાય જન્મોનું ભર્યું છે એટલે શું

થાય ? આપ હાથ ફેરવો તો કાંઈક થાય.'

સ્વામીશ્રી કહે : 'હાથ ફેરવીએ પણ અંદર ઊતરવું જોઈએ ને ?'

'ડ્રિલિંગ કરી આપો.'

સ્વામીશ્રી કહે : 'ડ્રિલિંગ કરતાં કરતાંય થાકી જવાય. કેટલો હૉલ પાડવો પાછો ? અહીં (છાતીએ હાથ ફેરવીને) અડવા જ ન દે, પછી થાય શું ?'

સ્વામીશ્રી આ વાક્ય દ્વારા પ્રત્યેક મુમુક્ષુને સાધનાની રીત શીખવી રહ્યા હતા.

•

તા. ૨૬-૧૦-૨૦૦૯, ગોંડલ - રાજકોટ

સ્વામીશ્રી ઉતારામાંથી બહાર પધાર્યા. સભામંડપમાં બાલમુકુંદ સ્વામી બેઠા હતા. તેઓને સ્વામીશ્રી મળ્યા અને વિદાય લીધી.

બાલમુકુંદ સ્વામી કહે : 'બસ ! પધારો છો ?'

સ્વામીશ્રી કહે : 'જાય છે કોણ ? અહીં બધે રહ્યા જ છે ને !'

છેલ્લે બાલમુકુંદ સ્વામીએ સ્વામીશ્રીને વિદાયનો હાર પહેરાવ્યો. આ હાર સ્વામીશ્રીએ હાથમાં લીધો અને બાજુમાં બેઠેલા સેવક હરિસ્નેહ સ્વામીને બતાવીને કહે : 'તમને સેવક સારો મળ્યો છે. એને હાર પહેરાવું ?'

બાલમુકુંદ સ્વામી કહે : 'હા, બહુ સારો સેવક છે.'

સ્વામીશ્રી કહે : 'તમે રાજી થયા એટલે ઘણું.' એમ કહીને સેવકને હાર પહેરાવ્યો અને આશીર્વાદ આપ્યા.

•

આજે સ્વામીશ્રી ગોંડલથી વિદાય લઈને રાજકોટ પધાર્યા હતા. સૌથી પહેલાં સ્વામીશ્રી મંદિર ઉપર દર્શને પધાર્યા. હરિકૃષ્ણ મહારાજના ખંડમાં દર્શન કરી રહેલા સ્વામીશ્રીને જોઈને કોઠારી યોગીસ્વરૂપ સ્વામી કહે : 'મંદિરમાં રહેલા ઠાકોરજી આ વ્હીલચૅરમાં બેઠેલા ઠાકોરજીને પૂછે છે કે મઝામાં છો ને ?'

અવાજમાં મૃદુ આક્રોશ સાથે સ્વામીશ્રી કહે : 'ઠાકોરજી એ છે, આપણે તો સેવક છીએ.'

યોગીસ્વરૂપ સ્વામી કહે : 'ઠાકોરજી સેવકમાં યથાર્થ રૂપે રહ્યા છે ને ! એમાં રહીને જ બોલે છે ને !'

સ્વામીશ્રીએ આ વાક્ય સાંભળ્યું - ન સાંભળ્યું કર્યું ને આગળ વધી ગયા.

•

તા. ૨૭-૧૦-૨૦૦૯, રાજકોટ

બૅંગલોરથી પ્રફુલ્લભાઈ શાહ દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીની દૃષ્ટિ થોડી વાર પહેલાં તેઓ ઉપર પડી હતી. જ્યારે તેઓ દર્શન માટે નજીક આવ્યા અને પ્રફુલ્લભાઈના સુપુત્ર ચિરાગને પણ સ્વામીશ્રીએ જોયો, એટલે તરત જ કહે : 'હું હમણાં જ તને સંભારવાનો હતો ને તું તો અહીં આવી ગયો ! ક્યાં છે અત્યારે ?'

નાનપણમાં સ્વામીશ્રીએ ચિરાગને ખૂબ હેત કરીને સત્સંગમાં અભિપ્રેરિત કર્યો હતો. ભણ્યા પછી એ અમેરિકા સ્થાયી થયો હતો. એટલે સ્વામીશ્રીએ ઘણાં વરસો પછી મળ્યો એની આત્મીયતાથી વાત્સલ્ય વરસાવી ભર્યો ભર્યો કરી દીધો.

•

એક હરિભક્ત આવ્યા ને કહે : 'કોઈ ખોટું બોલે તો મને ક્રોધ ચડી જાય છે. માટે આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી કહે : 'કોઈ ખોટું બોલતો હોય તો આપણે પ્રાર્થના કરવી કે એની બુદ્ધિ સારી થાય; પણ ક્રોધ તો કરવો જ નહીં.'

•

ગઢડાની કિશોર શિબિર માટે સ્વામીશ્રીએ આશીર્વાદનાં ત્રણ વાક્યો લખી આપ્યાં. જેમાં સ્વામીશ્રીએ લખ્યું :

(૧) અભ્યાસ વ્યવસ્થિત કરવો,

(૨) માતાપિતાને આદર આપવો, ને

(૩) સત્પુરુષમાં દૃઢ આત્મબુદ્ધિ કરવી.

•

તા. ૨૮-૧૦-૨૦૦૯, રાજકોટ

દાઉદી વૉરા સમાજના દસેક જેટલા મુમુક્ષુઓ દર્શને આવ્યા હતા. જેમાં મુખ્ય યુસુફભાઈ પણ હતા. તેઓ દીકરાની શાદી માટેની કંકોત્રી સ્વામીશ્રીને અર્પણ કરવા માટે આવ્યા હતા. અર્પણ કરીને તેઓ કહે : 'મારા દીકરા માટે દુઆ કરજો.'

સ્વામીશ્રી કહે : 'એ પણ સુખી થાય એ આશીર્વાદ છે.'

આ મુમુક્ષુઓ કહે : 'શહેરમાં સુખ-શાંતિ આવે, બધાં કાર્યોમાં બરકત આવે, ધાર્મિક એખલાસ પણ આવે એ આશીર્વાદના અમે તલબદાર છીએ.'

સ્વામીશ્રીએ તેઓની ભાવના જોઈને રાજી થઈને

આશીર્વાદ આપ્યા.

•

સ્વામીશ્રીના રોકાણના છેલ્લા દિવસે અહીં સર્વે હરિભક્તો માટે ભોજનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંદર્ભમાં યોગીસ્વરૂપ સ્વામી અહેવાલ આપી રહ્યા હતા. તેઓ કહે : 'અહીંના મુખ્ય હરિભક્તોની મિટિંગમાં હરિભક્તોને શું જમાડવું એની ચર્ચા થઈ. ત્યારે બધાની ઇચ્છા એમ થઈ કે 'અડદિયો જમાડવો,' પણ આપની શું ઇચ્છા છે ?'

સ્વામીશ્રી કહે : 'બધાની ઇચ્છા એ આપણી ઇચ્છા.'

સ્વામીશ્રીના નેતૃત્વનું આ વિશેષ પાસું છે.

•

અમેરિકાથી એક મુમુક્ષુનો ફોન આવ્યો. નિષ્કપટભાવે પોતાની ભૂલ કબૂલતાં તેઓ કહે : 'હું જે સ્ટોરમાં નોકરી કરું છું એ સ્ટોરમાંથી ચોરી કરીને મેં પૈસા લીધા હતા. મારાથી મોટું પાપ થઈ ગયું છે.' આટલું કહીને તેઓ રડવા માંડ્યા.

સ્વામીશ્રી કહે : 'ધીરજ રાખો. ભગવાન સદ્બુદ્ધિ આપશે. સત્સંગી છીએ, માટે આપણાથી ચોરી કરાય જ નહીં.'

'બાપા ! બહુ મોટી ભૂલ થઈ ગઈ છે.'

સ્વામીશ્રી કહે : 'ભૂલ તો થઈ છે, ભગવાન માફ કરશે, પણ જેના પૈસા લીધા છે એમને પાછા આપી દેવા ને નમ્રતા રાખીને કહેવું કે મારાથી ભૂલ થઈ ગઈ છે; એટલે હેરાન ન કરે. અમે પણ ભગવાનને પ્રાર્થના કરીશું કે શેઠ તમને હેરાન ન કરે.'

પેલા મુમુક્ષુ કહે : 'માફી માગું છું બાપા ! ફરીથી નહીં કરું.'

સ્વામીશ્રી કહે : ''બુદ્ધિ ભ્રષ્ટ થઈ એટલે એવું થયું છે, તો તમે દયા કરો' – એમ શેઠને વાત કરવી.''

ભૂલની કબૂલાત કરવામાં જે હિંમત જોઈએ છે એ પ્રત્યે સ્વામીશ્રીએ એને સભાન કર્યો ને રીત પણ શિખવાડી.

•

તા. ૨૯-૧૦-૨૦૦૯, રાજકોટ

બેંગલોરથી સરલજીવન સ્વામીનો ફોન હતો. તેઓ કહે : 'જન્મ જયંતી ઊજવવા આપની પાસે આવવું છે.'

સ્વામીશ્રી કહે : 'દર વરસે જન્મ જયંતી કરો જ છો ને !'

'પ્રત્યક્ષની ઇચ્છા છે.'

'અત્યારે તો ટીવી ઉપર બધું દેખાઈ જાય છે.' સ્વામીશ્રીએ કહ્યું.

સરલજીવન સ્વામી કહે : 'પણ પ્રત્યક્ષ દર્શનનો લાભ મળે તો વધારે આનંદ થાય ને !'

સ્વામીશ્રી કહે : 'હજી તમે પરોક્ષ ને પ્રત્યક્ષમાંથી જ નીકળ્યા નથી ?! કથાવાર્તા, સત્સંગ કરો છો તો સમજણની દૃઢતા કરો.'

સરલજીવન સ્વામી કહે : 'આપના જેવા ગુણ અમારામાં પણ આવે એવા આશીર્વાદ આપો.'


સ્વામીશ્રી કહે : 'મોટામાં મોટી જન્મ જયંતી એ છે. શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજનો મહિમા બધા સમજે એ મોટો સમૈયો છે.'

સરલજીવન સ્વામી પછી ભક્તિવેદાંત સ્વામીએ પણ સ્વામીશ્રી સાથે વાત કરી. ત્યારે સ્વામીશ્રી કહે : 'સરલને જ્ઞાન આપ્યું છે એ તું પણ સમજી લેજે.'

પ્રસંગમ્



નવેમ્બર ૨૦૦૯



'આ દેહ અક્ષરરૂપ થઈ પુરુષોત્તમમાં જોડાવા માટે મળ્યો છે. આ સિદ્ધાંત શ્રીજીમહારાજે આપ્યો છે અને શાસ્ત્રીજી મહારાજે પ્રવર્તાવ્યો છે, જોગી મહારાજના દિવ્ય સંકલ્પો છે તો આ બધું કાર્ય થાય છે. ભગવાનના સંકલ્પ છે અને ભગવાનની ઇચ્છા છે એટલે કાર્ય થાય છે. ભગવાન કર્તા છે. 'હું કરું છું,' એવું માનશું તો તે અજ્ઞાન છે. એનાથી દુઃખ આવશે. કર્તા ભગવાન છે. જે થાય છે એ ભગવાનની ઇચ્છાથી. સારું થાય છે તો પણ ભગવાનની ઇચ્છાથી અને નથી થતું તો પણ ભગવાનની ઇચ્છાથી. ભગવાન કોઈનું ખરાબ કરવા આવ્યા નથી.'

– પ્રમુખસ્વામી મહારાજ

તા. ૧-૧૧-૨૦૦૯, બોચાસણ

એલીકોન કંપનીના માલિક પ્રયાસવીનભાઈ તથા લંડનના પ્રતિષ્ઠિત મુમુક્ષુ ચંદ્રકાન્તભાઈ પટેલ (ચાર્લ્સ પટેલ) દર્શને આવ્યા હતા. પ્રયાસવીનભાઈએ આણંદ-સોજિત્રા રોડ ઉપર એક રિસોર્ટ બનાવેલો છે. ૨૦ એકરમાં પથરાયેલા આ રિસોર્ટના ઉદ્‌ઘાટન વખતે પ્રયાસવીનભાઈ ઠાકોરજી લઈને બધે ફર્યા. આ વાત જ્યારે ભગવત્‌ચરણ સ્વામીએ કરી ત્યારે સ્વામીશ્રી કહે : 'મૂળ ભગવાન જ છે ને ! એને લઈને જ બધું છે. એટલે કાયમ એને જ લઈને ફરવાનું છે.'

વળી, વાતમાંથી વાત નીકળતાં સ્વામીશ્રી કહે : 'પ્રત્યેક ક્રિયામાં ભગવાનને પ્રધાન રાખવા અને સમાજમાં પણ મળતું રાખવું, એટલે સારું કામ થાય.'

સ્વામીશ્રીનો આ વ્યવહાર-બોધ હતો.

•

રાત્રે ભોજન પછી સ્વામીશ્રી પત્રવાંચન કરી રહ્યા હતા. બન્ને બાજુએ ટેબલલૅમ્પ ચાલુ હતા. બ્રહ્મવિહારી સ્વામી અંદર દાખલ થયા એટલે સ્વામીશ્રીના મનમાં એમ થયું કે મિટિંગ હશે ! એટલે જાતે જ બંને બાજુની ટેબલલૅમ્પની લાઇટ બંધ કરી. જોકે બ્રહ્મવિહારી સ્વામી પણ પત્ર વંચાવવા માટે જ લાવ્યા હતા. સ્વામીશ્રીને એ ખ્યાલ આવતાં ફરીથી લૅમ્પ ચાલુ કર્યા.

પત્ર વંચાઈ ગયા પછી પુનઃ વાંકા વળીને સ્વામીશ્રી લૅમ્પ બંધ કરવા જતા હતા, ત્યારે બ્રહ્મવિહારી સ્વામી કહે : 'બાપા ! આ ઉંમરે આ રીતે કરવાનું આપ રહેવા દો ને ! અમે કરી લઈશું.'

સ્વામીશ્રી બોલ્યા વગર જ પોતાનું કાર્ય કરતા રહ્યા. એટલે બ્રહ્મવિહારી સ્વામી કહે : 'તમારા આવા પ્રસંગો કહી કહીને અમે થાકી ગયા.'

સ્વામીશ્રી તરત જ કહે : 'પણ હું થાક્યો નથી ને !' એમ કહીને જાતે જ લાઇટ બંધ કરી.

•

તા. ૩-૧૧-૨૦૦૯, બોચાસણ

સ્વામીશ્રી સ્નાન કરીને પરવાર્યા. હજી રૂમમાં લેન્સ પહેરીને વ્હીલચૅરમાં વિરાજમાન હતા. એ દરમ્યાન અમેરિકાથી આત્મસ્વરૂપ સ્વામીનો ફોન આવ્યો. સ્વામીશ્રીએ તેઓની સાથે ફોનમાં વાતચીત કરીને માર્ગદર્શન આપ્યું. રૂમમાં બે મીણબત્તી સિવાય કોઈ લાઇટ જલતી ન હતી. કેન્ડલ લાઇટમાં સ્વામીશ્રીનાં અદ્‌ભુત દર્શન થઈ રહ્યાં હતાં. ફોન પૂરો થયા પછી બહાર નીકળતાં નીકળતાં સ્વામીશ્રીએ તરત જ સૂચના આપી કે 'હવે મીણબત્તી ઓલવી નાખજો.'

•

ભૂમિભ્રમણના વચગાળામાં સ્વામીશ્રી કેટલીક ગળાની કસરતો કરતા હોય છે. એ દરમ્યાન કંઈક ને કંઈક વાતો પણ થતી હોય છે. આજે યોગીચરણ સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું કે 'અંગ્રેજીમાં એક શબ્દ વપરાય છે - Sure footed, એટલે કે અમુક વ્યક્તિઓ એવા હોય કે જે કંઈ ડગલું માંડે એ ચોક્કસ જ હોય. ક્યારેય પાછી પાની કરવાની થાય જ નહીં. જે કંઈ નિર્ણયો લે એ ગણતરીપૂર્વક અને વિઝન સાથે હોય. જેમ કે શાસ્ત્રીજી મહારાજે આપને ચાદર ઓઢાડી ત્યારે કહ્યું હતું કે 'જીવનમાં ક્યારે મને કોઈ પણ નિર્ણયમાં પસ્તાવો થયો નથી.' એવી રીતે આપનું પણ એવું છે. વ્યાવહારિક રીતે અને સ્થૂળ રીતે પણ આપે આટલું બધું વિચરણ કર્યું, આટલાં ગામડાંઓ ખૂંદી વળ્યા, પણ ક્યારેય ક્યાંય પગની ઠેસ પણ વાગી હોય એવું બન્યું નથી. એ રીતે નિર્ણયોમાં પણ એવું જ છે.'

સ્વામીશ્રી તરત કહે : 'આ તો જોગી બાપાનો સંકલ્પ હતો એટલે વાંધો ન આવ્યો.'

યોગીચરણ સ્વામી કહે : 'ફક્ત એક વાર એલ.એ.માં આપ પસાર થતા હતા અને એક છોકરો બારણાંને અઢેલીને આપનાં દર્શન કરી રહ્યો હતો. આપ નજીક આવ્યા ને એનું મન ઝાલ્યું ન રહ્યું, એટલે આપનાં દર્શને ધસી આવ્યો. એને કારણે સ્પ્રિંગવાળું બારણું છટક્યું ને સીધું જ આપના પગમાં આવતાં નખ કાળો પડી ગયો, એટલું જ થયું હતું.'

સ્વામીશ્રી કહે : 'શરીર છે એટલે એવું બધું તો આવ્યા જ કરે.'

યોગીચરણ સ્વામી કહે : 'પણ બીજા બધા ૯૦ વર્ષની ઉંમરના વૃદ્ધોની સરખામણીમાં આપનું શરીર બહુ સારું કહેવાય.'

સ્વામીશ્રી કહે : 'સારું છે એ પણ ભગવાનની કૃપા છે.'

નારાયણચરણ સ્વામી કહે : 'ઠેઠ સુધી આવું જ રાખવાનું છે.'

સ્વામીશ્રી કહે : 'એ કંઈ આપણા હાથમાં નથી. બધું ભગવાનના હાથમાં છે.'

ડૉ. નિકુલ કહે : 'બધાનાં નાડીપ્રાણ આપના જ હાથમાં છે ને !'

સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'પણ મારી નાડી તો રોજ તું જુએ છે.'

આ રીતે વાતચીત દરમ્યાન સ્વામીશ્રીનું શ્રીજીમહારાજ તથા ગુરુ પ્રત્યેનું અનુસંધાન અને મનુષ્યભાવનાં પણ દર્શન થયાં.

•

સુરતથી આવેલા જ્ઞાનનિલય સ્વામીએ સુરત ગ્રામ્ય વિસ્તારના સત્સંગનો પરિચય આપ્યો. જમતાં જમતાં સ્વામીશ્રી કહે : 'તમારું નામ શું ?'

'જ્ઞાનનિલય.' તેઓ બોલ્યા.

સ્વામીશ્રી સુધારતાં કહે : 'જ્ઞાનનિલયદાસ એમ કહેવું. આપણે તો દાસ થવાનું છે ને !'

જ્ઞાનનિલય સ્વામી કહે : 'દાસ થવાનું બાકી છે.'

સ્વામીશ્રી કહે : 'આપણે તો દાસ જ રહેવાનું છે. આપણે સેવક જ છીએ. દાસભાવ રહે તો શાંતિ રહે.'

'પણ કાયમ દાસ રહેવું અઘરું પડે છે. અહંકાર ક્યારેક આવી જાય છે. ક્યારેક ગામડે ફરીને બે-ત્રણ દિવસ માટે જ સુરત આવ્યા હોઈએ અને કોઠારી કો'કની જોડમાં જવાનું કહે, ત્યારે આજ્ઞા તો પાળીએ છીએ, પણ મનમાં ૧૦૦% ઉત્સાહ રહેતો નથી.'

સ્વામીશ્રી કહે : 'એવું થવું જ ન જોઈએ. આ શરીરથી કામ જ લેવાનું છે. સાંઢલિયું બળદ હોય એની ખબર છે ને ?'

'ના.'

સ્વામીશ્રી કહે : 'ઘનશ્યામ બાપા ! સમજાવો.'

ઘનશ્યામચરણ સ્વામીએ સૂંઢેલ બળદનો અર્થ સમજાવ્યો. એટલે સ્વામીશ્રી કહે : 'એવા જે બળદ હોય એ પેલાને ત્યાં જાય તોય આખો દહાડો એને ચલાવે અને બીજાને ત્યાં જાય તોય એને આખો દહાડો ચલાવે. એને કામ કર્યા જ કરવાનું, સમજાયું ? એમ શરીરથી કામ લઈ લેવું. આપણે બીજું કરવાનું પણ શું છે ? શ્રીજીમહારાજને રાજી કરવા આવ્યા છીએ, તો દેહે કરીને કામ લઈ લેવું. ગામડે ફરીને આવ્યા હોઈએ અને કોઠારી કહે તો ત્યાંય જવું.'

સ્વામીશ્રીએ સાધુના જીવનની શીખવા જેવી સુંદર વાત કરી.

•

તા. ૪-૧૧-૨૦૦૯, બોચાસણ

ડૉ. હરેન્દ્રભાઈ ડાકોરથી દર્શને આવ્યા હતા. તેઓ કહે : 'એક ગામનાં બાઈ હરિભક્ત છે. એમણે પોતાની મરણમૂડી તરીકે આપત્કાળે કામ લાગે એ માટે મને અઢી લાખ રૂપિયા આપ્યા હતા. તેઓની ઇચ્છા હતી કે 'પોતે ધામમાં જાય પછી એ રકમ સંસ્થાને આપી દેવી.' મેં તેઓને સમજાવ્યા કે 'ટાણે-કટાણે તમારા દીકરાઓ તમને મદદ કરશે. માટે અત્યારે જ આ રકમ સ્વામીબાપાના સાંનિધ્યમાં ઠાકોરજીને અર્પણ કરી દ્યો.' તેઓ સંમત થયાં એટલે આજે આ રકમ લઈને હું આવ્યો છું.' એમ કહેતાં તેઓએ પૅકેટ ઠાકોરજી સમક્ષ મૂક્યું.

સ્વામીશ્રીએ તરત જ તેઓને અટકાવતાં કહ્યું : 'આવું કંઈ કરવાની જરૂર નથી. ભલે એમના દીકરાઓ પરદેશ છે, પણ અચાનક જરૂર પડે ત્યારે પરદેશથી પૈસા ક્યાંથી આવે ? અને આવે કે ન આવે એની ખાતરી શું ? જરૂર હોય અને પૈસા ન હોય તો શું થાય ? એટલે

અત્યારે પાછા લઈ જાવ અને પછી એમનો જે સંકલ્પ છે તે મુજબ જ્યારે તેઓ ન હોય ત્યારે આપજો, એનો વાંધો નથી.'

•

તા. ૬-૧૧-૨૦૦૯, બોચાસણ

સ્વામીશ્રીના જૂના વિચરણની વાતોના સંદર્ભમાં ભગવત્ચરણ સ્વામી કહે : 'પહેલાં જે રીતે આપ વિચરણ કરતા હતા, ભીડો વેઠતા હતા, એ બધું યાદ કરો તો અત્યારે કેવું લાગે છે ? નવાઈ લાગે, કેમ ?'

સ્વામીશ્રી ખુમારી સાથે કહે : 'અસવાર તો તાજા છે, લેકિન ટટ્ટુ દૂબલા થઈ ગયા !'

•

ભૂમિભ્રમણના વચગાળામાં થોડાક વિશ્રામના સમય દરમ્યાન સ્વામીશ્રી જ્યારે ખુરશી ઉપર વિરાજમાન હતા ત્યારે સામે ઊભેલા ભગવત્ચરણ સ્વામી કહે : 'હજી તમે પહેલાના જેવા જ દેખાવ છો. કાંઈ ફરક લાગતો નથી. પહેલાં જેમ બહુ ભીડો વેઠતા, વિચરણ કરતા, એવા ને એવા જ લાગો છો.'

સ્વામીશ્રી હસતાં હસતાં કહે : ''આવી વાત સારી, બાકી કોઈ દુઃખી માણસ હોય અને જે આવે એ એને એમ કહે કે 'બહુ દુઃખ પડે છે કેમ ? બહુ દુઃખ પડે છે હોં !' તો પેલો બીચારો ન હોય એના કરતાંય વધારે દુઃખી થઈ જાય. એમ 'માંદા છો, માંદા છો, માંદા છો' એમ કહેતા રહો તો ન હોય તોય માંદા થઈ જવાય.''

•

તા. ૭-૧૧-૨૦૦૯, બોચાસણ

સ્વામીશ્રી એક યુવકને મળ્યા. પહેલાં સક્રિય રીતે સંસ્થામાં જોડાયેલા આ યુવકને કોઈક પ્રસંગ બનતાં ૧૯૯૪થી આવવાનું બંધ કર્યું હતું, પરંતુ થોડાક સમય પહેલાં એને અંતર્દૃષ્ટિ થઈ હતી અને સ્વામીશ્રીનાં દર્શનની ઇચ્છા એમણે વ્યક્ત કરી હતી. આ યુવકને સ્વામીશ્રીએ બોચાસણ આવવા જણાવ્યું હતું.

અત્યારે એ સ્વામીશ્રી સમક્ષ ઉપસ્થિત થયા. તેઓને જોઈને સ્વામીશ્રી કહે : 'ચૌદ સાલ હો ગયે. બહુત લંબા હો ગયા.'

સ્વામીશ્રીનું આ વચન સાંભળીને એકદમ ભાવુક થઈને ગળગળા થઈને બે કાન પકડીને કહે : 'માફ કરજો. હું આપની માફી માગું છું. આટલાં વરસો આપની વિરુદ્ધમાં પણ હું કાંઈ બોલ્યો હોઉં તો એનું મને દુઃખ છે. આપ મને માફ કરજો.'

સ્વામીશ્રી કહે : 'ભગવાને માફ કર્યું જ છે. ભગવાન દયાળુ છે, એટલે એ તો બધું ભૂલી જાય છે, પણ હવેથી તું નિયમિત આવતો રહેજે.'

સ્વામીશ્રીએ આ રીતે એક ગુમરાહ વ્યક્તિને ઉદાર દિલે ક્ષમા આપીને પાછી સત્સંગ તરફ વાળી.

•

ભક્તિકીર્તન સ્વામી કહે : 'આ યોગનિધિ સ્વામી સેવામાં ખડે પગે રહે છે.'

સ્વામીશ્રી કહે : 'ખડે પગે રહે છે એ સારું છે. ખોડો પગ નથી થયો એ વધારે સારું છે. પગ ખોડો હોય તો એમ થઈ જાય કે 'થાય છે, રહે છે, કાલે કરીશું, ક્યાં ઉતાવળ છે ?' પણ ખડે પગે હોય તો ઉત્સાહ એમનો એમ રહે.'

સ્વામીશ્રીએ જાણે બધા સંતો અને કાર્યકરો માટે જીવનમંત્ર આપી દીધો.

•

અમેરિકામાં ૪૪ સંતોની ઉપસ્થિતિમાં આવતા વર્ષના સત્સંગ કાર્યક્રમની વિચારણા માટે એક શિબિર એલ.એ.માં ચાલી રહી છે. આ શિબિરમાં ઉપસ્થિત રહેલા વિપુલ બુધદેવનો ફોન આવ્યો.

તેઓની બાજુમાં બેઠેલા ગુણસાગર સ્વામીએ સ્વામીશ્રીને વિનંતી કરતાં કહ્યું : 'અત્યારે અહીં સંતો અને કાર્યકરો ભેગા થયા છે, તો આપ આશીર્વાદ આપો જેથી સૌને બળ રહે.'

સ્વામીશ્રી કહે : 'કાર્યકરો ભેગા થયા છે તો બધા સારી રીતે સેવા કરે એ આશીર્વાદ છે. સારામાં સારો કાર્યક્રમ થઈ જાય, સારામાં સારું કાર્ય થાય. આ મોટી સેવા છે, એ ખટકો રાખીને કરવી. સત્સંગ વધે અને સત્સંગની દૃઢતા થાય એ પણ આશીર્વાદ છે. જોગી બાપા અને શાસ્ત્રીજી મહારાજ રાજી થાય એ કરવાનું છે. સંપ, સુહૃદભાવ, એકતાની દૃઢતા થાય; આજ્ઞા-ઉપાસનાની દૃઢતા થાય; નિયમ-ધર્મની વિશેષ દૃઢતા થાય; અને કોઈ પણ પ્રકારનું વ્યસન-દૂષણ લાગે નહીં એ કરવાનું છે. સૌને આશીર્વાદ છે.' આટલું કહ્યા પછી સ્વામીશ્રી કહે : 'દર વરસે સત્સંગ કેટલો વધે છે ?'

ગુણસાગર સ્વામી કહે : 'સત્સંગ તો આપની

કૃપાથી દર વરસે ૧૦% વધે છે, પણ આપ જો પધારો તો બમણો થાય. આપની હાજરી હોય તો ફરક પડે ને !'

સ્વામીશ્રી કહે : 'ત્યાં પધારવું કે ન પધારવું એ બીજી વાત છે, પણ અત્યારે મનમાં થવું જ જોઈએ કે હાજરી છે જ. એમ માનશો તો બળ અને ઉત્સાહ રહેશે. શ્રીજીમહારાજ-સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ બધા આપણી સાથે જ છે ને !'

સ્વામીશ્રીએ કાર્ય કરનાર માટે આ બીજો એક મંત્ર ગાંઠે બંધાવી દીધો અને છેલ્લે કહ્યું : 'આવવાનું થાય કે ન થાય, પણ જો આવી સમજણ હશે તો બળ ને ઉત્સાહ રહેશે. શ્રીજીમહારાજની ઇચ્છા હશે તો આવવાનું થશે ને નહીં હોય તો નહીં પણ થાય.'

આ રીતે અહીં બેઠાં બેઠાં સૌ કાર્યકરોને સ્વામીશ્રીએ અદ્ભુત આશીર્વાદ આપ્યા.

•

અત્યારે શરદીની અસર હોવાથી રોજ સ્વામીશ્રી બે ટાઈમ નાસ લે છે. ૧૧:૩૦ વાગે નાસનું મશીન મૂકવામાં આવ્યું. સ્વામીશ્રીએ નાસ લેતાં લેતાં પણ એક-બે પત્ર સાંભળીને એના ઉત્તરો ધર્મચરણ સ્વામીને લખાવ્યા. ૧૧:૪૦ વાગે નાસ પૂરો થયો. એટલે તરત જ સ્વામીશ્રી કહે : 'બીજી ટપાલ પૂછવાની હોય તો પૂછી લો.'

•

તા. ૮-૧૧-૨૦૦૯, બોચાસણ

જમતી વખતે ચતુર્ભુજ સ્વામી કહે : 'આજે પુરુષોત્તમપુરાના હરિભક્તો આવ્યા હતા. એ બધાને સાચવી લીધા છે.'

સ્વામીશ્રી કહે, 'જૂના છે એને સાચવી લેવા. આશાભાઈ ઈશ્વરભાઈની કેટલી સેવા ?! જૂનું નાણું છે, કામ ન આવે ? અત્યારે તો જૂના જતા રહે ને નવાને સાચવે. શાસ્ત્રીજી મહારાજના વખતમાં જ્યારે કોઈ ઉતારો પણ નહોતું આપતું ત્યારનો એ સૌનો ભોગ છે. શાસ્ત્રીજી મહારાજ ત્યાં જ રહેતા, ત્યાં જ ઊતરતા. એટલે આપણે પણ એ પેઢીના હરિભક્તો આવે તો જાતે ઊભા રહેવું, સાચવી રાખવા, સરભરા કરવી. યોગીજી મહારાજની આ રીત હતી. રાખરખાવટમાં સત્સંગ વધે.'

વળી, ચતુર્ભુજ સ્વામી કહે : 'સવારે સારસાવાળા ગિરધરભાઈનાં કુટુંબીઓ ને પરિવારજનો આવ્યાં હતાં, એ બધાંને નાસ્તા-પાણી કરાવી દીધા છે.'

સ્વામીશ્રી કહે : 'જમતી વખતે ધ્યાન રાખજે. સારી રીતે જમાડજે. જૂના માણસ છે એટલે સાચવવા પડે.'

શ્રુતિપ્રકાશ સ્વામી કહે : 'આપને ખટકો બહુ છે.'

સ્વામીશ્રી કહે : 'એવાં ઘણાં કુટુંબ છે. એમને ત્યાં અડધી રાતે જઈને પડતા અને અડધી રાતે પણ આ કુટુંબોએ આપણું ધ્યાન રાખ્યું છે, સેવા કરી છે, શાસ્ત્રીજી મહારાજના સમયમાં બધાએ ખૂબ સેવા કરી છે. યોગીબાપાને પણ રાજી કર્યા છે.'

ચતુર્ભુજ સ્વામી કહે : 'જૂના હરિભક્તોને બોલાવીએ છીએ અને સાચવી લઈએ છીએ.'

સ્વામીશ્રી કહે : 'એ લોકોએ કેવો ભીડો વેઠ્યો છે ! ધર્માદાની કેવી સેવાઓ કરી છે ! જૂનું નાણું કહેવાય. સાચવવું પડે. જેટલી ખબર રાખો એટલો સત્સંગ વધે. આપણે ભૂલી જવાનું નહીં.'

•

તા. ૯-૧૧-૨૦૦૯, બોચાસણ

સ્વામીશ્રી હનુમાનજી-ગણપતિજીનાં દર્શને પધાર્યા. અહીં બંને દાદરા ઉપર દર્શન માટે હરિભક્તો ઊભા હોય છે. એમાં એક હરિભક્તે જોરથી જયનાદો બોલાવ્યા. સ્વામીશ્રીનું ધ્યાન તેઓ તરફ ગયું. તેઓને જોતાં સ્વામીશ્રી કહે : 'અત્યારે ક્યાં છે તું ?'

'શિકાગોમાં.'

'ક્યારે આવ્યો ?'

'બસ, થોડા વખત પહેલાં જ આવ્યો.'

સ્વામીશ્રી કહે : 'ઘણા વખતે મળ્યો.' એમ કહીને મારી સામે જોઈને સ્વામીશ્રી કહે : 'અહીં બોચાસણમાં ઘનશ્યામ મહારાજનું મંડળ ચાલતું, એમાં ચીમનલાલ અને આ પુનિત મહારાજ (હરમાનભાઈ ગોરધનભાઈ) *'બોરસલી કી છૈયા'* વગેરે કીર્તનો ગાતા અને મંડળ ચલાવતા, બહુ ઉત્સાહી હતા.'

સ્વામીશ્રીએ આટલું કહ્યું ને લટકું કર્યું, ત્યાં તો એ હરમાનભાઈની બૅટરી જાણે ચાર્જ થઈ ગઈ ને જોરથી જયનાદો ગજવવા લાગ્યા.

•

તા. ૧૧-૧૧-૨૦૦૯, બોચાસણ

વિધાનસભાના દંડક અંબાલાલ રોહિત દર્શને આવ્યા.

તેઓએ સ્વામીશ્રીને વિનંતી કરી કે આ વખતે વરસાદ ઓછો હતો ત્યારે પણ નહેરનાં પાણી અપાવીને ડાંગરની ખેતી બચાવી હતી. પરિણામે, ડાંગર ખૂબ પાકી છે, પરંતુ અત્યારે આ વરસાદ અને વાવાઝોડાની જે આગાહી છે એ જો થયું તો બધી મહેનત પર પાણી ફરી વળશે. માટે આપ ભગવાનને વિનંતી કરો, પ્રાર્થના કરો અને આશીર્વાદ આપો કે વરસાદ અટકી જાય, વાવાઝોડું અટકી જાય ને ખેડૂતો સુખી થાય.'

સ્વામીશ્રીએ તેઓને આશીર્વાદ આપ્યા ને સવારે ભોજન પછી ભક્તેશમુનિ સ્વામીને બોલાવીને કહ્યું કે 'સાંજના ૪ઃ૩૦ વાગ્યાથી મંદિરમાં ધૂન થાય, સૌ સંતો ને હરિભક્તો બેસે અને આરતી સુધી ધૂન થાય એવી વ્યવસ્થા કરવાનું વેદજ્ઞ સ્વામીને કહી દેજો.'

વાવાઝોડાના સંદર્ભમાં આ સૂચના આપવામાં આવી હતી. સૌએ એ મુજબ ધૂન કરી, સ્વામીશ્રીએ પણ પ્રાર્થના કરી.

બે દિવસ પછી ગુજરાત વિધાનસભાના દંડક અંબાલાલ રોહિત દર્શને આવ્યા. સ્વામીશ્રીને કહે : 'આપે ભગવાનને પ્રાર્થના કરી એટલે વાવાઝોડું ફંટાઈ ગયું ને વરસાદ પણ માપે પડ્યો. એને કારણે ડાંગરનો પાક બચી ગયો ! એટલે ૧૨ ખેડૂતો સાથે આપનો આભાર માનવા આવ્યો છું.' આટલું કહીને બધા જ ખેડૂતોને દર્શન કરાવ્યા ને આભારરૂપે ૨૫ મણ ચોખા ઠાકોરજીને સેવામાં આપ્યા.

•

સાંજે પત્રવાંચન દરમ્યાન દિલ્હીથી આત્મસ્વરૂપ સ્વામીનો ફોન આવ્યો કે આવતીકાલે અહીં અક્ષરધામ મેટ્રો રેલવે સ્ટેશનનું ઉદ્‌ઘાટન છે. આ મેટ્રો રેલવેના સર્જક પદ્મશ્રી શ્રીધરન્ સાહેબને આશીર્વાદ આપજો.

શ્રીધરન્ સાહેબનો ફોન આવ્યો એટલે સ્વામીશ્રી કહે : 'आपने अक्षरधाम मेट्रो स्टेशन का बोर्ड लगा दिया है तो सबको संस्कार पडेगा, आपको पुण्य मिलेगा। गाडी में आने-जाने वाले सभी को शांति मिलेगी। आपको आशीर्वाद है।'

બીજા દિવસે નીલકંઠ વર્ણી અભિષેકનાં દર્શને સ્વામીશ્રી પધાર્યા ત્યારે સ્વામીશ્રીએ સામેથી જ કહ્યું : 'આજે દિલ્હી અક્ષરધામની સામે તૈયાર થયેલા અક્ષરધામ મેટ્રો રેલવે સ્ટેશનનું ઉદ્‌ઘાટન છે, માટે ધૂન કરી લ્યો.' આટલું કહીને સ્વામીશ્રીએ ધૂન બોલાવી અને છેલ્લે સંકલ્પ કર્યો કે આ ટ્રેનમાં જતાં-આવતાં બધાને અક્ષરધામના સંસ્કાર પડી જાય અને સૌ સુખી બને.'

વળી, વરસાદની આગાહીના સંદર્ભમાં પણ વરસાદનું માવઠું અને વાવાઝોડું અટકી જાય એ માટે ધૂન કરાવી. વળી, પાછું દિલ્હીની મેટ્રોને યાદ કરીને પ્રાર્થના કરતાં સ્વામીશ્રી કહે : 'હજારોને સંસ્કાર પડે ને સાહેબે (શ્રીધરન્ સાહેબે) કામ કર્યું છે એમને પણ આશીર્વાદ મળે, યશ મળે.'

મંદિરે દર્શન કર્યા પછી સ્વામીશ્રી ગુરુશિખરનાં દર્શન કરી રહ્યા હતા, એ દરમ્યાન દિલ્હીથી આત્મસ્વરૂપ સ્વામીનો ફોન આવ્યો અને આ જ વાત કરી, એટલે સ્વામીશ્રી કહે : 'આશીર્વાદ છે. જતાં-આવતાં દર્શન કરશે, બોર્ડનાં પણ દર્શન કરશે કે નામ સાંભળશે એ બધાનું કલ્યાણ ભગવાન કરશે. અહીં એ માટે જ ધૂન કરી છે. જય જયકાર થઈ જશે.'

•

તા. ૧૩-૧૧-૨૦૦૯, બોચાસણ

ડાકોરથી કાઠિયાખાક ચોકના મહંત કમલદાસજી આવ્યા હતા. સ્વામીશ્રીએ હાર પહેરાવીને તેઓને સન્માન્યા અને શાલ ઓઢાડી. તેઓએ પણ એ જ રીતે સ્વામીશ્રીનું સન્માન કર્યું. ડાકોરમાં ૧૦૮ કુંડી યજ્ઞ તેઓ કરી રહ્યા હતા, તેમાં આમંત્રણ આપવા માટે તેઓ પધાર્યા હતા. વળી, સંસ્થા તેઓને જે સહકાર આપે છે એના માટે આભાર માનવા માટે પણ તેઓ આવ્યા હતા.

સ્વામીશ્રીને કહે : 'आप बहुत सेवा करते हैं।

સ્વામીશ્રી તરત જ કહે : 'सब भगवान की कृपा है।'

•

તા. ૧૫-૧૧-૨૦૦૯, બોચાસણ

ભોજન દરમ્યાન સ્થાનિક સંતો બેઠા હતા. સૌએ સામૂહિક રીતે વિનંતી કરી કે 'સ્વરૂપનિષ્ઠાની દૃઢતા કાયમ રહે અને દેહ પર્યંત મોળા શબ્દો પથ્થર પર પાણી રેડાય એવા જ રહે, અસર ન કરે, એવી કૃપા કરજો.'

સ્વામીશ્રી કહે : 'જાણપણારૂપ દરવાજે ઊભા છો એટલે વાંધો નહીં આવે.'

•

તા. ૧૮-૧૧-૨૦૦૯, બોચાસણ

એક યુવકે આવીને વિનંતી કરી : 'બાપા ! જીવનમાં ઘણી ભૂલો કરી છે. હવે આપની પાસે આવ્યો છું.'

સ્વામીશ્રી કહે : 'જે ભૂલ થઈ હોય એ ભગવાન માફ કરશે. સત્સંગમાં આવ્યા છો તો હવે ધીરજ રાખીને સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... માળા કરતા રહેજો. ભગવાન બધું સારું કરશે.'

•

તા. ૧૯-૧૧-૨૦૦૯, બોચાસણ

ભોજન દરમ્યાન નારાયણપ્રકાશ સ્વામીએ આણંદ શહેર અને સત્સંગની વિશેષતાઓની વાત કરી. તેઓ છેલ્લે કહે : 'મૂળ આપે દુકાને દુકાને વિચરણ કર્યું છે, દાળ ઉઘરાવી છે, એને કારણે બહારની સંસ્થાઓમાં પણ આપના પ્રત્યે જબરજસ્ત માન છે. આપનું જીવન અને આપનું કાર્ય જોઈને લોકો સામેથી જ આવે છે. અમારે સંતોએ કાંઈ જ કરવું પડતું નથી.'

સ્વામીશ્રી કહે : 'આપણે તો શું ? જોગી બાપાએ બહુ જ પધરામણી કરી છે. અંબાલાલ કરસનદા હતા એ દર વખતે એમને લઈ જાય.'

•

અમેરિકાથી યજ્ઞવલ્લભ સ્વામીનો ફેક્સ આવ્યો હતો. સ્વામીશ્રીની આજ્ઞા અનુસાર અમેરિકામાં રહીને વિચરણ કરતા સંતો અહીં બે વર્ષ પછી ભારતમાં દર્શન-લાભ લેવા આવવાના હતા. તેઓનો ફોન અત્યારે આવ્યો ત્યારે સ્વામીશ્રી કહે : 'તમારો કાગળ વાંચી લીધો છે. સંતોને આવવા માટે ગોઠવ્યું છે એ બરાબર છે.'

યજ્ઞવલ્લભ સ્વામી કહે : 'આપે કૃપા કરી, સંતો બહુ રાજી થયા.'

સ્વામીશ્રી કહે : 'સંતો સેવા-ભક્તિ કરે છે તો રાજી કરવા જોઈએ ને ! સર્વસ્વ અર્પણ કર્યું છે તો નારાજ ન થાય એ જોવું જોઈએ. મનમાં એમ થાય છે કે સંતો સેવા-ભક્તિ કરે છે, તો રાજી કરી લઈએ. આપણે જાણીએ છીએ કે અહીં આવે એટલે ખર્ચ તો થાય, ટાઈમ પણ જાય, પણ જોગી બાપાને રાજી કરવા બધા સેવા-ભક્તિ કરે છે, તો એનાથી વિશેષ શું હોઈ શકે ?'

•

એક હરિભક્તનો દક્ષિણ ગુજરાત વિસ્તારમાંથી ફોન આવ્યો. તેઓ સ્વામીશ્રીને કહે : 'મારા સાઢુભાઈની દીકરી માટે એક છોકરો જોયો છે. એકબીજાને પસંદ પડ્યા છે, પણ જ્યોતિષ એમ કહે છે કે 'ત્રણ મહિનામાં છૂટું થઈ જશે,' તો શું કરવું ?'

સ્વામીશ્રી કહે : 'શ્રીજીમહારાજનો આશરો છે ને છોકરો ગમ્યો છે ને એકબીજાને પસંદ કરે છે તો મહારાજના નામના જનમંગલ નામના પાઠ કરવા. જે કંઈ હશે એનું નિરાકરણ થઈ જશે ને સારું થઈ જશે. સંકલ્પ સાથે પાંચ પાઠ કરવા. સ્વામિનારાયણાય નમઃ.... સહજાનંદાય નમઃ.... એ જે નામ છે એ જનમંગલના પાઠ કરજો. પેલા બ્રાહ્મણ જાપ કરવાનું કહે એ જાપથી જો થતું હોય, તો આ મંત્ર તો સર્વોપરિ છે, એટલે નિરાકરણ થાય જ. એટલે મનમાં દૃઢતા રાખીને જ આગળ વધજો.'

•

તા. ૨૧-૧૧-૨૦૦૯, બોચાસણ

કડવા પટેલ જ્ઞાતિના આગેવાનો ઊંઝાથી આજે આશીર્વાદ લેવા આવ્યા હતા. આ આગેવાનો પૈકીના નારાયણ કાકા તથા અગ્રણીઓ થોડાક દિવસ પછી ઊંઝામાં ઉમિયા માતાનો અઢારમી શતાબ્દીનો મહોત્સવ ઊજવી રહ્યા છે. આ મહોત્સવ સંપૂર્ણ સફળ બને એ માટે જ તેઓ આશીર્વાદ લેવા આવ્યા હતા.

સ્વામીશ્રી તેઓને આશીર્વાદ આપતાં કહે : 'તમે બધાએ કામ સારું ઉપાડ્યું છે. ખૂબ સફળતા મળે અને અમારા આશીર્વાદ તો સાથે છે જ. સારા કામમાં આશીર્વાદ તો હોય જ ને ! કાર્ય ખરેખરું થાય અને નિર્વિઘ્ન થાય. ઉત્સવ સર્વોપરિ થશે ને જય જયકાર થઈ જશે.'

તેઓની સાથે આવેલા યુવાનોને સંબોધીને સ્વામીશ્રી કહે : 'આ બધી સેનાને પણ આશીર્વાદ છે.'

આટલું કહીને યુવકોને સંબોધીને કહે : 'આ વડીલો છે એ માર્ગદર્શન આપશે અને તમે બધા ખડે પગે રહેજો. જે આવે એ દર્શન કરીને જાય, રાજી થાય, એવી સેવા કરજો. લોકોને ભગવાનમાં શ્રદ્ધા ખૂબ વધે એ આશીર્વાદ છે.'

•

લોસ એન્જલસથી મુનેશ પટેલનો ફેક્સ આવ્યો હતો. તેઓએ લખ્યું હતું કે પૂજાપાઠ નિયમિત કરું જ છું, પરંતુ આપ મારી સાથે હો એવું મને લાગે તે માટે

આપ મને પાંચ નિયમ આપજો, તો હું અચૂક પાળીશ.'

આ સાંભળીને નાસ લેતાં લેતાં સ્વામીશ્રી કહે : '૧. વચનામૃત રોજ વાંચવું. ૨. સ્વામીની વાતો પાંચ વાંચવી. ૩. તમાકુ-સિગારેટ-બીડી કે દારૂ વગેરેનું વ્યસન થવા દેવું નહીં. ૪. ઘરસભા કરવી. ઘરસભામાં એકલા હો તો વાંચન કરી લેવું. ૫. જીવનચરિત્રનો પાઠ કરવો.'

•

તા. ૨૨-૧૧-૨૦૦૯, બોચાસણ

એક જજ સાહેબ દર્શને આવ્યા હતા. તેઓનો સુપુત્ર સાથે હતો. તેઓ સ્વામીશ્રીને કહે : 'આમ તો હું જજ છું, પણ ઘરમાં મારો આદેશ આ છોકરા પાળતા નથી. માબાપનું કહ્યું કરે એવા આશીર્વાદ આપો.'

આ સાંભળતાં સ્વામીશ્રીએ યુવકને સંબોધીને કહ્યું : 'આપણે માબાપ કહે એમ જ કરવાનું. માબાપે આપણને મોટા કર્યા છે. એટલે એ કહે એ માનીએ તો આગળ વધાય. માટે માબાપને રોજ પગે લાગજે ને કહ્યું કરજે.'

•

તા. ૨૩-૧૧-૨૦૦૯, બોચાસણ

એક મુમુક્ષુએ સ્વામીશ્રીને વિનંતી કરતાં કહ્યું : 'ધામમાં જાઉં ત્યારે આપ લેવા પધારજો.'

સ્વામીશ્રી કહે : 'ભગવાન આવશે.'

એ મુમુક્ષુ કહે : 'મેં ભગવાનને ક્યાં જોયા છે ? માટે આપ જ પધારજો.'

સ્વામીશ્રી કહે : 'શ્રીજીમહારાજ, યોગીજી મહારાજ બધા તેડવા આવશે જ.'

•

વડોદરાના એક મુમુક્ષુએ સ્વામીશ્રીને વિનંતી કરતાં કહ્યું : 'મારા અંતરના દોષો ટળી જાય એવા આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી કહે : 'વચનામૃત અને સ્વામીની વાતોનું વાંચન કરજો.'

•

હોલેન્ડથી હનકોપ આવ્યા હતા. તેઓ કહે : 'માર્ટિન અને હોલેન્ડ મંડળ વતી આપને મારા જય સ્વામિનારાયણ.'

તેઓની સાથે આવેલા વિહારીભાઈ લંડન રહે છે. તેઓ કહે : 'હવે નોકરીમાંથી રિટાયર થવું છે.'

નિવૃત્તિની આ વાત સાંભળીને હનકોપે સ્વામીશ્રીને કહ્યું : 'તમે ક્યારે રિટાયર થાવ છો ?'

સ્વામીશ્રી બે હાથ પહોળા કરીને અલમસ્ત મુદ્રામાં કેફથી કહે : 'I am retire,' ક્ષણભરના વિરામ પછી વળી કહે : 'Complete retire.' આટલું કહીને આજુબાજુ ઊભેલા તમામ સંતોને હાથથી બતાવીને કહે : 'આ બધા સેવા કરે જ છે ને !'

હનકોપ કહે : 'પણ તમે રીટાયર થયા જ નથી.'

સ્વામીશ્રી રોજ આટલા હરિભક્તોને મળે છે અને સંસ્થાના સંચાલનની સામાજિક કાર્યોની મિટિંગો કરે છે, એ સંદર્ભમાં તેઓએ કહ્યું.

સ્વામીશ્રી કહે : 'રીટાયર્ડ જ છીએ. રીટાયર્ડ થયા પછી પણ માણસ કામ નથી કરતો ? આપણે ભગવાનની ભક્તિ તો કરવાની જ છે ને !'

સ્વામીશ્રી અખંડ પ્રવૃત્તિમાં પણ મનથી અખંડ નિવૃત્ત જ છે ને !

•

રાજકોટથી જતિનભાઈ ઓઝાનો ફોન હતો. તેઓએ વાત કરી કે 'મારા સાળા ઉપેન્દ્રભાઈ ઓઝા(કેનેડા)ને આપે કાલે આશીર્વાદ આપ્યા હતા અને આજે ધામમાં ગયા છે.'

સ્વામીશ્રી કહે : 'એ તો ભક્તરાજ હતા. ભગવાનના ધામમાં બેસી ગયા છે. એમના દીકરા હોય તો ફોન નંબર આપજો, તો આશીર્વાદ ફોનથી આપીશું. નંબર આપજો.'

ભોજન પછી પત્રલેખન કરતાં કરતાં સ્વામીશ્રી ધર્મચરણ સ્વામીને કહે : 'જ્ઞાનપ્રિય સ્વામીને કેનેડા ફોન જોડો.' તેઓએ ફોન જોડ્યો એટલે સ્વામીશ્રી પત્ર લખતાં લખતાં જ કહે : 'ઉપેન્દ્રભાઈને ઘરે જવાના છો એ બરોબર છે. મારે એ જ તમને કહેવાનું હતું. એમના દીકરાને મંદિરે બોલાવતા રહેજો.'

ઉપેન્દ્રભાઈના સુપુત્ર યોગેશભાઈનો ફોન આવ્યો, એટલે સ્વામીશ્રીએ તેઓને પણ આશીર્વાદ આપ્યા.

•

અનિર્દેશ સ્વામીએ ઝાડેશ્વર મંદિર અંતર્ગત થતી પ્રવૃત્તિઓનો પરિચય આપ્યો. આ પરિચય આપતાં તેઓએ કાર્યકરોને પણ યાદ કર્યા, ત્યારે સ્વામીશ્રીએ

સામેથી પદ્મકાંતભાઈ ભાવસારને યાદ કરીને કહ્યું : 'પદ્મકાન્ત બહુ નિષ્ઠાવાન કાર્યકર.' આટલું કહીને વળી કહે : 'આખું કુટુંબ એવું.'

•

તા. ૨૪-૧૧-૨૦૦૯, બોચાસણ

નૈરોબીથી આવેલા હર્ષદભાઈ રાણા સ્વામીશ્રીને મળ્યા. તેઓ સ્વામીશ્રી સમક્ષ આવ્યા અને સ્વામીશ્રીને બે હાથ જોડીને 'જય સ્વામિનારાયણ' કહ્યા. એટલે સ્વામીશ્રીએ 'જય સ્વામિનારાયણ' કહ્યા. પછી જાતે જ હાથ લંબાવ્યો અને કહ્યું : 'હાથ મિલાવો.' એમ કહીને તેઓની સાથે હસ્તધૂનન કર્યું ને વિશિષ્ટ સ્મૃતિ આપી.

•

તા. ૨૫-૧૧-૨૦૦૯, બોચાસણ

આજે માગશર સુદ અષ્ટમીનો દિવસ હતો. સ્વામીશ્રીનો ૮૯મો જન્મ જયંતી દિન હતો. સ્વામીશ્રીના આદેશ મુજબ આ જયંતી-ઉત્સવ મોટા પાયે રાખવામાં આવ્યો ન હતો. સ્વામીશ્રી પરવારીને ઠાકોરજીનાં દર્શને પધાર્યા ત્યારે ભારતના જાણીતા રિધમિસ્ટ શિવમણિ આજના પ્રસંગે લાભ લેવા માટે આવ્યા હતા. તેઓએ પોતાની સાથે લાવેલું ડફ નગારાની શૈલીમાં વગાડ્યું. સ્વામીશ્રીએ પણ તેઓ પર અમીદૃષ્ટિ કરી. ત્રણેય ખંડમાં સ્વામીશ્રીએ આરતી ઉતારી. મધ્ય ખંડમાં આજના પ્રસંગે અન્નકૂટ રચવામાં આવ્યો હતો. વળી, સ્વામીશ્રીના જીવનવર્ષ ૮૯થી અંકિત વિશાળ વર્તુળાકાર કેક ફરતી ફરતી શોભી રહી હતી. ત્રણેય ખંડમાં સ્વામીશ્રીએ આરતી ઉતાર્યા પછી હરિકૃષ્ણ મહારાજના ખંડમાં પુનઃ વ્હીલચૅરમાં વિરાજ્યા. એ દરમ્યાન શિવમણિ હરિકૃષ્ણ મહારાજના ખંડમાં આવ્યા અને તેઓએ લાકડી સાથે ડફ વગાડ્યું. સ્વામીશ્રીએ ઉમળકા સાથે લાકડી લઈને પહેલાં ડ્રમની રીતે ડફ વગાડ્યું. સ્વામીશ્રી વળી તેઓને કહે : 'अच्छा बजाया ?'

શિવમણિ કહે : 'आप तो अच्छा ही बजाते है न !'

આ સાંભળીને સ્વામીશ્રી હસી પડ્યા અને બંને હાથમાં પકડેલી ડ્રમસ્ટીક વડે તેઓના માથા ઉપર પણ ડ્રમની રીતે થોડુંક વગાડ્યું ને કહ્યું : 'बहुत मज़बूत है।'

•

સ્વામીશ્રીએ ગોશાળાની પાછળના મેદાનમાં બંધાયેલા મેદાનમાં આજે પૂજા કરી હતી. પ્રાણપ્યારા ગુરુહરિને જન્મદિને વધાવવા, એમને વંદન કરવા વિના જાહેરાતે, સહેજે સહેજે હરિભક્તોનો મહેરામણ ઊમટ્યો હતો. મોક્ષના દાતા ગુરુવર્યની જન્મ જયંતી ઊજવવાનો ઉમળકો સૌને હૈયે છલકાતો હતો. એમાં પણ અનાયાસ મળેલા આ લાભની સાહજિકતાને લીધે દર્શનનો આનંદ બેવડાતો હતો. મંચથી હરિભક્તો એટલા નજીક હતા કે જાણે સ્વામીશ્રીના ખોળામાં બેસીને જ સ્વામીશ્રીનો લાભ લેતા હોય એવી અનુભૂતિ થતી હતી. સૌ આજના પ્રસંગને અનુરૂપ કીર્તન ગાઈ રહ્યા હતા ને એલ.ઈ.ડી. સ્ક્રીન ઉપર આજના પ્રસંગનાં દૃશ્યો બતાવવામાં આવતાં હતાં. પૂજામાં દિવ્યતાનું વાતાવરણ હતું. એમાં પણ શિવમણિના ડ્રમનો પ્રભાવ ખૂબ અસરકારક નીવડ્યો. પૂજાના અંતિમ તબક્કામાં શિવમણિએ સુકાન હાથમાં લીધું અને એણે ડ્રમ તથા અન્ય બે વાદ્યો દ્વારા અહીં બેઠેલા તમામના મનમસ્તિષ્ક ઉપર જન્મદિન મુબારકનો આનંદ છલકાવી દીધો. એમાં પણ ડુગીમાં 'હેપ્પી બર્થ ડે ટુ યુ' એ ગીત જ્યારે આંગળીની કરામતથી એમણે વગાડ્યું ત્યારે તો સભામાં બેઠેલા તમામે એ ગીત સ્વંભૂ પ્રેરણાથી ઉપાડી લીધું. વાતાવરણમાં કળશ ચડી ગયો. બધા હિલોળે ચડ્યા. એમાં પણ દ્રુત ગતિની તેઓની ડ્રમની રમતમાં સૌનાં હૈયાં પણ નાચવાં લાગ્યાં. સ્વામીશ્રી પણ ખૂબ સાનુકૂળ પ્રતિભાવ આપીને સૌના ઓરતા પૂરતા હતા. એથી વાતાવરણ વિશેષ ભાવમય અને દિવ્ય બની ગયું હતું.

•

ઓરિસ્સાના આઈ.જી.પી. અને સત્સંગીબંધુ યશવંત જેઠવા દર્શને આવ્યા. સ્વામીશ્રી કહે : 'હાર લાવો.' એમ કહીને હાર પહેરાવતાં સ્વામીશ્રી કહે : 'ડિગ્રી વધી ને ! એટલે હાર પહેરાવવો પડે ને !'

યશવંતભાઈ કહે : 'રામ નામે પથરા તર્યા. આપના આશીર્વાદથી થયું છે.'

સ્વામીશ્રી કહે : 'યોગીજી મહારાજના નામે થાય છે.'

યશવંતભાઈ કહે : 'યોગીબાપાને અમે ક્યાં જોયા છે ?'

સ્વામીશ્રી કહે : ''યોગીબાપાને જોયા નથી' એમ

કહેવું નહીં, 'જોયા જ છે' એમ જ કહેવું.''

નક્સલવાદને ડામવામાં એક ઉચ્ચ પોલીસ અધિકારી તરીકે યશવંતભાઈએ ખૂબ પ્રશંસનીય કાર્ય કર્યું છે, એ સંદર્ભમાં કહે : 'આપની જ ટેક્નિક અમને ત્યાં કામ લાગે છે.'

સ્વામીશ્રી કહે : 'એ ટેક્નિક (આધ્યાત્મિક) રાખે છે એનું જ ચાલે છે.'

•

દિલ્હી અક્ષરધામની સામે બંધાયેલા મેટ્રો અક્ષરધામ સ્ટેશનની વાત નીકળતાં સ્વામીશ્રી કહે : 'અક્ષરધામનું નામ પણ સર્વોપરિ બની ગયું ! બહુ સુંદર ! કોઈ પણ પૂછે કે ક્યાં જવું છે ? તો તરત લોકો કહે : અક્ષરધામ.'

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'બસમાં પાંડવનગરનું પાટિયું લગાવ્યું હોય તો લોકોને જ એટલો ગર્વ છે કે પોતાના હાથથી એની નીચે લખી નાખે – અક્ષરધામ.'

સ્વામીશ્રી કહે : 'બસમાં ને બધે પણ અક્ષરધામ અક્ષરધામ થઈ જશે.'

કો'કે વળી કહ્યું કે 'આપની કૃપા અને ઐશ્વર્યથી આ થયું છે.'

સ્વામીશ્રી કહે : 'આપણી કૃપા ક્યાં ? ભગવાનની દયાથી થાય છે. અક્ષરધામ પણ એ જ રીતે થઈ ગયું, સ્ટેશન પણ થઈ ગયું ને લોકો આવતા થઈ ગયા.'

•

જાણીતા કાર્ડિયોલોજિસ્ટ ડૉ. અશ્વિનભાઈ મહેતાને ફોનમાં સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. ડૉ. અશ્વિનભાઈ કહે : 'આપ બોલો છો થોડું ને કામ બહુ કરો છો.'

•

તા. ૨૬-૧૧-૨૦૦૯, બોચાસણ

ઓરિસ્સાના ડી.આઈ.જી. યશવંત જેઠવા આજે જઈ રહ્યા હતા. તેઓને સ્વામીશ્રી છેલ્લે મળ્યા. યશવંત કહે : 'આપના આશીર્વાદથી મને યશ મળે છે.'

સ્વામીશ્રી કહે : 'તેં ભગવાનને આગળ રાખ્યા છે, એટલે ભગવાન પણ તને આગળ કરે છે અને કરશે.'

•

તા. ૨૭-૧૧-૨૦૦૯, બોચાસણ

ભગવત્ચરણ સ્વામી કહે : 'અત્યારે હું એક હરિભક્તના પ્રસંગમાં હાજરી આપવા માટે વણાકબોરી જાઉં છું.'

સ્વામીશ્રી આ સાંભળીને રાજી થયા અને થાળ આવ્યો એટલે થાળમાંથી કાજુકતરીની પ્રસાદી લઈને તેઓને આપી. હરિભક્તોનાં સુખ-દુ:ખ અને પ્રસંગોમાં જનારા કોઈ પણ ઉપર સ્વામીશ્રી હંમેશાં રાજી જ હોય છે. આ તેઓની રુચિ છે.

•

તા. ૨૮-૧૧-૨૦૦૯, બોચાસણ

સાંજે ૮:૩૦ વાગે ફરાળ અંગીકાર કરવા વિરાજ્યા. એ દરમ્યાન ઈસ્ટ આફ્રિકાના અનેક દેશોમાં ચાર મહિના સુધી સતત વિચરીને આવેલા મહંત સ્વામી તથા તેઓની સાથેના મંડળના તમામ સંતોને સ્વામીશ્રી મળ્યા. નારાયણમુનિ સ્વામીએ આફ્રિકા વિચરણનો અહેવાલ આપ્યો. સ્વામીશ્રી ખૂબ રાજી થયા. છેલ્લે નૈરોબીથી આવેલો પિસ્તા અને ખારેકનો હાર મહંત સ્વામી તથા નારાયણમુનિ સ્વામીએ સ્વામીશ્રીને અર્પણ કર્યો. સ્વામીશ્રીને અંતરમાં ઉમળકો હતો એટલે ઊભા થઈને સૌને ભેટવાની ઇચ્છા દર્શાવી. આરામનો સમય થયો ન હતો, એટલે થોડીક આનાકાની થઈ. એટલે સ્વામીશ્રીએ આગળ મૂકવામાં આવેલા ડાઇનિંગ ટેબલને ખસેડવા માટે સહેજ ધક્કો માર્યો. ત્યાં જ એ ટેબલની આગળ ગોઠવવામાં આવેલું નાનું રોસ્ટ્રમ ધબ્બ દઈને પડ્યું અને ધડાકો થયો. સ્વામીશ્રી હસી પડ્યા. જોકે આ બાબતમાં સ્વામીશ્રીને અંતરથી કેટલો ઉમંગ હતો એ જણાતું હતું !!

સ્વામીશ્રી કહે : 'આટલો બધો દાખડો કરીને આવ્યા એટલે મળવું જ જોઈએ ને !'

સ્વામીશ્રીને ઊભા કરવામાં આવ્યા, એટલે સ્વામીશ્રી વારાફરતી મહંત સ્વામી, નારાયણમુનિ સ્વામી, બ્રહ્મદર્શન સ્વામી, અક્ષરેશ સ્વામી, રાહુલ સ્વામી, પૂર્ણવિવેક સ્વામી, અક્ષરકીર્તન સ્વામી, પૂર્ણજીવન સ્વામી તથા બ્રહ્મકીર્તન સ્વામીને ભેટ્યા અને પ્રેમથી સૌને મળ્યા; અને કહે : 'નવનિધિ આવી ગયા. બધાએ ડંકો માર્યો.' અને જાતે જ બદામની પ્રસાદી સૌને આપી.

•

તા. ૨૯-૧૧-૨૦૦૯, બોચાસણ

અક્ષરકીર્તન સ્વામી કહે : 'મહંત સ્વામીએ આ વખતે આફ્રિકામાં હરિભક્તોને ખૂબ બળની વાતો કરી.

તેઓ કાયમ એક વાત દૃઢ કરાવતા કે જે કોઈ સત્સંગમાં છે એ બધા જ સર્વોપરિ શ્રીજીમહારાજના સંબંધવાળા છે, માટે કોઈનો અવગુણ લેવો નહીં.'

સ્વામીશ્રી આ સાંભળતાં કહે : 'બધાને આ વાત દૃઢ તો થઈ છે ને ?'

'હા.'

'તો વાંધો નહીં. જો આ વાત દૃઢ થઈ હોય તો એકબીજાનો મહિમા સમજાશે અને માન નહીં રહે. પ્રસંગ આવે ત્યારે 'હું આત્મા છું, અક્ષર છું, બ્રહ્મ છું,' એ યાદ કરવું. એ સમજણ દૃઢ હોય તો અપમાન લાગે નહીં. નહીં તો 'હું આવો ને મને આમ કહી ગયા ?!' એવું થઈ જાય. અખંડ જાણપણારૂપ દરવાજે રહેવું.'

•

અમેરિકાના ટેક્સાસ રાજ્યમાં આવેલા અને ડલાસ શહેરની બાજુમાં આવેલા અરવિન નામના નગરના અમેરિકન મેયર હર્બર્ટ ગીયર્સ ખાસ સ્વામીશ્રીનાં દર્શને ને અક્ષરધામ નિરીક્ષણ માટે અમેરિકાથી અહીં આવ્યા હતા. આજે તેઓની સ્વામીશ્રી સાથેની મુલાકાત હતી.

સ્વામીશ્રી ભોજન કરી રહ્યા પછી તેઓને મળ્યા. તેઓની સાથે પરેશભાઈ પટેલ(ઓડ) તથા ડૉ. સુધીરભાઈ પટેલ હતા. મુલાકાતમાં તેઓની લાગણીઓનું ભાષાંતર બ્રહ્મવિહારી સ્વામી કરી રહ્યા હતા.

સ્વામીશ્રીની સામે ખુરશી ઉપર તેઓ બેઠા. સ્વામીશ્રીએ તરત જ પૂછ્યું : 'નાસ્તા-પાણી થઈ ગયાં ?'

મેયર કહે : 'હા. વેરી સ્પાઇસી.'

સ્વામીશ્રી કહે : 'આ અમારા ઇન્ડિયાનું સ્વાગત છે.'

મેયર કહે : 'મને એમ હતું કે ઇન્ડિયા જઈશ તો વજન ઊતરી જશે, પણ લાગે છે કે વજન વધી જશે.'

ત્યારપછી તેઓએ પોતાની લાગણીઓ વ્યક્ત કરતાં કહ્યું : 'આપને મળવા આવતાં પહેલાં ૨૧ દિવસથી મેં માંસ અને દારૂ છોડ્યાં છે અને દિલ્હી અક્ષરધામમાં પ્રદર્શનમાં જોયું એ પ્રમાણે હવે મારા પેટને હું કબ્રસ્તાન બનાવવા નથી માગતો. હવે આટલું બસ ! (No more). મારા શરીર અને આત્મા માટે પણ હવે લેવું નથી. જો આપ મને બળ આપો તો કાયમ માટે મારે મૂકવું છે.'

સ્વામીશ્રી કહે : 'આપ અહીં આવ્યા, દર્શન કર્યાં, એટલે હવે એ ભાવના વધારે મજબૂત થઈ જશે. મન મક્કમ રાખવું કે 'હવે નથી જ કરવું,' એટલે નહીં જ થાય અને એના માટે પ્રેયર કરતા રહેજો.'

આટલું કહીને બાજુમાં બેઠેલા બંને હરિભક્તોને બતાવતાં કહે : 'આ બંને હરિભક્તો તમારી જેમ અમેરિકામાં જ રહે છે ને ! તોય એમને કાંઈ થાય છે ?'

મેયર કહે : 'જ્યારે હું મારી જાતે જ આ નિર્ણય કરું છું એટલે મને આ નિયમ પાળવામાં મને લાગે છે કે કાંઈ નડશે નહીં. મેં આ નિયમ લીધો છે એ તમારા પ્રત્યે માન છે એટલા માટે જ સ્વીકાર્યો છે.'

સ્વામીશ્રી કહે : 'ભગવાનનાં દર્શન થયાં એટલે સારું થશે.'

મેયર કહે : 'જોકે આ બાબતમાં મારાં પત્નીને થોડોક પ્રશ્ન છે ખરો; પણ દારૂ અને માંસ છોડ્યા પછી મારું ૧૧ કિલો વજન ઓછું થયું છે, એટલે એને ખબર તો પડી છે કે 'મારી તબિયત માટે અને હું લાંબું જીવી શકું એ માટે આ વસ્તુ સારી છે.'

સ્વામીશ્રી કહે : 'ધીરે ધીરે એમને પણ સમજાશે.'

મેયર કહે : 'મારી મેયરની ઑફિસમાં કોઈ વ્યક્તિ મને મળવા આવે તો પહેલાં જ એને આપની સાથેના મારા ફોટાનાં દર્શન થાય. હ્યુસ્ટનમાં આપે મને આશીર્વાદ આપ્યા હતા એ વખતનો ફોટો મેં મારી ઑફિસમાં મુકાવ્યો છે. એ વખતે તમે મને અક્ષરધામના ક્રીસ્ટલના મૉડલની ભેટ આપી હતી ને નીલકંઠ વર્ણીની ફરતી મૂર્તિ પણ ભેટ આપી હતી. એ મારી ઑફિસમાં મેં મૂકી છે. આવનાર જ્યારે આ વસ્તુ જુએ ને જિજ્ઞાસા દર્શાવે એટલે એની કથા હું શરૂ કરું અને નીલકંઠ વર્ણી ૧૧ વર્ષે ગૃહત્યાગ કરીને નીકળ્યા એ વાત પણ કરું, ને છેલ્લે કહું પણ ખરો કે આનાથી બધાને આશીર્વાદ મળે છે.'

સાથે આવેલા યુવક પરેશભાઈએ કહ્યું કે ''એક વખત સંસ્થાના ટ્રસ્ટી કનુભાઈ પટેલ મેયરને મળ્યા, ત્યારે એમણે પૂછ્યું કે 'તમારે મંદીનું કેમ છે ?' ત્યારે મેયરે કહ્યું કે 'એલ.એ.થી માંડીને બીજી બધી જગ્યાએ મંદીનું વાતાવરણ છે, પણ મારે સ્વામીજીના આશીર્વાદથી તેજી છે. અને એટલે જ મારી જેમ બીજાએ પણ તેજી કરવી હોય તો મેં જેમ ઑફિસમાં આ મૂર્તિઓ રાખી છે, એમ એમણે પણ રાખવી જોઈએ.''

મેયર કહે : 'બધે મંદી છે, પણ અમારે નથી. અમે ટેક્સાસમાં છીએ. અહીં બીજા આવનાર વ્યક્તિઓને જિજ્ઞાસા વધારે હોય છે અને એ બધા માટે આ ભગવાં વસ્ત્રો નવાં છે. એટલે એ બધાને હું સમજાવું છું કે એમના આશીર્વાદથી ૨૦૦૭ પછી મારા શહેરમાં અબજો ડોલરનાં નવાં કાર્યો શરૂ થયાં છે.'

પરેશભાઈ કહે : 'મેયરને આપના પ્રત્યે એટલો ભાવ છે કે કોઈ પણ ભારતીય સમારંભમાં જાય ત્યારે સૌથી પહેલાં 'જય સ્વામિનારાયણ'થી જ શરૂ કરે. વળી, આપણા મંદિરમાં પ્રત્યેક કાર્યમાં તેઓ ભક્તિ-પૂર્વક સહકાર આપે છે.'

વાતમાંથી વાત નીકળતાં તેઓ કહે : ''મારી ઇચ્છા છે કે મારા ટાઉનમાં પણ અક્ષરધામ જેવું સ્મારક બને અથવા તો હ્યુસ્ટન જેવું મંદિર થાય. હું તમામ મદદ કરીશ. મેં જ્યારે ત્યાંના સત્સંગ મંડળમાં વાત કરી ત્યારે એ લોકોએ કહ્યું કે 'અમારાથી એ નિર્ણય ન લેવાય. પ્રમુખસ્વામી મહારાજ કહે તો જ અમે કરી શકીએ.' ત્યારે મેં કહ્યું હતું કે 'મને પ્રમુખસ્વામી મહારાજની મુલાકાત ગોઠવી આપો. હું જાતે જઈ અને ત્યાં વાત કરીશ.' આજે એ વાત લઈને હું આવ્યો છું.''

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'અક્ષરધામનાં દર્શન આપે કર્યાં, તમે જોયું એ વિષે આપનો શું અભિપ્રાય છે ?'

મેયર કહે : 'અક્ષરધામ અદ્‌ભુત છે ! હું તાજ પણ જઈને આવ્યો છું. એ સારું છે, પણ અક્ષરધામ જોયા પછી તાજમહાલ નાનો ઓરડો હોય એવું લાગ્યું. અક્ષરધામમાં બધું જ છે. ભવિષ્યમાં લોકોએ ભારતને જાણવા માટે અક્ષરધામ જોવું જ પડશે. મારી દૃષ્ટિએ એ જ ભારતની ઓળખ બની રહેશે. તાજમહેલ કદાચ બીજા સ્થાને આવે. દુનિયાને આપે મોટામાં મોટી ભેટ આપી છે.'

આટલું કહ્યા પછી વળી તેઓએ ઉમેર્યું કે 'હવે પછીનો મારો ધ્યેય છે કે ઓબામાને હું અક્ષરધામમાં લઈને આવીશ. જેથી અક્ષરધામ શું છે એની ખબર આખી દુનિયાને પડશે.'

વળી, તેઓ કહે : ''હું જ્યારે ડભોઈમાં બી.એ.પી.એસ.ની હૉસ્પિટલમાં ગયો ત્યારે ત્યાં દાખલ થયેલા બધા દર્દીઓને વારાફરતી મળ્યો. એ બધાને જે રોગ થયા હતા એ બધાની ખબર-અંતર પણ પૂછી. દરેકને મેં કહ્યું કે 'હું પ્રમુખસ્વામી મહારાજ પાસે જાઉં છું.' ત્યારે દરેકે મને કહ્યું કે 'અમારા વતી તમે પ્રમુખસ્વામી મહારાજનો આભાર માનજો કે એમણે આટલી વ્યવસ્થા કરી આપી, જેથી અમારી સારવાર થાય છે અને અમે સુખી છીએ.' વળી, હું સ્કૂલમાં પણ ગયો અને ત્યાં જે જે છોકરાઓને મેં જોયા તેઓની આંખોમાં તેજ હતું અને એ આંખોમાં ઘણી આશાઓ પણ હતી, કારણ કે એ સ્કૂલમાં સંપૂર્ણ શિક્ષણ મળે છે. ખાલી પુસ્તકનું નહીં, પણ બીજું બધું પણ શિક્ષણ મળે છે. જ્યારે અમેરિકામાં સ્કૂલમાં જઈએ ત્યારે કોઈ છોકરો આંખથી આંખ મિલાવીને જોતો નથી, નીચે જ જુએ છે. તમારી આંખને એ જોઈ શકતો નથી. જ્યારે અહીં તો આંખથી આંખ મેળવીને આત્મવિશ્વાસથી વાત કરે છે. એવા છોકરાઓ આપે તૈયાર કર્યા છે.''

વળી, મેયર ઑફિસની વાત કરતાં તેઓ કહે : 'કોઈ વ્યક્તિ જ્યારે આપની મૂર્તિનાં દર્શન કરે ત્યારે હું એને કહું છું કે આ વ્યક્તિએ પોતાનું સર્વસ્વ બીજા માટે સમર્પણ કરી દઈને પોતાની જાતને પ્રાપ્ત કરી છે. આવી વાત કરું એટલે પેલો વિચારમાં પડી જાય કે આ શું કહે છે ? પછી હું એને સમજણની વાત કરું.'

આ સાંભળતાં સ્વામીશ્રી કહે : 'મેયર તો પૂર્વ જન્મના ખૂબ સંસ્કારી લાગે છે !'

તેઓ વળી, સ્વામીશ્રી માટે એક ભેટ લાવ્યા હતા. એક રકાબી જેવું વાસણ હતું. જે વાસણ ઉપર અને નીચેથી બંધ થતું હતું, વચ્ચે મોટું કાણું હતું. આ વાસણ પર પુષ્પનાં દર્શન થઈ રહ્યાં હતાં. તેઓએ સ્વામીશ્રીને કહ્યું : 'આ ફૂલને આપ સ્પર્શો.' સ્વામીશ્રી એ ફૂલનો સ્પર્શ કરવા ગયા તો ફૂલ હાથમાં જ ન આવ્યું. હકીકતે એ હોલોગ્રામ હતું. અદલ પુષ્પ જેવું પુષ્પ પડ્યું હોય તેવો આભાસ દેખાતો હતો. હકીકતમાં એ વિજ્ઞાનની કરામત હતી. પુષ્પ તો પેલા વાસણમાં નીચે તળિયે મૂકવામાં આવ્યું હતું, પરંતુ એનું આબેહૂબ થ્રીડી પ્રતિબિંબ અહીં પડ્યું હતું. સ્વામીશ્રી આ જોઈને રાજી થયા.

મેયર કહે : 'આપને આપવાની આ ભેટ શોધવા માટે મેં બે વરસ કાઢ્યાં હતાં. આની પાછળની ભાવના એ છે કે આ વાસણમાં ઉપર અને નીચેની બાજુએ

અરીસો છે. મને એમ કહેવામાં આવ્યું કે ગુરુ દર્પણ છે અને ગુરુ તમારી અંતરની શાંતિ બહાર લાવે છે. એટલે જ આવી ભેટ મેં પસંદ કરી.'

આટલું કહીને પોતે એક કાર્ડ ભેટ આપ્યું. એ કાર્ડમાં તેઓએ પોતાની મનોભાવના વ્યક્ત કરી હતી.

વળી, તેઓ કહે : 'આપ ઈશ્વરના પ્રતિકૃતિ સમા છો. આપનું પ્રતિબિંબ એવું છે કે એને ક્યારેય ડાઘ લાગે એમ નથી. એને કોઈ ડેમેજ કરી શકે એમ નથી. એને કોઈ અડી શકે એમ નથી.'


સ્વામીશ્રી આ સાંભળીને કહે : 'આપને તો ઊંડું જ્ઞાન પણ છે.'

પરેશભાઈ કહે : ''ગઈ સાલ તેઓ મુંબઈમાં જન્મ જયંતીમાં આવવાના હતા, પરંતુ બૉમ્બ બ્લાસ્ટ થયો ત્યારે તેઓનાં પત્નીએ કહ્યું કે 'ત્યાં ભારતમાં અમેરિકનોને જ ટાર્ગેટ બનાવવામાં આવે છે, એટલે આપણે જવું ન જોઈએ.'' ત્યારે એમણે કહ્યું કે 'પહેલાં પ્રમુખસ્વામી મહારાજને પૂછો. એ જો કહેતા હોય તો મને આવવામાં વાંધો નથી.' પરંતુ આપે જ એ વખતે ના પાડી એટલે પછી ન આવ્યા અને આ વરસે આવ્યા. વળી, એમને જ્યારે ખબર પડી કે આપણે ધર્મ-પરિવર્તનમાં માનતા નથી. ત્યારે એ બહુ જ રાજી થયા અને કહે : 'બીજા બધા ધર્મમાં ધર્મપરિવર્તન થાય છે અને એ વસ્તુ ખોટી છે. માણસને પોતે જે ભગવાનમાં માનતો હોય એને પૂજવાનો અધિકાર હોવો જોઈએ.''

વળી, સ્વામીશ્રીએ ભેટના સંદર્ભને જોડતાં તેમને કહ્યું કે 'ભેટ એવી લાવ્યા છો કે એનાથી જ્ઞાન પણ પ્રાપ્ત થાય. પૂર્વના સંસ્કારી છે એટલે આ ભેટ દુનિયાની નથી, પણ આધ્યાત્મિક પ્રેરણા આપે એવી છે. સંસ્કારી છે એટલે ભગવાને જ પ્રેરણા આપી છે.'

પરેશભાઈ કહે : 'તેઓની ઉંમર હજુ નાની છે. એટલે તેઓનાં પત્નીની ઇચ્છા છે કે સ્ટેટના ગવર્નર થાય.'

સ્વામીશ્રીએ તેઓને આશીર્વાદ આપ્યા. તેઓએ



Happy Birthday!

Your life means so much to our world and our future.

Thank You,

Herbert A. Gears
MAYOR
Irving, Texas, USA

Dear Bapa,

I am told the guru serves in many ways as a mirror for your life. My gift to you is a physical illustration of the power of reflection, drawing out what is within and creating your unique self in a new space for all to enjoy. No one can damage the perfect reflection of yourself that is wholly and completely supported by faith in the guru. I hope you enjoy the representation. Your friend always, Herbert

વળી, ડલાસમાં થનારા મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવની આમંત્રણ પત્રિકા સ્વામીશ્રીને પુનઃ અર્પણ કરી.

એક કાર્યકર કહે : 'તેઓ ગવર્નર થાય તો બી.એ.પી.એસ.ને પણ બહુ લાભ થાય.'

આ સાંભળી સ્વામીશ્રી કહે : 'મહારાજને પ્રાર્થના કરીશું. આપણને લાભ થાય કે ન થાય, આપણે કોઈ એવો સ્વાર્થ નથી; પણ માણસ સંસ્કારી ને સારા છે, તો એનાથી આખા સમાજની સારામાં સારી સેવા થશે. માટે ગવર્નર થાય એ સારું છે.'

વળી, હવે ઉપસંહારનો તબક્કો શરૂ થતાં સ્વામીશ્રી કહે : 'તમે ભારતની યાત્રા કરી છે ને દારૂ અને માંસ ન લેવાનો વિચાર આવ્યો છે, એ બહુ જ મોટી વાત છે. એ સંકલ્પ લઈને તમે જાવ છો, તો હવે પછી પણ એ લેવાનો વિચાર ક્યારેય ન થાય અને બીજાને પણ પ્રેરણા આપતા રહો એ આશીર્વાદ છે.'

મેયર કહે : 'મને દારૂ પીવાનું વ્યસન ઘણું હતું. એટલે ૨૧ દિવસ મેં છોડ્યું ત્યારે બીજાને પણ આશ્ચર્ય થતું કે આ કઈ રીતે બને ?'

વળી તેઓ કહે : 'અહીંથી આ સ્મૃતિ લઈને હું જાઉં છું. હવે ત્યાં જે ૫,૦૦૦ સત્સંગી કુટુંબો છે એ બધાંને આપની સાથે મુલાકાતની વાત કરીશ. અને જ્યાં જ્યાં ગયો છું એ વાત પણ કરીશ. ત્યાં બધા સત્સંગીઓ રાહ જુએ છે.'

આ સાંભળીને સ્વામીશ્રી પરેશભાઈને કહે : 'તેઓને આ વાત કરવાનો સમય મળે એ રીતે મોટી સભા ગોઠવજો. એનાથી લોકોને પ્રેરણા મળશે. વાત કરશે એટલે એને તો બળ મળશે જ ને બીજાને પણ પ્રેરણા મળશે. એ એમની મોટી સેવા થશે.'

આટલું કહીને મેયરને આશીર્વાદ આપતાં કહે : 'તમે અહીં આવી ગયા. તમારું સ્વાસ્થ્ય સારું રહે, કુટુંબને પણ ખૂબ લાભ અને શાંતિ મળે ને તમારાથી આધ્યાત્મિક, સામાજિક અને બધી જ રીતે સેવા થાય અને જીવનમાં ખૂબ ખૂબ પ્રોગ્રેસ થાય એ આશીર્વાદ છે. તમારાં પત્નીને પણ આશીર્વાદ છે.' એમ કહીને એક હાર મગાવીને સ્વામીશ્રીએ એ હાર તેઓને તેઓનાં પત્ની માટે આપ્યો. આ જોઈને તેઓ કહે : 'મારાં પત્ની રાજી થશે. જોકે એને માટે આ સ્ત્રી-પુરુષ મર્યાદા સમજવી અઘરી છે. હું મેયર છું એટલે જ સ્વીકારે છે, બાકી એના મગજમાં બેસતું નથી.'

સ્વામીશ્રી કહે : 'ભગવાનના દરબારમાં તો એવા કોઈ ભેદભાવ છે જ નહીં, પણ આ લોકની રીતે સાધુ માટે આ મર્યાદા ભગવાને બાંધી છે, એટલે આવું રાખ્યું છે. બાકી ગૃહસ્થ માટે આવી કોઈ મર્યાદા છે નહીં. ભગવાન સ્વામિનારાયણની આજ્ઞા છે એટલે અમે આ પાળીએ છીએ.'

મેયર આ વાતમાં સંમત હતા. મેયર સાથેની આ મુલાકાત અવિસ્મરણીય રહી.

•

તા. ૩૦-૧૧-૨૦૦૯, બોચાસણ

પત્રવાંચન દરમ્યાન નારાયણમુનિ સ્વામી કહે : 'મુંબઈથી રામચરણ સ્વામીએ ખાસ જય સ્વામિનારાયણ કહેવડાવ્યા છે. તેઓ વાત કરતાં કરતાં ગળગળા થઈ ગયા હતા કે સ્વામીબાપા મારું કેટલું ધ્યાન રાખે છે ! ફોન કરીને મારા સ્વાસ્થ્ય માટે બધી વ્યવસ્થા કરાવી દીધી ને ખબર પણ પૂછે છે.'

સ્વામીશ્રી કહે : 'સંતોની ખબર તો રાખવી જ જોઈએ ને ! ગોંડલ આવેલા ત્યારે પણ કહ્યું હતું કે મુંબઈ જઈને બતાવી આવો.'

પ્રસંગમ્



ડિસેમ્બર ૨૦૦૯



'ગુણાતીતાનંદ સ્વામી અક્ષર છે, સ્વામિનારાયણ ભગવાન પરબ્રહ્મ પુરુષોત્તમ છે.
પોતાને અક્ષરરૂપ માનીને પરમાત્માની ભક્તિ કરવી – આ શાસ્ત્રમાત્રનો સાર છે.
આટલું આપણે સમજવાનું છે કે 'કથા કરો, કીર્તન કરો, પણ હું આત્મા છું, દેહ નથી.'
– આ સમજણ સાથે જો જીવન જીવીશું તો
દુનિયામાં ગમે ત્યાં જાવ ને ગમે તે પ્રવૃત્તિ કરો, પણ બંધન થશે નહીં.
ત્યાગી હોય કે ગૃહસ્થ, બધાને આ સમજણ કરવાની છે.
એ સમજણ ક્યારે થાય ? આવા સત્પુરુષ મળે ત્યારે.
'ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति।'
જે બ્રહ્મરૂપ થયા છે એને દુઃખ આપો તો પણ અખંડ આનંદમાં જ હોય છે.
કોઈ વસ્તુ એને જોઈતી નથી અને કોઈ વસ્તુનું દુઃખ પણ એને નથી.
આવા સંત યોગીજી મહારાજ હતા.
આવા મહાપુરુષ આપણને સાચું જ્ઞાન સમજાવે.'

– પ્રમુખસ્વામી મહારાજ

તા. ૧-૧૨-૨૦૦૯, બોચાસણ

મુલાકાત દરમ્યાન એક યુવક દર્શને આવ્યો. તેઓ કહે : 'અમારા ઘરમાં મારા સિવાય કોઈ સત્સંગી નથી. મા ને બાપ મને સત્સંગ કરવા દેતા નથી. તેમ છતાં સાચાં-ખોટાં બહાનાં કરીને ઘરની દીવાલ કૂદીને હું રોજ મંદિરે દર્શને જઉં છું.'

સ્વામીશ્રી આ સાંભળીને કહે : 'સત્સંગની દૃઢતા રાખજે. ભગવાન બધું અનુકૂળ કરી દેશે.'

•

એક પરિવારમાં પતિ-પત્ની વચ્ચે ખટરાગ ઊભો થયો હતો. પરિણામે બંને વચ્ચે ઝઘડો થઈ ગયો હતો. પત્ની ભાગીને પિયરમાં જતી રહી હતી. કોઈ કોઈને નમતું જોખવા તૈયાર ન હતા. પરંતુ સંજોગોનું નિર્માણ એવું થયું અને બંને પક્ષો બે વર્ષના અંતે સમાધાન કરવા તૈયાર થયા. સમાધાન સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં થાય એવી ઇચ્છા સાથે તેઓ આવ્યા હતા. અત્યારે સ્વામીશ્રી સમક્ષ પતિ અને પત્ની તરફથી તેઓના પિતાશ્રી ઉપસ્થિત હતા. પતિની ઇચ્છા એવી હતી કે પત્ની ને તેનાં સગાંઓ સ્વામીશ્રી સમક્ષ એમ કહી દે કે 'અત્યાર સુધી જે કંઈ થઈ તે અમારી ભૂલ હતી. મારી આગળ નહીં, પણ સ્વામીશ્રી આગળ માફી માગે તોય ઘણું છે.' આ સંદર્ભમાં સામા પક્ષે થોડોક કચવાટ તો હતો જ. તેઓના મનમાં પણ એમ હતું કે 'અમે કદાચ બિનશરતી માફી માગીએ તો સામે પક્ષે પતિએ પણ કારણ વગરની મારકૂટ ન કરવાની બાંયધરી આપવી જોઈએ.'

આ સંદર્ભમાં જ સ્વામીશ્રી સમક્ષ જ્યારે તેઓ આવ્યા ત્યારે સઘળી ભૂમિકા સ્વામીશ્રી આગળ મેં બાંધી ને માફી માગવાની વાત આવતાં મેં આ બંને પક્ષને કહ્યું કે 'સ્વામીશ્રીની ઇચ્છા એવી છે કે માફામાફીમાં પડવાની જગ્યાએ હવે નવેસરથી એક-બીજાના પ્રેમમાં પડો.'

આ સાંભળતાં જ સ્વામીશ્રીએ પણ હસતાં હસતાં કહ્યું : 'બરાબર છે, અરસપરસ પ્રેમ થાય એ પણ માફી જેવું જ છે. જો પ્રેમ હશે તો એકબીજાનું સહેજે ચલાવી લેશે, પછી માફી માગવાનો કોઈ પ્રશ્ન જ રહેશે નહીં. અને બીજું કે હવે ભવિષ્યમાં આવી ભૂલ થાય જ નહીં એ દૃઢતા રાખજો. સૌથી મોટી માફી એ છે – જે કાંઈ થયું હોય એ ભૂલી જવું. હવે પછી કોઈ પણ નિમિત્તે સંભારવું નહીં અને જે કંઈ અનુભવ મળ્યો છે એના આધારે બાંધછોડ કરતાં શીખવું, તો કાંઈ વાંધો નહીં આવે.' આટલું કહીને બંને પક્ષને આશીર્વાદ આપીને સ્વામીશ્રીએ તૂટેલા ઘરને ફરીથી સાંધ્યું.

•

એક મોટા ઉદ્યોગગૃહના મૅનેજિંગ ડિરેક્ટર સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેઓ કહે : 'સારંગપુરમાં આપ હતા એ વખતે આપે મને ચોખ્ખું કહ્યું હતું કે તારા પોતાના પૈસા કોઈ ધંધામાં રોકતો નહીં, પરંતુ સંજોગો એવા ઊભા થયા ને પૈસા રોકવા પડ્યા. આજે એ બધા જ પૈસા ફસાઈ ગયા છે, આપ દયા કરો, આશીર્વાદ આપો, જેથી પૈસા પાછા મળી જાય.'

•

તા. ૨-૧૨-૨૦૦૯, બોચાસણ

સ્વામીશ્રી આશીર્વાદ આપી રહ્યા હતા, એ દરમ્યાન વચ્ચે લાઈટ ગઈ, એટલે તરત જ સ્વામીશ્રી કહે : 'લ્યો, આ તો ગયું.' (જોકે સ્પીકરમાં અવાજ આવતો હતો.)

નારાયણચરણ સ્વામી કહે : 'આપણું ચાલું છે.'

સ્વામીશ્રી કહે : 'બસ, આપણે એટલું જ જોવાનું છે કે એનું (ભગવાન અને સંતનું) ચાલું છે, એટલે જ

આપણું ચાલું છે.' સ્વામીશ્રીએ આવા નિમિત્ત લઈને આધ્યાત્મિક પ્રેરણા આપી.

•

એક પરિવાર ખૂબ દુઃખી હતો. એના મોટા પુત્રની આવક ખૂબ સારી હતી, પરંતુ સીધા અને સરળ સ્વભાવને કારણે કંપનીમાં લોકો ખૂબ હેરાન કરતા હતા. એની પ્રગતિ જોઈ ન શકનારા ઈર્ષાળુઓ એને ભાત-ભાતના શબ્દો મારતા હતા. વર્ષો સુધી સહન કરી રહેલા આ સરળ હૃદયના યુવકની સહનશક્તિ ખૂટી ગઈ અને ડિપ્રેશનમાં આવી ગયો. એને કારણે ઘરમાં બેફામ બોલવા માંડ્યો ને કામમાં પણ એકાગ્રતા ન રહી. ખાન-દાન અને સુખી પરિવારના આ સભ્યોને માટે આ વજ્ર આઘાત હતો. તેઓ રાતોરાત ઘણે દૂરથી અહીં આવી પહોંચ્યા હતા. આજે મુલાકાત બંધ હોવા છતાં ખાસ આ હરિભક્તને મળવા માટેની કરુણા દાખવી પ્રેમથી એ યુવકને સમજાવતાં કહ્યું : 'આપણે કોઈ શબ્દો મનમાં ધારવા જ નહીં. કોઈ આપણને ગમે તે કહી જાય કે 'તું આવો છો ને તેવો છો, મૂરખ છો,' તોય આપણે એમ માનવું કે 'આપણે તો આત્મા છીએ, અક્ષર છીએ, બ્રહ્મ છીએ.' ભગવાન અને સંતનું બળ રાખવું, હિંમત હારવી નહીં.' સ્વામીશ્રીએ આ ને આ વાક્યો બે-ત્રણ વખત દૃઢાવ્યાં અને પ્રેમથી એ યુવકના માથે હાથ ફેરવ્યો, હાથમાં હાથ લીધો અને પ્રેમથી એટલા આશીર્વાદ આપ્યા કે એ યુવકના મનમાં જે ભ્રમ ઘૂસી ગયો હતો એ નીકળી ગયો. પરિવાર પાસે સ્વામીશ્રીની આ ટૂંકી મુલાકાતનો આભાર માનવા માટે કોઈ શબ્દો નહોતા.

•

દુબઈથી એક મુમુક્ષુનો ફોન હતો. સટ્ટામાં તેઓને ખૂબ આવક થઈ હતી, પરંતુ આજે બધું જ ખોઈ નાખ્યું હતું. તેઓ પોતાની આપવીતી કહીને કહે : 'હવે તો આપઘાત કરવાના વિચારો આવી જાય છે.'

સ્વામીશ્રી કહે : 'આવાં દુઃખ ઘણા બધાને આવેલાં છે, કંઈક સારો રસ્તો નીકળે તે માટે પ્રયત્ન કરજો. અમે પણ પ્રાર્થના કરીશું. આપઘાત કરવાનો વિચાર કરવો જ નહીં. જે થઈ ગયું છે એમાં ધીરજ રાખજો. સારો રસ્તો નીકળે એ આશીર્વાદ છે.'

•

અમેરિકાથી એક હરિભક્તનો ફેક્સ હતો. તેઓને સત્સંગી થયા પહેલાં સંસ્થા માટે ખૂબ દ્વેષભાવ હતો. તેઓએ ફેક્સમાં એ વિગત લખતાં કહ્યું હતું કે 'અગાઉ બી.એ.પી.એસ. અને સંતોની અને આપની પણ ખૂબ નિંદા કરી હતી, એ જૂનું જૂનું યાદ આવે ત્યારે બહુ દુઃખ થાય છે, તો માફી આપજો.'

પત્ર વાંચીને સ્વામીશ્રીએ કહ્યું : 'ભગવાન તમારી ભૂલને માફ કરશે. આ નિમિત્તે બે ઉપવાસ કરી લેજો અને મહિના સુધી એક માળા વધારે ફેરવજો.'

•

તા. ૩-૧૨-૨૦૦૯, બોચાસણ

આણંદ જિલ્લાના મત્સ્ય ઉદ્યોગ ખાતાના અધિકારી ખોખાણી સાહેબ દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીને જ્યારે ખ્યાલ આવ્યો કે બોચાસણ ગામના તળાવમાં મત્સ્ય ઉદ્યોગ માટે પરવાનગી મળી ગઈ છે, એટલે ચક્રો ગતિમાન કરીને એ કાર્યને થંભાવ્યું હતું.

આજે તેઓને ખાસ દર્શને બોલાવ્યા હતા. તેઓને રાજીપાના આશીર્વાદ આપતાં કહ્યું : 'તમારી બહુ મોટી સેવા થઈ ગઈ. ભગવાન તમને સુખી કરશે. તીરથનું ધામ છે ને જ્યાં હજારો માણસો આવે છે ત્યાં આ હિંસાનું કામ થવું જ ન જોઈએ. એટલે ફરીથી પણ ન થાય એવું ધ્યાન રાખજો.'

•

તા. ૪-૧૨-૨૦૦૯, બોચાસણ

આજે છેલ્લા દિવસે ઠાકોરજીનાં દર્શનનો નિત્ય ક્રમ પતાવ્યા પછી સ્વામીશ્રી નીચે પધાર્યા ત્યારે રંગોળીમાં માણકી ઉપર અસવાર મહારાજનું ચિત્ર રચવામાં આવ્યું હતું અને બાજુમાં બાળકો ગાઈ રહ્યાં હતાં : *'જિંદગી દેનેવાલે હે સ્વામી, તુમ છોડ ન જાના.'*

સ્વામીશ્રી કહે : 'જે લાભ આપ્યો છે એની સ્મૃતિ કરજો, એટલે છૂટશે નહીં.'

•

ભોજન દરમ્યાન ચતુર્ભુજ સ્વામીએ સાયલા ગામની વાત કરી, ત્યારે સ્વામીશ્રી કહે : 'ત્યાં તો અમારે ખૂબ જવાનું થતું ને એ વખતે ગાદલાં હોય નહીં તો પરાળ ઉપર સૂઈ જતા. બે-ચાર પૂળા ભેગા કરી એની ઉપર સૂઈ જઈએ.'

'એની ઉપર કંઈ પાથરવાનું ?'

'એ જ પાથરવાનું, બીજું શું હોય ? ગરીબ માણસો

પાસે કશું હોય નહીં ને આપણે ક્યાં મગાવવું ?'

•

ધર્માદાની વાત નીકળતાં ભક્તેશમુનિ સ્વામી કહે : 'ખંભાત ક્ષેત્રમાં બે સીઝન લે છે. ચોખાની અને ઘઉંની. ચોખા ઘણા વખતથી ઉઘરાવીએ છીએ. હવે ઘઉં પણ શરૂ કર્યા છે, પણ એમાં અમુક કહે – 'હમણાં ચોખા તો ઉઘરાવ્યા, હવે ઘઉંનો ધર્માદો શું કામ ?'

આ સાંભળીને સ્વામીશ્રી કહે : 'તમે ઘઉં ખાતા નથી ? ચોખા પાકે કે ઘઉં પાકે, ઠાકોરજીને પણ એ જોઈએ ને !' છેલ્લે વળી સ્વામીશ્રીએ પોતાની રુચિ દર્શાવતાં કહ્યું : 'કથાવાર્તા માટે બે-ત્રણ વખત તો ગામડે જવું જ જોઈએ, કથા કરીએ એનાથી સમાસ થાય. મહેનત કર્યા વગર કાંઈ ચાલે છે ? મહેનત તો કરવી જ પડે, તો જ સત્સંગ વધે.'

ચતુર્ભુજ સ્વામી કહે : 'આપે ઠેલ માર્યો છે એટલે ચાલે છે.'

સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજે ઠેલ માર્યો છે, એને લીધે બધું ચાલે છે.'

•

આત્મવિહારી સ્વામીએ એક પ્રસંગની વાત કરતાં કહ્યું :

''ખંભાત ક્ષેત્રના એક હરિભક્ત આપની પાસે આવ્યા. આપે પૂછ્યું : 'કેટલી ડાંગર થઈ છે ?'

'પાંચ હજાર મણ.'

આપે કહ્યું : 'ધર્માદો કેટલો કરો છો ?'

તેઓ કહે : 'આપ કહો એટલો.'

આપે તો કહી દીધું : 'બસો મણ.'

તેઓ આઘાપાછા થયા એટલે આપે ૧૦૦ મણ કહ્યું. એ હરિભક્ત તૈયાર તો થયા, પણ ઘરે ગયા ને દીકરાઓને વાત કરી તો દીકરાઓએ તો ગાંડા ગણીને બાપને જ બહાર કાઢી મૂક્યા. ધમાલ ધમાલ થઈ ગઈ. પેલા બીચારા અહીં કહેવા આવ્યા, ત્યારે આપે કહ્યું : 'જે આપે એ નોંધાવી દેજો.'

પણ બન્યું એવું કે આણંદના વેપારીઓ ત્યાં સોદો કરવા આવ્યા હતા ને છોકરાઓ લોભમાં લેવાઈ ગયા. વધારે ભાવ આવતો હતો એટલે ૨૦૦ મણ ડાંગર એ વેપારીઓને આપી. એ વેપારીઓ માલ લઈ ગયા ને પૈસા આપ્યા નહીં. પાછળથી પેલા રડ્યા કે એના કરતાં ભગવાનને આપી હોત તો કામ લાગત ને !''

•

એક હરિભક્તનો ફોન હતો. ઇન્ટરનેટ ઉપર તેઓ લૉટરી રમતા હતા. એમાં મુંબઈ ઍરપોર્ટના કસ્ટમ્સ ખાતામાંથી ફોન આવ્યો કે 'તમને લૉટરી લાગી છે ને એક મિલિયનનો ડી.ડી. તૈયાર છે. તમે ૨૦ હજાર રૂપિયા ભરીને લઈ જાવ.' 'આ પ્રમાણે કરવું કે નહીં' – એ વાત તેઓએ સ્વામીશ્રીને પૂછી.

સ્વામીશ્રી કહે : 'આ બધી બોગસ વાત છે. તમારા ૨૦ હજાર રૂપિયા પણ જશે. મુંબઈ જવાની જરૂર નથી. મહેનત કરીને તમે કમાઓ એ સાચી કમાણી છે.'

•

તા. ૪-૧૨-૨૦૦૯, વિદ્યાનગર

સ્વામીશ્રી ઘણા વખત પછી વિદ્યાનગર છાત્રાલયમાં પધાર્યા. અહીં ભણતા વિદ્યાર્થીઓને યુવાવસ્થાના મુગ્ધભાવે સ્વામીશ્રીને સત્કારવાનો ઘણો ઉમળકો હતો. મંદિર તરફ દોરી જતા રસ્તા ઉપર જાણે કે ગામ ખડું કર્યું હોય એવા શણગાર કરવામાં આવ્યા હતા. ગામનો એક મોટો દરવાજો પણ કરવામાં આવ્યો હતો. સ્વામીશ્રી એમાં પ્રવેશ્યા, મંદિરે દર્શન કર્યાં ને જ્યારે એ જ રસ્તે બહાર નીકળ્યા ત્યારે રસ્તા ઉપર બોર્ડ વંચાયું – 'No Exit.' જાણે કે *'પૂર્યા મનમંદિરે સ્વામી, પછીથી ક્યાં જવાના છો ?'* એ મુગ્ધ પ્રેમનો માલિકીભાવ અહીં ડોકાતો હતો ! સ્વામીશ્રી ઉતારા તરફ પધારી રહ્યા હતા. આ રીતે બહાર નીકળી રહેલા સ્વામીશ્રીને રોકવામાં આવ્યા ને કહ્યું : 'અહીં તો No Exit છે. એક વખત અહીં આવ્યા, હવે બહાર નીકળાશે નહીં.'

આ સાંભળતાં જ સ્વામીશ્રી કહે : 'અંતરમાં પેઠા પછી બહાર નીકળવાની વાત જ ક્યાં છે ?'

•

તા. ૬-૧૨-૨૦૦૯, વિદ્યાનગર

વડોદરાથી શ્વેતાંશુ સિદ્ધાર્થભાઈ પટેલ દર્શને આવ્યા હતા. તેઓનો આજે જન્મદિવસ હતો. સ્વામીશ્રીએ એક વાક્યમાં સુંદર આશીર્વાદ આપતાં તેઓને કહ્યું : 'આપણે ભગવાનને રાખવાના ને આપણું કામ બરાબર કરવાનું, એમાં બધું આવી ગયું.'

•

મહીજીભાઈ(સારસા)ના પુત્ર ભાસ્કરભાઈ દર્શને

આવ્યા હતા. તેઓનાં માતુશ્રીને ઘૂંટણનાં ઑપરેશન કરાવ્યાં હતાં. સ્વામીશ્રીએ તેઓના પુત્રને કહ્યું : 'મહીજી કાકાના ઘરેથી ચુસ્ત સત્સંગી છે. ખૂબ નિયમ-ધર્મવાળાં છે, માટે ધ્યાન બરાબર રાખજો ને સેવા કરજો.'

•

સ્વામીશ્રી આજે સભામાં જવા માટે ઉતારાની બહાર નીકળ્યા ત્યારે અંધારું ઢળી ચૂક્યું હતું. બધી જગ્યાએ સ્ટ્રીટ લાઈટો હતી નહીં. એટલે સાથે બૅટરી રાખવામાં આવી હતી. એક યુવક બૅટરી લઈને આગળ ચાલતો હતો. એના હાથમાંથી આત્મદર્શન સ્વામીએ બૅટરી લીધી ત્યારે સ્વામીશ્રી કહે : 'હવે કાંઈ જરૂર નથી. આ સ્ટ્રીટ લાઈટ છે એમાં બધું દેખાય છે.' એમ કહીને બૅટરી બંધ કરાવી.

•

તા. ૭-૧૨-૨૦૦૯, વિદ્યાનગર

મુંબઈના ખૂબ જાણીતા કાર્ડિયોલોજિસ્ટ ડૉ. અશ્વિનભાઈ મહેતા સ્વામીશ્રીને મળ્યા. મુંબઈથી ડૉ. કે. એન. પટેલ તેઓને લઈને ખાસ અહીં આવ્યા હતા. તેઓની ભાવના હતી કે જન્મદિવસ નિમિત્તે મારે સ્વામીશ્રીના આશીર્વાદ લેવા. એટલા માટે જ તેઓ ખાસ આવ્યા હતા. સ્વામીશ્રીએ હાર પહેરાવીને તેઓને આશીર્વાદ આપ્યા. તેઓ સ્વામીશ્રી સામે ખુરશી ઉપર બેઠા. ડૉ. અશ્વિનભાઈ કહે : 'આવા અનેક પ્રસંગો મારા જીવનમાં આવે, એ ભાવના સાથે આવ્યો છું.'

સ્વામીશ્રી કહે : 'પ્રેમ છે અને લાગણી છે એટલે આનંદ છે. આટલાં બધાં કામોમાં વ્યસ્ત હોવા છતાં અહીં આવ્યા એ બહુ મોટી વાત છે.'

ડૉ. અશ્વિનભાઈ કહે : 'મારે પોતા માટે પણ સમય ફાળવવો જોઈએ ને ! મને ગમતું હોય એ પણ કરવું જોઈએ ને !' ત્યારપછી તેઓએ પોતાના પ્રસંગની વાત કરતાં કહ્યું : 'આપ જ્યારે મુંબઈ હતા ત્યારે આપે મને નાડાછડી બાંધી હતી. એ નાડાછડી હજી મેં છોડી જ નથી. ઑપરેશન થિયેટરમાં જવાનું થાય ત્યારે તો આવી વસ્તુઓની પરવાનગી હોતી નથી, કારણ કે બધી જ વસ્તુ સ્ટરાઈલ્ડ જોઈએ, પણ એ વખતે પણ હું આપની બાંધેલી નાડાછડી કાઢતો નથી. અને આશ્ચર્ય છે કે કોઈએ એ બાબતમાં મને ના પણ પાડી નથી. આ નાડાછડી હાથમાં બાંધ્યા પછી એક પણ કેસ ફેલ ગયો નથી. અત્યારે પણ ચાર દિવસના સતત ઉજાગરા છે, પણ છતાં આપનાં દર્શને આવવાનો મને ઉમંગ હતો. હું હમણાં છેલ્લે કોચીન ગયો હતો. ત્યાં એક એવો કોમ્પ્લીકેટેડ કેસ હતો કે અશક્ય જેવું જ લાગે. એક જાપાનીઝ દર્દીને હૃદયમાં લગભગ ૨.૫ સેન્ટીમિટરનું બ્લોકેજ હતું. લગભગ ચાર કલાક મહેનત કરે તો એ નીકળે એવું હતું અને મેં ફક્ત ૩૮ મિનિટમાં કર્યું. લોકોમાં પણ હર્ષનાદ થઈ ગયો. આવી જ્યારે સફળતા મળતી હોય ત્યારે હું મૂર્ખો છું કે આ નાડાછડીને કાઢું ? વિજ્ઞાનની દૃષ્ટિએ પણ પોઝિટિવ ટ્રાન્સફરન્સ એટલે કે રચનાત્મક કિરણોની અજાણતાં આપ-લે થતી હોય છે – એવું સાબિત થઈ ચૂક્યું છે. એટલે એ રીતે પણ મને એનો પણ અનુભવ થાય છે. નાડાછડી હાથમાં હોય તો ડર ઓછો લાગે. કોમ્પ્લીકેટેડ કેસ હોય અને ખાસ કરીને સમાજની પ્રતિષ્ઠિત વ્યક્તિઓનો એવો કેસ સંભાળવાનો હોય, એ વખતે જે ભય હોય છે એ ઓછો થઈ જાય છે. હવે જ્યારે જ્યારે ઑપરેશન કરું છું ત્યારે મને અચૂક એમ લાગે છે કે કોઈ દિવ્ય શક્તિ મારી જોડે છે. હું જે કંઈ કરું છું એ સદ્‌ભાવનાથી કરું છું એવો પોઝિટિવ એપ્રોચ આવી જાય છે.'

થોડી વાર પછી તેઓએ સ્વામીશ્રીને પૂછ્યું : 'આપને વધારે ક્યાં ગમે ?'

સ્વામીશ્રી કહે : 'શું ?'

ડૉ. અશ્વિનભાઈ કહે : 'આપને મુંબઈમાં વધારે ગમે કે બીજે ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાનના ભક્ત છે ત્યાં બધે જ ગમે છે. આપના જેવા મળે અને એમાં આનંદ છે. બધે જ જવાનું. કારણ, ભક્ત છે, સત્સંગીઓ છે, ભગવાન છે, એટલે બધે આનંદ છે. *જ્યાં જુએ ત્યાં રામજી દૂસરો ન ભાસે* રે... ભગવાન દેખાય, ભગવાન જ કામ કરે છે, એટલે જ આનંદ છે.'

•

તા. ૭-૧૨-૨૦૦૯, આણંદ

આજે અંગ્રેજી તારીખ પ્રમાણે સ્વામીશ્રીનો જન્મ-દિવસ હતો અને સાથે સાથે આણંદ મંદિરનો પાટોત્સવ પણ હતો. આ બંને નિમિત્ત સાથેની સભા અક્ષરફાર્મમાં થઈ. આ સભામાં જાણીતા કાર્ડિયોલોજિસ્ટ અશ્વિનભાઈ મહેતાએ પોતાની ભાવના વ્યક્ત કરતાં કહ્યું :

''આજના આ પ્રસંગમાં આવીને હું ખૂબ આનંદ અનુભવું છું. પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યે અહીં જે અવિરત પ્રેમનો પ્રવાહ જોયો એનાથી હું સ્તબ્ધ થઈ ગયો છું. ઇતિહાસમાં અને સ્કૂલોમાં ઘણું વાંચ્યું છે કે ભારતીય સંસ્કૃતિનો પ્રચાર સમ્રાટ અશોક, ચંદ્રગુપ્ત મૌર્યથી થયો, પણ મારી માન્યતા એ છે કે ભારતીય સંસ્કૃતિનો પ્રચાર પ્રમુખસ્વામીએ જેટલો કર્યો છે એટલો ક્યારેય થયો નથી. અહીં આવ્યા પછી ખુદ મેં શું અનુભવ્યું ? હું માનવી માનવ થતાં શીખ્યો.

૧૯૯૫માં પ્રમુખસ્વામી જ્યારે અમદાવાદ હતા ત્યારે ડૉ. કિરણભાઈએ મને કહ્યું હતું કે 'બાપાની તબિયત જોવા આવજો.' મેં હા પાડી. એ વખતે મને એટલો તેઓનો યોગ પણ નહીં. અમે ઍરપોર્ટ ઉપર પહોંચ્યા, પણ એવું બન્યું કે પ્લેન ચૂકી ગયા. એ દિવસોમાં મને એવું અભિમાન હતું કે જો બીજા કોઈ પેશન્ટ હોત તો હું તરત કહી દઉં કે 'પ્લેન ગયું તો હવે હું નહીં આવી શકું, સોરી.' પણ કોણ જાણે કેમ મને પોતાને જ એવી ભાવના થઈ કે 'અહીંથી બોરીવલી જઈએ ને ટ્રેન પકડી અમદાવાદ પહોંચીએ.' આવી ભાવના કયા કારણે થઈ એનો મારી પાસે જવાબ નથી. અમે દોડતાં દોડતાં ટ્રેનનો ડબ્બો પકડ્યો અને પ્રમુખસ્વામી પાસે આવ્યા. મારા જીવન પર તેઓનો ઘણો પ્રભાવ પડ્યો છે.''

•

તા. ૧૦-૧૨-૨૦૦૯, વિદ્યાનગર

અહીંના મંદિર આગળ બી.એ.પી.એસ. છાત્રાલયના પહેલા વર્ષના વિદ્યાર્થીઓ બેઠા હતા. શરીરમાં થોડાક સ્થૂળ એવા પસંદ કરાયેલા વિદ્યાર્થીઓ કહે : 'અહીં છાત્રાલયમાં ખૂબ પ્રગતિ થાય છે.'

સ્વામીશ્રી કહે : 'પ્રગતિ કરો, પણ શેની ?' આટલું કહીને સ્વામીશ્રી મંદિરમાં પધાર્યા.

દર્શન કરીને પાછા વળતાં સ્વામીશ્રીએ આગળ કહેલી પ્રગતિનું રહસ્ય કહેતાં કહ્યું : 'પહેલાંમાં પહેલું નિયમ-ધર્મ બરાબર સાચવવા. ભણ્યા પછી દેશ-પરદેશ જઈએ પણ વ્યસન ન પેસે એ જોવું. કોઈ જાતની અનીતિ ન થાય, ભજન નિયમિત થાય, શ્રીજી-મહારાજને નિયમિત સંભારવા. સત્સંગ બરાબર કરવો અને બીજાને કરાવવો. અભ્યાસ કર્યો છે તો નોકરી-ધંધા મળશે, પણ સત્સંગનો અભ્યાસ કર્યો છે એ બીજાને કરાવજો. સત્સંગ થયો ને એમાં પ્રગતિ થઈ એ જ સાચી પ્રગતિ.' સ્વામીશ્રીએ પ્રગતિનું રહસ્ય દર્શાવી દીધું.

•

આજે સંસ્થાના જનરલ સેક્રેટરી હરીશભાઈ દવે સાથે મિટિંગ હતી. મિટિંગ પૂરી થયા પછી તેઓ બહાર નીકળ્યા, ત્યારે સ્વામીશ્રીએ આત્મદર્શન સ્વામીને પાછળ પાછળ મોકલ્યા અને કહેવડાવ્યું કે 'હરીશભાઈ દવેને જમાડીને જ મોકલજો.'

સ્વામીશ્રી દરેકની નાનામાં નાની સંભાળ રાખે છે. વળી, તેઓના સ્વભાવ પ્રમાણે થોડી વાર પછી આ કાર્ય થયું કે ન થયું એ પાકું કરવા માટે આત્મવિહારી સ્વામીને પણ સ્વામીશ્રીએ મોકલ્યા હતા. વળી, એમની સાથે એમ પણ કહેવડાવ્યું હતું કે 'હરીશભાઈની સાથે એમના ડ્રાઈવર પણ હશે, ડ્રાઈવરને પણ જમાડી દેજો.'

•

તા. ૧૧-૧૨-૨૦૦૯, વિદ્યાનગર

દુબઈથી રોહિતભાઈ ને મનુભાઈ દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીએ તેઓને આશીર્વાદ આપ્યા. બંને ભાઈઓ અને પિતાશ્રીની કાર્યપદ્ધતિ સ્વામીશ્રીને ગમે છે. એટલે જ તેઓના સંદર્ભમાં સ્વામીશ્રી કહે : 'જે કુટુંબમાં સંપ હોય એની સંપત્તિ પણ વધે અને શાંતિ પણ થાય.'

•

તા. ૧૩-૧૨-૨૦૦૯, વિદ્યાનગર

એક મુમુક્ષુ યુવક દર્શને આવ્યો. એણે માબાપની સંમતિથી એક જગ્યાએ લગ્ન કરવાની હા પાડી હતી, પરંતુ એનું મન બીજે ક્યાંક હતું. એટલે ઘડીકમાં મન એ તરફ તો ઘડીકમાં આ તરફ ઝોલા ખાતું હતું. સ્વામીશ્રીને આ સંદર્ભમાં સ્પષ્ટતાથી પૂછ્યું, એટલે સ્વામીશ્રીએ જ્યાં માબાપની સંમતિ હોય ત્યાં કરવાની આજ્ઞા કરી હતી. થોડા વખતમાં એનાં લગ્ન હતાં. એટલે સ્વામીશ્રી પાસે બળ માગવા અને આશીર્વાદ લેવા એ આવ્યો હતો. સ્વામીશ્રીએ ફરીથી એને કહ્યું : 'આપણે માબાપને કુરાજી નથી કરવા. જે કંઈ હોય એ હવે ભૂલી જવું. ભગવાનની ઇચ્છાથી જ થયું છે – એમ માનીને આ લગ્નસંબંધ આગળ વધારજે અને કાંઈ થાય તો એમ ન માનતો કે મારે તો કરવું જ ન હતું. સંસાર છે એટલે પ્રશ્ન આવવાના, દુઃખ પણ આવે, પણ એ વખતે ભગવાનને

કર્તા માનીને આગળ વધજે. મહારાજ સુખી કરશે.'

•

પેટલાદના રહીમભાઈ ખાસ સ્વામીશ્રીનાં દર્શન માટે આવ્યા હતા. સ્વામીશ્રી બોચાસણથી વિદ્યાનગર આવતા હતા ત્યારે આપણા સત્સંગી હરિભક્ત હર્ષદભાઈ(જેસરવા)ની ગાડી ચલાવીને તેઓ આવતા હતા. સ્વામીશ્રીનાં વિવિધ સ્વરૂપે એણે દર્શન કર્યાં, હરિભક્તનો ભાવ જોયો, છાત્રો-વિદ્યાર્થીઓની ભક્તિ જોઈ અને સ્વામીશ્રીની શાંત સ્વસ્થતા જોઈ, ત્યારથી એના મનમાં સ્વામીશ્રીનાં ચરણસ્પર્શ કરવાની ઇચ્છા જાગી હતી. આજે ખાસ એ દર્શન કરવા માટે આવ્યા. સ્વામીશ્રીએ એને આશીર્વાદ આપ્યા.

•

એક યુવક આવ્યો. એ કહે : 'કૉલેજમાં અત્યાર સુધી બહુ જ ધમાલ કરી છે.'

સ્વામીશ્રી આ સાંભળીને રમૂજમાં કહે : 'હવે બાકી હોય એ બધી જ કરી લેવી, એટલે પછી શાંતિ થાય.'

પછી પ્રેમથી સમજાવતાં સ્વામીશ્રી કહે : 'થોડોક વિચાર રાખ. અહીં શું કરવા આવ્યો છે ? વિવેક રાખવો, અહીં કઈ રીતે વર્તવું જોઈએ ? વિચાર અને વિવેકથી કામ કરજે તો આગળ વધાશે.'

•

લંડનથી પ્રકાશિત થતા 'ગરવી ગુજરાત' સામયિકના તંત્રી રમણીકભાઈ સોલંકી તથા તેઓના પુત્ર કલ્પેશ સોલંકીને આશીર્વાદ આપ્યા. અહીં ભારતનું તેઓનું કામકાજ સંભાળી રહેલા વિશાલભાઈ બ્રહ્મભટ્ટ પણ સાથે હતા. તેઓએ પોતાની ઓળખાણ આપી કે હું નાથાભાઈના દીકરા રામચંદ્રભાઈ બારોટનો દીકરો છું.

આ સાંભળતાં જ સ્વામીશ્રી રમણીકભાઈને એમનો પરિચય આપવા લાગ્યા કે 'શાસ્ત્રીજી મહારાજનું પ્રસાદીનું કુટુંબ છે. એના બાપુજી બહુ ચુસ્ત સત્સંગી હતા. મૂળ તારાપુરના.' આટલું કહીને તેઓને કહે : 'પ્રસાદીનું કુટુંબ છે, એટલે એનું પણ ધ્યાન રાખજો.'

રમણીકભાઈ પોતાના ધંધા સંબંધી વાતો કરતા હતા. એ સાંભળ્યા પછી પણ સ્વામીશ્રી ફરીથી કહે : 'એમના દાદા ભક્ત હતા. એ બધાએ બહુ સેવા કરી છે.'

•

શ્રુતિપ્રકાશ સ્વામી કહે : 'સંપ્રદાયના અમુક ફાંટાના અમુક સંતો એમ કહે છે કે શ્રીજીમહારાજ તો ત્યાગાશ્રમી હતા નહીં.'

સ્વામીશ્રી તરત જ કહે : 'ભગવાન એટલે ભગવાન. ભગવાનને ગૃહસ્થાશ્રમીય ન કહેવાય અને ત્યાગાશ્રમીય ન કહેવાય. આ તો બધી ભગવાનની કળા છે. ભગવાન સર્વ-તંત્ર સ્વતંત્ર છે. ભગવાન એટલે ભગવાન. એને કોઈ જ વસ્તુ અડે નહીં, લાગે નહીં. એમનાં મનુષ્યચરિત્ર પણ દિવ્ય જ સમજવાનાં. બધું દિવ્ય દિવ્ય છે.' આટલું કહીને વળી કહે : ''રાધા-રમણપ્રસાદનો કેસ ચાલતો હતો, એ વખતે પણ આવી વાતો નીકળી હતી. ત્યારે નિર્ગુણદાસ સ્વામીએ શાસ્ત્રીજી મહારાજને પૂછ્યું, એટલે સ્વામી કહે : 'ભગવાન છે એમ કહી દો.' જો આ સમજણ ન હોય તો ત્યાગી છે કે ગૃહસ્થી એવા પ્રશ્નો થયા કરે. ભગવાન તો સ્વતંત્ર છે. એને નાત-જાત કશું છે જ નહીં. એટલે આવી બધી વસ્તુઓ ગણાય જ નહીં. એને કામ, ક્રોધ, લોભ, મોહ કશું છે જ નહીં.''

સ્વામીશ્રીએ સામે બેઠેલા શ્રુતિપ્રકાશ સ્વામીને કહ્યું : 'સંશોધન કરી લેજો.'

શ્રુતિપ્રકાશ સ્વામી કહે : 'સંશોધન થઈ જ ગયું છે. મહારાજ ભગવાન હતા એમાં જ બધું આવી ગયું.'

સ્વામીશ્રી કહે : 'એમનાં મનુષ્યચરિત્ર કે દિવ્ય-ચરિત્ર બધું દિવ્ય જ છે. એ આ લોકમાં સૌને મળ્યા-હળ્યા બધું દિવ્ય જ છે. બધી જ વસ્તુ દિવ્ય છે. મનુષ્યચરિત્ર કરે એ પણ દિવ્ય. પછી ભગવાનને નાત-જાતનું ક્યાં રહ્યું ? એ તો સ્વતંત્ર કહેવાય.'

•

અમેરિકાથી રમણભાઈ સોનાવાલાનો ફોન આવ્યો.

સ્વામીશ્રી કહે : 'કેમ છે ?'

રમણભાઈ કહે : 'આપના સુખે સુખિયા છીએ.'

સ્વામીશ્રી કહે : 'જુઓ, આપણને ભગવાનનો આશરો છે. શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજ જેવા ગુરુ મળ્યા છે, એટલે એમના સુખે સુખિયા છીએ.'

•

આજે છાત્રાલયનો વાર્ષિક ઉત્સવ હતો. છાત્રોએ ઉત્સાહથી સ્વામીશ્રીની સંનિધિમાં જુદા જુદા કાર્યક્રમો રજૂ કર્યા. આ કાર્યક્રમમાં જ્ઞાનરત્ન સ્વામી લિખિત 'ઘડતર' સંવાદ પણ હતો. સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં

આ સંવાદ રજૂ થયો.

સુરતના રામકૃષ્ણ એક્સપોર્ટના માલિક ગોવિંદ ભગત (ગોવિંદભાઈ ધોળકિયા) દ્વારા પોતાના ગર્ભ-શ્રીમંત નબીરાને સમાજની તાસીર જોવા માટે અને ખાસ કરીને સંઘર્ષ દ્વારા દુનિયાને, મૂલ્યોને અને ગરીબોને સમજવા માટે જે કસોટી લેવામાં આવી હતી, એ સત્ય ઘટના આધારિત આ સંવાદ હતો.

ગોવિંદ ભગતે તેઓના પુત્ર શ્રેયાંસને એક મહિના માટે પોતાની ઓળખ છુપાવીને, હૈદરાબાદમાં હૉટલમાં વેઈટર તરીકે, કપડાંની દુકાનમાં સહાયક તરીકે અને જેમ-તેમ જ્યાં-ત્યાં પડી રહીને પણ ગરીબોની વ્યથા સમજીને માનવમૂલ્યોને કેળવવાં માટે ને અનુભવજ્ઞાન લેવા માટે જે પ્રયોગો કર્યા હતા, એ વાતને હૃદયદ્રાવક રીતે જ્ઞાનરત્ન સ્વામીએ સંવાદમાં ઉતારી હતી. સ્વામીશ્રી પણ આ સંવાદને જોતાં જોતાં એક ધ્યાન થઈ ગયા હતા. સંવાદ પૂરો થયા પછી સંવાદ નિહાળનારા અનેક એવા હતા કે જેઓની આંખમાં આંસુ હતાં અને સંવાદની સમાપ્તિ પછી સૌની સાથે સાથે સ્વામીશ્રી પણ તાળી પાડી ઊઠ્યા હતા. સંવાદ પૂરો થયા પછી સ્વામીશ્રી મંચના મધ્ય ભાગમાં આવ્યા. અહીં શ્રીહરિ કિશોરમંડળ દ્વારા બનાવાયેલો હાર સમગ્ર છાત્રાલયના વિદ્યાર્થીઓ અને હરિભક્તો વતી ત્યાગવલ્લભ સ્વામીએ સ્વામીશ્રીને અર્પણ કર્યો. સ્વામીશ્રીએ એ હાર પોતાની પાસે જ રાખી મૂક્યો. આજુબાજુમાં જ સંવાદમાં ભાગ લેનારા છાત્રો બેઠા હતા. જેમાં શ્રેયાંસનો રોલ ભજવનાર નિશાંત સોની પણ હતો. સ્વામીશ્રી સમગ્ર સંવાદના ઘટનાક્રમમાં માન-અપમાન વેઠનાર શ્રેયાંસના પાત્ર સાથે એટલા ઓતપ્રોત થઈ ગયા હતા કે અહીં સંવાદ ભજવનાર યુવકને પણ સાચો શ્રેયાંસ સમજીને સ્વામીશ્રીએ સામેથી ઇચ્છા પ્રદર્શિત કરી કે 'આ હાર શ્રેયાંસને પહેરાવીએ.' બાજુમાં બેઠેલા શ્રેયાંસ તથા ગોવિંદ ભગતને બોલાવીને સ્વામીશ્રીએ એ હાર એને પહેરાવ્યો. જાણે કે સ્વામીશ્રી આ પ્રકારનું આચરણ કરીને માનવીય સંવેદનાઓને સમજનાર તથા આવા વિપરીત સંજોગોમાં પણ નિયમ-ધર્મની દૃઢતા રાખીને સંઘર્ષ વેઠનાર તમામ સદ્‌ગુણીને હાર પહેરાવી રહ્યા હતા ! સ્વામીશ્રીએ પણ હાર પહેરાવીને એને કહ્યું : 'આટલા કઠિન સંજોગોમાં પણ નિયમ-ધર્મની દૃઢતા તેં બરાબર રાખી તો ભગવાન તને ખૂબ સુખી કરે.'

•

તા. ૧૪-૧૨-૨૦૦૯, વિદ્યાનગર

ઑસ્ટ્રેલિયાથી એક હરિભક્તનો ફોન આવ્યો. તેઓ કહે : ''મારું સગપણ નક્કી થઈ ગયું હતું, પણ છેલ્લે સમયે છોકરીએ કહી દીધું કે 'મારે કરવું નથી.' મારી નોકરી પણ નક્કી છે, પણ હવે બીક લાગે છે કે 'છેલ્લી ઘડીએ ના પાડી દેશે તો, નોકરી છૂટી જશે તો ?' એમ થાય છે કે ઇન્ડિયા આવી જઉં. પી.આર. મળી ગયું છે.'

સ્વામીશ્રીએ તેઓને શાંતિથી સાંભળ્યા અને કહ્યું : 'તમારે રહેવાનો રાઇટ થયો છે તો ત્યાં જ રોકાજો. અહીં આવીને શું કરશો ? ત્યાં જ રોકાજો. લગ્ન ન કરવા હોય તો હમણાં ન કરશો, પણ હિંમત હારવાની જરૂર નથી. નિષ્ફળતા મળે છે, પણ એમાં ઉદાસ થવાની જરૂર નથી. ભગવાનને સંભારવા. ભગવાનની દયાથી બધું સારું થશે.'

•

તા. ૧૫-૧૨-૨૦૦૯, વિદ્યાનગર

છાત્રાલયમાં રહીને અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓ પૈકીના છેલ્લા વર્ષમાં ભણતા છાત્રો આજે મંદિર આગળ ઊભા હતા. સ્વામીશ્રી મંદિરે દર્શન કરીને પાછા પધાર્યા ત્યારે એ જ છાત્રોએ કહ્યું : 'આ લોકની ડિગ્રી અમને મળી, પણ અક્ષરધામની ડિગ્રી - પદવી અમને આપશો ને ?'

સ્વામીશ્રી કહે : 'તમને બધાને પદવી મળી જ ગઈ છે, શેની ? અક્ષરધામની.'

વળી, છાત્રો કહે : 'આજે દીક્ષાંત સમારોહ છે, આપ એક વાક્ય કહો.'

સ્વામીશ્રી કહે : 'આ દેહ તે હું નહીં, હું આત્મા છું.'

•

લૉસ એન્જલસ(અમેરિકા)થી ગોવિંદ વઘાસિયાનો ફોન આવ્યો. તેઓને 'હિંદરત્ન' ઍવોર્ડ આપવામાં આવનાર હતો. તેઓ કહે : 'બાપા ! સરકાર ઍવોર્ડ આપશે, પણ આપ અમને અક્ષરધામનો ઍવોર્ડ આપજો.'

સ્વામીશ્રી કહે : 'ત્યાં કોના હસ્તે ઍવોર્ડ આપવાનો છે ?'

'કાં તો રાષ્ટ્રપતિ, કાં તો વડાપ્રધાન.'

સ્વામીશ્રી કહે : 'બંનેને સંસ્થા પ્રત્યે હેત છે.

ઍવોર્ડ લેવા જાય ત્યારે બી.એ.પી.એસ.ની વાત કરજો.'

•

તા. ૧૬-૧૨-૨૦૦૯, વિદ્યાનગર

વૉશિંગ્ટનથી એક કિશોર આવ્યો હતો. તેના પિતાશ્રી કહે : 'હું ને મારાં ઘરવાળાં કીર્તનને વઢી વઢીને થાક્યા પણ તોય ટી.વી. મૂકતો ન હતો, પણ ગયા વખતે આપે ફક્ત એક જ વાક્ય કીધું કે ટી.વી. ન જોવું, ને એણે તાત્કાલિક મૂકી દીધું.'

સ્વામીશ્રી રાજી થયા અને કહ્યું : 'ભગવાન અને સંત જોવા જેવા છે, એટલે પેલું ગયું એ ગયું, પાછું આવવું ન જોઈએ.'

•

પરદેશનો એક યુવક આવ્યો. એ કહે : 'મારા પિતાશ્રીના ધામમાં ગયા પછી મારાં મમ્મી ઊંઘી જ શકતાં નથી.'

સ્વામીશ્રી કહે : 'ઊંઘ કેમ ન આવે ? શ્રીજી-મહારાજ અને સ્વામી સાથે છે – એમ માનવું. અને બાપુજી તો ધામમાં જ બેઠા છે, એટલે એમને કહેજો કે જરાય ચિંતા ન કરે.'

•

તા. ૧૭-૧૨-૨૦૦૯, વિદ્યાનગર

અમેરિકાની એરીઝોના યુનિવર્સિટીના અંગ્રેજી સાહિત્યના પ્રૉફેસર ડૉ. સુરેશ રાવળ સ્વામીશ્રીનાં ખાસ દર્શને આવ્યા હતા. આમ તો તેઓ બે-ત્રણ દિવસથી સ્વામીશ્રીનાં દર્શને આવે છે, પણ પૂજામાં દૂરથી સ્વામીશ્રીનાં દર્શન કરીને જતા રહે છે. તેઓના ખ્યાલમાં એટલું જ છે કે આવા પુરુષનાં દિવ્ય કિરણોથી ભીંજાતો રહું. પહેલાં તો તેઓ નાસ્તિક હતા, પરંતુ ઉપનિષદ, ભાગવત, ગીતા વગેરે શાસ્ત્રો વાંચ્યા ને ત્યારપછી ૨૦૦૬માં સ્વામિનારાયણ સંપ્રદાયના યોગમાં આવ્યા પછી વચનામૃત, સ્વામીની વાતો અને જીવનચરિત્રો વાંચ્યાં. લગભગ ચાર વર્ષમાં અનેક વખત સંપ્રદાયના ગ્રંથો અને સ્વામીશ્રીનાં જીવનચરિત્રો વાંચ્યાં. અને ત્યારપછી તેઓ આસ્તિક તો થયા, પરંતુ સત્સંગના રંગે વિશેષ રંગાયા અને અંગ્રેજીમાં 'સ્ત્રી-પુરુષ મર્યાદા' પુસ્તક લખ્યું. તેઓની કક્ષા એવી છે કે કેમ્બ્રિજ યુનિવર્સિટી તરફથી પણ તેઓનાં પુસ્તકોનું પ્રકાશન થાય છે. આજે 'સ્ત્રી-પુરુષ મર્યાદા'નું અંગ્રેજીમાં લખેલું પુસ્તક તેઓએ સ્વામીશ્રીને અર્પણ કર્યું અને સ્વામીશ્રી પાસે આશીર્વાદ માગ્યા કે 'સમગ્ર દુનિયાને આપી શકાય એવું ભગવાન સ્વામિનારાયણનું જીવનચરિત્ર લખવું છે અને સાથે સાથે સ્વામીશ્રીના જીવન ઉપર પણ તેઓને પુસ્તક લખવું છે.' સ્વામીશ્રીએ તેઓને આશીર્વાદ આપ્યા.

•

તા. ૧૯-૧૨-૨૦૦૯, વિદ્યાનગર

સુરત ક્ષેત્રના અંતરિયાળ ગામમાંથી એક યુવકનો પત્ર આવ્યો. એમાં એણે લખ્યું હતું : 'અમારે ત્યાં એક દીકરી હતી ને બીજી દીકરીનો જન્મ થયો છે. અમારા ઘરના દરેક સભ્યની ઇચ્છા હતી કે દીકરાનો જન્મ થાય. અમે પ્રાર્થના કરતા હતા. ગળા સુધી વિશ્વાસ હતો કે દીકરો જન્મશે; પણ અમને ખૂબ દુઃખ થયું છે. આપનામાં મનુષ્યભાવ આવ્યો છે. આરતી, ચેષ્ટા, વચનામૃત, સ્વામીની વાતોનું વાંચન, ધર્માદો, ગામડે જવાનું, બધું બંધ કરી દેવું છે, કારણ કે જે દીકરા આપી ન શકે એ મોક્ષ કરશે એની ખાતરી શું ? ઉગા ખુમાણે સંતોને માર માર્યો તો પણ દીકરાનો જન્મ થયો. એ સત્સંગી નહોતા, તો અમે એના કરતાં પણ ગયા ? આજ દિન સુધી સત્સંગ કર્યો, ભજન કર્યું, નાણાંની સેવા કરી, એનો બગાડ જ કર્યો છે. આટલી સેવા-ભક્તિ બીજાની કરી હોત તો ચોક્કસ દીકરો આપત. આવા વિચારો આવે છે.'

વળી, પત્રમાં લખ્યું હતું કે 'બધા વિચારો આવવાનું કારણ પુત્રેષણા છે. આપ આશીર્વાદ આપો કે આપના સ્વરૂપમાં તેમ જ મહારાજના કર્તાપણા વિષે તેમ જ મૂર્તિમાં પ્રગટપણાનો ભાવ દૃઢ રહે. સંતોનાં વચનમાં વિશ્વાસ રહે. આપના સર્વજ્ઞપણા વિષે મન, બુદ્ધિ, ચિત્ત અને અંતઃકરણમાં દૃઢતા થાય. ક્યારેય ચલાયમાન ન થાય એવી કૃપા કરજો. મધ્ય-૩૫ પ્રમાણે મારી બુદ્ધિ ક્યારેય આસુરી ન થાય એવા આશીર્વાદ આપો.'

સ્વામીશ્રીએ આ પત્ર બે વાર વાંચ્યો અને પછી કહ્યું : 'એ વિસ્તારમાં ફરતા સંતોને ત્યાં મોકલજો.'

૧૧:૪૫ વાગે સ્વામીશ્રી ભૂમિભ્રમણ માટે ઊભા થયા. પહેલા તબક્કા પછીના વિશ્રામ સમયે ડૉ. નિકુલે સ્વામીશ્રીને કહ્યું : 'આપ ખરેખરા દયાળુ છો. આજે સવારે જે પત્ર વંચાયો એ પત્ર અમારા જેવા ઉપર લખાયો હોત તો અમે તો કાંઈ ને કાંઈ લખી દઈએ.'

સ્વામીશ્રી કરુણાર્દ્ર થતાં કહે : 'હશે, લોકોને બીચારાને દુ:ખ પડે એટલે કહે જ ને ! લોકોની ભાવના છે ને !'

•

તા. ૧૯-૧૨-૨૦૦૯, મહેળાવ

સ્વામીશ્રી મહેળાવ પહોંચ્યા. અંધારું ઢળી ચૂક્યું હતું. ગામના ઉબડખાબડ ગોઠવાયેલા પથ્થરને વીંધીને ગાડીએ જન્મસ્થાનના પાછલી તરફના રસ્તે વળાંક લીધો અને પ્રમાણમાં સાંકડી શેરીમાં પ્રમાણમાં પહોળી ગાડી વડે જાણે કે સમગ્ર શેરી ભરાઈ ગઈ. શેરી એટલી સાંકડી હતી કે સ્વામીશ્રીની વ્હીલચૅર આવી શકે એમ ન હતી, એટલે યજ્ઞપુરુષ પોળના નાકે ગાડીના બારણા આગળ વ્હીલચૅર ગોઠવવામાં આવી અને ત્યારપછી વ્હીલચૅરમાં વિરાજીને સ્વામીશ્રી જન્મસ્થળે પધાર્યા. ઉબડખાબડ રસ્તાઓને લીધે સંતોએ વ્હીલચૅર ઊંચકી લીધી હતી. સાંકડીમાંથી સાંકડી થતી શેરીમાં પસાર થતાં સ્વામીશ્રીનાં અદ્‌ભુત દર્શનનો લાભ તમામ હરિભક્તોને ખૂબ નજીકથી મળી રહ્યો હતો.

જન્મસ્થળમાં સ્વામીશ્રી પધાર્યા અને વ્હીલ-ચૅરમાંથી ઊતરીને સૌથી પહેલાં હરિમંદિરમાં દર્શન કર્યાં અને ત્યારપછી જન્મસ્થાનમાં પધરાવેલી શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ સમક્ષ પધાર્યા. ઘણી વાર સુધી દર્શન કરીને સ્વામીશ્રીએ પ્રાર્થના કરી. એ દરમ્યાન પૂજારી તુષાર ભગત પેંડાનો થાળ લઈને આવ્યા. આ થાળ જોતાં જ સ્વામીશ્રીને ઉમળકો થયો અને જાતે જ શાસ્ત્રીજી મહારાજને ને યોગીજી મહારાજની પટમૂર્તિને પેંડાનો થાળ ધરાવ્યો ને કહ્યું : 'બધાને વહેંચજો.'

કાર્યક્રમ પ્રમાણે અહીંથી વ્હીલચૅરમાં બેસીને, ગાડીમાં વિરાજીને સીધા જ મંદિરે જવાનું હતું ને વ્યવસ્થા પણ એ જ રીતે ગોઠવાઈ હતી. પૂજારી તુષાર ભગતે સ્વામીશ્રીને હાર પહેરાવ્યા પછી સ્વામીશ્રી જન્મસ્થાનમાંથી બહાર પધાર્યા ને ઇચ્છા પ્રદર્શિત કરી કે 'ડુંગર ભગતે માણ વગાડીને જ્યાં કથા કરી હતી એ ચોરે દર્શન કરવા જવું છે.'

અચાનક આવી પડેલી વ્યવસ્થાને કારણે તાત્કાલિક થાય એવી વ્યવસ્થા કરવામાં આવી. વ્હીલ-ચૅરને ઊંચકી લેવામાં આવી અને ચોરે સ્વામીશ્રી પધાર્યા. વ્હીલચૅરમાં જ પહોળા ઓટલાવાળા ચોરા ઉપર સ્વામીશ્રીએ પ્રદક્ષિણાઓ કરી. ચરણારવિંદ ઉપર પુષ્પ અર્પીને સ્વામીશ્રીએ એ રીતે દર્શન કર્યાં. અંધારું ઢળેલું હતું. સ્ટ્રીટ લાઇટ ઝળહળી રહી હતી. આ ટ્યૂબલાઇટનાં અજવાળે સ્વામીશ્રીના વિશિષ્ટ લાભનાં દર્શન થઈ રહ્યાં હતાં. ગોળાકાર ચોરાની ચારે બાજુ હરિભક્તો ઊમટી પડ્યા હતા. આજુબાજુનાં મકાનોમાં ઉપરથી પણ સૌ દર્શન કરી રહ્યા હતા. સ્વામીશ્રીએ પ્રદક્ષિણા પૂરી કરી, પરંતુ વ્યવસ્થાપકોની અમૂંઝણને કારણે ગાડી તો હજી શેરીના પેલા નાકે ઊભી રહી હતી. એ ગાડીને આ બાજુની શેરીએ લાવવી હોય તો ગામને ફરીને લવાય એમ હતું. ગાડી આવે ત્યાં સુધી નાના બાળકોએ તૈયાર કરેલી આરતી જોઈ સ્વામીશ્રીએ આરતી કરવા સૂચવ્યું. એ રીતે મહિલા મંડળ દ્વારા તૈયાર થયેલી આરતીનો મનોરથ સ્વામીશ્રીએ પૂરો કર્યો. ચોરાની છત્રી ઉપર હરિકૃષ્ણ મહારાજને પધરાવવામાં આવ્યા. સ્વામીશ્રીની વ્હીલચૅર બાજુમાં ગોઠવાઈ. નાનાં શિશુઓએ આરતીનો લાભ લીધો. આજુબાજુ રીતસર ટોળે વળેલા હોય એ રીતે સૌ હરિભક્તો લાભ લઈ રહ્યા હતા.

આરતી પણ પૂરી થઈ, પરંતુ હજી ગાડી આવી ન હતી, એટલે ફરીથી સ્વામીશ્રી ચોરા ઉપર પ્રદક્ષિણા ફરવા માંડ્યા. હરિભક્તો માટે તો આવો નજીકનાં દર્શનનો લાભ સ્વપ્ન સમાન હતો. સ્વામીશ્રીએ બે-ચાર પ્રદક્ષિણાના અંતે વળી કીર્તન બોલવાની આજ્ઞા કરી, એટલે સૌએ *'આજ મારે ઓરડે રે'* કીર્તન ગાવાની શરૂઆત કરી. ગામની શેરીમાં આવતી કોઈ પણ ગાડીના ભણકારામાં સ્વામીશ્રી માટેની ગાડીનો જ અણસાર સૌને આવતો હતો, પરંતુ જે તે ગાડીઓ આવીને પસાર થઈ જતી હતી. ગાડીનો આવવામાં વિલંબ એ જ આજનો વિશિષ્ટ સ્મૃતિલાભ બની ગયો.

થોડી વાર પછી અણસાર આવ્યો કે હજી ગાડી અહીં લાવવા માટેનો મૅસેજ પહોંચ્યો જ નથી. એટલે વળી રાહ જોવા માટે થોડી પ્રદક્ષિણા ઓર કરી. મૅસેજ ત્યાં પહોંચી ચૂક્યો હતો. ગાડી ત્યાંથી નીકળી ગઈ હતી. જોકે આવતાં વાર લાગે એમ હોવાથી છેવટે એમ જ નિર્ણય કરવામાં આવ્યો કે ગલીખૂંચીઓમાંથી પસાર થઈને ઠેઠ મંદિર સુધી વ્હીલચૅરને ઊંચકી જ લેવી અને આ એક વિશિષ્ટ સ્મૃતિલાભ બની ગયો.

અંધારું સંપૂર્ણ ઢળી ચૂક્યું હતું. શેરીમાં ઝગમગતી લાઇટોની સવલતો બધી જ જગ્યાએ પહોંચતી ન હતી. સંતોએ વ્હીલચૅર ઊંચકી લીધી અને સૌ આગળ વધ્યા. સાંકડામાં સાંકડી શેરીમાં હાથમાં પકડેલી નાની ટ્રાવેલ ટ્યૂબલાઇટના અજવાળે વ્હીલચૅર આગળ વધતી જતી હતી. ક્યાંક ક્યાંક દુકાનોમાં જલતી લાઇટનો ઉજાસ પણ શેરીઓમાં પડી રહ્યો હતો. હરિભક્તો અને યુવકો પણ આ દર્શનલાભ માટે આજુબાજુ દોડી રહ્યા હતા. જન્મસ્થાનની ધૂળ શ્વાસોમાં ભરાતી જતી હતી. જાણે કે અદ્દલ તીર્થયાત્રા ચાલુ થઈ, નગરયાત્રા ચાલુ થઈ. રસ્તાઓ રાજુલાના પથ્થર વડે ઢંકાયેલા તો હતા, પરંતુ પ્રમાણમાં વરસોથી વપરાતા હોવાને કારણે ઉબડખાબડ થઈ ચૂક્યા હતા અને ક્યાંક ક્યાંક ધૂળનું અતિક્રમણ પણ થઈ ગયું હતું. ક્યાંક ખાડાઓ અને ક્યાંક ટેકરાઓમાં અંધારે ધ્યાન રાખવામાં ન આવે તો ખરેખરી લીલા થવાની સંભાવના હતી. એમાં પણ સ્વામીશ્રીનાં આવાં વિશિષ્ટ દર્શનની ઝાંખી કરવા માટે આગળ-પાછળ દોડી રહેલા હરિભક્તો અને મુમુક્ષુઓ આયોજનને વધારે દ્વિધાભર્યું બનાવતા હતા. અત્યારે કોઈને કાંઈ કહેવાય એમ હતું નહીં, કારણ કે દરેક સભ્ય આનંદના હેંગ ઓવરમાં જ હતા. સ્વામીશ્રીના વજનને ઊંચકીને ઠેઠ મંદિર સુધી લઈ જવામાં જો ગતિ ધીમી રાખે તો વધારે મુશ્કેલી પડે, એટલે સામાન્ય કરતાં ગતિ વધારે રાખવામાં આવી હતી. એમાં જો ક્યાંક ધોતિયું ભરાયું તોપણ કાંઈક મુસીબત સર્જાવાની શક્યતા હતી. વચ્ચે વચ્ચે થોડો વિરામ આપીને ખુરશી ઊંચકનારા સંતોને પણ બદલી દેવામાં આવતા હતા. એમ કરતાં કરતાં નગરયાત્રાની સવારી યજ્ઞપુરુષના દ્વારે પહોંચી અને વિશિષ્ટ સ્મૃતિઓની નોબત અંતરમાં ગાજી ઊઠી. અહીં લાભ લેવા આવનાર દરેકને પોતાનું આવવું સાર્થક લાગ્યું.

•

તા. ૨૧-૧૨-૨૦૦૯, મહેળાવ

સારંગપુરથી આવેલા સંતોએ સમૂહમાં ગાન કર્યું : *'અમે સૌ સ્વામીના બાળક, લડીશું સ્વામીને માટે.'*

સ્વામીશ્રી કહે : 'કોની સાથે લડશો ?'

'અંતઃશત્રુઓ સાથે.'

સ્વામીશ્રી કહે : 'બરાબર છે.' છાતી ઉપર હાથ ફેરવતાં કહે : 'અંદર લડાઈ કરવાની છે, જેથી અંતઃશત્રુઓ નડે નહીં.'

•

પરમવિવેક સ્વામી કહે : 'અમારી સાથે વિદ્વત્ વર્ગમાં અખંડદર્શન સ્વામી પણ ભણતા હતા. હવે એ આપની સાથે સેવામાં આવ્યા એટલે અમને થાય છે કે એ ખાટી ગયા અને અમે રહી ગયા.'

સ્વામીશ્રી કહે : 'તમેય ખાટ્યા ને એ પણ ખાટ્યા, કોઈ રહી ગયા એવું નથી, આજ્ઞાથી બધું થાય છે એ લાભ જ છે.'

•

તા. ૨૨-૧૨-૨૦૦૯, મહેળાવ

સ્વામીશ્રી લિફ્ટ દ્વારા ઊતરી રહ્યા હતા ત્યારે પ્રિયવંદન સ્વામી કહે : 'અમે શાસ્ત્રીજી મહારાજની માળા ફેરવીએ છીએ. તમે કોની ફેરવો છો ?'

સ્વામીશ્રી કહે : 'શ્રીજીમહારાજની. તમારે પણ શ્રીજીમહારાજની માળા ફેરવવી અને શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજને યાદ કરવા.'

•

એક ભાઈ પોતાના સ્નેહીને લઈને આવ્યા ને કહે : 'આને ચોરી કરવાનું વ્યસન જતું નથી. એને કારણે જ આફ્રિકાથી પાછો ધકેલી દેવો પડ્યો.'

સ્વામીશ્રી કહે : 'જે મળે એનાથી ચલાવતાં શીખ. મહેનત કર. ચોરી કરવાથી કરોડોપતિ નથી થવાતું. ઊલટું સમાજમાં, દુનિયામાં અને કુટુંબમાં આબરૂ જાય, લોકો ધક્કા મારે ને પકડાઈએ તો જેલમાં પણ જવાનું થાય અને જિંદગી બરબાદ થાય, એના કરતાં મહેનત કરીને સુખેથી ખાવાનું રાખ.'

•

તા. ૨૩-૧૨-૨૦૦૯, મહેળાવ

મંદિરે દર્શન કરીને સ્વામીશ્રી સભામંડપ તરફ જઈ રહ્યા હતા. ચોકમાં નાના શિશુઓ *'મારી સ્વામિનારાયણની ગાડી છુક છુક કરતી ચાલે'* એ ગીતના આધારે અભિનય કરતાં કરતાં નૃત્ય કરી રહ્યા હતા. એક શિશુ કાળા પરિવેશ સાથે એન્જિનનો ડબ્બો બન્યો હતો ને બીજા એની પાછળ પાછળ ગોળ ગોળ ફરી રહ્યા હતા. સ્વામીશ્રીને આ જોતાં ઉમળકો આવ્યો ને તેઓ પણ શિશુઓની પાછળ ગાર્ડનો ડબ્બો બનીને

જોડાઈ ગયા અને આ રીતે શિશુઓને સ્મૃતિ આપી.

•

તા. ૨૪-૧૨-૨૦૦૯, મહેળાવ

સ્વામીશ્રી મંદિર ઉપર પધાર્યા. ઠાકોરજીનાં દર્શન કરીને સ્વામીશ્રી છેલ્લા ખંડમાં વ્હીલચૅરમાં વિરાજતા હતા. એ દરમ્યાન ભગવત્ચરણ સ્વામી કહે : 'ઠંડી બહુ લાગતી લાગે છે. જુઓને, આ શાલ ધ્રૂજે છે.'

સ્વામીશ્રી હસતાં હસતાં પોતા તરફ નિર્દેશ કરીને કહે : 'અહીં દર્શન કરવા આવ્યો છે કે અહીં ?'

ભગવત્ચરણ સ્વામી કહે : 'અહીં તો પહેલાં દર્શન કરી લીધાં.'

સ્વામીશ્રીએ એ વાક્ય સાંભળ્યું - ન સાંભળ્યું કરીને કહ્યું : 'પહેલાં ભગવાનનાં દર્શન કરવાં, એટલે બધી જ ધ્રુજારી મટી જાય.'

•

શિકાગો(અમેરિકા)થી આવેલા દેવવંદન સ્વામી તથા ત્યાગરત્ન સ્વામી સ્વામીશ્રીને મળ્યા. તેઓ ફોટાવાળી સંતોની નામાવલી લઈને સ્વામીશ્રી પાસે આવ્યા અને શિકાગો રહેતા ચાર સંતોને બતાવીને કહ્યું કે 'આ ચાર સંતો લાભ લેવા આવી શકે તેમ નથી, તો ફોનમાં આશીર્વાદ આપો એવી એમની ઇચ્છા છે.'

સ્વામીશ્રીએ ફોનમાં આશીર્વાદ આપતાં કહ્યું : 'તમે બધા સેવા કરો છો તો મહારાજ-સ્વામી રાજી થશે. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ પણ રાજી થશે. આપણી ભક્તિ લૂખી નથી. 'આવી પડ્યા ભાઈ, આવી પડ્યા' એવું નથી. તમે સંપથી કામ કરો છો, સેવા કરો છો, તો તે સારી વાત છે. તમારે કાયદેસર કામના હિસાબે આવી શકાય તેમ નથી, તો શિકાગોમાં રહીને પ્રાર્થના-ભજન કરજો.'

સંતો કહે : 'અમારે તો આપના આશીર્વાદ જોઈએ.'

સ્વામીશ્રી કહે : 'આપણે બ્રહ્મરૂપ થવાનું છે. મનનો ભીડો કાઢવાનો છે. તમને બધાને આશીર્વાદ છે. આજ્ઞા પાળજો. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ રાજી થશે.'

ત્યાગરત્ન સ્વામી કહે : 'આપના વિચરણના સમાચાર રિપોર્ટ વાંચીએ ત્યારે આપની સાથે જ હોઈએ તેવું લાગે, પણ પ્રત્યક્ષ દર્શનની ઇચ્છા બહુ રહે છે.'

સ્વામીશ્રી આંખ મીંચીને કહે : 'આમ અંતર્દષ્ટિ કરવી જોઈએ. સાથે જ છે. સામે જ બેઠા છે.' આટલું કહેતાં સ્વામીશ્રી હસી પડ્યા.

•

સ્વામીશ્રીએ ભ્રમણ કર્યું. એ દરમ્યાન શ્રુતિપ્રકાશ સ્વામીએ 'અક્ષરપુરુષોત્તમ માહાત્મ્યમ્'નું પઠન કર્યું. ગ્રંથમાં ગુણાતીતાનંદ સ્વામીએ ચાર હરિભક્તનો સમાગમ કરવાની આજ્ઞા સંતોને પણ કરી, એ પ્રસંગ આવતાં ચાલુ ભ્રમણે સ્વામીશ્રી કહે : 'જે હરિભક્તોનાં નામ લીધાં એ બધા ખેડૂત હતા, કોઈ ભણેગા-ગણેલા વિદ્વાન ન હતા, પણ શું વિશેષતા હતી ?'

શ્રુતિપ્રકાશ સ્વામીએ કહ્યું : 'સૌમાં આજ્ઞા-ઉપાસના દૃઢ હતી.'

સ્વામીશ્રી કહે : 'હા, આ બે જ વસ્તુ અગત્યની છે.' સ્વામીશ્રીએ સાચી મોટપની વાત કરી.

•

ગુણનિધિ સ્વામી કહે : 'આપે મને એક વખત કહ્યું હતું કે સિંહનો માલ શિયાળિયા ક્યારેય ખાઈ ન શકે. તો સાચા સિંહના માલ બનીએ ને સાચા શિષ્ય બનીએ એવા આશીર્વાદ આપજો.'

સ્વામીશ્રી કહે : 'આપણે બન્યા જ છીએ.'

ગુણનિધિ સ્વામી કહે : 'પણ એવું મનાતું નથી. ૧૦૦% આપને અંતર્યામી મનાતા નથી, એટલે સ્વભાવ-દોષ નડ્યા કરે છે.'

સ્વામીશ્રી કહે : 'એવી ઊણપ રહ્યા કરે એ સારી વાત છે. તો જ આગળ વધાય, નહીં તો આટલી સેવા ન થાય, આટલી વાત ન થાય. જીવમાં મહિમા સમજાયો છે તો કામ થાય છે.'

•

તા. ૨૫-૧૨-૨૦૦૯, મહેળાવ

લિફ્ટ દ્વારા સ્વામીશ્રી નીચે પધારી રહ્યા હતા. એ દરમ્યાન પ્રદક્ષિણામાં ઊભેલા પ્રિયવંદન સ્વામીએ સ્વામીશ્રીને ફૂલ ધર્યું અને કહ્યું : 'મહારાજની મૂર્તિ માટે હું ફૂલ લાવ્યો હતો, પણ આપની જેમ એ વાત તો કરતા નથી.'

સ્વામીશ્રી કહે : 'ના કેમ કરે ? તારો ભક્તિભાવ સાચો હોય તો વાત કરે જ. શ્રદ્ધા અને વિશ્વાસ હોય તો વાત કરે જ.'

પ્રિયવંદન સ્વામી કહે : 'પણ જેમ આપ મારી

સાથે વાત કરો છો એમ તો નથી કરતા ને !'

સ્વામીશ્રી કહે : 'આ નથી કરતા ? જો ને !'

સ્વામીશ્રીએ મર્મમાં ઘણું કહી દીધું.

•

તા. ૨૬-૧૨-૨૦૦૯, મહેળાવ

એક યુવકને નિયમ હતો, છતાં ક્યારેક બહારનું ખાવા-પીવાનું ખવાઈ જતું હતું.

સ્વામીશ્રી કહે : 'ઝેર સમજજે તો છૂટી જશે.'

•

એક સાત્ત્વિક મુમુક્ષુ દર્શને આવ્યા. તેઓ કહે : 'હું રોજ ધ્યાન કરું છું. ધ્યાનમાં અત્યારે મનના સંકલ્પ-વિકલ્પો તો અટકી ગયા છે, પણ ત્યારપછી બધું બ્લેન્ક જ દેખાય છે.'

સ્વામીશ્રી કહે : 'ભગવાન સ્વામિનારાયણની માળા કરજો. મૂર્તિ દેખાશે.'

પેલા મુમુક્ષુ કહે : 'મારું ધ્યાન તો બરાબર ચાલે છે ને ?'

સ્વામીશ્રી કહે : 'બરાબર છે. સ્વામિનારાયણની માળા કરજો એટલે મહારાજ દેખાશે.'

•

ભૂમિભ્રમણના પહેલા તબક્કા પછી સ્વામીશ્રી કસરત માટે વ્હીલચૅર ઉપર વિરાજ્યા. એ દરમ્યાન યજ્ઞેશ સ્વામીએ કહ્યું : 'હમણાં ૧૯૮૭ સાલના પ્રસંગો હું વાંચતો હતો. એમાં સંત સ્વામીએ એ વખતે આપને કહ્યું હતું કે આપની શતાબ્દી ઊજવાય. આપનાં ૧૦૦ વર્ષ થાય એ વાત સંત સ્વામીએ કરી હતી.'

સ્વામીશ્રી કહે : 'સો વર્ષ તો ભગવાનની ઇચ્છા હોય તો થાય. આપણે તો એમની ઇચ્છા પ્રમાણે રહેવાનું છે.'

નારાયણચરણ સ્વામી કહે : 'ભગવાન ઇચ્છા બદલે નહીં ? *મારા બાંધ્યા વૈષ્ણવ છોડે, મેં બાંધ્યા ન છૂટે રે...* એમ ભક્તાધીન ભગવાન છે.'

સ્વામીશ્રી કહે : 'આપણે ભગવાનને બાંધવા ક્યાં આવ્યા છીએ ? ભગવાન તો ભક્તિથી બંધાય છે. એ રીતે બાંધવા આવ્યા છીએ, બાકી ક્યાં બીજી રીતે બાંધવા આવ્યા છીએ ?'

•

તા. ૨૭-૧૨-૨૦૦૯, મહેળાવ

એક મુમુક્ષુ દર્શને આવ્યા. પરિવારમાં અણબનાવને કારણે એણે સત્સંગ મૂકી દીધો હતો. આ સંદર્ભમાં સ્વામીશ્રી તેઓને કહે : 'ભેગા રહીએ એટલે બોલવાનું તો થાય, વ્યવહાર છે એટલે એવું બને, પણ આ પરિસ્થિતિમાં ભગવાનને મૂકવા નહીં.'

•

પોરડા ગામના સરપંચ દર્શને આવ્યા હતા. તેઓને સ્વામીશ્રીએ કહ્યું : 'ગામનો પણ વિકાસ થાય અને સાથે સાથે દરેકમાં ધર્મનો પણ વિકાસ થાય એ આશીર્વાદ છે.'

•

એક યુવક દર્શને આવ્યો હતો. એને ખૂબ ભણીને આગળ વધવું હતું. આ સંદર્ભમાં સ્વામીશ્રી કહે : 'ડીગ્રી સારી મળે અને બધું મળે, પણ સત્સંગ ભૂલવો નહીં.'

નિર્ભય સ્વામી કહે : 'એને તો પૈસા સિવાય કશું જ જોઈતું નથી.'

સ્વામીશ્રી કહે : 'ભગવાન રાખીશ તો પૈસા પણ આવશે. સત્સંગ આપણો છે અને આપણે સત્સંગ કરવાનો છે, આટલું ધ્યાન રાખજે.'

•

સ્વામીશ્રીના વિચરણની વાત નીકળતાં સંતો કહે : 'જ્યાં જઈએ ત્યાં લોકો એમ જ કહે – બાપા અહીં આવી ગયા છે. બીજો કોઈ દસ-દસ વાર જન્મ લે, તો પણ ન પહોંચી વળે, એટલું આપે વિચરણ કર્યું છે ને કાર્ય કર્યું છે.'

સ્વામીશ્રી કહે : 'વડોદરા ડિસ્ટ્રિક્ટમાં મણિભાઈ ભટ્ટ(સલાડવાળા) હતા એ ગામોગામ બધે જ લઈ જાય.'

યજ્ઞેશ સ્વામી કહે : 'આપે કોઈને ના પણ પાડી નથી.'

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'આપનો સ્વભાવ જ એવો છે કે કો'કે કાંઈ પણ નાનામાં નાની વાત કરી હોય તોય યાદ રાખીને ગમે ત્યારે એને બોલાવી લ્યો અને દરેકનું સાંભળો. એની સાચી હકીકતની ખબર હોય તોય આપ એને પ્રેમથી સાંભળો.'

સ્વામીશ્રી કહે : 'એ બીચારો વાત કરવા આવ્યો હોય ને ન સાંભળીએ તો અભાવ આવે. એને સાંભળવામાં પાંચ મિનિટ થાય અને ન સાંભળીએ તો પેલાને એમ લાગ્યા કરે કે મારું સાંભળ્યું જ નહીં. ને વળી અભાવ લઈને જાય.'

યજ્ઞેશ સ્વામી કહે : 'અમુક એવા સ્વભાવના હોય

તો થાય કે આને શું સાંભળવા ?'

સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ પણ સાંભળતા. આપણને પણ ટેવ પડી ગઈ. સાંભળીએ છીએ.'

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'આપનામાં ધીરજ બહુ જ છે. જાણતા હો છતાં સાંભળો એ વાત અદ્‌ભુત છે. એક તો અંતર્યામીપણે તો જાણતા જ હો, છતાં આટલા હળીમળી જવું, બહુ અઘરી વાત છે.'

સ્વામીશ્રી કહે : 'એના મનમાં એમ ન થાય કે મને ન સાંભળ્યો; એટલે સાંભળી લઈએ.'

સ્વામીશ્રી એક ને એક વાત કરીને જે ઘુંટાવી રહ્યા હતા એમાં તેઓની ધીરજ ને નેતૃત્વના પ્રબળ ગુણ સમી ધીરજની પ્રતીતિ થતી હતી.

•

તા. ૨૮-૧૨-૨૦૦૯, મહેળાવ

સ્વામીશ્રી ફરાળ અંગીકાર કરી રહ્યા હતા. એ દરમ્યાન ગુણનિધિ સ્વામી સ્વામીશ્રીને કહે : 'આપના વચને મોટા મોટા કરોડપતિઓ પળભરમાં સેવા કરી દે છે.'

સ્વામીશ્રી કહે : 'આપણા વચને કાંઈ થતું નથી. મહારાજે એવો માર્ગ આપ્યો અને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ એવું કામ કરી ગયા છે, એટલે લોકોને દૃઢતા થઈ છે. એના નિમિત્તે લોકો આપે છે.'

ગુણનિધિ સ્વામી કહે : 'અમે તો થોડું કાંઈ કરીએ ત્યાં તો અહં આવી જાય કે મેં કર્યું.'

સ્વામીશ્રી કહે : ''અહં આવવો જ ન જોઈએ. 'મેં કર્યું ને મારાથી થયું' એવું અભિમાન આવવું જ ન જોઈએ, આવવા દેવું પણ નહીં. આપણે તો સેવક જ રહેવાનું છે. સેવકમાં જ મઝા છે. *દાસના દાસ થઈને રહે જે સત્સંગમાં, ભક્તિ તેની ભલી માનીશ રાચીશ તેના રંગમાં.''*

•

તા. ૩૦-૧૨-૨૦૦૯, નડિયાદ

ડભાણ ક્ષેત્રના ચાર સંયોજકો દર્શને આવ્યા. તેઓ વતી એક સંત કહે : 'આ બધા કહે છે કે હવે અમારી ઉંમર થઈ એટલે બીજાને સેવા સોંપો.'

આ સાંભળતાં જ સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજે અને યોગીજી મહારાજે કેટલાં વરસો સુધી કરી છે ?! આપણને એટલા ક્યાં થયાં છે ? શરીર સારું છે ત્યાં સુધી સેવા કરી લેવી.'

•

તા. ૩૧-૧૨-૨૦૦૯, નડિયાદ - ડભાણ - નડિયાદ

ડભાણમાં આજે પોષી પૂનમના શુભ દિવસે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દીક્ષા દ્વિશતાબ્દી મહોત્સવ ઊજવાઈ રહ્યો હતો. સવારના પહોરમાં વિશ્વશાંતિ શ્રીસ્વામિનારાયણ મહાવિષ્ણુયાગ થયો. મંદિરના પરિસરની ડાબી તરફ આવેલી જમીન ઉપર આ મહા-વિષ્ણુયાગ રચવામાં આવ્યો. સ્વામીશ્રીએ આ વિષ્ણુ-યાગમાં પધારીને સૌને કૃતાર્થ કર્યા. અને સાથે સાથે યજ્ઞની પ્રારંભિક વિધિના અંતે સૌ ઉપર આશીર્વાદની અદ્‌ભુત અમી વર્ષામાં સ્વરૂપનો પરિચય પણ કરાવ્યો અને અતિશય કૃપા કરી. સ્વામીશ્રીએ જણાવ્યું કે –

''શ્રીજીમહારાજે ડભાણમાં યજ્ઞ કરેલો એ વખતે ગુણાતીતાનંદ સ્વામીને દીક્ષા આપી. એ ઉત્સવમાં હજારો નહીં, પણ લાખો મનુષ્યો આવેલા હતા. ભગવાનનાં દર્શન અને યજ્ઞનાં દર્શન કરવા માટે ચારેય બાજુ વિશાળ સમુદાય હતો. એવાં જ દર્શન આજે આપણને થાય છે. આવ્યા ત્યારે રોડ પર એટલા માણસ, મંદિરે એટલા માણસ છે ને અહીંયાં પણ એટલા ને એટલા માણસ છે. તે વખતે વર્ણન કરેલું છે ત્યારે આપણને લાગે કે આ વાત કેવી હશે ! પણ આજે આપણને અનુભવ થયો. મહારાજના વખતમાં આવો મોટો સમુદાય મહારાજનાં દર્શન કરવા આવ્યો હશે ને યજ્ઞનો લાભ લીધો હશે એ જ લાભ આપણને બધાને મળ્યો છે. મહારાજે તે દા'ડે જે કાંઈ યજ્ઞ કરીને સુખિયા કર્યા છે એ જ વસ્તુની મૂર્તિમાન સ્મૃતિ થાય છે ને એ આનંદ માણવાનો છે. એ સ્મૃતિ સાથે આજે બધા યજ્ઞમાં બેઠા છે તો એ બધાને મહારાજ સુખી કરશે. એવું નથી કે દૂર બેઠા કે નજીક બેઠા. અક્ષરધામ તો અધો-ઊર્ધ્વ પ્રમાણે રહિત છે. એમાં કોઈ માપ નથી. ચારેય બાજુ મુક્તો બેઠા હોય ને વચ્ચે મહારાજ બેઠા હોય તે ઘડીએ કોઈને શંકા જાય કે મહારાજનાં દર્શન બધાને કેમ થતા હશે ? અત્યારે પણ એમ થાય કે નજીક બેઠા એને દર્શન થાય ને દૂરનાને નથી થતા, એવું માનશો નહીં. આ તો મહારાજના અક્ષરધામનું વર્ણન કરું છું. ચારેય બાજુ સરખાં જ દર્શન થાય છે. આઠેય દિશામાં સરખાં દર્શન થાય. અક્ષરધામનું વર્ણન આપણે સાંભળ્યું છે.

કોઈને એવું ન થાય કે ઓછાં દર્શન થયાં, વધુ દર્શન થયાં. ભગવાનની મૂર્તિ ધારીને બેસીશું, ગુણાતીતાનંદ સ્વામી, શાસ્ત્રીજી મહારાજનું સ્મરણ કરીને બેસીશું તો આપણને ચારેય બાજુ, ચારેય દિશામાં એમની સ્મૃતિ થશે, એમનું સુખ આવશે. પેલાને થયું ને મને ન થયું એવું માનવું જ નહીં. આપણા અંતરમાં ભગવાન છે જ, અંતરમાં ધારીને ભગવાનની સ્મૃતિ કરીશું તો જોગી મહારાજ કહેતા *'જ્યાં જુએ ત્યાં રામજી દૂસરો ન ભાસે રે'* ભગવાન તો બધે જ છે, ચારેય બાજુ છે. આકાશ ને પાતાળમાં, ઝાડ-પાન-પર્વત-ગુફાઓ બધામાં ભગવાન છે. એટલે જો આપણી ભક્તિ બરાબર હશે તો આપણને બધે દર્શન થાય છે, જ્યાં જઈએ ત્યાં આપણી સ્મૃતિમાં આવી જાય છે.

તો જે કોઈ આજે યજ્ઞમાં પધાર્યા છે તો એમને મહારાજ ખૂબ સુખિયા કરે. આ યજ્ઞનો લાભ મળ્યો છે એ બહુ ધન્ય ભાગ્ય છે. બહુ જન્મનાં પુણ્ય હોય ત્યારે આવી સેવા મળે છે. આ કોઈ જેવી તેવી વાત નથી.''

•

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દીક્ષા દ્વિશતાબ્દી મહોત્સવની સભા ચાલુ હતી. ત્રીસ હજારથી પણ વધારે હરિભક્તોની ઉપસ્થિતિમાં ને 'આસ્થા' ચેનલ દ્વારા જીવંત પ્રસારણ નિહાળી રહેલા સમગ્ર દુનિયાના હરિભક્તોને સ્વામીશ્રીએ આજે જાતે એક પ્રતિજ્ઞા અને સંકલ્પ બોલાવ્યો. એ પ્રતિજ્ઞા નીચે મુજબ છે :

'ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે ત્યારે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્ય-મૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાનાં જે સર્વ ઐશ્વર્ય તે સહિત જ પધારે છે. માટે ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું ને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી. શ્રીજીમહારાજે આપેલી અક્ષર-પુરુષોત્તમ ઉપાસના પ્રવર્તનની આ આજ્ઞા પાળવા આજે પ્રતિજ્ઞા લઉં છું. આ વાતનું રોજ મનન કરીશ, મારા જીવમાં ઉતારીશ અને મારા પ્રસંગમાં આવતા સૌ કોઈને અક્ષરપુરુષોત્તમની આ વાત અવશ્ય કરીશ ને આ રીતે સ્વામિનારાયણ ભગવાનને રાજી કરવા પ્રયત્ન કરીશ.'

•

ભોજન દરમ્યાન અહીંના પરમતીર્થ સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! નડિયાદમાં ફાવે છે ને ?'

સ્વામીશ્રી તરત જ કહે : 'જ્યાં જઈએ ત્યાં અમને બધે જ ગમે છે. નડિયાદમાંય ફાવે ને આદિવાસીમાં પણ ફાવે, બધે ગમે.'

પરમતીર્થ સ્વામી કહે : 'કાંઈ તકલીફ પડી ?'

સ્વામીશ્રી કહે : 'તકલીફ જોવાની જ હોય નહીં, નહીં તો કામ થાય જ નહીં. યોગીજી મહારાજની સામે જુઓ ને ! પરમહંસોએ માર પણ ખાધા છે ને અપમાન પણ સહન કર્યાં છે. ઝાડ નીચે રહેતા અને ઝોળી લઈને ફરતા. એટલે દેહ સામું જોવા જાય તો સત્સંગ ન થાય અને ભક્તિ ન થાય.' સ્વામીશ્રી આ ઉંમરે પણ કેવું અદ્‌ભુત અનુસંધાન રાખે છે ! સ્વામીશ્રીએ અને ગુણાતીત પરંપરાએ પોતાના દેહને ખાસડા જેવો કરી જ નાખ્યો છે, એ વાતનું સતત પ્રમાણ મળતું રહે છે.

•

વ્યાવહારિક વર્ષ ૨૦૧૦ની સાલનો ઉદય રાત્રે બરાબર ૧૨:૦૦ વાગે થયો. આ પ્રથમ ક્ષણનો સૌથી દિવ્ય લાભ એ હતો કે લગભગ ક્યારેય ન મળે એવા ગુણાતીત પુરુષ સ્વામીશ્રીનાં પ્રત્યક્ષ દર્શનનો વિરલ સુયોગ આજે સૌને સાંપડ્યો હતો. એનું નિમિત્ત હતું ચંદ્રગ્રહણ. સ્વામીશ્રી પરવારીને પૂજામંચ ઉપર ગ્રહણ માટે પધાર્યા. એક બાજુ સમગ્ર દુનિયા ૩૧મી ડિસેમ્બરના અંત અને ૧લી જાન્યુઆરીના ઉદયની મધરાત્રે બેફામ ઉજવણી કરી રહ્યા હતા, ત્યારે અહીં હજારો હરિભક્તો સ્વામીશ્રીનાં પ્રથમ દર્શનનો લાભ લેવા માટે ઊમટ્યા હતા.

સ્વામીશ્રી પધાર્યા ત્યારે લગભગ ૧૨:૧૫ વાગ્યા હતા. ગ્રહણની સભા ચાલુ થઈ ચૂકી હતી. સદ્‌ગુરુ સંતો અને ૪૦૦થી વધારે સંતો નીચે બેઠા હતા. દેશ-પરદેશના હરિભક્તો વડે સમગ્ર પરિસર ઊભરાઈ ચૂક્યું હતું. ઠંડી સારી એવી હતી. સ્વામીશ્રીએ શાલ ઓઢી હતી, ટોપી પહેરી હતી, વળી એની ઉપર ધાબળો પણ ઓઢ્યો હતો. ચરણ ઢંકાય એ રીતે ગરમ શાલનો કટકો ઢાંકવામાં આવ્યો હતો.

ગ્રહણ લગભગ એક કલાક ચાલ્યું. ૧:૨૦ વાગે ધૂન પછી સૌ છૂટા પડ્યા. આ રીતે સૌના કલ્યાણ અને લાભ માટેના ૨૦૧૦ના વર્ષનો પ્રારંભ સ્વામીશ્રીની દિવ્ય ને મંગલ અનુભૂતિ સાથે થયો.



સુરતમાં 'ઇતિ વચનામૃતમ્' યુવાશિબિરનો અદ્ભુત માહોલ... સ્વામીશ્રીએ વચનામૃતનો સંદેશ ગગનમાં વહેતો મૂક્યો.



સ્વામીશ્રીનાં દર્શને ઊમટેલો યુવાનીનો દરિયો જાણે હિલોળે ચડ્યો હતો. (તા. ૪-૧-૨૦૦૯, સુરત)



અટલાદરામાં સને ૧૯૪૯માં થયેલી શાસ્ત્રીજી મહારાજની સુવર્ણજયંતીનું દૃશ્ય પુનઃ તાદૃશ્ય થયું તે ક્ષણે... (તા. ૨-૨-૨૦૦૯)



ગુરુતુલાવિધિનાં દર્શન કરતા સ્વામીશ્રી ૬૦ વર્ષ પહેલાંના એ યુગમાં સરી ગયા... (તા. ૨-૨-૨૦૦૯, અટલાદરા)



જાણે હમણાં જ એ ઉત્સવ ઊજવાયો હોય એવી તાજી સ્મૃતિ સાથે સ્વામીશ્રીએ એ દૃશ્યો તાદૃશ્ય વર્ણવ્યાં... (તા. ૨-૨-૨૦૦૯)




ભગતજી મહારાજની જન્મભૂમિ મહુવામાં ભવ્ય મંદિર રચવાના ગુરુ-સંકલ્પને સાકાર કરતો શિલાન્યાસવિધિ... (અટલાદરા, તા. ૧-૨-૨૦૦૯)



ભારતભરનાં તીર્થજળથી સ્વામિનારાયણ અક્ષરધામ, દિલ્હીના નારાયણ સરોવરને પુનઃ પાવન કર્યું... (દિલ્હી, તા. ૨૩-૨-૨૦૦૯)



સ્વામિનારાયણ મહામંત્રની ધૂન સાથે શ્રી હરિકૃષ્ણ મહારાજ સમક્ષ પ્રાર્થનામાં રત સ્વામીશ્રી... (દિલ્હી, તા. ૨૦-૨-૨૦૦૯)



'જમોને થાળ જીવન જાઉં વારી...' ઠાકોરજીની ભક્તિમાં રત સ્વામીશ્રી... (દિલ્હી, તા. ૧૧-૨-૨૦૦૯)



પુષ્પદોલોત્સવે ભવ્ય મયૂરાસન પર બિરાજી શ્રીહરિકૃષ્ણ મહારાજને આરતીથી વધાવતા સ્વામીશ્રી... (સારંગપુર, તા. ૧૧-૩-૨૦૦૯)



‘રંગભર સુંદર શ્યામ રમે…’ શ્રીહરિકૃષ્ણ મહારાજ પર ભક્તિભાવપૂર્ણ રંગવર્ષા… (સારંગપુર, તા. ૧૧-૩-૨૦૦૯)



‘રંગની ઝડી રે લાગી રંગની ઝડી…’ હરિભક્તો પર રંગની અમૃતવર્ષા કરતા સ્વામીશ્રી… (સારંગપુર, તા. ૧૧-૩-૨૦૦૯)



'પ્રગટ થયા પ્રભુ છપૈયા ધામ રે...' શ્રીહરિની પ્રાગટ્યોત્સવની આરતી ઉતારતા સ્વામીશ્રી... (સારંગપુર, તા. ૩-૪-૨૦૦૯)



'બહુ સેવા કરી, બીજે જન્મે હવે સત્સંગમાં આવજે...' પ્રસાદીના આંબાનો મહિમા કહીને વર્તમાન ધરાવતા સ્વામીશ્રી... (મુંબઈ, તા. ૭-૫-૨૦૦૯)



'તમે ભગવાન આગળ વગાડ્યું છે તો તમારી કલા સાર્થક થઈ ગઈ...' પ્રાતઃપૂજામાં કલાકારોને આશીર્વાદ. (મુંબઈ, તા. ૫-૬-૨૦૦૯)



વરસાદની અમીવૃષ્ટિ થાય, દુષ્કાળની ભીતિ ટળી જાય એ માટે સંતો સાથે માર્ગમાં ધૂનમાં રત સ્વામીશ્રી... (બોચાસણ, તા. ૪-૭-૨૦૦૯)




‘નારાયણાયેતિ સમર્પયામિ...’ ગુરુપૂર્ણિમાએ ઠાકોરજીનાં ચરણોમાં ભાવપુષ્પાંજલિ... (બોચાસણ, તા. ૭-૭-૨૦૦૯)



‘જળમાં ઝીલે હરિકૃષ્ણજી રે...’ જળઝીલણી ઉત્સવે ઠાકોરજીને જળવિહાર... (અમદાવાદ, તા. ૧-૯-૨૦૦૯)




'જય સદ્‌ગુરુ સ્વામી...' જન્માષ્ટમી પર્વે જન્મોત્સવની આરતીમાં રત... (અટલાદરા, તા. ૧૪-૮-૨૦૦૯)



'બાવા નંદ તણે દરબાર, નોબત વાગે રે લોલ...' (જન્માષ્ટમી, અટલાદરા, તા. ૧૪-૮-૨૦૦૯)



દીપાવલી પર્વે તીર્થરાજ અક્ષર મંદિરના ચોકમાં ચોપડાપૂજન... (ગોંડલ, તા. ૧૭-૧૦-૨૦૦૯)





'હે મહારાજ-સ્વામી ! સૌને ભક્તિ-સત્સંગમાં દૃઢ કરીને ને તને, મને, ધને સુખી કરજો, સૌનું કલ્યાણ કરજો...'
નૂતન વર્ષે અક્ષર દેરીમાં ભક્તિભાવપૂર્વક અભ્યર્થના... (ગોંડલ, તા. ૧૯-૧૦-૨૦૦૯)





'તસ્મૈ શ્રીગુરવે નમઃ...' આદર્શ ગુરુ શાસ્ત્રીજી મહારાજનાં ચરણોમાં આદર્શ શિષ્ય. (મહેળાવ, તા. ૧૯-૧૨-૨૦૦૯)



ગુરુ શાસ્ત્રીજી મહારાજને તેમના જન્મસ્થાને ભાવ-અર્ઘ્ય અર્પણ કરતા સ્વામીશ્રી... (મહેળાવ, તા. ૧૯-૧૨-૨૦૦૯)




'અહીં શાસ્ત્રીજી મહારાજે બાળક હતા ત્યારે પારાયણ કરી છે...' મહિમાપૂર્વક દર્શન કરતા સ્વામીશ્રી. (મહેળાવ, તા. ૧૯-૧૨-૨૦૦૯)



અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દીક્ષા દ્વિશતાબ્દી મહોત્સવે પ્રતિજ્ઞા ઝિલાવતા સ્વામીશ્રી...

'ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે ત્યારે
પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાનાં જે સર્વ ઐશ્વર્ય તે સહિત જ પધારે છે. માટે ભગવાનના ભક્તને
ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું ને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી.
– શ્રીજીમહારાજે આપેલી અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તનની આ આજ્ઞા પાળવા આજે પ્રતિજ્ઞા લઉં છું. આ વાતનું રોજ મનન કરીશ,
મારા જીવમાં ઉતારીશ અને મારા પ્રસંગમાં આવતા સૌ કોઈને અક્ષરપુરુષોત્તમની આ વાત અવશ્ય કરીશ અને
આ રીતે સ્વામિનારાયણ ભગવાનને રાજી કરવા પ્રયત્ન કરીશ.'



‘ભગવાનના એકાંતિક સાધુ
તેના પ્રસંગ થકી ભાગવત ધર્મનું પોષણ થાય છે.
અને વળી, જીવને મોક્ષનું જે દ્વાર તે પણ
એવા સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે...
જેવો એ જીવને
પોતાના સંબંધીને વિશે દૃઢ પ્રસંગ છે
તેવો ને તેવો જ પ્રસંગ
જો
ભગવાનના એકાંતિક સાધુને વિશે થાય
તો
એ જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે.’

- ભગવાન શ્રી સ્વામિનારાયણ

ISBN: 978-81-7526-478-6